
કુમાર



પ્રારબ્ધ અને પુરુષાર્થ
શિલ્પકાર • શ્રી વિનાયકરાવ કરમારકર

આદ્યતંત્રી • રવિશંકર રાવળ
૨૩૮ સંપાદક • બચુભાઈ રાવત ૨૩૯
ઑક્ટોબર-નવેમ્બર • ૧૯૪૩

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું અગ્રણી માસિક


કુમાર

ઑક્ટો૦– ૨૩૮ | નવે૦ '૪૩ ૨૩૯

પ્રકાશન તારીખ ૧૧–૧૨–૪૩

મુદ્રક · બચુભાઈ રાવત; પ્રકાશક · રવિશંકર મહાશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય

૧૪૫૪ રાયપુર, અમદાવાદ. વાર્ષિક રૂ. ૬, પરદેશના ૧૨ શિ., છૂટક નકલ દસ [illegible]



મહાકાળેશ્વરનું મંદિર · ઉજ્જૈન

ફોટો · રવિશંકર રાવળ

ઉજ્જૈનમાં આવેલા સમ્રાટ વિક્રમાદિત્યના ઇષ્ટદેવના મહાકાળેશ્વરના મંદિર તથા કુંડનો આવો સમગ્ર ખ્યાલ આપતો ફોટોગ્રાફ અગાઉ કદી લઈ શકાયો નથી. આ સાલ ઊજવાતી એ નૃપતિવર્યની દ્વિ-સહસ્રાબ્દી (બે હજારમી જયંતી)ને પ્રસંગે એ મંદિરનું દર્શન ઉચિત થશે. આ જ પ્રસંગાનુરૂપ અમે ગયા અંકમાં 'વિક્રમાદિત્યના દરબારનાં નવ રત્નો'માંનાં ચારનાં આલેખન આપ્યાં હતાં. તેમાંનાં બાકી રહેલ પાંચનાં આલેખન આ અંકને છેડે આવેલી ચિત્રપ્લેટમાં આપ્યાં છે તે પ્રતિ વાચકોનું ધ્યાન ખેંચીએ છીએ.



કાશ્મીરનું હિમાચ્છાદિત ગામડું ચિત્રકાર : શ્રી એન. એસ. બેન્દ્રે (બૉમ્બે આર્ટ સોસાયટીના સૌજન્યથી)

ચણોઠીનું સ્વપ્ન

· શિખરિણી ·

પ્રભો! હું સ્વાતીની ઝરમરસુધાની ઝલકથી
કિરાયેલું મોતી મનહર નથી, નીલમ નથી,
અરે! ના એકાદો અહીંતહીં પડ્યો કાચકટકો;
હું તો કાંટાળી કો વનપથતણી વાડ વચમાં
ચણોઠી છું નાની, ચણચણ થતી ચોગમ બળું.
ધરાનાં ઢેફાંમાં અચબુચ ઉગી, અંતરવ્યથા
લઈ તારે કાજે, અબિડ નયને રાંક રટતી,
ઝૂરૂં છું કે'દીની તવ દરશની આરતભરી.

દિનાન્તે આકાશે તરલ ટમકે તારકપ્રભા,
શમે ધીરે ધીરે વનસકલની સ્પંદનકલા;
સુણું ત્યારે ભોળી, મમ પરણના મર્મરધ્વનિ
વિષે જાણે તારા હળુહળુ પડે પાદપડઘા.

મને આશા: કો'દી સ્મરણશૂલનાં વીંધ સહતાં,
પરોવાશે દોરો તનસુંસરવો ચેતનતણો;
હશે ત્યારે કેવો ઉરધબકનો એ ઉમળકો!
બનું તારે કંઠે કવણ ઘડીએ માળમણકો?

બાલમુકુન્દ દવે

વિજય V ચિહ્ન

· પૃથ્વી ·

જલે જગત; રાષ્ટ્ર રાષ્ટ્રપર ક્રોધ બેફામથી
રહે વરસતાં ઝનૂનભર મોતની આગને,
પશુત્વ અહીં ભૂંસવા જિરણ છાપ ઈન્સાનની
મથે, પ્રલયનો પ્રકોપ અણનણ શો વર્ષતો;
ત્યહીં વિજયચિહ્ન! દગ્ધ જગ ભગ્ન આશ્વાસનો
અને વચન માનવી સકલની ય મુક્તિતણાં
સુણી નીરખતું તને જ્વલનમા ય આશાભર્યું.

ગુલામ જગની વ્યથા કઠિન આ પરાધીનતા
મિટાવી ફરી એકવાર ભર તું અહીં શાંતિ, ને
સ્વતંત્ર કરી દાસ, સર્વ ક્રુર વેરની આગ ને
બુઝાવી, કર સિદ્ધ તું વિજય માનવીઆતમને.
બની વિજયચિહ્ન સાચું જન સર્વની મુક્તિનું.

ફેલાવ ઉર વીંધતા જખમ કારમા વિશ્વના
સીંચી શીતળ ભ્રાતૃભાવતણી માત્ર સંજીવની.

હૈદર જીવાણી

સાદ કરે છે

સાદ કરે છે રે
 મને એ સાદ કરે છે;
દિલ હરે છે રે, મને એ સાદ કરે છે.

સાદ ના આવે કાન તમારે
શોરબકોરે જગ ભરે છે, એ...મને એ૦

ગામને પાદર રોજ બપોરે,
ઝાડવાં કેરી ડાળ
સાદ કરે છે, સાંજને ટાણે
દૂરની ડુંગરમાળ.....મને એ૦

ભણવા ટાણે સાદ કરે છે,
નાનકું એક તળાવ;
કામની વેળા રોજ બોલાવે
એક છે એવો દાવ.....મને એ૦

નદીઉં કેરી ભેખડ પેલી,
ખેતરો કેરી હાર;
સાદ કરે છે જંગલકેડી
કેમ કરૂં હું વાર!.....મને એ૦

આભ અડે જ્યાં દૂર જમીને,
કોણ છૂપાયું ત્યાં
રોજ ઈશારે એય બોલાવે
આવ અહ્યા! અહીંઆં...મને એ૦

પ્રહલાદ પારેખ

જાતી છો ને બુઝાઈ
જીવનધૂપસળી મ્હેંકતી મ્હેંકતી આ.
—

શ્રી અર્ધેન્દ્રકુમાર (ગાંગુલી) ગંગોપાધ્યાય

એમનો પરિચય અને એમનો ગુજરાત-પ્રવાસ



શ્રી ગાંગુલી (ફોટો · પંચાણભાઈ વારા)

કલકત્તાના શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીનું નામ ભારતીય કલાના વિદ્વાન મીમાંસક અને પ્રખર પુરસ્કર્તા તરીકે કેવળ હિંદમાં જ નહિ પરંતુ પરદેશોમાં પણ જાણીતું છે. 'રૂપમ' નામના એક ઉત્કૃષ્ટ કોટિના ત્રૈમાસિક દ્વારા—અને ત્યાર બાદ બીજાં પ્રકાશનો તથા લખાણો દ્વારા—ભારતીય કલાનાં ગૂઢ તત્ત્વો ને પ્રતીકોનાં સંશોધન અને પ્રતિષ્ઠાપન કરીને હિંદી કલાના મહાન ભાષ્યકારનું બિરુદ એમણે પ્રાપ્ત કર્યું છે. જીવનના યૌવનકાળથી જ ભારતીય કળાની સક્રિય ઉપાસના અર્ચના ને પ્રભાવના આરંભીને આજ વાર્ધક્યને સીમાડે પહોંચ્યા છતાં એમણે તે અવિરત ચાલુ રાખી છે. ગયા માસ(ઑક્ટોબર ૧૯૪૩)ના પ્રારંભમાં અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીએ પોતાની સંશોધન સહાયક વ્યાખ્યાનમાળામાં ચાર કલાપ્રવચનો આપવા માટે એમને આમંત્રેલા હતા.

ઈ. ૧૯૨૯માં તેઓ પહેલીવાર અમદાવાદ આવ્યા તે વખતે પણ એમના કલા-પત્ર 'રૂપમ' દ્વારા એમનાં જ્ઞાન, કલાભક્તિ અને ભાષ્યવિશારદપણાની જાણ ભારતીય વિદ્વન્મંડળમાં પસરી ગઈ હતી. એવા કલાપંડિત નગરમાં પધારે ત્યારે તેમને ઉચિત સન્માન આપવા કલાની કોઈ સંસ્થાનો જ અધિકાર હોય. ગુજરાત સાહિત્ય સભાએ એ વેળા પોતાનો કાર્યપ્રદેશ વિસ્તાર્યો ન હતો, એટલે તે વેળા ડૉ. હરિપ્રસાદ, સ્વ. હીરાલાલ પારેખ શ્રી રવિશંકર રાવળ વગેરેના નાના મિત્રમંડળે 'ભારત કલામંડળ'ના નામાભિધાન તળે તેમને એક સન્માનપત્ર આપ્યું હતું. એ પ્રસંગ એટલો ઊજળો અને પ્રોત્સાહક બન્યો કે તેનાથી પ્રેરાઈને, શ્રી ગાંગુલીની વિદાય બાદ એ જ મંડળની જાહેર પાયા પર સ્થાપના કરવામાં આવી. અને ત્યાર પછીનો 'ભારત કલા મંડળ'નો ઇતિહાસ તો અમદાવાદને સુવિદિત છે.

શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીનો કલાનો પ્રેમ એમને વંશાનુગત મળેલો છે. એમના દાદા જૂની ઢબથી ચિત્રો કરતા. એમના કાકા પ્રાચીન કલાનાં રસરહસ્ય દર્શાવી તેની પ્રશંસા કરતા. એ વખતે તરુણ અર્ધેન્દ્રકુમાર કૉલેજના અભ્યાસથી રંગાએલા હોઈ રસ્કિન અને એના જેવા પાશ્ચાત્ય કલામીમાંસકોએ પ્રતિપાદિત કરેલા કલા-સિદ્ધાન્તોનો પક્ષ કરતા; પરંતુ જેમજેમ એમનામાં સૌન્દર્યબુદ્ધિ અને રસવૃત્તિનો ઉચ્ચ વિકાસ થતો ગયો તેમતેમ તેઓ ભારતીય કલાના ભક્ત બન્યા. પછી તેમણે, શ્રી અવનીન્દ્રનાથ ઠાકુરે સ્થાપેલા નવી કલાશૈલીના વર્ગોમાં અભ્યાસ કર્યો અને તે પદ્ધતિએ ચિત્રો આલેખતા થયા. શ્રી નંદલાલ બસુ વગેરે એ કાળે તેમના સહાધ્યાયીઓ હતા. કેટલાંક વર્ષો સુધી એમણે પોતાનાં ચિત્રો પ્રદર્શનોમાં પણ મોકલેલાં.

કૉલેજનો અભ્યાસ પૂરો કરી તેઓ સૉલિસિટર બન્યા, તે સાથે કલાની વકીલાત પણ બીજી બાજુ એમણે શરૂ કરી. શિષ્ટ સામયિકોમાં એમનાં લખાણો આવવાં શરૂ થયાં, અને શુદ્ધ પૂર્વીય કલાના પુરસ્કાર માટે કલકત્તામાં 'સોસાઈટી ઑવ ઓરીએન્ટલ આર્ટ'ની સ્થાપનામાં સારો ભાગ ભજવી એ સંસ્થાના મંત્રી બન્યા. એમની આ કાર્યપ્રત્યેની ધગશ જોઈ બંગાળના ગવર્નર લૉર્ડ રોનાલ્ડશેએ એ દિશામાં સહાય કરવાની પ્રસન્નતા બતાવી. એટલે પૂર્વીય કલાના સુયોગ્ય પ્રચાર માટે તેમણે ઊંચી કલાનું અને આજસુધી અદ્વિતીય એવું 'રૂપમ' ત્રૈમાસિક શરૂ કર્યું, ને બંગાળ સરકારે તેને દસ વર્ષ સુધી ગ્રાન્ટ આપવાનું મંજૂર કર્યું. પણ દસ વર્ષને અંતે યે તે લોકાશ્રય પર નભતું બની શક્યું નહિ, એટલે તેમણે એ બંધ કર્યું. પરંતુ એ દરમ્યાનના એના સંપાદન પાછળ રહેલા અર્ધેન્દ્રબાબુના સામર્થ્યે સમગ્ર એશિયાના કલાના મુખપત્ર તરીકે તેની પ્રતિષ્ઠા પાડી દીધી અને તેઓ પોતે કલાના ભાષ્યકાર તરીકે એશિયામાં પ્રવર ગણાતા થઈ ગયા.

એ પત્રમાં એમણે કલાનાં અતિસૂક્ષ્મ વિવેચનો અને આવિષ્કારો પ્રકટ કર્યાં છે. તેમાં પ્રકટ થતાં ચિત્રો અસલ ચિત્રનું આબેહૂબ પ્રતિબિંબ રજૂ કરે એટલી સુસ્પષ્ટ અને સંપૂર્ણ છાપ લાવવાનો તેઓ દૃઢ આગ્રહ રાખતા; અને તેથી તેમાંની પ્રતિકૃતિઓ એ પત્રની ખાસ વિશિષ્ટતા ગણાતી. એ માટે તેઓ ઘણી તકતીઓ જર્મની અને ઇંગ્લંડથી છપાવી મંગાવતા; કારણ કે એ વેળા એ રીતે છપાએલી યુરોપી કલાકૃતિઓ લોકોને બહુ આકર્ષતી અને હિંદી કળા તરફ કોઈ નજર પણ કરતું નહિ. તેમના આ પ્રયત્ન અને ચીવટને લીધે 'રૂપમ્'માંના ચિત્રો ભારતીય કલાની પ્રતિષ્ઠાનાં મુખ્ય સાધન બની શક્યાં છે.

તેમણે પ્રકટ કરેલાં પ્રકાશનોમાં સૌથી પ્રધાન તો 'રાજપુત ચિત્રકળા'નો મોટો સંપુટ ને 'રાગ-રાગિણી'ની ચિત્રાવલિનો સંપુટ બહુ આકર્ષક બન્યાં છે. 'રૂપમ્'નાં દસ વર્ષની ફાઈલો તો આજે અપ્રાપ્ય સંપત્તિ બની ગઈ છે. આ ઉપરાંત એમણે નાનાનાના કલા નિબંધો અને 'લિટલ બુક્સ ઑન એશિયાટિક આર્ટ' નામની માળામાં થોડી સુંદર ને ઉપયોગી ચોપડીઓ બહાર પાડી છે. એ સિવાય 'ચિત્રપરિચય' નામનું શાળાઓને ખાસ ઉપયોગી એક પુસ્તક તેમણે પ્રગટ કર્યું છે, જેમાં ચિત્રોની સમજણ મેળવવાનાં અને રસમાણવાનાં પ્રાથમિક માર્ગદર્શન સંયુક્તિક રીતે મૂક્યાં છે (આ પુસ્તક ગુજરાતીમાં ઉતારવાની તેમણે આ લખનારને સ્વેચ્છાએ રજા આપી છે.) કલકત્તામાં કલાનો સક્રિય પ્રચાર કરવાનું કાર્ય પણ તેઓ જાતે કરે છે. યુનિવર્સિટીની લાયબ્રેરીમાં એમણે ભીંતો ઉપર સાહિત્યનો ઇતિહાસ ચીતરાવ્યો છે; યુનિવર્સિટીની મધ્યમાં એક કાયમનું સંગ્રહસ્થાન સ્થાપ્યું છે અને અવારનવાર ત્યાં કલાનાં પ્રદર્શનો ભરે છે; તેમજ એક કન્યાવિદ્યાલયમાં જાતે કલાના પાઠો આપી તેની યોગ્યતા તપાસે છે.

આમ, તેમનું કલાપ્રતિષ્ઠાન અને અનુષ્ઠાન અવિરત ચાલુ રહ્યું છે. મહેસુર યુનિવર્સિટી તેમજ ઉત્તર ભારતની લખનૌ, અલ્લાહાબાદ વગેરે યુનિવર્સિટીઓ તરફથી તેમને કલા ઉપર વ્યાખ્યાનો આપવા અનેકવાર આમંત્રણો મળ્યાં છે. કલકત્તા યુનિવર્સિટીએ તેમના પ્રયાસથી 'ચિત્રપરિચય'ને યુનિવર્સિટીના એક ઐચ્છિક વિષય તરીકે સ્વીકાર્યો છે; અને હજુ હમણાં જ તેઓ કલકત્તા યુ-

નિવર્સિટીના 'વાગીશ્વરી કલા-પ્રાધ્યાપક'ને પદે નિયુક્ત થયા છે. બંગાળના એક જાગીરદારનાં માતુશ્રી શ્રીમતી વાગીશ્વરીદેવીના સ્મરણમાં એ પદની સ્થાપના થઈ છે. એ સ્થાને પ્રથમ શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર નીમાયા હતા. તેમના નિવૃત્ત થવાથી હવે શ્રી ગાંગુલી મહાશય એ સ્થાને આવ્યા છે.

પોતાના સૉલિસિટરના ધંધામાંથી હવે તેઓ નિવૃત્ત થયા છે, પરંતુ 'ગાંગુલી ઍન્ડ કંપની'ના નામથી તેમની પેઢી ચાલુ છે. આજે ૬૩ વર્ષની ઉમરે પણ તેમનું આરોગ્ય દૃષ્ટાંતરૂપ બને તેવું છે, અને તેથી કલાની લાંબી યાત્રાઓ કરવા તેઓ સશક્ત રહ્યા છે. તેમનો નિત્ય વ્યવસાય બહુ નિયમિત અને પરિમિત છે. સવારમાં વહેલા જાગૃત થઈ શરીરધર્મથી પરવારી તેઓ તરત અધ્યયન અને લેખનમાં પ્રવૃત્ત બને છે. ચાહ કે કૉફી કશું જ તે લેતા નથી. મળી શકે તો સવારમાં ગરમ કરેલું 'ગાયનું જ' દૂધ અથવા લીંબુનું શરબત માત્ર લે છે. આહારમાં શુદ્ધ સાત્ત્વિક શાક અને અન્નનો જ સ્વીકાર કરે છે; રાત્રે માત્ર ફળાહાર ઉપર જ ચલાવી લે છે. ગાયના જ દૂધ અને ઘીનો આગ્રહ ચુસ્તપણે રાખે છે. પોતે ગૌપ્રેમી હોઇ સારા વખતમાં સોળ જેટલી ગાયો ઘર આગળ રાખતા. હમણાંના આવા વખતમાં પણ બે ગાયો તો રાખી જ છે. તેમના અક્ષર ઘણા સુરેખ અને સ્વચ્છ સુવાચ્ય છે. પોશાકમાં પણ બહુ જ ઉચિત રીતે ભારતીય સ્વરૂપ જ તેમણે સાચવ્યું છે, અને દરેક વાતચિતના પ્રસંગે ભારતીય સંસ્કૃતિના પ્રકારો અને ગુણો વિષે આગ્રહપૂર્વક આદર બતાવે છે.

આખા વરસ દરમ્યાન સમસ્ત ભારતમાં થએલી કલાપ્રવૃત્તિઓ વિષે બને તેટલી નોંધ મેળવીને તેઓ દર વર્ષે 'મૉડર્ન રિવ્યૂ'માં 'ઇઅર્સ આર્ટ ઇન ઈન્ડિયા' એ શિર્ષક હેઠળ વાર્ષિક આલોચના કરે છે. ઉપરાંત તેમણે જગતના બધા દેશોની કલા-પ્રવૃત્તિઓ ઉપર જાગૃત નજર રાખી છે અને સર્વત્ર ગાઢ સંબંધો બાંધ્યા છે. એમનાં વિધાનો અને પ્રવચનો આંતરરાષ્ટ્રીય કલાચર્ચામાં બહુ પ્રમાણિત મનાય છે. દુનિયાના દેશેદેશમાં તેમનું નામ પ્રતિષ્ઠિત થયું છે, જોકે તેઓ હજુ સાગરપારનો પ્રવાસ કરવા પામ્યા નથી.

અમદાવાદમાં ગુજરાતનાં જૈન કલા-શિલ્પ ઉપર ઉત્તમ સચિત્ર ગ્રંથો પ્રસિદ્ધ કરનાર શ્રી સારાભાઈ નવાબને ત્યાં, ચિત્રો, મૂર્તિઓ હસ્તપ્રતો આદિ વિવિધ પ્રાચીન કલાસામગ્રીનો તેમનો સંચય તપાસતાં એમણે પાંચ છ કલાક ગાળ્યા, અને બીજે

ભારત કલા મંડળ તરફના સન્માનપત્રનો શ્રી ગાંગુલીનો પ્રત્યુત્તર

આવું સ્વાગત-વ્યાખ્યાન અને સન્માન-પત્ર આપીને આપે મારું જે બહુમાન કર્યું છે તે માટે કૃતજ્ઞતા દર્શાવવા મને યોગ્ય શબ્દો મળતા નથી. આટલા બધા સન્માનની યોગ્યતા મારામાં નથી એનું મને પૂરેપૂરું ભાન છે. હું માત્ર એટલું કહું કે મારા સ્નેહાળ મિત્રો ડૉ. હરિપ્રસાદ દેસાઇ, શ્રી. રવિશંકર રાવળ વગેરેના આગ્રહભર્યા પ્રયાસોથી આપ ભલે કદાચ ખોટા દોરવાઈ ગયા નહિ હો તોપણ મારા વિષે કાંઈક વધારેપડતી છાપ તો જરૂર પામ્યા હશો. પરંતુ માણસનું ખરું ગુણદર્શન યા તેની રાષ્ટ્રસેવાઓનું સાચું મૂલ્યાંકન કરવામાં તેના સ્નેહાળ, મમતાળુ ને પક્ષપાત ધરતા મિત્રોનાં પ્રમાણપત્રો આધારભૂત નથી ગણાતાં.

જીવનભર હું ભારતીય કલાનાં પ્રાચીન તેમજ અર્વાચીન ઉભય સ્વરૂપોનો પરમ ઉત્સુક પરંતુ નમ્ર ઉપાસક રહ્યો છું એની હું ના નથી પાડતો. હું માનું છું કે ભારતીય જીવન-સંસ્કાર ને સંસ્કૃતિનાં પરમ સુંદર અને અધ્યાત્મપૂર્ણ તત્ત્વો ભારતીય કલામાં પ્રકટ થયાં છે, અને તેથી જ આજના ભારતીય કલાકારોએ રાષ્ટ્રીય અભ્યુત્થાનની વિકાસઘટનામાં અગત્યનો ભાગ ભજવવાનો છે. ભારતની શુદ્ધ રાષ્ટ્રીય ને પરમ આધ્યાત્મિક સંસ્કારિતાના પ્રતીક રૂપ ભારતીય કળાની પીળી પતાકા વર્ષો સુધી મારા સ્કંધ પર ધારણ કરવાનો અધિકાર મને મળ્યો છે. ભારતીય કલાના ઉત્તમોત્તમ નમૂના અતિ ઉત્કૃષ્ટ છપાઇ ને સૂક્ષ્મ વિવેચના સાથે જગત સમક્ષ રજૂ કરવામાં 'રૂપમ્' પત્રે વિશિષ્ટતા દર્શાવી હતી, અને એ નમૂનાઓ આજે દુનિયાભરના પ્રખર કલા-પારખુઓની પ્રશસ્તિને પાત્ર બન્યા છે. હવે તો ભારતીય કલા જગતની કલાઓ વચ્ચે મહા માનભર્યું સ્થાન પામી છે, અને યુરોપ-અમેરિકાનું વિદ્વન્મંડળ તેના અભ્યાસમાં એકાકાર થઇ ગયું છે. પણ બીજી બાજુ મુંહિંદીઓ બુદ્ધિપૂર્વક તેની ઉપેક્ષા કરી રહ્યા છે. હિંદની ઘણીખરી યુનિવર્સિટીઓ તે આજે યે પોતાના સંસ્કૃતિ વિભાગના અભ્યાસક્રમમાં તેને યત્કિંચિત સ્થાન આપવાની પણ ઘસીને ના પાડે છે. કળા-કારીગરીઓ અને હુન્નર-ઉદ્યોગોની આર્થિક ઉન્નતિમાં રાષ્ટ્રની તળપદી કળા મહત્ત્વનું સ્થાન ધરાવે છે એટલી વાતનો યે કોઇ સ્વીકાર કરતું નથી. કલા-સંસ્કાર વિનાનો ઉદ્યોગ એ નરી પશુતા છે; અને જીવનના સંસ્પર્શ વિનાની કળા એ કેવળ ક્ષુદ્રતા છે. પોતાનાં જીવન અને ઉદ્યોગધંધામાંથી કળાને વિછોડીને હિંદીઓ પોતાના મહામૂલી સંસ્કાર વારસાની અણમોલ અને દુષ્પ્રાપ્ય સંપત્તિની અવગણના કરી રહ્યા છે. એ સંપત્તિ માત્ર ભારતવાસીઓનો જ નહિ પણ સમગ્ર માનવજાતનો મોંઘો વારસો છે.

ગુજરાતે પોતાના વિવિધરંગી ઇતિહાસના સઘળા યુગોમાં કળાને તેના સમગ્ર સ્વરૂપોમાં સમૃદ્ધપણે વિકસાવી છે: સ્થાપત્ય, ચિત્રાલેખન, લાકડાનું કોતરકામ, ધાતુમૂર્તિઓ અને બિદરીકામ, પાષાણશિલ્પ, વસ્ત્રકળા, વિવિધ હસ્તકળા—કોઈ અંગ બાકી રાખ્યું નથી. આ પ્રાંતની આધ્યાત્મિક સંસ્કારિતા જૈન તેમજ અન્ય સંપ્રદાયોનાં સર્જનોમાં ઉત્તમોત્તમ કલાસ્વરૂપોમાં અવતાર પામી છે. અને કોઈપણ સમયના પ્રજાજીવનની ગુણવત્તાનો આંક મૂકવો હોય તો તે કલા દ્વારા આમ અવતરેલા જીવનના આધ્યાત્મિક પ્રવાહ ઉપરથી જ મૂકી શકાય. જીવનનું ધ્યેય અને આધ્યાત્મિક ભાવના કેટલાં ઊંચાં છે તેનું સાચું માપ કલાની કક્ષાથી જ નીકળી શકે. અને તેથી જ પ્રત્યેક સ્ત્રીપુરુષનો ધર્મ છે કે પોતાના જીવનના એકેએક અંગમાં કલાને વિકસાવાનો અવકાશ આપવો અને એ રીતે આધ્યાત્મિકતાની ચરમ સીમા સુધી જીવનને ઉન્નત અને ઉચ્ચગામી બનાવવું.

મને અંગતરીતે સન્માન આપવાની ભાવના કરીને આપે કલાની જ ઉચ્ચ પ્રતિષ્ઠા અને કર્તવ્યકારિતાને સન્માન્યાં છે, અને ભારતીય કલાની મારી સામાન્ય સેવાઓ વડે પણ આપની પ્રસન્ન આશિષો અને શુભેચ્છાઓ હું પામ્યો છું. અને એને લીધે આપને કંઇક કહેવાનો ખાસ અધિકાર મળ્યો છે એમ માનીને, આપ સર્વને વ્યક્તિગત તેમજ સમૂહગત વિજ્ઞપ્તિ કરું છું કે ભારતીય કળાની પીળી પતાકાને આપના જીવનમાં રંગભર ને ચેતનાભર ફરકવા દેજો, અને આજના કર્તવ્યપૂર્ણ સમયમાં તથા આવતી કાલના વધુ પ્રેરક કર્તવ્યકાળમાં આપ જે કાંઇ વિચારો, જે કાંઈ વદો અને જે કાંઇ આચરો તે સૌમાં તેના પ્રકાશ રેલાવા દેજો. આપણા પ્રાચીન મહર્ષિઓનાં આ મર્મવચન કદિ ન વીસરશો કે 'आत्मसंस्कृतिर्वाव शिल्पानि' આપણા આધ્યાત્મિક જીવનના સંસ્કાર ઘડવાના સૌથી તેજસ્વી સાધનો તો કળાઓ જ છે. વંદેમાતરમ્!

અર્ધેન્દ્રકુમાર ગાંગુલી

દિવસ આખો અમદાવાદનાં જૂની કારીગરી ધરાવતાં ઘરો, મંદિરો વગેરે જોવામાં વીતાવ્યો; અને આ બધા વિષે પાર વગરની નોંધો ટપકાવી. આવી રીતે સવિગતે અભ્યાસ કરનાર ભારતીય વિદ્વાનો બહુ વિરલ છે. એ જ રીતે અન્વેષણો અને પ્રવાસો કરી તેમણે અનેક ચિત્રો અને મૂર્તિઓ ઉપર નવીન પ્રકાશ પાડ્યો છે. અમદાવાદમાં શેઠ કસ્તુરભાઇએ વસાવેલા શ્રી અવનીન્દ્રનાથ ઠાકુરના કલાસંગ્રહને જોતાં તેમણે કહ્યું કે આ સંગ્રહ હિંદમાં જ રહ્યો એ જોઈ મારૂં અંતર ઠર્યું છે. મને તો ભીતિ હતી કે આવો અપ્રાપ્ય સંગ્રહ ધનબળે અમેરિકા, ફ્રાન્સ કે જર્મની ખેંચાઈ જશે, તો ભારતીય કલાના અત્યંત પરિશ્રમે પ્રાપ્ત થએલા તારો વિખરાઈ જશે હવે અમદાવાદ ખરી સંપત્તિ સંપડાવતું જાય છે. શેઠ અંબાલાલ સારાભાઈના સુપુત્ર ગૌતમભાઇએ રચેલું ભારતીય ઢબનું મહાલય-વિધાન અને તેમણે દક્ષિણ ભારતમાંથી પ્રાપ્ત કરેલી વિરલ કાંસામૂર્તિઓ મેં તેમની સાથે પહેલી જ વાર જોઈ તે વખતે, ભારતીય કલાસ્વામીઓ ભક્ત હૃદય પર કેવી અસર કરી શકે છે તેનો અનુભવ અમે બંનેએ કર્યો. તે મૂર્તિઓ પર નજર નાખતાં ક્ષણભર શાંત રહી તે બોલ્યા: ' આનું દર્શન કરવું એ જ એક સાક્ષાત્કાર છે. મને આજે ફરી એક વાર ભારતીય કલાની દૈવી શક્તિનો પ્રભાવ જણાયો અને યુરોપનું પલ્લું હલકું થતું ભાસ્યું.' સર ચીનુભાઇને ત્યાં ઊગતી કલાધરી કુ. શકુન્તલાની 'હરપાર્વતી' ની કૃતિ જોઈ તેમણે અંતરના આશીર્વાદ આપ્યા. આમ, તેમણે અનેક કુટુંબો સાથે તેમજ અનેક કલાભાવી જનો તથા તરુણવૃંદ સાથે વિવિધરીતે સંપર્ક સાધ્યો. કઈકની અક્ષરપોથીઓ (ઑટોગ્રાફ બુક્સ)માં હસ્તાક્ષરો આપતાં કલાની પ્રભાવના કરતાં અસંખ્ય સુવાક્યો તેમણે લખ્યાં છે, તે પણ ઘેરેઘેર કલાની ઊર્મિઓ જગાડતાં રહેશે.

આટલે દૂર આવનાર દરેક પૂર્વ ભારતવાસીને દ્વારિકાનું દર્શન એક ઝંખનારૂપ હોય છે; એટલે શ્રી ગાંગુલીએ પ્રથમથી જ દ્વારકા જવાનો નિશ્ચય કરી રાખેલો હતો. તે મુજબ તેઓ તા. ૧૨ મી ઑક્ટોબરે દ્વારકા ગયા. પરંતુ રસ્તામાં જામનગરમાં તેઓ ત્યાંના સમૃદ્ધ યુરોપિયન કલાસંગ્રહનું તથા ત્યાંની જનતા વગેરેનું નિરીક્ષણ કરે એવો મારો અનુનય હોવાથી ત્યાં તેઓ રોકાએલા. જામનગરના શ્રીમાન ડૉ. પ્રાણજીવનદાસ મહેતા, ન્યાયમંત્રી શ્રીમાન કે. કે. ઠાકોર તથા સ્ટેટ આર્ટિસ્ટ શ્રી પંચાણભાઈ વારા વગેરે અધિકારી વર્ગે તેમને રાજ્યમહેમાન તરીકે આદર આપ્યો અને નામદાર મહારાણીશ્રીએ તેમને પોતાના આવાસમાં આમંત્રી 'રાગ-રાગિણી' ઉપરનાં ચિત્રો જોયાં તથા બે કલાક સુધી તેમનો વાર્તાલાપ સાંભળ્યો.

દ્વારકામાં પણ ત્યાંની સીમેન્ટ કંપનીના મૅનેજર શ્રી મહેતા, શ્રી કલ્યાણરાય ન. જોષી તથા શ્રી બહેચરદાસ ત્રિવેદી વગેરે સજ્જનોએ તેમનું સુંદર સ્વાગત કર્યું અને ત્યાંની ક્લબમાં નામદાર મોરબી ઠાકોરસાહેબના પ્રમુખપણા નીચે તેમણે હિંદી સ્થાપત્ય ઉપર એક વ્યાખ્યાન આપ્યું. પાછા ફરતાં રાજકોટના સંગ્રહાલયનો તેમજ ત્યાંના નાગરિકોનો પરિચય કરવા તેઓ ઇંતેજાર હતા, પરંતુ તેમની દિલ્હીની મુલાકાત ઠેલી ન શકાય તેવી હતી, તેથી તેમને સીધા જ ત્યાં જવું પડ્યું.

પશ્ચિમ ભારતની એમની આ કલાયાત્રા અનેક નવા પરિચયો, નવી ભાવનાપ્રતિષ્ઠા અને નવા સંકલ્પો સાથે સુખરૂપ પૂર્ણ થઈ છે. પુનઃ મળવાનો યોગ પ્રભુ આપે ત્યારે.

ર. મ. રા.

વિકસતું વિજ્ઞાન

એવું કોઇ રસાયણ તમે જાણો છો જેથી પાણીને હળવું બનાવી શકાય, કપડાં અને વાસણ ધોઇ શકાય, મોટરનું રૅડીએટર સાફ કરી શકાય, એન્જિનમાંનો ગ્રીઝ ધોઈ શકાય, લાકડાં કે પીંછીઓ પરનો રંગ દૂર કરી શકાય અને જે ઍન્ટીસેપ્ટીક હોઇને તે વડે જખમો પણ રૂઝાવી શકાય?

અમેરિકાનાં કારખાનાં, હૉટેલો, લૉન્ડ્રીઓ, ગરાજો વગેરેમાં તેનો ઉપયોગ ચાલુ થઇ ગયો છે. એનું નામ 'ટ્રાઇસોડિયમ ફૉસ્ફેટ'. પરંતુ તેને 'TSP' એવા ટૂંકા નામે ઓળખવામાં આવે છે. સફેદ ભૂકારૂપે એ હોય છે અને ગરમ કે ઠંડા પાણીમાં એ શીઘ્ર ઓગળી જાય છે. સાબૂની માફક એનો કશો વધારેપડતો વ્યય નથી થવા પામતો. તેલ અને ગ્રીઝના કચરાને એ એવી રીતે ભાંગી નાખે છે કે પાણીથી એ સહેલાઇથી સાફ કરી શકાય. આવી શક્તિ ધરાવતું હોવા છતાં સાબૂથી એ સસ્તું પડે છે! જથ્થાબંધ લેખે એની કીમત રતલના ૫ કે ૬ સેન્ટ પડે છે, જ્યારે છૂટક ૧૫ સેન્ટ લગભગ. સામાન્ય સાબૂના ૧૬ રતલની ગરજ આ 'ટી એસ પી'ના એક રતલથી સરી રહે છે.

∽

પૃથ્વી ગોળ હોવાની આજ સુધી પ્રત્યક્ષ જે સાબિતી નહોતી મળતી તે હવે મળવા પામી છે. એક અમેરિકન વિમાની કૅપ્ટન આલ્બર્ટ સ્ટીવન્સે એ સાબિતી મેળવી છે. તાજેતરમાં જ એ અત્યાર અગાઉનાં રેકોર્ડ તોડીને સ્ટ્રેટોસ્ફીઅરમાં લગભગ ચૌદ માઇલ ઊંચે બલૂનમાં ઊડેલો. એ વખતે એણે ક્ષિતિજનો ફોટોગ્રાફ લીધેલો. એ ફોટોગ્રાફમાં ઝડપાએલી ૨૨૦ માઈલ જેટલી ક્ષિતિજની લંબાઇ—પૃથ્વીના વ્યાસના લગભગ સોમા ભાગ—માં પૃથ્વીની ગોળાશની ખાતરી કરાવતો સ્પષ્ટ વળાંક જણાઈ આવે છે.

વૈજ્ઞાનિક સંશોધકોને છેલ્લી અરધી સદી કરતાં યે વધુ સમયથી મૂંઝવી રહેલો કોઈ પ્રશ્ન હોય તો તે દરિયાના પાણીમાંથી પોટૅશ્યમના ક્ષારો મેળવવાનો. જગતનો પોટૅશ્યમનો જથ્થો મૂળે જ મર્યાદિત છે, અને તેમાંયે તેનો સમૃદ્ધ સ્રોત જર્મનીમાં—ખાસ કરીને સ્ટાસફુર્ટ વિસ્તારમાં રહેલો છે. જો કે રશિયાનો પણ, પોતાને ત્યાં વિપુલ પ્રમાણમાં તેવા ક્ષારો મળી આવ્યાનો દાવો છે.

ખેતીને માટે તો લગભગ અનિવાર્ય એવા આ ક્ષારોનું દરિયાના પાણીમાં વિપુલ પ્રમાણ જણાઈ આવ્યું છે. તેના ૧૦,૦૦૦ ભાગે પોટૅશ્યમના ક્ષારો (જે પોટૅશ્યમ ઑક્સાઈડ તરીકે ઓળખાય છે)નું પ્રમાણ ૫ ભાગ હોય છે. આ રીતે એક ટન જેટલા ક્ષાર માટે અત્યંત પાણી ઉલેચવું પડે એમ છે. પરંતુ એ કંઈ મોટી વાત નથી. બ્રોમાઈડ્ઝ અત્યારે દરિયાના પાણીમાંથી જ મેળવવામાં આવે છે,

એ માટે નૉર્વેમાં એક કારખાનું ઇ. ૧૯૪૦ માં ઊભું કરવામાં આવેલું. હાલ જાપાન તે પર ખૂબ અખતરા કરી રહ્યું હોવાનું કહેવાય છે પણ એ અખતરા એણે ગુપ્ત રાખ્યા છે. અત્યારે થતાં અનુમાનો જો સાચાં હોય તો જાપાન દરરોજ દરિયાના પાણીમાંથી એ ક્ષારોનાં ૧૧૦ રતલનું દરેક એવાં ૨૨૦ પીપ મેળવતું હોવું જોઇએ.

∽

હિંદમાં પહેલી જ વાર હવે ઍલ્યુમીનિયમનું ઉત્પાદન શરૂ થયું છે. દક્ષિણ હિંદમાં તે ગાળવાનું એક કારખાનું ઊભું થયું છે. રૉજર મિશને એ માટે હિંદી સરકારને ભલામણ કરેલી અને ઇ. ૧૯૪૨ના મે મહિનામાં અમેરિકાથી ઔદ્યોગિક તપાસ માટે હિંદ આવેલા ગ્રેડી મિશને પણ તેવી ભલામણ કરેલી. પરિણામે ઍલ્યુમીનિયમની બાબતમાં તો હિંદ હવે સ્વાયત્ત બન્યું ગણાય.—અ૦

વૈજ્ઞાનિક ઔષધોપચારનો પ્રથમ પ્રણેતા હોમિયોપથી (સામ્યોપચાર)નો મહાન શોધક

'આપણા ધંધામાં એટલા બધા ઝડપી ફેરફારો થઈ રહ્યા છે, કે એ બાબત એમ કહેવાયું છે કે આજે જો કોઈ દાકતર મરી જાય, અને એ આજથી પચાસે વર્ષે પાછો આવી શકે, ને ફરી પાછો પોતાનો અસલ ધંધો કરવા માગે તો તેને બધું જ નવેસરથી ભણીને ગ્રૅજ્યુએટ થવું પડે !

અને છતાં યે ભૂતકાળમાં એવો એક મહાન ચિકિત્સક થઇ ગયો છે કે જે આ પૃથ્વી ઉપર આજ સો વર્ષે પણ જો પાછો આવે તો એ તો પોતાનું કાર્ય જ્યાંથી અધૂરૂં મૂકયું છે, ત્યાંથી જ ફરી પાછું શરૂ કરી શકે !

કારણ ?

એ મહાપુરુષ એના જમાનાને હિસાબે સો વર્ષ વહેલો જન્મ્યો હતો.'

શહેનશાહ છઠ્ઠા જ્યૉર્જના ચિકિત્સક સર જૉન વેર, આ શબ્દોમાં હાનેમાનને પોતાની અંજલિ આપી એની મહત્તા આગળ પ્રણિપાત કરે છે.



ડૉ. સૅમ્યુઅલ હાનેમાન

એણે વિષો ખાઈને જગતને અમૃત આપ્યાં
એણે તિરસ્કાર સહીને ચોમેર કરુણા રેલાવી
એણે ભૂખમરો વેઠીને પણ સત્યની સાધના કરી

લેખક: 'અશ્વઘોષ'

આજના વેગભર્યા પ્રગતિમાન વૈજ્ઞાનિક જગતમાં જે આજે સો વર્ષ પછી પણ વિસ્મૃતિનો ભોગ બન્યો નથી, એવો એ હાનેમાન કોણ હતો? એના જમાનાના દાકતરોમાંથી એના એકલાની જ કીર્તિની સુવાસ આજ સુધી શાથી ટકી છે ?

યુરોપનાં રાષ્ટ્રોમાં જર્મન પ્રજાનું સ્થાન અનોખું છે. યુરોપની બ્રાહ્મણ પ્રજા ગણાતી એ પ્રજાએ અનેક કવિઓ, તત્ત્વચિંતકો, પયગંબરો, વૈજ્ઞાનિકો, દષ્ટાઓ અને અગ્રેસરો ઉત્પન્ન કર્યાં છે.

નીટ્શે, કાન્ટ અને શૅાપનહૉર, માર્ક્સ, ફ્રૅાઈડ અને આઇન્સ્ટાઇન, હાનેમાન અને કુહને, એ જર્મનીના સુપુત્રો છે. નાઝીવાદ જેવા ચંચલ રાજકીય પરપોટા પરથી જર્મનીની સંસ્કારસમૃદ્ધિ માપવાની-ભૂલ આપણે ન કરીએ.

જન્મ અને કેળવણી

જર્મનીના સૅક્સની પરગણાના ડ્રેસ્ડન પાસે આવેલા મોઇસેન નામના ગામમાં ક્રિશ્ચિયન ગૉ. હાનેમાન નામના વાસણ ઉપર ચીતરામણ કરનાર એક ગરીબ ચિતારાને ત્યાં ઈ. ૧૭૫૫ની ૧૦મી એપ્રિલે એક પ્રતિભાશાળી પુત્રનો જન્મ થયો. પોતાનો પુત્ર આગળ જતાં જે વિશ્વકીર્તિ મેળવવાનો હતો તેનો તો એના ગરીબ પિતાને એ વખતે ભાગ્યે જ ખ્યાલ હશે !

છેક નાની ઉંમરથી જ એણે પોતાની અસામાન્ય પ્રતિભાનો પરિચય આપવા માંડ્યો. બાર વર્ષની ઉંમરે તો જુદીજુદી યુરોપિયન ભાષાઓનું એવું જ્ઞાન હતું કે એના ગોઠીઆઓને ગ્રીક ભાષાનું પ્રાથમિક શિક્ષણ આપવા માટે એની નિમણુંક થઇ. દરેક સામાન્ય પિતાની પેઠે એના પિતાની પણ ઈચ્છા હતી કે પોતાનો પુત્ર ખૂબ કમાણીવાળો કોઈક ધંધો શીખે. આથી એને ધંધે વળગાડવા વારંવાર નિશાળેથી ઉઠાડી લેવામાં આવેલો, પણ હાનેમાનને વિદ્યાભ્યાસની એટલી તો લગની હતી કે એ ફરીફરીને અભ્યાસ જ શરૂ કરતો. હાઈસ્કૂલના અભ્યાસ દરમ્યાન અને ત્યાર પછી તો એના પિતાએ એને નિશાળની ફી સરખી યે આપી નહોતી. પણ એનો અભ્યાસ તો અબાધિત ચાલ્યા જ કર્યો. વીસ વર્ષની ઉંમરે તો એણે જર્મન, ફ્રેન્ચ, અંગ્રેજી, ઈટાલિયન, લૅટીન અને ગ્રીક એ છ ભાષાઓ ઉપર સંપૂર્ણ પ્રભુત્વ મેળવ્યું.

એ ઉપરાંત એણે આરબ્બી ને હિબ્રુ જેવી પૂર્વની ભાષાઓનું પણ સારૂં જેવું જ્ઞાન મેળવી લીધું. આ પછી લાઇપઝિકમાં એણે વૈદકીય અભ્યાસ આરંભ્યો ત્યાંની યુનિવર્સિટીમાં આ બધા ભાષાઓનું શિક્ષણ આપી તેમજ તે તે ભાષામાં લખાએલાં વૈદકીય તેમજ અન્ય વિષયોનાં પુસ્તકોનું ભાષાંતર કરી એ પોતાનું ગુજરાન ચલાવતો તેમજ પોતાનો મૂળ વૈદકીય અભ્યાસ આગળ વધારતો.

લાઇપઝિક જવા માટે એણે જ્યારે ઘર છોડ્યું, ત્યારે એના પિતાએ એને માત્ર ૨૦ થેલર વાટખરચી માટે આપ્યા હતા. ત્યાર પછી એ એના પિતા તરફથી ફુટી બદામ પણ પામ્યો નહોતો.

બે વર્ષ પછી ઊંચી કેળવણી માટે એ વીએના ગયો અને ત્યાંથી યુરોપનાં જુદાંજુદાં વિદ્યાધામોમાં ઘૂમી વિદ્યા પ્રાપ્ત કરી. ૧૭૭૯માં ૨૪ વર્ષની ઉંમરે ખાસ સન્માન સાથે એમ. ડી. ની ઉપાધિ મેળવી. એ અનેક વૈજ્ઞાનિક મંડળોનો સભાસદ હતો અને વૈદક સિવાયની પણ વિજ્ઞાનની અનેક શાખાઓમાં પારંગત હતો.

સ્વદેશ પાછા ફરતાંવેંત, એની એ ઊગતી જુવાનીમાં જ ડ્રેસ્ડનની ઑસ્પિટલના મુખ્ય સર્જન તરીકે એની નિમણૂક થઇ. ઈ. ૧૭૮૪માં હઠીલા ચાંદાની સારવારને લગતો, અને ઇ. ૧૭૮૯માં જાતીય રોગોની સારવારનો લગતો, એમ બે ગ્રંથો એણે પ્રસિદ્ધ કર્યાં. આ ગ્રંથોની એ જમાનાનાં વૈદકીય પત્રોમાં અતિશય પ્રશંસા થઇ હતી.

ઇ. સ. ૧૭૯૨માં થેરજેન્થાલની માનસિક રોગોની (ગાંડાની)

પોતાની જાત પર ઝેરી ઔષધોના અખતરા કરીકરીને ચિકિત્સા શાસ્ત્રમાં એણે નવો નિયમ

ઑસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ તરીકે એની નિમણૂક થઈ. પોતાના આ હોદ્દા દરમ્યાન એણે ગાંડાઓને અપાતી અમાનુષી સારવારમાં સુધારો કરવાના ભારે પ્રયાસો કર્યા. ગાંડા માણસોને કરવામાં આવતી મારઝૂડ એણે બંધ કરાવી અને એનું સ્થાન માયાળુ તથા બુદ્ધિયુક્ત સારવારને આપ્યું, જે આજ સુધી ચાલુ રહી છે.

ગાંડા માણસો પ્રત્યે કરવા જોઇતા વર્તાવ માટે એ લખે છે કે 'હું કોઇ પણ ગાંડા માણસને ફટકાઓ મારવા દેતો નથી કે બીજી કોઈ જાતની શારીરિક શિક્ષા કરવા દેતો નથી, કારણ કે જ્યાં કશી જવાબદારી નથી ત્યાં કશી શિક્ષા ના હોવી જોઇએ. આ પ્રકારના રોગીઓ આપણી દયાને પાત્ર છે. જંગલી મારઝૂડથી એમની સ્થિતિ હમેશાં કથળે છે અને એમાં કદી કશો સુધારો થતો નથી.'

આજે આ વિચારોમાં આપણને કેવળ સાદી સમજ લાગે છે, પણ એ જમાનામાં તો એ ક્રાન્તિકારી ખ્યાલો લેખાતા

હાનેમાન એના જમાનાનો પ્રથમ પંક્તિનો કેમિસ્ટ (રસાયણવેત્તા) હતો. રસાયણશાસ્ત્રનો એ પારગામી નિષ્ણાત ગણાતો અને એ વિષયનું એનું જ્ઞાન અગાધ હતું. રાસાયનિક વિષયોને લગતા અનેક કિંમતી લેખો તથા રાસાયનિક સંશોધનો એણે પ્રગટ કર્યાં છે. એ શોધોમાંની દારૂમાં કરવામાં આવેલા પદાર્થોનો ભેગ પારખી કાઢવાની કસોટી એ એની મુખ્ય ને સર્વમાન્ય શોધ મનાય છે. એણે એને અસામાન્ય ખ્યાતિ આપી, અને છેક આજ દિવસ સુધી એ 'હાનેમાન્સ વાઈન ટેસ્ટ' ના નામથી ઓળખાય છે તથા યુરોપના ઘણાખરા કેમિસ્ટો એને અમલમાં મૂકે છે. ઈ. ૧૭૮૬માં એણે સોમલના વિષપ્રયોગ વિષે એક પુસ્તક બહાર પાડ્યું, જેણે તુર્ત જ એ વિષયના નિષ્ણાતોની નજરમાં વિષતંત્ર (toxicology)ના પ્રતિષ્ઠિત પુસ્તક તરીકે પોતાનું સ્થાન પ્રાપ્ત કર્યું. ત્યાર પછી ત્રણ વર્ષે ૧૭૮૯માં પારાની બનાવટ વિષે પણ એણે એક પુસ્તક પ્રકટ કર્યું. આ સઘળા સમય દરમ્યાન એણે રસાયણશાસ્ત્રના ક્ષેત્રમાં બીજું પણ ઘણું મૌલિક સંશોધન કર્યું.

પણ એનું ખરું મહાભારત કામ તો ઈ. સ. ૧૭૯૩ થી ૧૭૯૯ સુધીમાં એણે The Apothecaries' Lexicon નામની મહાન ફાર્માસ્યુટિકલ ડિક્શનરી (વૈદકીય કોષ) તૈયાર કર્યો તે છે. વર્ષો સુધી આ મહાભારત ગ્રંથ ફાર્માસ્યુટિકલ કાર્યમાં અનિવાર્ય મનાયો અને એ વિષયના બીનહરીફ ગ્રંથ તરીકે પોતાનું સ્થાન જાળવી રાખ્યું.

દવાઓ તૈયાર કરવાની રીતો વિષેનું એનું જ્ઞાન એટલું તો ચોક્કસ ને અણીશુદ્ધ હતું કે લુચ્ચા ફાર્મસીવાળાઓ તરફથી દવાઓમાં થતી ભેળસેળ અટકાવવા માટે અને દેશભરની દવાઓ એકસરખા ધોરણ પર મૂકવા માટે જર્મન સામ્રાજ્યમાંથી એની એકલાની જ પસંદગી સરકાર તરફથી થઈ હતી.

શિષ્ટ પંડિતો, રાસાયનિકો અને વિજ્ઞાનીઓ, ઑસ્પિટલના દાક્તરો અને સર્જ્યનો, સાહિત્યસ્વામીઓ અને અગ્રેસર ચિકિત્સકો, એ સૌના સન્માનને પાત્ર એ થઈ ચૂક્યો હતો લગભગ દરેક પ્રાચીન અને અર્વાચીન ભાષાથી તેમજ પુરાતન તથા અદ્યતન વૈદકીય સાહિત્યથી એ માહિતગાર હતો. રસાયણશાસ્ત્રી ઉપરાંત એ સારો ખનીજશાસ્ત્રી અને વનસ્પતિવિદ્, સમાજ-સ્વાસ્થ્યશાસ્ત્રી અને અનુભવી, તેમજ વ્યવહારૂ ચિકિત્સક હતો, અર્થાત્ એ સર્વગ્રાહી વૈજ્ઞાનિક હતો. આમ, કોઇપણ સામાન્ય આત્માને સંતુષ્ટ કરવા માટે જે કાંઇ તત્ત્વો જોઇએ તે સઘળાં હાનેમાનના જીવનમાં હતાં: ધન, યૌવન, માન, આબરૂ, વિદ્યા, કલા ને સુખી ગૃહજીવન, એ સૌનો એ અધિષ્ઠાતા હતો.

પણ હાનેમાન સામાન્ય આત્મા નહોતો. એના દિલમાં દિવસ ને રાત એક ઉગ્ર અસંતોષ સળગી રહ્યો હતો. જેમજેમ એની પ્રૅક્ટિસ જામતી ગઈ તેમતેમ એ પ્રૅક્ટિસ તરફ એનો તિરસ્કાર વધતો ચાલ્યો અને છેવટે એણે એ પ્રૅક્ટિસ છોડી દીધી ! આશ્ચર્ય થશે. પણ એનાં કારણોની તપાસ માટે આપણે ૧૮મી અને ૧૯મી સદીના યુરોપીય વૈદક ઉપર ઊડતી નજર ફેંકવી પડશે.

૧૯મી સદીનું યુરોપીય વૈદક

એ જમાનાનું વૈદક કઢંગુ, ક્રૂર અને જંગલી હતું. રોગના કારણ અને નિવારણ વિષે દાક્તરોને કોઈપણ જાતની કશી જ સમજણ નહોતી. એને અંગે અનેક જાતના મનસ્વી વાદો પ્રવર્તતા હતા. એક હતો લોહવાદ. એમાં માનનારા દાક્તરો દરેક દર્દીને લોઢું ખવડાવતા કિવનાઇનવાદમાં માનનારા દાક્તરો કિવનાઇનને દરેક રોગના રામબાણ ઈલાજ તરીકે જાહેર કરતા. ગર્દભવાદમાં માનનારા દાક્તરો દરેક દર્દીને ગધેડીનું

આ કળાકાર માત્ર પૂતળીઓ જ બનાવતો; એ પૂતળીઓ રાજમહેલની છોકરીઓને રમવા માટે હતી.

વરસોવરસ રાજમહેલના આંગણામાં પૂતળીઓનો મેળો ભરાતો. એ મેળામાં બધા યે કારીગરો આ જ કળાકારને મોટું માન દેતા આવ્યા છે.

એમ કરતાં કરતાં એની ઉંમર એંશી વરસની થઇ. એવામાં એક નવો કારીગર મેળામાં ચડી આવ્યો. એનું નામ કિસનલાલ હતું. એનું વય પણ તરુણ હતું, અને એની રીત પણ નવી હતી.

જે પૂતળીઓ એ બનાવતો તેમાં ક્યાંક ઘડતો અને ક્યાંક ન ઘડતો; ક્યાંક રંગ લગાવતો તો ક્યાંક બાકી રાખતો. એવું લાગે કે પૂતળીઓ હજુ પૂરી નથી થઈ. જાણે કોઇ દિવસ પૂરી પણ થશે નહિ.

જુવાનિયાઓ કહે, 'આ માણસે ખરી હિમ્મત બતાવી !'

ઘરડેરા કહે, 'આ તે કંઈ હિમ્મત કહેવાય ? આ તો બડાશ છે.'

પણ નવા કાળની નવી માગ. એ વખતની રાજકન્યાઓ કહે, અમને તો આ જ પૂતળીઓ જોઇએ.

જૂના સમયના નોકરો કહે, 'અરે છટ્!' પણ આ સાંભળીને તો તેઓની જિદ ઉલટી વધી જાય છે.

ડોસાની દુકાને હવે ભીડ રહેતી નથી. તેના ટોપલામાં ભરેલી પૂતળીઓ જાણે કે હોડીની રાહ જોતા કાંઠા પરના લોકોની જેમ સામેને આરે જોઇને બેસી રહી.

એક વર્ષ ગયું, બે વર્ષ ગયાં; ડોસાને બધા ભૂલી પણ ગયા. રાજમહેલની રમકડાં બજારનો સરદાર હવે કિસનલાલ થયો.

ડોસાનું દિલ ભાંગી ગયું. તેના દિવસો પણ જતા નથી. છેવટ તેની દીકરીએ આવીને તેને કહ્યું, 'તમે મારે ઘેર ચાલો.'

જમાઇએ કહ્યું, 'ખાજો પીજો, આરામ કરજો ને વાડીમાંથી ગાયવાછડાં હાંકતા રહેજો.'

સ્થાપ્યો, નવી સારવાર યોજી, નવાં ઔષધો તૈયાર કર્યાં; વૈદકના ક્ષેત્રમાં એણે નવું વિશ્વ સર્જ્યું.

દ્રવ્ય પાઇને એનાં દર્દો દફે કરવાના પ્રયાસો કરતા !

ઈલાજ જેમ ગંદો અને ધૃણાસ્પદ હોય તેમ તેને વધારે મહત્ત્વ આપવામાં આવતું. ઘેટાની લીંડીઓ, સૂકવેલાં અળસિયાં, ગોકળગાયો, જૂ, માકણ, સૂકવેલાં દેડકાં, કુરકુરિયાંની પૂછડીઓ, ગરોળીઓની પૂછડીઓ, સડતાં મુડદાં, ખુની માણસોનું લોહી, મનુષ્યનો પરસેવો, કાનનો મેલ, નખ અને મસાનો ભૂકો, ઘરડા માણસનું મૂત્ર, આવા અનેક ગંદા, ધૃણાસ્પદ ને નિરૂપયોગી પદાર્થોનું મિશ્રણ કરી દાક્તરો પોતાનાં પ્રિસ્ક્રિપ્શનો તૈયાર કરતા અને એને 'રામબાણ ચૂર્ણ' અને 'બાદશાહી ચૂર્ણ' જેવાં રૂપાળાં નામો આપી એનાથી રોગમાત્રનો નાશ કરવાનો વાહિયાત દાવો કરતા.

નવીન પૂતળી

(રવીન્દ્રનાથ ઠાકુર)

ડોસાની દીકરી તો આઠે ય પહોર ઘરકામમાં જ રહે છે. તેનો જમાઈ માટીનાં કોડિયાં ઘડે છે અને નાવ ભરીને શહેરમાં લઇ જાય છે.

નવો જમાનો આવ્યો છે એ જેમ ડોસા સમજતા નથી, તેમ જ એ ય સમજતા નથી કે તેની દોહિત્રી સોળ વર્ષની થઈ છે.

જ્યાં ઝાડ તળે બેસીને ડોસા રમોપું કરતાંકરતાં વારંવાર ઝોકાં ખાય છે ત્યાં દોહિત્રી આવીને તેમના ગળાને બાઝી પડે છે, ત્યારે ડોસાને ખૂબ ખુશી ઉપજે છે. તે કહે છે, 'કાં મા ? શું જોઈએ છે ?'

દોહિત્રી કહે છે, 'મને પૂતળી બનાવી આપોને; મારે રમવું છે.'

ડોસા કહે છે, 'અરે ભાઈ, મારી પૂતળી તને ગમશે કેમ ?'

દોહિત્રી કહે છે, 'તમારા કરતાં મજાની પૂતળી કોણ કરે છે એ તો કહો !'

ડોસા કહે, 'કેમ ? કિસનલાલ.'

દોહિત્રી કહે, 'છિઃ, 'કિસનથી થયાં.'

બેય વચ્ચે આ વાગ્યુદ્ધ કેટલીયે વાર થયું છે. વારેવારે બસ એક જ વાત.

અંતે એક દિવસે ડોસા પોતાની થેલીમાંથી બધો સામાન કાઢે છે. આંખે મોટાં ગોળ ચશ્માં ચડાવે છે. દોહિત્રીને કહે છે, 'પણ મા, ખેતરની મકાઈ કાગડાઓ ખાઈ જશે તે ?'

દોહિત્રી કહેછે,'દાદા,હું કાગડા ઉડાડીશ.'

સમય વહી જાય છે; દૂર કૂવા પાસેથી, બળદ કોસ ખેંચે છે તેનો અવાજ આવે છે; દોહિત્રી કાગડા ઊડાડે છે; ડોસા બેઠાબેઠા પૂતળી ઘડે છે.

ડોસાને બધા કરતાં તેની દીકરીની વધુ બીક લાગતી. તે ભારે કડક હતી. તેના કુટુમ્બમાં તેનાથી બધાં જ ચેતીને ચાલતાં.

ડોસા આજ એકમનથી પૂતળી ઘડવા બેઠા છે તેમને ખબર નહતી તેવામાંતેમની દીકરી પાછળથી ઝટપટ હાથ હલાવતી આવી.

પાસે આવીને જ્યારે એણે હાંક મારી ત્યારે ચશ્માં આંખ પરથીઉતારી લઇને નાના નાદાન છોકરાની જેમ ડોસા તાકી રહ્યા.

દીકરીએ કહ્યું, 'દૂધ દોવાનું પડી રહે અને તમે સુભદ્રા સાથે વખત વીતાડો ! આવડી મોટી છોકરી તે શું હવે ઢીંગલીએ રમવા જેવડી છે ?'

ડોસાએ તરત જ કહ્યું, 'સુભદ્રા શું કામ રમે? આ પૂતળીઓ તો રાજમહેલમાં વેચીશ. મારી દીકરીનો વર જ્યારે આવશે તે દિવસે મહોરોનો હાર પહેરાવવો પડશે ને? એટલે મારે પૈસા એકઠા કરવા છે.'

દીકરીએ ચીડાઇને કહ્યું, 'રાજમહેલમાં આ પૂતળીઓ લેશે કોણ ?'

ડોસાનું માથું નીચું થઈ ગયું. ચૂપ બેસી રહ્યા

સુભદ્રા માથું હલાવતી કહે, 'દાદાની પૂતળી રાજમહેલમાં કેમ નહિ વેચાય તે જોઈ લઈશ.'

બે દિવસ પછી સુભદ્રાએ એક સોનામહોર લાવીને માને કહ્યું, 'આ લે મારા દાદાની પૂતળીના પૈસા'.

માએ કહ્યું, 'ક્યાંથી તું લાવી ?'

દીકરી કહે,'રાજમહેલમાંજઇવેચીઆવી.'

ડોસા હસતાં હસતાં કહે, 'દીકરી, હજુ તો તારા દાદાને આંખે બરાબર દેખાતું નથી; હાથ ધ્રૂજી જાય છે.'

મા ખુશ થઇને બોલી,'આવી સોળ સોનામહોર થાય તો સુભદ્રાના ગળાનો હાર બને.'

ડોસાએ કહ્યું, 'તેની હવે ચિન્તા શી ?'

સુભદ્રા ડોસાના ગળાને વીંટળાઈ બોલી, 'દાદા, મારે હવે વરની કંઈ ચિંતા નથી.'

ડોસા હસવા લાગ્યા અને આંખમાંથી એક બુંદ આંસુ લૂછ્યું.

ડોસાની જાણે જુવાની પાછી આવી. તે ઝાડ તળે બેસી પૂતળી ઘડે છે અને સુભદ્રા કાગડા ઉડાડે છે, અને દૂર કૂવા પરથી બળદો કોસ ખેંચે છે તેનો ચીં ચીં અવાજ આવે છે.

એક એક કરતાં સોળ મહોરો થઇ. હાર પૂરો થઇ ગયો.

મા બોલી, 'હવે વર આવે એટલે થયું.'

સુભદ્રાએ ડોસાના કાનમાં કહ્યું, 'દાદા, વર તો નક્કી છે.'

દાદાએ કહ્યું,'બોલ,મા, ક્યાં મળ્યો વર?'

સુભદ્રાએ કહ્યું,'જ્યારે રાજમહેલમાં ગઈ ત્યારે ચોકીદારે પૂછ્યું, શું જોઇએ ? મેં કહ્યું, રાજકુંવરીઓને પૂતળી વેચવા જાઉં છું. તે બોલ્યો, 'આવી પૂતળી આ જમાનામાં ન ચાલે.' એમ કહીને એણે મને પાછી કાઢી.ત્યાં એક માણસે મને રોતી જોઇને કહ્યું,'લાવ તો, એ પૂતળીની સજાવટ જરાક ફેરવી દઉં. એટલે એ વેચાઇ જશે.'તે માણસને તમે જો પસંદ કરો, તો દાદા, તેના ગળામાં હાર પહેરાવું.'

ડોસાએ પૂછ્યું, 'તે છે ક્યાં ?'

સુભદ્રા કહે, 'પણે, બહાર લીમડા હેઠળ.'

વર ઘરમાં આવ્યો. ડોસા બોલ્યા, 'અરે, આ તો કિસનલાલ '

કિસનલાલ ડોસાની ચરણરજ લેતાં કહે, 'હા, હું કિસનલાલ.'

ડોસા તેને છાતીએ ચાંપી બોલ્યા; 'ભાઈ, એક દિવસ તું મારા હાથની પૂતળીને લઇ ગયો હતો, આજે લઈ જાય છે મારા પ્રાણની પૂતળીને.'

સુભદ્રા ડોસાને ગળે વળગી કાનમાં કહેવા લાગી, 'દાદા, તમને ય સૂઝ્યાં.'

વિનોદ કોઠારી

[રવિબાબુના મૂળ બંગાળી પુસ્તક 'લિપિકા'માંથી અનુવાદ]

ચાંદી-પ્રમેહથી પીડાતા દર્દીઓને એટલો બધો પારો ખવડાવવામાં આવતો કે એમના દાંત ખરી જતા, અને મોંમાંથી એટલી બધી લાળ દદડતી કે એનાથી ડોલોની ડોલો ભરાતી, અને એમનાં મોં પાકી ઊઠીને ભયંકર દુર્ગંધ ફેલાવતાં. દર્દીઓ બેભાન થઇ જાય એટલા મોટા પ્રમાણમાં એમને જુલાબની દવાઓ આપવામાં આવતી. આ ઉપરાંત આકરી ઉલટીઓ, અતિશય પરસેવો કાઢવો, ડામ દેવા, જળો વળગાડવી, દર્દીના શરીરમાં ફોલ્લા કાઢી તેમાં મોટા કાંકરા ભરવા અને એવા જ અનેક જંગલી ઉપાયો દાકતરોમાં ખૂબ પ્રચલિત હતા.

રક્તપાત એ તે જમાનાનો દરેક રોગનો રામબાણ ઈલાજ હતો. માણસને સામાન્ય દર્દ થયું હોય તો પણ તેની 'ફસ' ખોલી શેરથી બશેર લોહી ખેંચી લેવામાં આવતું. સર્જ્યન અને હજામ વચ્ચે ઝાઝું અંતર ન હતું. દર્દી માંદો પડે એટલે દાકતર પૂર ભભકામાં પોતાના રામબાણ ઇલાજો સાથે હાજર થતો. છીંકણીના સડાકા મારતાં મારતાં એ પોતાના હાથ નીચેના સર્જ્યનને ફસ ખોલવાનો હુકમ કરતો અને સર્વ રોગના કારણ રૂપ ગનાતો દર્દીનો એ જીવનરસ વેડફી મારતો. કેસ જેમ ગંભીર તેમ વિશેષ રક્તપાત કરવામાં આવતો ! કોઈ માણસને અકસ્માત થાય અને એના શરીરમાંથી ખૂબ લોહી વહી જાય, તો તેને સારો કરવા માટે એના શરીરમાંથી વિશેષ લોહી ખેંચી કાઢવામાં આવતું ! રાજાઓ, મહારાજાઓ, શ્રીમંતો, શેઠીઆઓ, સાક્ષરો, સેનાપતિઓ, પોપો અને પ્રેસિડેન્ટોને દાકતરો રક્તપાત કરીને કુતરાને મોતે મારતા. ફ્રાન્સનો રાજા લુઇ ૧૩મો, અંગ્રેજ કવિ બાયરન, અમેરિકન પ્રમુખ જ્યોર્જ વૉશિંગ્ટન, ઇટાલિયન મુત્સદ્દી કાવૂર અને બીજા અનેક નામાંકિત માણસો રક્તપાતની આ મહા ઘાતકી પ્રથાથી કમોતે મૂઆ હતા. આજે ઇન્જેકશનો જેટલાં લોકપ્રિય છે એટલો એ જમાનામાં રક્તપાત લોકપ્રિય હતો. જો કોઇ દયાળુ દાકતર રક્તપાત કરવાની ના પાડે તો બીજા દાકતરો એને પોતાના વાડામાંથી નાતબહાર મૂકતા. દાકતરને ઘણી વખત જળોના ઉપનામથી ઓળખવામાં આવતો. આજનું વૈદકના ધંધાનું શિષ્ટોત્તમ ને આધારભૂત મનાતું પત્ર એક સદી પહેલાં લંડનથી નીકળવાનું શરૂ થયું, એનું નામ 'The Lancet' પાડવામાં આવ્યું, એ નામ જ એ જમાનો રક્તપાતનો મહીમા સૂચવે છે.

ઑપરેશનો મોતના સોદા લેખાતા. ક્લૉરોફૉર્મ શોધાયું નહોતું; જંતુશાસ્ત્ર સ્થપાયું ન હતું. દર્દીઓને બાંધીને એમની ઉપર વાઢકાપ કરવામાં આવતી. ઑપરેશન પછી અર્ધોઅર્ધ દર્દીઓ 'ઑસ્પિટલ ફીવર' (જે દાકતરી ગંદકીનું સીધેસીધું પરિણામ હતું)ને લીધે મરી જતા. ઑસ્પિટલોમાં દર્દીઓને ખીચોખીચ ભરવામાં આવતા. અને પરિણામે અનેક ચેપી રોગો ફેલાતા. સુવાવડી સ્ત્રીઓમાંથી ઘણી મોટી સંખ્યા સૂતિકાજ્વરથી મરતી. ગાંડા માણસોને પશુઓ જેમ સાંકળથી બાંધવામાં આવતાં, પ્રેક્ષકો આગળ એમનું પ્રદર્શન કરવામાં આવતું અને એમને અસીમ નિર્દયતાથી ચાબુ માર મારવામાં આવતો.

આ પ્રકારની બેવકૂફીભરી, ઘાતકી અને સ્વચ્છંદી સારવારથી દર સાલ હજારો માણસો મરી જતા, અને એથી યે ઘણી મોટી સંખ્યા અસાધ્ય રોગોની કારમી પીડાઓથી પીડાતી. વૈદક ભૂંડીભખ દશામાં હતું, પણ દાકતરો તો લેશ માત્ર પરવાહ વિના એકબીજા સાથે પાંડિત્યપૂર્ણ લેટીનમાં પ્રલાપો કર્યે જતા. !

હાનેમાનનું દયાળુ હૃદય ને વિચારશીલ મગજ આ બધું જોઇને ત્રાહીત્રાહી પોકારી ઊઠ્યું. એણે વિચાર કર્યો: હું દર્દીઓનું ભલું ન કરી શકું તો ફિકર નથી; પણ મારે એમનું બૂરું તો ન જ કરવું જોઇએ. આ પ્રમાણે વિચાર કરી એણે પોતાની ગોઝારી પ્રૅકટિસ બંધ કરી, અને પોતાના જીવનનિર્વાહ માટે પુસ્તકો લખવાનો અને ભાષાંતરો કરવાનો મુશ્કેલ વ્યવસાય શરૂ કર્યો. આ ધંધામાં પરિશ્રમના પ્રમાણમાં બહુ જ ઓછી આવક હતી. દિવસે દિવસે હાનેમાનની ગરીબી વધવા માંડી. એને પોતાનાં જરજવાહીર, રાચરચીલું, કપડાં અને વાસણ પણ વેચી દેવાં પડ્યાં. આવી ગંભીર ગરીબાઈમાં અને તંગ આર્થિકસ્થિતિમાં પણ આ આદર્શવાદી પુરુષે પોતાની પ્રૅકટિસ ફરી પાછી શરૂ ન કરી તે ન જ કરી. હાનેમાને પોતાની જમવાની થાળી વેચી, પણ પોતાનો આત્મા તો ન જ વેચ્યો.

હોમિયોપથીનો જન્મ

પ્રૅકટિસ છોડી દીધા પછી એ ડ્રેસ્ડન ગયો અને ત્યાં એણે રસાયણશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, ફાર્મસી અને વૈદકનો વધુ ઊંડો અભ્યાસ કરવા માંડ્યો. દિવસભર એ પોતાના પ્રયોગો કરતો અને રાત્રે એ ગુજરાન માટે બીજી ભાષાઓમાંથી જર્મનમાં ભાષાંતરો કરતો. અને આટલું ઓછું હોય તેમ એ ઘણી વખત પોતાની વીર પત્નીને રાત્રે કપડાં ધોવામાં મદદ કરતો. સાબૂ ખરીદવા જેટલા પૈસા પાસે ન હોવાથી એ કાચા બટાટાથી કપડાં ધોતાં.

એના સાહિત્યકાર્યમાંથી મળતી કમાણી એટલી ક્ષુદ્ર હતી અને એનું કુટુંબ એટલું બહોળું હતું, કે એ બધાંને પેટપૂર ખવડાવી શકતો નહિ. પોતાનાં બાળકોમાં થતા કજિયા અટકાવવા માટે એ બધાંને તોળીને બ્રેડ આપતો. આ અરસામાં એની એક નાની દીકરી માંદી પડી. તેની ભૂખ મરી ગઇ હોવાથી પોતાના ભાગનો ખોરાક ન ખાઈ શકવાને લીધે એ એક નાની પેટીમાં કાળજીપૂર્વક દરરોજનો બ્રેડ સંઘરતી, જેથી સાજા થયા પછી એ બધું ખાઇ શકાય. એની માંદગી વધતી ચાલી, ને એને ખાત્રી થઈ કે પોતે હવે બચી શકશે નહિ એટલે એક દિવસ એણે પોતાની નાની બહેન જેની ઉપર એને ખૂબ પ્રેમ હતો તેને પાસે બોલાવી અને કહ્યું: 'બહેન હવે હું અચૂક મરવાની. હવે હું ફરીથી ખાઈ શકીશ નહિ. લે, મારા ભાગના બ્રેડ તું ખાજે.' એમ કહી સુક્કા, કઠણ અને ચીમળાઈ ગએલા બ્રેડ પોતાની બહેનને જાણે કોઈ મહાન ખજાનો આપતી હોય એવા ભાવથી તેણે અર્પણ કર્યો !'

લાઈપઝિકમાં સાહિત્યપ્રવૃત્તિ માટે વધુ અનુકૂળતા જણાવાથી ઈ. ૧૭૯૦માં એ ત્યાં ગયો. પાછળથી એને ત્યાંની યુનિવર્સિટી તરફથી કલનની મૅટીરિયા મેડિકાનું અંગ્રેજીમાંથી જર્મનમાં ભાષાંતર કરવાનું કામ સોંપવામાં આવ્યું. કલન તે વખતે એડીનબરો યુનિવર્સિટીનો દવાવાદનો પ્રોફેસર હતો. એ પુસ્તકમાં કિવનાઇન અને એના કાર્ય વિષે વિગતવાર વર્ણન હતું. કિવનાઈન માનવદેહ ઉપર કઇ રીતે કાર્ય કરે છે તે સંબંધે કલને કરેલો ખુલાસો હાનેમાનને ગળે ઊતર્યો નહિ. એણે આ બાબતમાં સત્ય શું છે તે શોધી કાઢવાનો નિર્ણય કર્યો.

ગ્રીક વિદ્વાન હિપોક્રેટિસ અને સ્વિસ ચિકિત્સક ફૉન હેલરનાં લખાણોનો એ અભ્યાસી હોવાથી એને સ્વાભાવિકરીતે જ કિવનાઈન જાતે ખાઈ એનાં પરિણામો તપાસવાની ઇચ્છા થઈ આવી. એણે ઉપરાઉપરી મોટી માત્રામાં કિવનાઈન ખાધા કર્યું. પરિણામે એના શરીરમાં એ દવાને લીધે ટાઢિયા તાવનાં બધાં જ લક્ષણોએ દેખા દીધી. થોડો સમય જવા દઈ એણે ફરી પાછો એ જ પ્રયોગ કર્યો. ફરી પાછું એ જ પરિણામ આવવાથી એની ખાત્રી થઈ કે દવાઓ માનવદેહ ઉપર શી રીતે કાર્ય કરે છે એને લગતો સનાતન નિયમ પોતાને જડ્યો છે...

આ નિયમ એવો છે કે 'જે દવા મોટી માત્રામાં લેવાથી નીરોગી માણસમાં જે પ્રકારનાં રોગલક્ષણો (અનુસંધાન પાન [illegible]મે)

ચંદ્રલોકનાં માનવી

એક અદ્ભુત વાર્તા

પૃથ્વી પર આવીને ઉત્પાત મચાવી મૂકે છે. *

જગતનાં તમામ નાનાંમોટાં વાયરલેસ સ્ટેશનેથી એ જ વાત સંભળાઈ રહી હતી. મધરાત સુધીમાં તો બ્રિટિશ ટાપુઓ પરનાં બધાં વાયરલેસ યંત્રો એક સ્પષ્ટ આઘાત સાથે બંધ પડી ગએલાં. એ સાથે જ આકાશમાં ટાંકણીના માથા જેવડો પ્રકાશ સામે પાર જતો દેખાયો હતો.

એ રાતે આખો દેશ અસ્વસ્થ બની ગએલો; -વાયરલેસમાં ઊભા થએલા આ ક્ષોભને લઈને નહિ; પણ ડાઉનિંગ સ્ટ્રીટમાં બંધબારણે ચાલતી એક અગત્યની મસલતને કારણે મંત્રણા માટે બેઠેલા અગિયારમાંથી પાંચ જણા અંતે બહાર આવ્ય ત્યારે તેમના ચહેરા પર કશી સ્ફૂર્તિ નહોતી જણાતી. એમાંના એકે પોતાનો દાઢીવાળો ચહેરો ઊંચો લઇને જણાવ્યું: 'અમે નિષ્ફળ ગયા છીએ. સરકાર આપણી માગણીઓ સ્વીકારવા તૈયાર નથી. ચર્ચાઓનો વખત વીતી ગયો છે. આપણે હવે આપણું કાર્ય આરંભી દેવું જોઈએ. દેશભરમાં સામુદાયિક હડતાલ !'

એ શબ્દો સાંભળવા સાથે લાખો આદમીઓએ ડાઉનિંગ સ્ટ્રીટ પ્રત્યે પીઠ ફેરવી. એમનાં લાખો પગલાં ઘર તરફ નિરાશાનો ધ્વનિ વહી જવા લાગ્યાં. એ વેળા ચંદ્રહીન આકાશી ચંદરવામાં પેલો ટાંકણીના માથા જેવડો પ્રકાશ એમણે કદાચ જોયો હશે, પણ એ પ્રકાશ કરતાં વધુ ચિંતા તો એમને આવતી કાલની હતી, જ્યારે આખો દેશ સામુદાયિક હડતાલ પાડીને ઔદ્યોગિક નિષ્ક્રિયાથી ઘેરાઈ જવાનો હતો.

વર્તમાનપત્રોનાં કાર્યાલયો તોતીંગ છાપયંત્રોથી ધમધમી રહ્યાં હતાં. સવાર પહેલાં—સામુદાયિક હડતાલ અમલી બનીને સઘળો સંદેશ-વ્યવહાર કપાઇ જાય તે પહેલાં જ- જગતને ખૂણેખૂણે એ સમાચારો પહોંચાડી દેવાની તેમની ઉત્કંઠા હતી. 'ડેઇલી સન'નો નાઈટ એડિટર ડાઉનિંગ સ્ટ્રીટની ભાંગી પડેલી મંત્રણાઓના સમાચાર હાથમાં પકડીને ધૂંવાફૂંવા થઇ રહ્યો હતો. મુખ્ય તંત્રીએ પણ આજના પ્રસંગની ગંભીરતાને લક્ષમાં લઈને હજુ કાર્યાલય છોડ્યું નહોતું. નાઈટ એડિટરે રોપ વેક ડાઉનિંગ સ્ટ્રીટના સમાચાર એના હાથમાં મૂક્યા અને બબડતો બોલ્યો: 'જગતના એક અપૂર્વ પ્રસંગને આ બેહૂદી હડતાલે મારી નાખ્યો—'

'એટલે ?' એના ચહેરા સામે તાકતો મુખ્ય તંત્રી બોલ્યો.

'એટલે, વિજ્ઞાનને આજ સુધી અગોચર રહેલું આણુવિક શક્તિ (atomic energy)નું રહસ્ય હાથ આવી ગયું છે. આપણો રૉસ લખે છે કે પ્રોફેસર હાર્ડી સાથે ખાસ મુલાકાત લઈને એ અપૂર્વ બયાન આજ રાતના મેઈલમાં મોકલી આપું છું.'

'એ જો સત્ય હોય તો તો પછી દુનિયા પર સઘળું જ શક્ય બની શકે છે.' અને પછી નિરાશાનું આવરણ ફેંકી દેતો હોય તેમ



નજીક આવ્યે જતા રૉસ તરફ એણે પોતાનો હાથ લંબાવ્યો તેમાંથી ભૂરાશપડતા રંગનો સફેદ પ્રકાશ છૂટ્યો અને આસપાસનાં ઝાડવાં સળગી ઊઠ્યાં

તંત્રી બોલ્યો, 'એ જો સત્ય હોય તો પછી આ હડતાલ પણ છેલ્લી જ નીવડવાની. એની પાસે કોલસો ને તેલ સુદ્ધાં નાચીઝ બની રહે છે. તો તો મજૂર ક્રાન્તિકારીઓના દહાડા હવે ભરાઇ રહ્યા. આણુવિક શક્તિ એટલે અતાગ શક્તિ ! અને એ આપણી ! પણ રૉસ તો મધુરજનીએ ઊપડ્યાં છે ને ?'

'હા, ઓતરાદા ગિરિપ્રદેશમાં ક્યાંક. ખરેખર, આ સમાચાર જ અપૂર્વ છે. પણ હવે એ અહીં તે શી રીતે પહોંચાડી શકશે એ જ પ્રશ્ન રહે છે. કદાચ પોસ્ટલ યૂનિયનો પણ આ હડતાલમાં તો જોડાય.'

સહેજ કંટાળીને ઘેરાતી આતુર આંખે બેઠેલી પોતાની નવોઢા પ્રિયતમા પાસે 'ડેઈલી સન'નો રીપૉર્ટર બર્કલે રૉસ. પ્રો. હાર્ડી સાથેની પોતાની મુલાકાતનો ટાઇપ કરેલો અહેવાલ બીડી રહ્યો હતો, અને પોતાની પ્રિયતમાને તેનું મહત્ત્વ સમજાવી રહ્યો હતો કે: 'જગતનો આ અપૂર્વ બનાવ છે અને મારા દ્વારા જ જગતને તેની પ્રથમ જાણ થાય છે. હું એના પુરાણા અને પ્રિય મિત્રનો પુત્ર હોવાને લઇને જ બીજા કોઇને કહેતાં પહેલાં મને જ પ્રોફેસર હાર્ડીએ આ વાત કરેલી છે. એ શોધનું મહત્ત્વ જ અકલ્પ્ય છે. માણસને અશક્ય એવું કશું જ હવે એ શોધથી રહેવા નહિ પામે. આપણે ચાહે ત્યાં—ચંદ્રલોકમાં

* એચ. જી. વેલ્સના 'First Man in the Moon' ઉપરાંત તરંગકથાઓના અન્ય કેટલાક લેખકોએ પણ ચન્દ્રલોકના વસ્તુ પર વાર્તાઓ રચી છે, પરંતુ લેસ્લી બીરેસફર્ડની 'The Moon Men'ની આ કથા વેલ્સની વાર્તાને બાદ કરતાં બાકીના સૌને મોખરે આવે છે. અહીં તો એ કથાનો સંક્ષેપ આપ્યો છે. એ આખી કથા એવી સુંદર અને કલ્પનાને સળવળાવી મૂકે તેવી છે કે વાંચનારાઓને વેલ્સ તથા બરિસફર્ડ બંનેની તુલના કરવાનું મન થઇ આવે છે. જો કે મને તો કેટલીક બાબતમાં વેલ્સના કરતાં બીરેસફર્ડની કલ્પના ચન્દ્રલોકનાં માનવીઓની બાબતમાં તો ચડિયાતી લાગે છે. પરંતુ વેલ્સ એ વિજ્ઞાનપ્રેરિત તરંગોનો આદિ પુરસ્કર્તા હતો એ નજરે એનું સ્થાન અને ક્રાન્તદર્શન તો અદ્વિતીય જ રહે છે.—સં.

જવું હોય તો ત્યાં પણ પહોંચી જઈ શકીએ!'

અને ચન્દ્ર ઊગ્યો હતો કે નહિ તે જોવા એ જ હર્ષાવેગમાં એણે બારી ખોલી, ત્યાં આકાશમાં પેલો પ્રકાશ તેણે જોયો! તે એ પ્રકાશને તાકી જ રહ્યો. ધીમે ધીમે તેનું કદ મોટું થતું જણાયું. એકાદ નવો તારો હશે? ધૂમકેતુ હશે? એને બારી બહાર કાંઈક તાકી રહેલો જોઇને એની પત્ની પણ તેને પડખે આવી ઊભી. પણ ત્યાં તો જાણે આખો માળ ધ્રૂજી ઊઠયો હોય એવો સખ્ત આંચકો બંનેએ અનુભવ્યો. એ પછીની કારમી શાંતિનો, દૂર ભસતા એક કૂતરાના અવાજથી જ ભંગ થતો હતો.

રૉસે જોએલું કે એક આંચકા સાથે આકાશમાંનો પેલો પ્રકાશ અદૃશ્ય થઇ ગયો હતો. વળતે દિવસે છાપામાં તેની વિશેષ વિગતો વાંચવાની આશામાં એ સૂતો. પણ સવારના પહોરમાં રાતના કરતાં પણ વધુ આશ્ચર્યકારક વર્તમાન તેણે જોયા. આખા દેશ પર હડતાળનું મોજું ફરી વળ્યું હતું! પોતાના અપૂર્વ બયાનને ટપાલમાં નાખવા જતાં તેણે જોયું કે કોઈ કામ ઉપર હાજર નહોતું. ટપાલ, રેલવે અને રાષ્ટ્રીય હિતની સઘળી પ્રવૃત્તિ થંભી ગઇ હતી. એનો ચહેરો એ વર્તમાન વાંચીને લાલચોળ બની ગયો હતો, કારણ, એ જાણતો હતો કે આ રાષ્ટ્રીય આપત્તિમાં એના અપૂર્વ સમાચાર પણ સાવ માર્યા જશે. આ ખ્યાલ આવતાં જ, પોતાની નવોઢા પત્ની બેરીલ સાથે નાસ્તો લીધા પહેલાં જ તે એકાંતિક દુર્ગ સમી પ્રોફેસર પ્રાથેરો હાર્ડીની પ્રયોગશાળામાં પહોંચ્યો.

'રૉસ, તેં ગઇ રાતે કશો આંચકો અનુભવેલો?' તેના જતાં વેંત પ્રોફેસરે પ્રશ્ન કર્યો; 'પણ એથી વધુ આંચકો તો મૅકડુગલે કહેલી વાત ઉપજાવે છે. હું ત્યાં જવાનો છું. આપણને કશી ગતાગમ જ નથી.'

અને એટલું કહીને પ્રોફેસર તો કોટટોપી ચડાવી રવાના પણ થઈ ગયા.

રૉસ ઘેર આવી, બેરીલ સાથે નાસ્તાનો કાર્યક્રમ પતાવીને મહાન ભેજાંઓની ધૂન પર હજુ વિચાર જ ચલાવતો હતો, ત્યાં તો કેટલાક ખેડૂતોએ આવી પહોંચી પોતાની વાતથી તેને ચમકાવી મૂકયો. એમની વાતનો સાર એ હતો કે ગ્લેન્ડોર્લીની વનરાજિમાં પ્રોફેસરનાં માત્ર કોટ ને ટોપી પડી રહેલાં મળી આવ્યાં હતાં ઉપરાંત બેએક દિવસથી તેને ત્યાં અવરજવર કરતા અને બેબાકળા લાગતા મૅકડૂગલનું શરીર એ વનરાજિમાં જ બળીને ભડથું થઇ ગએલું હાથ લાગ્યું હતું!

બર્કલે રૉસ એ સ્થાને પહોંચ્યો. પ્રોફેસરનાં કોટ અને ટોપીના દિદાર જોઇને કશી અમંગળ શંકા કરવાને બદલે એને એ જ માન્યતા મુનાસિબ લાગી, કે અહીં નહિ તો બીજે કયાંક આટલામાં જ લાગેલી આગમાં મૅકડૂગલ સપડાયો હશે અને તેને તેમાંથી છોડાવતાં પ્રોફેસરે તે કાઢી નાખીને ઘરનો જ રસ્તો લીધો હોવો જોઈએ. એટલે તપાસ કરતાં રસ્તામાં જ કયાંક બેભાન અવસ્થામાં તે મળી આવશે.

એની એ તર્કપરંપરામાં ભંગ ઉપજાવતો જૅક એ ખેડૂતોના ટોળામાંથી બોલ્યો: 'મિસ્ટર રૉસ, મૅકડૂગલ તો મોટાંમોટાં માથાવાળાં અને છ વરસની વયના છોકરા જેવડાં શરીરવાળાં કોઇ માણસોની વાત કરતો હતો.'

'ઓહ, નૉન્સેન્સ, જૅક! તારૂં તો ખસી ગયું લાગે છે.' કંઇક ચીડમાં રૉસે જવાબ વાળ્યો.

'ન માનવું હોય તો કંઇ નહિ, પણ ઘણાએ તે જોએલું. વીજળીના ચમકારાની માફક તે દેખાઈને અદૃશ્ય થઇ ગએલ'.'

'એ તો પ્રોફેસરે શીશામાં ભૂત પૂરેલા તેની વાત હશે.' ખેડૂતોના વહેમી માનસમાં ઊતરે એવી દલીલ રૉસે રજૂ કરી, પણ જૅકની વાત સાંભળીને તેના મનમાં પણ ચટપટી તો થવા જ માંડી હતી.

રાત થવા આવી, પણ પ્રોફેસરનો પત્તો ન મળતાં સૌ પાછા તેની પ્રયોગશાળામાં આવી પહોંચ્યા.

રાત્રે તપાસ સારૂ સૌકોઇ ફાનસ લઈને આવી પહોંચે ત્યાં સુધી રૉસ પ્રોફેસરની વિશાળ પ્રયોગશાળામાં આંટા મારવા લાગ્યો. એનાં જબરાં યંત્રો ને કાચનાં વિચિત્ર સાધનો વચ્ચે હાથમાં દીવો લઈ તે ફરવા લાગ્યો. પત્થરની એક મોટી પાટી પર તેણે કેટલાંક કાગળિયાં જોયાં. ખંડ છોડતાં પહેલાં પ્રોફેસર એ કાગળો પર જ કામ કરી રહ્યા હોવા જોઈએ, કારણ કે તેમાંના સૌથી ઉપલા કાગળ પર ઉતાવળે કેટલાક અક્ષરો લખાએલા હતા અને તે પર સીસાપેન પડેલી હતી. કુતૂહલને વશ થઇ રૉસે તે ઉપાડીને વાંચવા માંડયું:

'અણુઓ સંબંધેના આપણા નવા જ્ઞાને પ્રેરેલા રસ છતાં આપણે એ ભૂલવું જોઈતું નથી કે એ શોધ કરનારા વિશ્વમાં આપણે જ એકમાત્ર બુદ્ધિમાન પ્રાણીઓ નથી. એથી ઉલટું, આપણે કદાચ (હું તો કહું છું કે ચોક્કસ) હજુ એ સ્થિતિએ નથી જ. આપણા સિવાયના અન્ય ગ્રહો પર પણ વસતિ હોવાનું જે કોઈ મારી માફક સ્વીકારતા હશે તેમને તો મારી આ દલીલ સ્વયંસિદ્ધ લાગશે. મંગળ અને ચંદ્રમાં પણ વિકસેલી સંસ્કૃતિ હજી વિદ્યમાન છે, એવું મારી માફક નિશ્ચિતપણે માનતા મારા બે જૂના અને શાણા વિદ્યાર્થીઓ પણ આણ્વિક શક્તિ પર પ્રભુત્વ મેળવવાના પ્રયોગો કરી રહ્યા છે. એ શક્તિ દ્વારા ધારો કે આપણે ચન્દ્રલોકમાં પહોંચી શકીએ, પણ તે પહેલાં એક દિવસે આપણને જરૂર એ ભાન થવાનું કે આપણે હજુ જોઈતા પ્રમાણમાં સિદ્ધિ ન મેળવી હોઇને...'

આ રસપ્રદ સૂચન પાસે જ પ્રોફેસરનું વક્તવ્ય અટકી ગયું હતું.

રૉસ વધુ વિચાર કરે તે પહેલાં તો જૅક તથા બીજા કેટલાક ખેડૂતો ફાનસ સાથે આવી પહોંચ્યા.

ફ્લીટ સ્ટ્રીટ અને હડતાલના વિચારો કરતો રૉસ પેલા ગામડીઆઓ સાથે ઊપડી નીકળ્યો. રસ્તામાં પ્રોફેસર હાર્ડીના શબ્દો તેના ચિત્તમાં રમવા લાગ્યા. પ્રોફેસરે એવું તો સૂચન નહિ કર્યું હોય ને, કે આપણે બીજા કોઇ ગ્રહ પર પહોંચીએ તે પહેલાં બીજા કોઈ ગ્રહવાસીઓ પૃથ્વી પર ઊતરી આવે? એ વિચારતંદ્રામાં બીજા સૌ તેની આગળ નીકળી ગયા હતા તેની તેણે બહુ દરકાર નહોતી રાખી. એમનો અવાજ સંભળાય એટલું અંતર એણે રાખ્યું હતું.

પરંતુ વિચારતંદ્રામાંથી જાગ્રત થતાં જ તેણે જોયું કે સાથેનો કાફલો કોઈ વળાંક પાછળ અદૃશ્ય થયો હતો અને અંધારી ગાઢ વનરાજિ વચ્ચે પોતે એકલો પડી ગયો હતો! એને પહેલી જ વાર કંઇક ભયનો અનુભવ થયો અને ઘેર એકલી પડેલી બેરીલનો વિચાર તેને આવ્યો. એ વિચાર સાથે જ એ દોટ મૂકવા જતો હતો, ત્યાં પાછળથી કોઇએ તેને પકડી પાડીને તેનું મોં બંધ કરી દીધું! શિકારી પોતે શિકાર બની ગયો હોય તેમ એક ભયચકિત નજર તેણે નાખી અને પછી વિસ્ફારિત નેત્રે બોલી ઊઠયો: 'તમે? પ્રોફેસર, તમે?!'

'હા, રૉસ,' પ્રોફેસરનો પરિચિત અવાજ સંભળાયો; 'પણ તું ખામોશ રહેજે.'

અને પ્રોફેસરે એને પોતાની પાછળ ઘસડવા માંડયો. કશાક વિચિત્ર અવાજો એને સંભળાવા લાગ્યા અને એથી આગળ જતાં કેટલાંક બાળકો નાસતાં હોય તેમ એને લાગ્યું. એ બાળકોનાં માથાં બહુ જબરાં હોવાનો એને અછડતો આભાસ થયો. એ ભયભીત બની ગયો અને ફરી પ્રશ્ન કર્યો, 'ખરેખર તમે જ છો પ્રોફેસર?'

'ત્યારે બીજું કોણ હોય?' પ્રોફેસરે જવાબ આપ્યો. વૃક્ષોની ગીચતા થોડી ઓછી થતાં અને ચાંદનીનો વધુ પ્રકાશ આવતાં એણે જોયું કે પ્રોફેસર પોતાનું મોં બગલ વચ્ચે દબાવ્યા કરતા હતા. દાઢી પાસે એમને ઊંડો જખમ થયો હોય તેમ લાગતું હતું.

'તમને વાગ્યું છે?' રૉસે પ્રશ્ન કર્યો.

'અરે, જીવતો રહ્યો એમ કહેને? આ ચન્દ્રલોકનાં માનવી—'

'ચન્દ્રલોકનાં—શું?'

'જો, આ સામે જો!' પ્રોફેસરે ધસી પડેલી ભેખડ જેવા થોડે દૂરના એક સ્થાન પ્રત્યે તેનું ધ્યાન ખેંચ્યું. વચ્ચેના પોલાણમાં કેટલાંક માનવીઓ ચડઊતર કરતાં જણાયાં. એમનાં નબળાં પાતળાં શરીર પરનાં જબરાં માથાંએ તેનું તરત ધ્યાન ખેંચ્યું. એમની ગતિ ખૂબ ચપળ હતી, અને એમનાં શરીરમાંથી માથું ફેરવી નાખે એવી કશીક ગંધ હવાને ભરી રહી હતી. કીડી જેટલી જ એ જમાત ઉદ્યમી હતી અને એ પોલાણમાંથી ધાતુ જેવો કશોક અવાજ આવતો હતો.

રૉસને લાગ્યું કે એ આખું પોલાણ ધાતુથી જ ભરેલું હતું. વધુ નજીક જતાં એ પોલાણમાં ધાતુનું જ કશું ચણતર હોય અને એના ઉપરના ઘુમટમાં અવરજવરના માર્ગો રહેલા હોય એમ એને લાગ્યું. એવામાં, એમાંના બે જણ એમનાથી ત્રણેક જ વાર દૂર ઝાડી પાછળથી દેખાયા. માત્ર ટટ્ટાર ચાલવાને કારણે જ એમને માનવી કહી શકાય, બાકી માનવ દેહનાં કશાં અન્ય લક્ષણો તેમનામાં ન હતાં. આ શું—દંતુશળ? અને કાનને ઠેકાણે આ શું?

'હં, હવે મને યાદ આવ્યું. મેં એ ક્યાં જોએલાં? બરાબર. વેલ્સના 'ધી ફર્સ્ટ મૅન ઈન ધ મૂન'ની ફિલ્મમાં. જોયું ને? બિલકુલ એ જ. ખુદા! ખુદા! વેલ્સે માત્ર કલ્પનાચિત્ર જ દોર્યું હતું કે ખરેખર એમને જોયા હતા? આહ, જગતમાં કયો મનુષ્ય તેના પોતાના દેશમાં પેગંબર ગણાય છે? રૉસ, આ જગત બેવકૂફ છે, ખરું કે નહિ?'

ત્યાં તો પોલાણમાંથી ધાતુના ખટખટાટ જેવો આવતો અવાજ ઘેરો બન્યો. એ સાથે જે દૃશ્ય રૉસે જોયું તે જોઈને એનાં ગાત્રો જ જાણે ગળી ગયાં. ઝાઝી કીડીઓ મળીને પોતાના કદથી મોટી વસ્તુ ઉપાડે એ પ્રમાણે પેલા લોકો કેટલાક સાથે મળીને કશુંક ઉપાડી લાવતા હતા. રૉસે જોયું કે એમણે ઉપાડેલ એ બીજું કંઈ નહિ, પણ પ્રોફેસરની શોધમાં પોતાની સાથે નીકળેલો એક ખેડૂત જ હતો! એને ઉઠાવીને સૌ પોલાણમાં ગરક થઈ ગયા!

'**આ**પણે શું કરીશું?' રૉસે ભયાકુળ બની પ્રશ્ન કર્યો. હવે એને લાગ્યું હતું કે વર્તમાનપત્રના પોતાના બયાન કરતાં આ વસ્તુ વધારે આશ્ચર્યકારક હતી. 'આ લોકો પેલાને કંઈ ઈજા કરે તે પહેલાં—'

'તેમને તો એનું લોહી જોઈએ છે!'

'લોહી?—'

'હા; એ રાક્ષસો છે. મેં બે જણાનું તો લોહી પીતાં જોયા છે. પણ મારાથી કશું થઈ શકે તેમ નહોતું. એ રાક્ષસો જ છે, રૉસ! એમને નાબૂદ કરી દે અથવા તો અશક્ત બનાવી દે એવી કોઈક શક્તિની હું તલાશમાં છું બિચારી દુનિયાને આપણે એથી બચાવી શકીએ તો!'

'મૅટ ર્‌ડૉટ! (ઓ મારા પ્રભુ!) પણ એમની સંખ્યા બહુ જણાતી નથી. વળી આમ પણ તેઓ કદાવર નથી. ધીંગી લાઠીઓ વડે ડઝનેક ગામડીઆઓ એ બધાનો ખુરદો—'

'રખે એવું ધારતો રૉસ! એમનામાં એવી કોઈક શક્તિ રહેલી છે જે તારામાં, મારામાં કે કોઈ પાર્થિવ મનુષ્યમાં નથી. કશીક વિદ્યુત-શક્તિ એમનામાં રહેલી છે.'



રૉસ નાસતો હતો ત્યાં તો એણે જોયું કે એકાએક પવન ખૂબ જોરમાં ફૂંકી નીકળ્યો. ઝાડનાં ડાંખળાંમાં અને પથ્થરોનાં પોલાણમાં તેના સૂસવાટ બોલી રહ્યા. રૉસના પગ પણ સ્થિર ન રહી શક્યા એટલો એ ઝંઝાવાતનો વેગ હતો... ચન્દ્રલોકનાં માનવીઓનું રૉકેટ પૃથ્વી છોડી પોતાના વતન તરફ ધસી રહ્યું હતું.

'પણ બધા મળીને એ હશે કેટલાક?' રૉસે દાંત વચ્ચે પોતાનો હોઠ કરડતાં પ્રશ્ન કર્યો.

'ગણ્યા ગણાય નહિ એટલા. તેઓ વાયરલેસ દ્વારા સંદેશા મોકલી રહ્યા છે.'

'વાયરલેસ?'

'હા, એ વડે તેઓ ચન્દ્રલોક સાથે સંદેશા ચલાવી રહેલા છે. તેં વેલ્સનું પુસ્તક તો વાંચ્યું છે ને?'

'એટલે શું તેઓ પૃથ્વી પરથી "સબ સલામત"ની સંજ્ઞા ચન્દ્ર પરના પોતા મિત્રોને મોકલી રહ્યા છે એમ તમારું કહેવું છે?'

'અલબત્ત, વળી. તું પોતે જો ચન્દ્રલોક પર પહોંચી ગયો હો તો પૃથ્વી પરના તારા મિત્રોને તારા ક્ષેમકુશળના સમાચારો ન મોકલે?'

'હાસ્તો.'

'એમ જ એ લોકોએ પણ કરેલું છે. ખરું જોતાં, હું માનું છું ત્યાં સુધી, સંદેશાવ્યવહારની એમની પદ્ધતિ આપણા કરતાં વધારે સારી અને ઓછી જટિલ હશે—લગભગ સંપૂર્ણ જેવી.'

રૉસ હવે થાકવા આવ્યો હતો. તે જમીન પર ફસડાતો બોલ્યો, પણ એ બધી કલ્પનાઓ કરીને તમે શું કહેવા માગો છો—શું કરવા માગો છો?—'

'હું ઘેર જવા માગું છું.' પ્રોફેસરે જવાબ આપ્યો.

'અને આ બધાંને જેમનાં તેમ છાડીને?'

'શા માટે નહિ?'

'આપણે એમના સામે કશોક પ્રયત્ન—'

'હું ધારતો જ હતો કે તારો ખ્યાલ કંઇક આવો જ હશે. મારો ખ્યાલ પણ એવો જ છે. પણ આપણે શું કરી શકીએ તેમ છીએ? આપણે આ વાત કોઈ સાથે ચર્ચી શકીએ તેમ નથી, વધુ ફેલાવી શકીએ તેમ પણ નથી, કારણ કે અત્યારે સૌનું ધ્યાન હડતાલ ઉપર કેન્દ્રિત થએલું છે. એટલે અત્યારે તો આ ચાન્દ્ર માનવીઓને નિરંતરાય વર્તવા દઈએ. મને લાગે છે કે આપણે એ દરમિયાનમાં કશોક ઈલાજ શોધી કાઢી શકીશું.'

રૉસ આળસ મરડતો ઊભો થયો અને પ્રોફેસરનાં વચનોમાં શ્રદ્ધા રાખી તેની પાછળ દોડવા લાગ્યો. પરંતુ તેઓ થોડેક ગયા હશે ત્યાં તો તેમનો માર્ગ કેટલાક ચાન્દ્ર માનવીઓની નાનીસરખી ટોળીએ આંતરી લીધો!

થોડીવારમાં તો એમણે એ બંનેને ઘેરી લીધા. રૉસ એમને જોતાં જ ધ્રૂજી ઊઠ્યો. કંઈક બોલવા માટે તે પ્રોફેસર તરફ ફર્યો, ત્યાં તો એ અદ્દશ્ય થઈ ગએલા જણાયા! એકલાપણાની લાગણી હવે રૉસને કોરી રહી. ચન્દ્રલોકનાં માનવી પોતપોતામાં કંઈક વાતચીત કરી રહ્યાં હતાં. એમના તરફથી આવતો પવન ફરી એ જ દુઃસહ ગંધ રૉસનાં નસકોરાંમાં ઠાલવી રહ્યો હતો.

એમાંના એકે રૉસનું કાંડું પકડ્યું. રૉસે એ સ્થળે વીજળીના સખત આંચકા ઉપરાંત પોતાના શરીરમાંથી કશુંક ચૂસાઇ જતું હોય તેવો અનુભવ કર્યો. ઝપટ મારીને એણે પોતાનો હાથ છોડાવી લીધો અને પછી બૂમ પાડવા લાગ્યો, 'દૂર હટો, રસ્તો આપો, મને જવા દો.'

પરંતુ જવા દેવાને બદલે એ ચાન્દ્રપ્રાણીઓ પરસ્પર ઈશારતથી રૉસને ઘેરી લેવાનો પેત રચતા હોય તેમ લાગ્યું. રૉસનો પિત્તો હવે ઊકળી ઊઠ્યો. ધમ્મ કરતોક ને એક મુક્કો પોતાની સૌથી નજીકના એક પ્રાણીને તેની ખોપરી પર એણે લગાવી દીધો અને પરિણામની રાહ જોવા લાગ્યો. એક મુક્કા સાથે જ પેલાની ખોપરીનો માવો બની ગયો હતો અને બીજા બધા તીણી ચીસો સાથે નાસવા લાગ્યા હતા. દૂરથી એ ચીસનો પ્રત્યુત્તર આવી રહ્યો હતો.



રૉસ પેલા તૂટી પડેલા માનવીને નિર્નિમેષ નિહાળી રહ્યો હતો. એકાદ વંદાનું માથું ચગદાઈ ગયું હોય અને બીજાં અંગો તરફડી રહ્યાં હોય એવો તે લાગતો. રૉસ તેને જોઇ અત્યંત બેચેન બની ગયો હતો.

'હાર્ડી! પ્રોફેસર હાર્ડી—હાર્ડી, ખુદાને ખાતર કહોને કે તમે ક્યાં છો?' હાથનું ભૂંગળું બનાવીને તેણે બેબાકળી બૂમો પાડવા માંડી. પરંતુ પ્રોફેસરનો કશો અવાજ ન સંભળાયો. અવાજ સંભળાતો હતો માત્ર પેલાં ચાન્દ્ર માનવીઓનો.

શું કરવું ને ક્યાં જવું તેનો કશો સ્પષ્ટ નિર્ણય કર્યા વિના રૉસે તો દોટ મૂકી દીધી. પૂર્વમાં એ વખતે ભળભાંખરાનો પ્રકાશ પ્રગટવા લાગ્યો હતો, ચન્દ્ર વધારે ને વધારે ફિક્કો પડતો જતો હતો.

રસ્તામાં એક ખેતર પર એક નવું ફાટેલું બ્લાઉઝ તેને જણાયું. આહ! આ ખેતરમાં જ પેલો બુઢ્ઢો અને તેની છોકરી રહેતાં હતાં. તેમનો કશો પત્તો કેમ નથી? આ રાક્ષસો . . .

એથી વધુ તર્ક દોડાવવાને બદલે રૉસે સીધી પોતાના મકાન તરફ દોટ મૂકી, કારણ તેને પેલી છોકરીના વિચાર સાથે જ પોતાની તાજી જ પરણેતર બેરીલનો ખ્યાલ આવ્યો હતો.

અને ઘેર પહોંચતાં જ એનો ધ્રાસકો સાચો પડતો જણાયો. બેરીલ ઘરમાં ન હતી. મકાનનું બધું રાચરચીલું વેરવિખેર થઇને પડેલું હતું. પથારી નજીક કાગળનો એક ટુકડો પડેલો હતો. એ પરના અક્ષરો ઓળખતાં જ ભયભીત ચિત્તે રૉસે તે ઉપાડીને વાંચવા માંડ્યો:

'પ્રિય—આ બધું શું બની રહ્યું છે તેની કશી સૂઝ મને નથી પડતી. આજુબાજુમાં મોટો ભય ઊભો થયો હોવાની વાતો સંભળાય છે. તું એ જાણતો જ હોઈશ અને જ્યાં પણ હોઈશ ત્યાં સહીસલામત જ હોઈશ એવી આશા રાખું છું. તોતીંગ મસ્તકવાળાં આ ઠીંગુજીઓ! મને અહીં રહેવા ન દેતાં તેઓ પોતાની સાથે લઇ...'

બસ. અહીં એક શાહીનો ધબ્બો અને તે પર પાછો લોહીનો ડાઘ પડ્યો હતો અને લખાણ અધૂરૂં રહ્યું હતું.

રૉસ કેટલીકવાર એ કાગળ સામે જ તાકી રહ્યો, અને પછી ઘરની બહાર નીકળ્યો. બહાર નીકળતી વખતના તેના મુખભાવ કોઈ દીવાના આદમીના જેવા હતા. શું બન્યું હોવું જોઈએ તેની પણ વિશેષ કલ્પના તેનાથી થઇ શક્તી નહોતી.

એણે સીધી દોટ મૂકી ગ્લેન્ડોર્લીની વનરાજિ તરફ. ત્યાં-ત્યાં જ તેની પ્રિયતમા પેલાં ચાન્દ્ર માનવીઓના કબજામાં હશે...પણ આ શું? દોડતો દોડતો તે પ્રોફેસર હાર્ડી સાથે જ ભટકાઈ પડ્યો!

'અરે, તમે ક્યાં મૂઆ હતા! પેલા ચન્દ્રલોકના રાક્ષસો તમને—' રૉસે ભય આશ્ચર્ય અને ક્રોધની સંયુક્ત લાગણી અનુભવતાં સવાલ કર્યો.

'એમ જ બન્યું હતું; પણ માત્ર થોડી પળો માટે જ.' પ્રોફેસરે સ્વસ્થ ચિત્તે જવાબ આપ્યો. 'ખુદ એમના વચ્ચે જ કંઈક અણધાર્યું બનવા પામ્યું છે. તેમણે મને છોડી મૂક્યો. પણ તું ઘેર તો ચાલ.'

પ્રોફેસરે રૉસનું બાવડું પકડી તેને ઘસડવા માંડ્યો. રૉસથી હવે ન રહેવાયું: 'ચાલે શું ધૂળ? મારી બૈરી એ લોકો ઉઠાવી ગયા છે.'

'હેં? તું શા પરથી એમ કહે છે?'

પ્રોફેસરને બદલે હવે રૉસે તેનું બાવડું પકડી ઘસડ્યા અને પોતાના મકાનની હાલત તેમને દર્શાવીને બેરીલની પેલી ચિઠ્ઠી તેમના હાથમાં મૂકી.

'અલબત્ત, એ લોકોની નબળાઇ જ અંતે પુરવાર થશે.' પ્રોફેસર બબડ્યા. પ્રોફેસર તો હજુ પોતાની જ ગણતરીઓમાં રહેલા હતા. રૉસને બેરીલની આવી ઉપેક્ષા થતી અસહ્ય લાગી. તે ચાલી નીકળવા લાગ્યો, ત્યાં જાણે પ્રોફેસરને ભાન આવ્યું હોય તેમ તેમણે પૂછ્યું, 'અલ્યા, ક્યાં ચાલ્યો?'

'જહન્નમમાં! બેરીલને શોધવા, પેલા સ્થળે—'

'હવે ગાંડો થા મા!' પ્રોફેસરે તેનું કાંડું પકડી તેને પાછો ખેંચ્યો. 'તારી બૈરી? એ લોકોને કબજે પડી હશે તો કોઇ ઉપાયે તું તેને છોડાવી શકવાનો નથી;—કોઈ પણ ઉપાયે નહિ. આપણે આપણને પોતાને અને દુનિયાને જ આ રાક્ષસોથી બચાવી શકીએ તો પણ બહુ છે.'

રૉસને પોતાની પ્રયોગશાળા (અનુસંધાન આગળ પૃ. ૨૪૪મે)

ગોરા સૈનિકોના સહવાસમાં

ભરતી થએલા એક મરાઠા સૈનિકના અનુભવ

મુંબઇમાં મારી ભરતી થયા પછી થોડા દિવસે મારી રવાનગી એક અત્યંત દૂરના ગામે કરવામાં આવી. મારી સાથે બીજા બે રંગરૂટ હતા. એક મુસલમાન છોકરો અને બીજો મદ્રાસી.

ત્રણ દિવસ અને ત્રણ રાત રેલવેની મુસાફરી કર્યા પછી અમે ધારેલે સ્થળે પહોંચ્યા. સ્ટેશન પર ઊતરતાં જ સૈનિકોની ધમાલ, અધિકારીઓની મોટરોની દોડધામ અને એક પ્રકારનું ઉગ્રગંભીર વાતાવરણ, આ બધાની મારા મન ઉપર વિચિત્ર અસર થઈ. કલાકેક પછી અમારો સામાન લઇ જવા માટે ખચ્ચરની એક ગાડી આવી, તેમાં સામાન નાખી અમે પગપાળા રવાના થયા. આશરે ત્રણ માઇલ ચાલ્યા પછી અમારું સ્થળ આવ્યું અને એક સિપાઈ અમને એક તંબૂમાં લઈ ગયો.

તંબૂમાં ગયા પછી લગભગ છ ફૂટ ઊંચાઈનો એક રૂઆબદાર શીખ અમારી પાસે આવ્યો, તેણે અમારા તરફ નીરખીને જોયું અને મને કહ્યું, 'તમે આ વેષમાં આવ્યા છો?'

આ પ્રશ્નથી મને નવાઈ લાગી. આજુબાજુ નજર નાખતાં હું જોઇ શક્યો કે દરેક જણ પોતપોતાની શક્તિ મુજબ અપ-ટુ-ડેટ પોષાક પહેરીને આવ્યો હતો. મારી સાથેના બંને ગૃહસ્થો સંપૂર્ણ વિલાયતી ડ્રેસમાં હતા અને હું એક જ મારા મહારાષ્ટ્રીય પહેરવેશમાં હતો. કચ્છો મારેલું ધોતિયું, સફેદ શર્ટ, કોટ અને ખાદીની ટોપી! મેં કંઈ જ જવાબ આપ્યો નહિ. પેલા શીખે ફરીથી પૂછ્યું, 'તમારે કંપની કમાન્ડરને મળવા જવાનું છે. તમારે કપડાં બદલવાં છે?'

મેં ના કહી. તેને એ ગમ્યું નહિ. પણ એકે અક્ષર ન બોલતાં તે અમને કમાન્ડર પાસે લઇ ગયો.

ગોરા માણસ પાસે જવાનો મારો એ પહેલો જ પ્રસંગ હતો! ગોરા અધિકારીઓ વિષે મારી માન્યતા જુદી જ હતી. હું એમ ધારતો હતો કે તેઓ ઉદ્ધત, બેપરવા, કડક શિસ્તના હિમાયતી અને નિષ્કારણ ગાળો દેવાવાળા હોય છે. ઑફિસમાં અમે દાખલ થતાં જ કંપની કમાન્ડર (સી. સી.) કંઈક કુતૂહલથી અમારા તરફ જોઇ રહ્યા. તેને મારું ધોતિયું વિચિત્ર લાગ્યું હોવું જોઇએ. તે જરાક હસ્યા અને અમારી મુલાકાતની શરૂઆત થઈ.

નવા માણસને ગોરા લોકોના અંગ્રેજી ઉચ્ચાર બરાબર સમજાતા નથી એ હું જાણતો હતો; તેથી મને પણ એ વિષે ભીતિ હતી. પરંતુ આ ગૃહસ્થ તો તદ્દન સ્પષ્ટ અને સાદું બોલતા હતા, અને મારી સાથેના બંને જણની મુલાકાત પૂરી થતાં જ તે મારા તરફ વળ્યા. તેણે પહેલો જ પ્રશ્ન પૂછ્યો, 'તમે સૈન્યમાં શા માટે જોડાયા?'

'મને ગમે છે માટે.' મેં કહ્યું.

તેને મારો જવાબ રમૂજી લાગ્યો. તે બહુ જ આનંદથી વાત કરતા હતા. મુલાકાત પૂરી થતાં જ, સૈન્યમાં કેમ વર્તવું વગેરે પરચૂરણ માહિતી તેણે આપી, અને પછી અમારી વ્યવસ્થા કરવા માટે અમારી સાથે એક સિપાઈ મોકલ્યો.

ગોરા લોકો વિષેની મારી કલ્પનાઓ આ મુલાકાતથી ખોટી ઠરી. મારા મનમાં આવી કલ્પનાઓ આવવાનું કંઈ જ કારણ નહોતું.

આ પ્રસંગ પછી થોડા દિવસમાં હું રંગરૂટ મટીને જવાબદારીવાળી જગ્યા પર આવ્યો, અને ગોરા સૈનિકોના સહવાસમાં આવતાં મારી અગાઉની કલ્પનાઓ પૂર્ણપણે બદલાઈ. ગોરો સૈનિક અમને હજી નવો નહોતો. અમે તેની સાથે બોલતા, રમતા, એકબીજાની રહેણી-કરણી, વિચારસરણી ને જીવનવિષયક તત્ત્વજ્ઞાન વિષે ચર્ચા કરતા.

ગોરો સૈનિક સ્વભાવે ખરાબ નથી. તે તમારો મિત્ર હોય તો તેનાથી બીવાનું કંઈ જ કારણ નથી. તેની ગોરી ચામડી, હૃષ્ટપુષ્ટ અને પંજાદાર શરીર, રમતિયાળ અને નિષ્ફિકર વર્તન, એ બધાની અસર તમારા પર જરૂર થવાની જ. તે તમારા કરતાં મોટો છે એમ તમને ક્ષણભર લાગશે, અને તે પોતે પણ એ માટે પ્રયાસ કરશે. પોતે દુનિયાના કોઇ પણ માણસ કરતાં સારો, સુધરેલો અને આગળ વધેલો છે એમ મનાવવાનો ગુણ બ્રિટિશ લોહીમાં છે.

બ્રિટિશ સૈનિક સૈન્યમાં આજ્ઞાંકિત છે અને કડક નિયમન પાળે છે. પોતાના અધિકારીઓનો હુકમ બરાબર ઉઠાવે છે. કામ કરતાં તે થાકતો નથી. પણ આ ઉપરથી તેને કામ ગમે છે જ એમ સમજવાનું નથી. તે જે કંઇ કરે છે તે કર્તવ્યભાવનાથી જ કરે છે.

કામ કર્યા પછી જ્યારે તે છૂટો થાય છે ત્યારે તેનો ખરો સ્વભાવ જાણવા મળે છે. તે તદ્દન બેફિકર હોય છે. સાંજે તે પીઠામાં જાય, કોઈ છોકરી સાથે સીનેમામાં પણ જાય, અને રાતે ચારચાર વાગ્યા સુધી ઉજાગરો કર્યા છતાં પણ સવારે આઠ વાગ્યે પાછો કામ પર હાજર થઈ જાય. આનો અર્થ એ નથી કે સારાયે બ્રિટિશ રાષ્ટ્રનું જીવન બેફિકર અને નિશ્ચિંત છે. મારી સાથે એક સાર્જન્ટ કામ કરતો. તેને મેં એક દિવસ પૂછ્યું, 'તમે લોકો આટલા નિશ્ચિંત કેમ છો? તમારે સમાજનું કંઈ જ બંધન નથી કે શું?'

તેણે કહ્યું, 'ન કેમ હોય? સામાજિક બંધન તો અમારે પણ છે. પણ યુદ્ધકાલમાં તેની ઝાઝી પરવા કોઈ કરતું નથી. તેમાં પણ વળી અમે તો ઘર છોડીને હજારો માઈલ દૂર આવ્યા છીએ. અમારાં કુટુંબનાં માણસો કેટલાયે દિવસથી અમે જોયાં પણ નથી. અમે યુવાન છીએ અને તેથી સુખની લાલસા અમને પણ છે. પણ અમને બધું અહીં મળી રહે છે. મનમાનતો પૈસો અને સ્વાતંત્ર્ય. એટલે જે મળ્યું તે સુખ ભોગવીને અમે સંતોષ માનીએ છીએ. પણ અમારા સમાજને આ બધું કબૂલ નથી જ.'

આ ગૃહસ્થ લંડન યુનિવર્સિટીનો વિદ્યાર્થી હતો; પણ યુદ્ધ શરૂ થતાં તેને પોતાનો અભ્યાસ છોડીને સૈન્યમાં જોડાવું પડ્યું. હું તેને હમેશાં પ્રશ્નો પૂછ્યા કરતો, કારણ કે તે સ્વભાવે શાંત હતો ને ચીડાતો નહિ. વળી તેનામાં વરિષ્ઠપણાની ભાવના ઓછી હતી અને તે અમારી સાથે બહુ સભ્યતાથી વર્તતો. તેને મેં એક દિવસ પૂછ્યું, 'હિંદુસ્તાન આવ્યા પહેલાં હિંદુસ્તાન વિષે તમે શું જાણતા હતા?'

તેણે હસીને કહ્યું, 'એ વાત બહુ જ રમૂજી છે! હિંદુસ્તાનમાં એકબીજાના ગળા પર છરી ફેરવનારા હિંદુ અને મુસલમાન રહે છે; તેઓ હમેશાં મારામારી કર્યા કરે છે; આ બંને કોમ એકબીજા તરફ એટલો બધો દ્વેષ રાખે છે કે તેમનું એકીકરણ કદિ પણ શક્ય નથી; હિંદુસ્તાનમાં સારામાં સારા જાદુગરો છે; તેઓ 'રોપટ્રિક' કરે છે અને અગ્નિ પર ચાલે છે; નાનાં રાજ્યો હિંદમાં ઘણાં છે, અને મોટાં શહેરોમાં તેઓ હાથી પર સવારી કરીને નીકળે છે. અમેરિકામાં જેમ મોટર સસ્તી તેમ હિંદમાં હાથી સસ્તા! હિંદી પ્રજા અત્યંત અશિક્ષિત, પછાત, અસંસ્કૃત અને સુધારણા માટે નાલાયક છે; તેમનામાં નાનપણથી જ લગ્ન થાય છે.'

હિંદુસ્તાન વિષેની તેની કલ્પનાઓનું આ પારાયણ સાંભળીને મારા વિષાદનો અને આશ્ચર્યનો પાર રહ્યો નહિ. લંડન યુનિવર્સિટીના વિદ્યાર્થીની કોટિના એક સુશિક્ષિત અંગ્રેજના આવા ખ્યાલ છે, તો બાકીના લોકો હિંદ વિષે આવા ખ્યાલ ધરાવતા હોય તેમાં શી નવાઈ? કારણ કે આજ સુધીમાં ઘણા જણે મને 'રોપ ટ્રિક' અને જાદુના ખેલ બતાવવાની વિનતિ કરી હતી!

ગોરો અંગ્રેજ શરીરે પાંચ હાથ પૂરો, વર્તનમાં જરા અક્કડ અને સ્વભાવે બેફિકર દેખાય છે. તેને મળતા પૈસાનો અને સ્વાતંત્ર્યનો વધુમાં વધુ લાભ તે લે છે. શારીરિક મહેનત કરી શકે તેવી તેની શરીરસંપત્તિ હોવા છતાં હિંદુસ્તાનમાં તે શરીરને કષ્ટ આપતો જોવામાં આવતો નથી. સુખ માટેની તીવ્ર આસક્તિ તેનામાં છે. મારી સાથે કામ કરનારો એક સાર્જંટ મને હમેશાં કહે છે, 'તારા જેવા માણસોએ જીવવું જ ન જોઇએ. તારા જેવા ન કદી સિગારેટ પીએ, ન કદી દારૂ પીએ, કે ન કદી મઝા માણે! તો પછી જીવવું શા માટે? તમે લોકો પોતે તો ગંભીર રહો છો જ, પણ બીજાના આનંદ ઉપર પણ તરાપ મારો છો!'

આ લોકો બુદ્ધિનું કામ બહુ કરી શકતા નથી. કદાચ તેમને કરવું પડે તો તેમાં તેમને સંપૂર્ણપણે યશ મળતો નથી. શિક્ષણ લીધાથી તેમનામાં મોટાઇની ખોટી ભાવના આવતી નથી. હમણાં જ મેં જેનો ઉલ્લેખ કર્યો તે લંડન યુનિવર્સિટીનો વિદ્યાર્થી લશ્કરમાં ફિટર તરીકે આવ્યો હતો. તે કદી પણ પોતાના શિક્ષણનો ઉલ્લેખ કરતો નહિ. કેમ જાણે તે નિરર્થક જ હોય!

પણ આ બાબતમાં આપણા હિંદીઓની વર્તણૂક તદ્દન જુદી જ છે. નવીન રંગરૂટોમાં ઘણા પદવીધરો છે. કેટલાક તો ડબલ ડિગ્રી ધરાવનારા છે અને કેટલાક વકીલાત છોડીને આવેલા છે. તેઓ પોતાના શિક્ષણની જાહેરાત કરવાની એકે તક જતી કરતા નથી. શારીરિક કામ તરફ તેમને અણગમો છે. પોતાની પદવીને લીધે પોતે કંઈક છે અને બીજાઓ તેમના કરતાં ઊતરતા છે એ તેમની વૃત્તિ જોઇ તેમના તરફ તિરસ્કાર ઉપજે છે.

આ બંને વૃત્તિઓનો તફાવત આપણી સામાજિક અને રાજકીય પરિસ્થિતિને જ આભારી છે એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. આપણે ત્યાં જેને અંગ્રેજી બોલતાં આવડતું નથી તેને સુશિક્ષિત માનવા આપણે તૈયાર નથી. કેમ જાણે અંગ્રેજી જ શિક્ષણનું સર્વસ્વ હોય! બ્રિટિશ મનોવૃત્તિ પુસ્તકીય શિક્ષણ કરતાં વ્યવહારુ શિક્ષણ તરફ વધારે ધ્યાન આપે છે. તમે કેટલું ભણેલા છો તેના કરતાં વ્યવહારમાં તમે કેવી રીતે વર્તો છો તે તરફ તેમનું લક્ષ વધારે હોય છે.

હવે બ્રિટિશરનો બીજો ભાઇબંધ અમેરિકન સૈનિક. દેખાવમાં તે કદાવર અને ઊંચો હોય છે. પણ સુખી જીવનને અંગે તેના ચહેરા અને શરીર પર અમુક જાતનું નાજુકપણું નજરે ચડયા વિના રહેતું નથી. હું તેમના સંબંધમાં બહુ આવ્યો નથી; પણ અલ્પ પરિચયથી કહી શકું છું કે તેઓ જંગી લાગતા નથી. એશઆરામમાં તો તેઓ બ્રિટિશરોના મોટા ભાઇ તરીકે શોભે તેમ છે. બ્રિટિશરોના પ્રમાણમાં તેઓ અતિશય નાજુક દેખાય છે. કારણ સ્પષ્ટ છે. અમેરિકન રાષ્ટ્રે બીજા કોઇ પણ રાષ્ટ્રના કરતાં વધારે શાંતિ અને ઐશ્વર્ય ભોગવ્યાં છે. આનું પરિણામ બીજી દૃષ્ટિએ ગમે તે હોય. પણ લશ્કરી દૃષ્ટિએ ખરાબ જ છે. આથી સૈનિકના શરીરનું ખડતલપણું અદૃશ્ય થયું છે અને તેનામાં સુખની લાલસા ઉદ્ભવી છે.

અને હવે જોઇએ ગોરાઓનો ત્રીજો પ્રકાર ઍંગ્લો ઇન્ડિયન્સ. તેઓ બ્રિટિશ, અમેરિકન અથવા તો ઑસ્ટ્રેલિયન કરતાં જુદી જ જાતના છે. ખુદ બ્રિટિશરોને હિંદીઓની કાળી ચામડી તરફ જેટલી ઘૃણા નથી તેટલી તેને છે. 'કાલા આદમી' સંપૂર્ણ નાલાયક છે એવી તેની માન્યતા છે! તેની વર્તણૂક બીનજવાબદાર ને ઉચ્છૃંખલ છે. હિંદીઓ કરતાં કોઇ પણ પ્રકારે તેનામાં વધુ લાયકાત નથી; છતાં પોતે જાણે સ્વર્ગમાંથી ઊતરી આવેલો ઈશ્વરપુત્ર હોય એવી ભાવનાથી તે આપણા તરફ જુએ છે.

સદ્ભાગ્યે મારા ગોરા મિત્રોમાં એક જ ઍંગ્લોઈંડિયન છે અને તે કેવો છે તે તેના શબ્દો જ બતાવી આપે છે. તે કહે છે: 'મારાં ચાળીસ વર્ષો મેં હિંદમાં જ ગાળ્યાં છે. મારા વડિલો પણ હિંદમાં જ રહેતા. હું હિંદી લોકોને કયા આધારે કમી માનું? હું હિંદુસ્તાનનું જ અન્ન ખાઉં છું; હું હિંદી જ છું.' પણ આ જાતની ભાવના સૈન્યમાં ક્વચિત જ જોવામાં આવે છે!

અત્યાર સુધી ગોરા સૈનિકો વિષે લખ્યું. હવે ગોરા અધિકારીઓ વિષે થોડી માહિતી આપીશ.

ઇંગ્લંડથી તાજેતરમાં જ આવેલા ગોરા અધિકારીઓનો મને પરિચય થયો છે, તેમ હિંદુસ્તાનમાં જેમણે ઘણા વખત સુધી નોકરી કરી છે એવા અધિકારીઓ પણ મને મળ્યા છે પણ તેમનામાં સમજણશક્તિ હતી એ હું જોઇ શક્યો. લશ્કરી નિયમ પ્રમાણે તેમને હિંદી શીખવું પડે છે. એ હિંદીને લશ્કરમાં 'રોમન-ઉર્દૂ' કહે છે; એટલે કે ઉર્દૂ ભાષા રોમન લિપિમાં લખાય છે. જેમકે 'મૈં જાતા હું' એ વાક્ય 'Mai jata hun' એમ લખાય છે. જે અધિકારીઓને હિંદી આવડતું હોય છે તે લશ્કરમાંના હિંદી અધિકારીઓ ને સૈનિકો સાથે નિકટ પરિચયમાં આવી શકે છે ને તેથી કઈ પરિસ્થિતિમાં કેમ વર્તવું એ વિષે તેને આપોઆપ જ્ઞાન મળી જાય છે. પણ નવા ભરતી થએલા અધિકારિઓ સાથે તેમને વાતચિત કરતાં બહુ મુશ્કેલી પડે છે. એ લોકો ઘણી ખરી વાર બિનઅનુભવી હોય છે અને તેથી વ્યવસ્થા માટે તેમને હિંદી અધિકારીઓ ઉપર આધાર રાખવો પડે છે. હિંદી અધિકારીઓમાં અશિક્ષિતોનું પ્રમાણ ઝાઝું હોય છે. તેમને અંગ્રેજીનું જ્ઞાન હોતું નથી, અને જેઓ થોડું અંગ્રેજી બોલી શકે છે તેઓ હાસ્યાસ્પદ બને છે આ બાબતમાં બેચાર રમૂજી ઉદાહરણો આપવા જેવાં છે.

અમારો એક સૂબેદાર હતો. તે અંગ્રેજી બોલતો ત્યારે હમેશાં ભૂતકાળનો જ ઉપયોગ કરતો; અને જો ભૂલેચૂકયે વર્તમાન કાળનો ઉપયોગ કરતો, તો બીજા પુરુષને પણ 's' પ્રત્યય લગાડી દેતો. તેનાં અંગ્રેજી વાક્યો સાંભળી મને શરૂઆતમાં તો બહુ જ હસવું આવતું અને તેથી હું તો તેની સાથે બને ત્યાં સુધી હિંદીમાં જ બોલતો. પણ હું હિંદીમાં બોલું તો યે તે તો પોતાના અંગ્રેજી જ્ઞાનનું પ્રદર્શન કરવા માટે અંગ્રેજીમાં જ બોલતો! વળી તે એટલો કડકડાટ બોલી જતો કે કોઈકને એમ જ લાગે કે અંગ્રેજી એની માતૃભાષા જ છે!

એક દિવસ મેં તેની પાસે ફરિયાદ કરી કે મારા પગનાં મોજાં તદ્દન ફાટી ગયાં છે અને તે બદલવાની જરૂર છે. એટલે તેણે અંગ્રેજીમાં કહ્યું, 'નેક્સ્ટ વીક કિટ (સામાન) ઈન્સ્પેક્શન; કંપની કમાંડર કેઇમ; યૉર કિટ ઈન્સ્પેક્ટેડ; યોર સૉક્સ ચેંજ્ડ આં—ઓ નાઉ.'

એક દિવસ એક સૈનિક આ સૂબેદાર પાસે રજા લેવા ગયો, તેને તેણે કહ્યું, 'યુ ઑટ યૉર ટેલિગ્રામ ટુમૉરો. આઇ ગિવ્ઝ યુ લીવ્ઝ ટુ ડે.'

આવા હિંદી અધિકારીઓ આ નવીન લોકોને મળે એટલે કંઇ પૂછવાની વાત નહિ; તેમને તો કોઈ પણ રીતે કામ ચલાવી લેવું પડે છે. હવે બીજા એક સૂબેદાર અને કંપની કમાંડરનો સંવાદ સાંભળો:

સવારની પૅરેડ વખતે કંપની કમાંડર ઈન્સ્પેક્શન માટે આવેલો

હતો. આગલે દિવસે મુશળધાર વરસાદ પડવાથી બધાનાં કપડાં ઘણાં જ ખરાબ હતાં. કંપની કમાંડરે કહ્યું, 'સૂબેદારસાબ, વ્હાય ઑલ ધીઝ બૂટસ ડર્ટી?'

આના જવાબમાં સૂબેદારે કહ્યું, 'સાબ, યસ્ટર ડે બહોત બારિશ; પ્લેંટી મડ! બૂટ ખરાબ!'

પદ્દાનાં બક્લ વિષે પૂછતાં તેણે કહ્યું, 'સાબ બૅડ સીઝન! વેધર ખરાબ; બકલ્સ ખરાબ!'

કપડાં અને કૉલર વિષે પૂછતાં તેણે બે-ધડક કહ્યું, 'સાબ, ધોબી એવ્રી સન્ડે ક્લોધ્ઝ. ધિસ ટાઇમ બારિશ, ક્લોધ્ઝ નૉટ ડ્રાય; નો કૉલર.' મતલબ કે ધોબી દર રવિવારે કપડાં આપે છે, પણ આ વખતે તે સુકાયાં નથી.'

બીચારા ગોરા અમલદારો! તેમને આવા શબ્દો એકત્ર કરીને અર્થ સમજતાં નેવનાં પાણી મોભે ચડે છે! પણ આ બધાને ભુલાવી દે તેવાં બે ઉદાહરણ હવે જોઈએ. એક સેકંડ લેફ્ટેનન્ટ અને સૂબેદારને તકરાર થઈ. સેકંડ લેફ્ટેનન્ટના ખભા પર એક સ્ટાર હોય છે, પણ સૂબેદારના ખભા પર બે સ્ટાર હોય છે. પરંતુ આ બંને જગાઓ તદ્દન જુદી જ છે. કારણ લેફ્ટેનન્ટ એ કિંગ્ઝ કમિશન પામેલો અધિકારી છે, જ્યારે સૂબેદાર વાઈસ-રૉય્ઝ કમિશન પામેલો અધિકારી છે. પણ સેકંડ લેફ્ટેનન્ટના કરતાં સૂબેદાર અનુભવમાં ઘણો જ વધારે હોય છે.

આ બે અધિકારીઓને તકરાર થતાં સૂબેદાર ઘણોજ ગુસ્સે થયો અને તેણે ગોરા અધિકારીને કહી દીધું, 'યૂ વન સ્ટાર--મી ટૂ. યૂ ઑર્ડર, મી ઑર્ડર--નો ઑર્ડર. યૂ ટેમ્પરવારી--આઇ પ્રેગનંટ!--'(તારે એક સ્ટાર છે જ્યારે મારે બે છે. તું મને ઑર્ડર આપે છે? તું મને ઑર્ડર આપી શકે જ નહિ. વળી તું તો ટેમ્પરરી છો; હું પરમૅનન્ટ છું!)

તેના આવા અંગ્રેજીના બૉમ્બમારાથી સ્તબ્ધ બનેલા ગોરાને તેણે આગળ કહ્યું, 'યૂ ટ્વેન્ટી ઇઅર્સ—આઈ ટ્વેન્ટી ઇઅર્સ સર્વિસ. આફ્ટર વૉર યૂ નો—આઈ યસ!' (તું વીસ વર્ષની ઉંમરનો છે! પણ મારી તો વીસ વર્ષની સર્વિસ થઇ છે. લડાઈ પછી તું નોકરીમાં રહેવાનો નથી. પણ હું રહેવાનો છું.)

અત્યાર લગી ગોરા લોકોના સ્વભાવ વિષે અને અધિકારીઓના રમૂજી વર્તન વિષે ચર્ચા કરી. પણ આ ચર્ચામાં એક બે મહત્ત્વના મુદ્દા મેં જાણી જોઇને સ્પર્શ્યા નથી. તે વિષે લખીને સમાપ્તિ કરીશ.

પહેલો મુદ્દો એ કે હિંદુસ્તાનની રાજકીય સ્થિતિ વિષે તેમનો શો મત છે. આ પ્રશ્ન



પૃથ્વી પર જીવન કેમ પાંગર્યું [૬]

પૃથ્વી પર પહેલ વહેલી સૃષ્ટિની શરૂઆત આજથી ત્રણ કરોડ વર્ષ ઉપર થઇ ત્યારથી માંડીને તેનો ક્રમવિકાસ જે જુદાજુદા રૂપમાં થતો આવ્યો છે તેના જુદાજુદા તબક્કાના વૈજ્ઞાનિકોએ પાડેલા આઠ યુગનો પરિચય આપણે ગયા અંકમાં કરી ગયા. એ બધા યુગો પૃથ્વીની પ્રાથમિક દશાના હતા. આજથી ત્રીસ લાખ વરસ પર એ દશા પૂરી થઈ, અને એક નવા જ યુગનો ઉદય થયો. જેમાં આજે પૃથ્વી પર નજરે પડતી જીવસૃષ્ટિના આદિ વડવાઓ પ્રકટ્યા એ નવમા યુગનું નામ ઈઓસીન યુગ.

એ યુગમાં પેટે ચાલનારાં જંગી પ્રાણીઓ નામશેષ થઇ ગયાં અને આંચળવાળાં પ્રાણીઓ મબલખપણે પ્રકટી ઊઠ્યાં. ઉપલા ચિત્રને નીચલે જમણે ખૂણે દેખાય છે તે આજના ઘોડાનો આદિ વડવો હાયરેકોથેરિયમ આ યુગમાં પ્રગટ્યો. એ વખતે એ કૂતરા જેવડો જ હતો. નીચલે ડાબે ખૂણે વાઘ જેવી પૂંછડીવાળું જે વિચિત્ર પ્રાણી દેખાય છે તે ક્રીનોડોન્ટસ. એમાં હરણ, ડુક્કર, તાપીર, ઘોડા અને વાંદરો એ બધાના વત્તાઓછા અંશ હતા! તેની ઉપર આજના ગેંડાના વડવા જેવાં, બે શીંગડાંવાળાં પ્રાણીઓ દેખાય છે તે ઍમ્બ્લીપૉડ અને આર્સીનૉઇથેરિયમ. હાથીના બે વડવા એ સમયે થતા હતા; એક ઉપલે ડાબે ખૂણે જણાય છે એ મોએરીથેરિયમ, જે એ કાળે તો ત્રણેક ફૂટ ઊંચો હતો; અને બીજો તેનાથી બમણો મોટો પૅલિયોમાસ્ટેડોન. એને નાના દંતૂશળ હતા, અને સૂંઢ પણ એ વખતે ફૂટી હતી. આજના જંગલી ભૂંડ કરતાં યે મોટાં ભૂંડ એ વખતે થતાં; હાથીના વડવાઓની [illegible] ઇલોથેરિયમ નામનો એનો વડવો ઊભેલો જણાય છે. મગરો, ગરોળીઓ અને [illegible] ટકી જ રહ્યા હતા, અને આજની શાર્ક જેવા મોટા મત્સ્યો પણ અસ્તિત્વમાં હતા. [illegible]તિમાં પણ આજની બધી વૃક્ષસૃષ્ટિ ફાલી ઊઠી હતી. (COURTESY: WORLD OF WONDER)

અત્યંત ઉત્સુકતાથી મેં ઘણા જણને પૂછી જોયો, અને તેમણે એક જ ધરેડનો જવાબ આપ્યો, 'હિંદુસ્તાનમાં આવ્યા પહેલાં અમને કંઈ જ ખબર નહોતી. ગાંધીનું નામ અમે સાંભળ્યું હતું અને તેનો ફોટો પણ જોયો હતો; (કેટલાક જણ જવાહરલાલ નેહરૂને પણ ઓળખતા હતા.) પણ હિંદુસ્તાનમાં રાજકીય જાગૃતિ આટલી વધી ગઈ હશે એની અમને કલ્પના યે નહોતી.'

અને પછી અત્યંત મહત્ત્વનો પણ સંપૂર્ણરીતે ખાનગી પ્રશ્ન મેં એકબે જણને પૂછી જોયો, 'હિંદ સ્વતંત્ર થાય એમ તમને લાગે છે?'

આ પ્રશ્ન સાંભળી તેઓ સ્તબ્ધ બની જોઈ રહ્યા. તેઓ ઉત્તર આપી શક્યા નહિ. એક જણ તો મારા પર એટલો બધો ગુસ્સે થયો કે મને 'પ્રો-જૅપનીઝ' અને 'પ્રો-જર્મન' તરીકે સંબોધતાં પણ અચકાયો નહિ! પણ તેને નિરૂત્તર કરવાનું કામ કંઈ અઘરૂં નહોતું. મેં તેને કહ્યું, 'અમારે અહીં જર્મન લોકો પણ નથી જોઈતા અને જાપાનીઓ પણ નથી જોઈતા; કારણ તે બંને પરદેશી છે. પરદેશી સત્તા નીચે ન રહેવાનો અમે નિશ્ચય કર્યો છે. અમે બ્રિટન સાથે ઝગડો કરીએ છીએ તે આ માટે જ. પણ અમે બ્રિટન સાથે ઝગડીએ છીએ તેનો અર્થ કંઈ એવો થઈ શકતો નથી કે અમે જર્મનો અથવા જાપાનીઓના મિત્રો છીએ. જર્મન, જાપાની અને અંગ્રેજ એ બધા અમારે મન તો એકસરખા જ પરદેશી છે!'

પણ તેમાંનો એક ત્રીજો જણ જરા વિચારપૂર્વક બોલ્યો, 'આજે અમે હિંદમાંથી જતા રહીએ, તો જાપાન તમને ગુલામ બનાવ્યા વિના રહે જ નહિ; ને આજ સુધી તમે અંદરઅંદર હમેશાં લડતા આવ્યા છો, એટલે તમને સ્વતંત્રતા આપવાનું સરકારને યોગ્ય લાગ્યું નથી. તમારા આપસઆપસના ઝગડાઓને લીધે જ અમે અહીં રહ્યા છીએ.'

મેં જવાબ આપ્યો, 'બ્રિટન પોતાની સંપૂર્ણ સત્તા અને લશ્કર આજે હિંદુસ્તાનમાંથી ખેંચી ન લે એ હું પણ સમજું છું. પણ આજ સુધી અમને સ્વતંત્રતા ન મળવામાં અમારા ઝગડાઓ જ કારણભૂત છે એમ કહેવું તદ્દન ભૂલભરેલું છે. કેટલીકવાર ઇંગ્લંડમાં પણ બે પક્ષ વચ્ચે એવા બખેડા થાય છે કે એક પક્ષ બીજા પક્ષનું વર્ચસ્વ સ્વીકારવા તૈયાર હોતો નથી. તેથી કંઇ એમ કહી શકાય કે ઇંગ્લંડ સ્વાતંત્ર્યના ઉપભોગ માટે નાલાયક છે?'

આ સાંભળી તે ગંભીર બની ગયો અને કહેવા લાગ્યો, 'એ હું સમજી શકું છું; પણ હું કંઇ જ કહી શકતો નથી.'

આવા વાદવિવાદનો અંત કોઈકોઈવાર એકબીજાને મળો દેવામાં પણ આવે છે. અને યુદ્ધ તરફ જોવાના દૃષ્ટિકોણ વિષે પણ આ જ વસ્તુસ્થિતિ છે. સ્પષ્ટ રીતે લખું તો યુદ્ધ સંબંધી જે ભાષા બ્રિટિશ મુત્સદીઓના મુખમાંથી નીકળે છે તે બ્રિટિશ સૈનિકોના શબ્દોમાં જોવામાં આવતી નથી. સામાન્ય બ્રિટિશ સૈનિક કદી પણ કહેતો નથી કે હું જગતની લોકશાહી, માનવી સ્વાતંત્ર્ય અને વિશ્વશાંતિ માટે લડું છું. પોતાની યોગ્યતા અસાધારણ છે અને જગતની લોકશાહીના સંરક્ષણનો ઈજારો બ્રિટને લીધો છે એમ, આવા ભડકામણા શબ્દોથી, તે કદી કહેતો નથી. તેનું મંતવ્ય તો અત્યંત સાદું પણ સ્ફૂર્તિદાયક છે. તેને તમે પૂછો તો તે હસીને કહેવાનો, 'હું તો ઇંગ્લંડ અને અંગ્રેજ રાષ્ટ્રની ઈજ્જત માટે લડું છું!'

'હું મારા રાષ્ટ્ર માટે લડું છું' એ જ વિચાર સૈનિકના અંતઃકરણમાં રમી રહ્યો હોય છે. સૈનિક અત્યંત ભાવનાપ્રધાન હોય છે. તે કંઇ તત્ત્વજ્ઞાની કે તત્ત્વોપાસક નથી. તે તો ફક્ત એક જ વિચારની ઉપાસના કરતો હોય છે: 'રાષ્ટ્ર, રાષ્ટ્રની ઇજ્જત.'

અંગ્રેજો તરફ આપણા મનમાં ગમે તે ભાવના હોય, તો પણ તેમના રાષ્ટ્રપ્રેમની તારીફ કર્યા વગર ચાલે તેમ નથી. રાષ્ટ્રની ઇજ્જતનો સવાલ આવતાં જ તે સર્વસ્વ હોમી દેવા તૈયાર છે. રાષ્ટ્ર માટે ગમે તેવી કપરી કસોટીમાંથી પસાર થવાને તે નિરંતર તૈયાર છે. તેને રાષ્ટ્રપ્રેમ ગળથૂથીમાં જ પાવામાં આવે છે. પોતાનું રાષ્ટ્ર એ બધાં કરતાં શ્રેષ્ઠ, અમર અને અજય છે એવો તેને વિશ્વાસ છે. અંગ્રેજ સૈનિક અભિમાનપૂર્વક કહે છે કે, ઇંગ્લાંડ પર પરદેશી સત્તા આવે એ શક્ય જ નથી!' રાષ્ટ્રપ્રેમ આપણે તેની પાસેથી જરૂર શીખવાનો છે. ત્રણત્રણ ચારચાર વર્ષો સુધી અનેક કષ્ટોમાંથી પસાર થયા છતાં તેનો વિશ્વાસ અડગ રહી શક્યો છે, કે વિજય તેમનો જ છે! આપણા હિંદી તરુણો આ કેમ ન શીખે?

સ્વાભિમાન! મારી સાથે કેટલાક હિંદી યુવકો છે, જેઓ ખાત્રીપૂર્વક માને છે કે હિંદીઓ કર્તવ્યનિષ્ઠ નથી. તેમને વિચાર સરખો યે નથી આવતો કે જગતની પુનર્રચનામાં હિંદુસ્તાનને યોગ્ય સ્થાન મેળવી આપવાનું પોતાનું કર્તવ્ય છે!


આપણી પરિસ્થિતિ વિકટ છે. આપણી આજુબાજુ પરિસ્થિતિના, સમાજબંધનના, આર્થિક સંકડામણના અને રાજકીય પરતંત્રતાના પાશ અતિશય મજબૂત છે દિવસે દિવસે વિકટ બનતો જતો જીવનકલહ આપણા પ્રગતિમાર્ગને રૂંધી રહ્યો છે. આ બધું યે ખરૂં છે. છતાં આ જીવનવિગ્રહ ઉપરાંત બીજો પણ એક મહત્ત્વનો પ્રશ્ન આપણી સમક્ષ ખડો છે, કે આપણે આજના ક્રાન્તિકાળમાં આપણા રાષ્ટ્રને પાછળ પડવા દઇશું? આગળ ધસતા જગતની સાથે જ આપણે પણ આપણા રાષ્ટ્રને લઇ જવું જોઇએ. તેની જવાબદારી આપણી જ છે. અડચણોથી ફતેહ કદાચ મોડી મળે, પણ મળે જ નહિ એમ કંઈ નથી. બધા યે પ્રયત્નો એકત્રિત કરવાથી અડચણો વરાળની માફક અદૃશ્ય થઈ જાય જ!

આપણી જ ઉમરનો અંગ્રેજ યુવક છાતી ઊંચી રાખીને ચાલે છે. ભૂખ્યે પેટે પણ 'હું અંગ્રેજ છું' એ ભાવના તે છોડતો નથી આપણે પણ તેટલા જ મક્કમ બનીને અભિમાનથી કહેવું જોઇએ 'હું હિંદી છું, અને સ્વતંત્ર છું.' ('એક સૈનિક'ના મૂળ મરાઠી લેખ ઉપરથી) ક્રે.

વડોદરામાં ભરાનારૂં સાહિત્ય પરિષદ સંમેલન

સંમેલનના પ્રમુખ તરીકે આપણાં વયોવૃદ્ધ વિદુષી લેડી વિદ્યાબહેન નીલકંઠની વરણી થઇ છે, અને તેના ત્રણ વિભાગો—સાહિત્ય, કલા અને વિજ્ઞાનના પ્રમુખપદે અનુક્રમે શ્રી ગૌરીશંકર જોશી—'ધૂમકેતુ'ની, શ્રી કનુ દેસાઈની તથા શ્રી ભોગીલાલ પરવાની વરણી થઇ છે. સંમેલનના દિવસો દરમ્યાન ભરાનારા પ્રદર્શનમાં સાહિત્ય વિષયક કલાઓ—ચિત્રો, છબિઓ, શિલ્પ, સિક્કાઓ, મુદ્રણના નમૂના, માસિકપત્રો, હસ્તલિખિત પ્રતો, ફોટોગ્રાફો વગેરે કૃતિઓ માટે જાહેર આમંત્રણ છે. સંમેલન અંગે રંજન વગેરેનો પણ ત્રણ દિવસનો રસિક કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો છે. બહારગામથી આવનારાઓ માટે દૈનિક રૂા. ૩ના લવાજમમાંથી બે વખતના ભોજનની, બે વખતના નાસ્તાની તેમજ ઉતારાની વ્યવસ્થા કરવામાં આવી છે. મિત્રોને ત્યાં જમનાર માટે ઉતારાની વ્યવસ્થા કશા પણ લવાજમ વગર થઇ શકશે. ત્રણ દિવસની બેઠક માટે પ્રેક્ષકનું લવાજમ રૂા. ૨ છે; પણ સ્ત્રી પ્રેક્ષકો માટે રૂા. ૧ રાખવામાં આવ્યો છે. રંજનના ૩ દિવસના કાર્યક્રમ માટે રૂા. ૩ જુદું લવાજમ આપવું પડશે.

સુવર્ણમય શહેરની શોધમાં



અમેરિકાને નામે આજે ઓળખાતી નવી દુનિયાની શોધ કોલમ્બસે ૧૪૯૨માં કરી, ત્યાર પછી ત્યાં સ્થાયી વસવાટ કરવાના ઇરાદાથી તો ઇંગ્લંડના પહેલા વહાણે છેક ૧૨૮ વરસે, એટલે ૧૬૨૦માં વિલાયતનો કિનારો છોડ્યો. દરમ્યાન આ નવા ખંડની ઉપયોગિતા યુરોપને માટે માત્ર તેના સોનામાં જ સમાએલી હતી. પ્રથમ સ્પેને અમેરિકાની સફરો શરૂ કરી ત્યાંના રેડ ઈન્ડિયનો સાથે વેપાર શરૂ કર્યો અને ત્યાંની સોનાની ખાણોમાંથી સોનું લાવવા માંડ્યું. તેઓએ એ આખી નવી દુનિયા પર પોતાના જ હક્કનો દાવો કર્યો. પછી પોર્ટુગાલે તેમાં ભાગ માગ્યો. પોપે એ બંનેને ભાગ પાડી આપ્યા. પણ ઇંગ્લંડ, ડેન્માર્ક, સ્વીડન વગેરેએ પોપે લખી આપેલા આ પટ્ટાને ગણકાર્યો નહિ, અને જેને જેમ ફાવે તેમ સૌ અમેરિકામાંથી સોનું લૂટવા લાગ્યા.

આ લૂટાલૂટમાં દરિયાઇ યુદ્ધો બહુ થતાં દરેકને બાકીના બધા ઉપર અથાગ દ્વેષ્યો હતી. એટલે બે દેશનાં વહાણોનો ભેટો થાય તો તેઓ લડ્યા વગર રહેતાં નહિ, અને જીતનાર વહાણ હારનારનું બધું સોનું લઈ લેતું. ઇંગ્લંડના નાવિક સર ફ્રાન્સિસ ડ્રેઈકે એકવાર સ્પેનનાં વહાણમાંથી દોઢ કરોડનું સોનું પડાવ્યું હતું.

પણ સ્પેને મેક્સિકો તથા પેરૂ જીતી લીધાં અને તેમાંથી ઢગલા મોઢે સોનું લાવી તે સ્પેનની તીજોરી ભરવા લાગ્યું. એટલે ઇંગ્લંડ અને ફ્રાન્સ, સ્પેનને હાથ પડ્યા તે કરતાં પણ વધુ સોનાવાળા પ્રદેશની શોધમાં કાફલા મોકલવા લાગ્યાં.

આ નવી દુનિયાની દોલતની જે હેરત પમાડે તેવી વાતો થતી હતી તેમાં એલ ડોરાડો અથવા મનોવાના સુવર્ણમય શહેરની વાત સૌથી ખેંચાણકારક હતી. અમેરિકાનો પ્રવાસ ખેડી આવેલા માણસો એવી વાતો કરતા કે ગીઆનાના રાજાના દેશમાં તો સોનું જ સોનું છે. રાજપ્રસંગે રાજાનું શરીર સોને મઢી લેવામાં આવે છે ત્યારે તે સોનાનો જ બનેલો હોય એમ લાગે છે! આવી વાતોમાં મીઠુંમરચું ઉમેરાતું અને છેવટે યુરોપ એમ માનતું થઇ ગયું હતું કે ગીઆનાના રાજ્યની આસપાસ નક્કર સોનાના પર્વતો છે!

ઈલિઝાબેથના દરબારના રૅલે નામના એક સાહસિક નાવિકને મનોવાના એ સુવર્ણમય શહેરની વાતે બહુ આકર્ષ્યો. તેણે નવી દુનિયામાં કેટલીક સફરો ખેડી હતી. એટલે એ અજાણ્યા મુલકમાં અનગળ સોનું પોતાના બહાદુર હાથની વાટ જોતું પડ્યું છે એમ તેને લાગવા માંડ્યું.

રૅલે રાણીને ખુશ કરવામાં હંમેશાં પ્રયત્નશીલ રહેતો. મહાન ઇલિઝાબેથને વધુ મહાન બનાવવી, તેના રાજ્યને દરિયાપારના મુલકમાં ફેલાવવું, તેની તીજોરી નવી દુનિયાની દોલતથી છલકાવી દેવી અને એ દોલત વડે તેની સત્તા વધારવી, એ એના જીવનનાં મુખ્ય ધ્યેય હતાં. તેણે થોડા જ વખત પર ઉત્તર અમેરિકામાં અંગ્રેજી સંસ્થાન વસાવવાનો પ્રયત્ન કર્યો હતો, અને ઇંગ્લંડની કુંવારી રાણીના માનમાં તેનું નામ વર્જિનિયા-(વર્જિન=કુંવારી) પાડ્યું હતું. પણ એ વસાહતમાં તે નાસીપાસ થયો તેથી તેને ઘણો જ ખેદ થયો હતો, એટલે તે બીજી કોઇ રીતે પોતાનું પરાક્રમ દાખવવા આતુર હતો. આ સંજોગોમાં એલ ડોરાડોની વાત તેને આકર્ષે તેમાં શી નવાઇ? અત્યંત સંપત્તિવાન પ્રદેશ ઇંગ્લંડને કબજે કરવા ની આવી તક! પછી તો સ્પેનના રાજાની દોલત કરતાં યે ઇંગ્લંડની રાણીની દોલત ચડી જાય. એલ ડોરાડોનું સોનું અને તેની મહત્તા દુનિયાના કોઈ પણ દેશને પાણી થાય તેમ છે એવો તેને વિશ્વાસ હતો.

રૅલેએ એલ ડોરાડો કે તેના રાજાને કદી જોયા નહોતા. છતાં તે તેના રાજા વિષે કહે છે કે 'તેના ઘરનાં બધાં વાસણ સોનાનાં છે. ટેબલ ખુરશી વગેરે ફર્નિચર પણ સોનાનું. તેના ભંડારમાં રાક્ષસો જેવડાં સોનાનાં પૂતળાં છે અને દરેક પશુ, પક્ષી, ઝાડ, છોડ, તેના દરિયાની માછલીઓ વગેરે તેના દેશની દરેકે દરેક ચીજની સોનાની પ્રતિકૃતિ તે રાખે છે. પેટીઓ, બારણાં, દોરડાં, ગંજીફા, કાગળો, બધું તે સોનાનું જ વાપરે છે!

૧૫૯૫ ના ફેબ્રુઆરીની ૧૫મી તારીખે રાણીની શુભેચ્છા અને પૈસા લઇ, પાંચ વહાણો સાથે અને વિજયના પૂરા વિશ્વાસ સાથે રૅલે સુવર્ણમય શહેરની શોધમાં નીકળી પડ્યો. રાણીએ તેને, સ્પેનનાં વહાણો કે લોકો, દરિયા પર કે જમીનપર જ્યાં મળે ત્યાં તેના પર હુમલો કરી જેટલું સોનું પડાવી શકાય તેટલું પડાવવાની છૂટ આપી.

ચાલીસમે દહાડે વહાણોએ ટ્રિનિડાડની દક્ષિણે લંગર નાખ્યાં. ટ્રિનિડાડ અત્યારે બ્રિટિશ ટાપુ છે. તેની પાસે ઓરીનોકો નદીનું મુખ આવેલું છે. રૅલેના હિસાબ પ્રમાણે એલ ડોરાડો ઓરીનોકોમાં થઇને જવાતું હતું. પણ આ નદીમાં વહાણ ચાલી શકે તેમ નહોતું. તેથી રૅલે ચાર હોડકાં દ્વારા આગળ ધપ્યો. આ હોડકાંની મુસાફરી કેટલી કપરી હતી તેનું વર્ણન રૅલેના પોતાના જ શબ્દોમાં કરીએ: 'ચાર હોડકામાં અમે સો માણસ અને એક મહીનાનો ખોરાક ભર્યો. વરસાદમાં અને વાવાઝોડામાં અમારે કઠણ પાટિયા પર ખુલ્લામાં સૂવું પડતું. ઉષ્ણ કટિબંધના તાપથી અમે બળી જતા. ખાવામાં ફક્ત માછલી, પહેરવામાં ફક્ત એકેક જોડી ભીનાં કપડાં, અને સંકડામણ તો એટલી કે અમે લગભગ ઉપરાઉપર ખડકાઇએ! હું શરત મારીને કહું છું કે આખા ઇંગ્લંડમાં અમારા હોડકાં કરતાં વધારે ભયંકર અને દુઃખદાયક કેદખાનું નથી.' આ મામુલી હોડકાંમાં રૅલેએ ઓરીનોકોમાં ચારસો માઇલ કાપ્યા.

ત્યાંના વતનીઓ ઉનાળામાં તાડનાં ઝૂંપડાંમાં રહેતા અને ચોમાસામાં મોટાં ઝાડ ઉપર ઝૂંપડાં બાંધતા, કારણકે નદીમાં જબરદસ્ત પૂર આવતાં અને પાણી ત્રીસત્રીસ ફૂટ ચડી જતાં આ લોકોને ખેતી નહોતી કરવી પડતી. તેઓ ફળ અને પક્ષીઓ પર નભતા. છતાં તેઓ દરિયો ખેડવામાં કુશળ હતા અને સ્પેનના લોકોને ધિક્કારતા ને હંફાવતા.

રૅલેને સામે પ્રવાહે મુસાફરી કરવાની હતી. જેમજેમ તેઓ આગળ જતા ગયા તેમતેમ નદીનો વેગ વધતો ગયો. કેટલેક દૂર ગયા પછી તો સામો પ્રવાહ એટલો જોરબંધ થયો કે રાતદહાડો હલેસાં મારીમારીને ખલાસીઓ થાકી ગયા. વળી તેઓ હવે વિષુવવૃત્તથી પાંચ જ અંશ દૂર રહ્યા હતા, એટલે ગરમીનું તો પૂછવું જ શું? ખોરાક પણ ભાગે પડતો મળતો, એટલે કાફલાની શ્રદ્ધા ખૂટવા લાગી હતી. પણ રૅલેએ બધાને આગળ ધસડ્યા. અને અંતે થોડા જ વખતમાં તેઓ

એક અદ્ભુત પ્રદેશમાં આવી પહોંચ્યા, અને નદીનો વેગ પણ ધીમો ગયો. ઘણા દિવસની નરકયાતના વેઠી તેઓએ આ સ્વર્ગીય દેશ જોયો:

'કાંઠા ઉપર જાતજાતનાં ખાવાલાયક ફળો હતાં અને ફૂલો તથા ઝાડો તો એટલી જાતનાં હતાં કે વનસ્પતિશાસ્ત્રનાં દસ પુસ્તકો ભરાય! અમે આ દેશનાં ફળો ખૂબ ગાણ્યાં અને ક્યારેક ક્યારેક મરઘાંનો સ્વાદ પણ કરી શક્યા. વળી જાતજાતનાં રંગબેરંગી પક્ષીઓ નીરખવામાં અમારો વખત આનંદમાં જવા લાગ્યો.'

આમ, દુઃખ પછી સુખ આવ્યું; પણ એ સુખ માણવા તેઓને બેસવાનું નહોતું, કારણકે તેઓને હજી સુવર્ણમય શહેર શોધવાનું હતું. એટલે તેઓ તો તો આગળ વધ્યે જ ગયા. ત્યાં તો થોડા વખતમાં પાછા એના એ દહાડા આવ્યા. ખોરાક ખૂટી ગયો અને બંને કાંઠા ઉપર ઘાડાં જંગલની વાડ આવી. ભૂખે મરતા કાફલાને જીવાડવા માટે શિકાર શોધવા એ ઘોર અંધારાં જંગલમાં જીવના જોખમે માણસોને મોકલવા પડતા.

એવામાં માલથી ભરેલી ચાર હોડીઓ સામેથી આવતી દેખાઈ. રૅલેનાં માણસોએ પોતાનાં હોડકાંનો વેગ વધાર્યો. પણ હોડીઓમાંના રેડ ઈન્ડિયનો આ લોકોને સ્પેનવાસીઓ સમજીને બીને નાસવા લાગ્યા. બે હોડીઓ તો એક શાખા-નદીમાં નાસી ગઈ, પણ બાકીની બે રૅલેનાં માણસોએ પકડી પાડી. તેમાંથી અપવાસી કાફલાને પારણાં કરાવવાનું મળ્યું. ખોરાક મળવાથી પાછી તેઓમાં હીમત આવી અને તેઓ પાછા નહિ હઠવાના નિશ્ચય પર આવ્યા.

રૅલેએ નાસી ગએલા રેડ ઈન્ડિયનોની શોધ કરી. તેને લાગ્યું કે તેઓની પાસેથી સુવર્ણમય શહેર અને તેના ભભકાદાર રાજા વિષે વધુ સાંભળી શકાશે. એ શોધમાં તેઓને એક સોનેરી રેતીથી ભરેલો ટોપલો અને ખાણનાં હથિયારો મળ્યાં. પણ પોતાને હવે થોડા જ વખતમાં આખું સુવર્ણમય શહેર જ હાથ લાગવાનું હતું એ હોંશમાં તે તેને ગમ્યાં નહિ. ઘણા રખડપાટને અંતે તેઓને રેડ ઇન્ડિયનો મળ્યા. તેઓ પાસેથી રૅલેએ જાણ્યું કે ત્રણ સ્પેનવાસીઓને થોડે જ દૂર એક સારી સોનાની ખાણ હાથ પડી હતી. વળી જે નદીમાં તેઓ મુસાફરી કરતા હતા તેની રેતીમાં પણ પુષ્કળ સોનું સમાએલું હતું. પણ રૅલે પોતાની ડાયરીમાં કહે છે તેમ જ્યારે તેને થોડે જ દૂર જતાં સુવર્ણમય શહેર આખું મળવાનું હતું ત્યારે એ કચરો ભેગો કરવો તે તેને છાજે નહિ.

રેડ ઇન્ડિયનો રૅલેની ટુકડીથી બીતા તેનું કારણ તરત તેને મળી આવ્યું. સ્પેનવાસીઓએ તેઓમાં એવી વાત ફેલાવી હતી કે અંગ્રેજ લોકો તો મનુષ્યાહારી છે. પણ રૅલેએ આ શંકા દૂર કરી અને તેને ગામેગામ સારો આવકાર મળ્યો. પણ રૅલે તો ક્યાંય રોકાયા વગર સુવર્ણમય શહેરની શોધમાં જ આગળ ધપ્યે જતો હતો. હવે તો તેઓ પોતાનાં વહાણથી સેંકડો માઈલ દૂર નીકળી ગયા હતા.

થોડા વખત પછી નદીનો વેગ એટલો વધ્યો કે આગળ વધવું તદ્દન અશક્ય થઇ પડ્યું, એટલે તેઓ એક શાખા-નદીમાં આગળ વધ્યા.

પણ ત્યાં તો ઉષ્ણ કટિબંધનું ચોમાસું શરૂ થયું. દિવસેદિવસે વીજળીના ભયંકર કડાકા વધવા લાગ્યા અને મૂશળધાર વરસાદ વરસવા લાગ્યો. નદીઓમાં પાણી ચડવા લાગ્યાં અને આખો પ્રદેશ સમુદ્ર જેવો થઈ ગયો. દરેક પાસે પહેર્યાં તેટલાં જ કપડાં હતાં અને વરસાદ તેને સુકાવા દેતો નહિ. જીવવું અકારૂં થઈ પડ્યું. રૅલેને લાગ્યું કે હવે પાછા ફરવામાં જ ડહાપણ છે. વળતી વખતે તો નદીના અનુકૂળ વહેણને લીધે તેઓ થોડા જ વખતમાં પોતાનાં વહાણો ભેગા થઇ ગયા.

ઇંગ્લંડ પહોંચીને રૅલેએ રાણીને પોતાનાં સાહસો વર્ણવ્યાં અને અદ્ભુત સુવર્ણમય શહેર વિષે પોતે સાંભળેલી નવીનવી વાતો કહી તથા તે દેશમાં વધારે સફરો કરાવી તે કબજે કરવાને સમજાવી. 'મને ખાત્રી છે કે વિજય આપણો જ છે. ગીઆનામાં ખાવાપીવાનું તો પુષ્કળ છે જ. પણ તેમાં મેક્સીકો અને પેરૂનાં શહેરોથી ચડિયાતાં ભભકાદાર શહેરો પણ છે. અને તે બેય દેશ કરતાં વધારે સોનાની ખાણો અને સોનાની મૂર્તિઓવાળાં દેવળો છે.'

પણ ઇલિઝાબેથ તદ્દન નિરાશ થઈ હતી. તેને થયું કે રૅલેએ સુવર્ણમય શહેરનો પત્તો તો ન મેળવ્યો, પણ પોતાને માટે એકાદો કોથળો સોનું યે લાવ્યો નહિ! એટલે આ વખતે તો તેણે રૅલેની સામું પણ જોયું નહિ.

શામજી લવજી આલગિયા

નવાં પુસ્તકો

Well of the Peopl: જનતાનું ભાવ-નાટક (અંગ્રેજી નાટક) લેખિકા : શ્રી ભારતી સારાભાઈ, પ્રકાશક : ન્યૂ બુક કંપની, કિતાબ મહાલ, હૉર્નબી રોડ, કોટ, મુંબાઈ-૧, કિં ૨-૦-૦; **સાવધાન :** (રાષ્ટ્રીય સમાલોચન) લેખક અને પ્રકાશક—કુમેશ કવિ, રામવાડી, ભાવનગર કિં. ૨-૦-૦; Currency Inflation—Its Cause and Cure : ચલણના ફુગાવાનાં કારણ અને નિવારણ ઉપર પ્રકાશ નાખતી પુસ્તિકા : લેખક—જે સી. કુમારપ્પા, પ્રકાશક—અખિલ હિંદ ગ્રામઉદ્યોગ સંઘ, મગનવાડી, વર્ધા, ૦-૮-૦; **પ્રેમપ્રતિજ્ઞા :** સ્વ. પ્રેમચંદજીની નવલકથા ઉપરથી શ્રી માણેકલાલ ગોવિંદલાલ જોશીએ ઉતારેલો ગુજરાતી અનુવાદ—આદર્શ પુસ્તક ભંડાર (ભદ્ર, અમદાવાદ) તરફથી શરૂ થએલી મૃદુલ-ગ્રંથાવલિનું પહેલું પુસ્તક, કિં. ૩-૮-૦; The Voice of the Autumn Leaf: વિદ્યાર્થીઓ, તેમના પ્રશ્નો અને તેમની સમક્ષ પડેલા કાર્ય વિષે ગાંધીજીના વિચારો—સંપાદક 'એક કૉલેજિયન', 'હમારા હિન્દોસ્તાં પબ્લિકેશન્સ'નું બીજું પ્રકાશન; ૨૦૭, કાલબાદેવી રોડ. મુંબાઈ-૨, ૦-૪-૦; **બંગાળી જીવન અને સાહિત્ય :** 'નવચેતન'ના તંત્રી શ્રી ચાંપશી ઉદ્દેશીએ છેતાલીસ વરસના પોતાના બંગાળના વસવાટ દરમ્યાન ઝીલેલું બંગાળી જીવન અને સાહિત્યનું પ્રતિબિંબ આલેખતું પુસ્તક; સોલ એજન્ટ—એન. એમ. ઠક્કરની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨, ૧-૦-૦; **આફ્રિકા :** એ મહાન ખંડ વિષે માહિતી તથા પ્રકીર્ણ લેખોનું ઉપયોગી સાહિત્ય આપતી 'આફ્રિકા સાહિત્યમાળા' નામની નવી માળાનું પહેલું પુષ્પ: સંપાદક અને પ્રકાશક—ઈસ્માઇલ મામદ દેવજી, બાબુ બિલ્ડિંગ, ડોંગરી, મુંબાઈ-૯, ૦-૮-૦; **સ્મરણ યાત્રા :** દત્તાત્રેય બાલકૃષ્ણ (કાકા સાહેબ) કાલેલકરનાં કુમાર અને કિશોર વયનાં સંસ્મરણોના અત્યંત લોકપ્રિય થએલા પુસ્તકની ચોથી આવૃત્તિ, પાકું પૂઠું, બે રૂપિયા; **ઓતરાતી દીવાલો :** કાકાસાહેબે સાબરમતી જેલમાં એક નવી જ સૃષ્ટિનું કરેલું કલ્પનારંગી બાળરોચક દર્શન-શ્રી નગીનદાસ પારેખે લખેલા વિદ્યાર્થી યોગ્ય ટિપ્પણ સાથે, છ આના; **કુંવરબાઇનું મામેરૂં :** મગનભાઈ પ્ર. દેસાઇ સંપાદિત, પ્રેમાનંદ અને નરસિંહ કૃત આ પ્રાચીન કાવ્યનું વિદ્યાર્થીઓને માર્ગદર્શક સાર્થ ટિપ્પણ સાથેનું શાળોપયોગી પુસ્તક, દસ આના; **અહિંસાની તાલીમ :** રીચર્ડ ગ્રેગના 'એ ડિસિપ્લીન ફૉર નૉન-વાયોલન્સ'નો અનુવાદ—કરનાર ચંદ્રશંકર પ્રાણશંકર શુક્લ, છ આના; ચારે પુસ્તકોના પ્રકાશક, નવજીવન પ્રકાશન મંદિર અમદાવાદ; **અમૃતનાં ટીપાં :** 'કુમાર'માં આવેલાં 'મેંદીનાં પાન' તથા એવાં બીજાં ૭૦૫ સૂત્રોનો સંગ્રહઃ-સંપાદક—યશવંત વ્યાસ, પ્રકાશક—શ્રી બાલેન્દુ મિત્રમંડળ ઘાટકોપર.

મહર્ષિ વાલ્મીકિનું ગણિતશાસ્ત્ર

આપણામાંના ઘણાખરા તો મહર્ષિ વાલ્મીકિને માત્ર રામાયણના કર્તા તરીકે જ જાણે છે. પરન્તુ એ જ મહર્ષિ ગણિતશાસ્ત્રના પણ પ્રખર આચાર્ય હતા એ વાત તો બહુ જ થોડા જાણતા હશે. બીજા અનેક પ્રાચીન ગ્રન્થોની જેમ એમનું ગણિતશાસ્ત્ર પણ કાલના ગર્ભમાં લીન થઇ ગયું છે, પણ એ ગણિતશાસ્ત્રમાં શા શા વિષયો હતા અને એ ગ્રન્થમાં સામાન્યતઃ શું બતાવવામાં આવ્યું હતું તેનું આછુંપાતળું દિગ્દર્શન જળવાઇ રહ્યું છે.

મહર્ષિ વાલ્મીકિનું ગણિતશાસ્ત્ર અત્યન્ત વિસ્તૃત હતું. પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ. એ પાંચ મહાભૂતોની જુદીજુદી શક્તિઓના પરસ્પર સંયોગ અને પ્રમાણનું તેમાં નિરૂપણ કરવામાં આવ્યું હતું. સૃષ્ટિની અંદર રહેલી બધી વસ્તુઓમાં એ શક્તિઓના સંકલન વડે ઉત્પન્ન થતા આણ્વિક, પૌષ્ણિક, આમ્લક, સ્નેહક, પિષ્ટક, લવણક, ગૈરિક વગેરે પદાર્થોનાં પ્રમાણ તેમ જ તે સર્વ વસ્તુઓના વિકાસ, વૃદ્ધિ, હ્રાસ વગેરેના પ્રમાણ એ શાસ્ત્રમાં વર્ણવવામાં આવ્યાં હતાં.

એ ગણિતશાસ્ત્રમાં પચાસ અધ્યાય હતા. એ પચાસ અધ્યાયોમાં શું શું હતુ તેનું ક્રમશઃ નિરૂપણ આ પ્રમાણે છેઃ

પહેલા અધ્યાયમાં અંક, બિન્દુ, વર્ણ, રેખા વગેરેનું શાસ્ત્રીય પારિભાષિક જ્ઞાન આપવામાં આવ્યું છે. બીજા અધ્યાયમાં, પહેલા ભાગમાં, અતલ, વિતલ વગેરે ચૌદ લોકમાં પ્રવર્તતા જુદાજુદા ગણિતોનું ટૂંકુ નિરૂપણ છે; બીજા ભાગમાં, કશ્યપ, ગણપતિ, છાયા-પુરુષ, સૂર્ય, બૃહસ્પતિ, ગર્ગ, જૈમિનિ, આંજનેય વગેરે વડે રચાએલાં અંકગણિત, બીજગણિત, રેખાગણિત, ભાવગણિત, શક્તિગણિત, વસ્તુગણિત, વાતગણિત, ચક્રગણિત, મંડલગણિત, તેમજ નદી, નદ, સમુદ્રના વેગ અને તેઓની ઉપર સેતુઓ બાંધવાનું ગણિત વગેરે ત્રણસો અને પચ્ચીસ પ્રકારનાં ગણિતો બતાવીને, તેઓમાં વર્ણ, અંક, રેખા વગેરેનો ઉપયોગ કેવી રીતે થાય છે તે દર્શાવ્યું છે. ત્રીજા અધ્યાયમાં ભુવઃ, સ્વઃ, મહઃ, જન, તપ અને સત્ય એ છ લોકનાં ગણિત આપ્યાં છે. ચોથા અધ્યાયમાં બત્રીસ પ્રકારની વિદ્યુત્‌નાં ગણિત છે. પાંચમા અધ્યાયમાં બ્રહ્માંડને વહન કરનારી શક્તિઓના પ્રમાણ વગેરેનું વર્ણન છે.

છઠ્ઠા અધ્યાયમાં ઓગણીસ પ્રકારનું વાતગણિત (વાયુનું ગણિત) આપવામાં આવ્યું છે. સાતમા અધ્યાયમાં, વાતબિન્દુ, વાતકેન્દ્ર, વાતાવૃત્ત, વાતતરંગ, વાતપ્રવાહ તેમજ વાતવેગને લઇને ઉત્પન્ન થતા ઉષ્ણતા, શીતલતા અને વિદ્યુત્ વગેરેના પ્રમાણ આપીને પછી તેમાં ઋતુઓ વડે પડતા ફેરનું ગણિત આપવામાં આવ્યું છે. આઠમા અધ્યાયમાં, વાતાવરણ અને વાતમંડલની વિવિધ પ્રકારની ગતિઓ બતાવવામાં આવી છે. નવમા અધ્યાયમાં બે ભાગ છે તેમાં પહેલા ભાગમાં બીજા બધા દ્વીપોના વાયુઓનું ગણિત છે; અને બીજા ભાગમાં પૃથ્વીના ઉત્તર ગોળાર્ધમાં રહેલા જુદાજુદા દેશોમાં અક્ષાંશ-રેખાંશ વગેરેને કારણે થતા વાયુના ભેદ તેમજ તેના પ્રવાહ અને વેગનાં પ્રમાણો બતાવ્યાં છે. દસમા અધ્યાયમાં, બીજા બધા મહાભૂતો સાથે વાયુનાં થતાં સંમિશ્રણોની ગણતરી વગેરે દર્શાવ્યું છે.

અગિયારમા અધ્યાયમાં, ભૂમુખ, ભૂગર્ભ, ભૂપૃષ્ઠ, ભૂકોશ વગેરેમાં રહેલા વાયુનાં પ્રમાણો કહ્યાં છે. બારમા અધ્યાયમાં, ઇષાદંડમાં રહેલાં વાતગર્ભકિરણો અને તેઓના પ્રકારો, ઉત્પત્તિ, પ્રસરણ તેમ જ પ્રમાણ વગેરે આપ્યાં છે. તેરમા અધ્યાયમાં, આકાશને માપવાની રીતો વર્ણવી છે. ચૌદમા અધ્યાયમાં, પૃથ્વીથી સૂર્યમંડલ સુધી પથરાએલા આકાશનું આવરણ, તેના પરિધિ અને કેન્દ્ર, તેમજ તેમાં રહેલા મહાપથ-રેખાપથ-શક્તિપથ-વાતપથ-ગ્રહપથ-નક્ષત્રપથ વગેરે સાત કરોડ, છ લાખ, સાત સો એંસી મહાપથોનાં પ્રમાણ વગેરેનુ નિરૂપણ છે. પંદરમા અધ્યાયના પહેલા ભાગમાં, શ્વેતવારાહ કલ્પના બ્રહ્માંડના આકાશની ગણિત વડે સમષ્ટિરૂપે ગણતરી કરવામાં આવી છે; અને બીજા ભાગમાં શ્વેતવરાહ કલ્પની સૃષ્ટિના આકાશના વિભાગ પાડીને પરમાણુથી મહામેરુ સુધીના બધા પદાર્થોની પ્રશ્વાસ-આકુંચન-પ્રસરણ-ગમન-આગમન-તિર્યગ્ગમન-પ્રદક્ષિણધાવન-શયન-વ્યાયામ વગેરે ચોસઠ પ્રકારની ક્રિયાઓમાં જોઇતા આકાશના પ્રમાણનો નિર્ણય કરવામાં આવ્યો છે.

સોળમા અધ્યાયમાં, ગ્રહોના બહારના અને અંદરના આકાશનું માપ કેવી રીતે લેવું તેનું ગણિત આપ્યું છે. સત્તરમા અધ્યાયમાં, સૂર્ય વગેરે બધા ગ્રહોના પ્રકાશ, કિરણ, શક્તિ, તેમજ તેના પ્રવાહ, તેના રેખામાર્ગો અને વેગ ઇત્યાદિની ગણતરી કરવાનું ગણિત બતાવ્યું છે. અઢારમા અધ્યાયમાં બીજા મહાભૂતો સાથે મિશ્રિત બનેલા આકાશનું પ્રમાણ તેમજ ગ્રહણોનું ગણિત આપ્યું છે. ઓગણીસમા અધ્યાયમાં, ઇન્દ્રિયોથી અતીત એવા અત્યન્ત સૂક્ષ્મ પ્રમાણોનું નિરૂપણ કર્યું છે. વીસમા અધ્યાયમાં, આકાશમાં રહેલા પ્રકાશ અને અંધકારનાં પ્રમાણ બતાવનારૂં ગણિત છે.

એકવીસમા અધ્યાયમાં, આગિયા જીવડાથી માંડીને સૂર્યમંડળની અંદર રહેલા પ્રકાશોની વ્યાપકતા, પ્રવાહ, પ્રસરણ, આવૃત્ત, [illegible] શીત, ઉષ્ણ ઇત્યાદિનાં માપ કાઢવાનું ગણિત આપ્યું છે. બાવીસમા અધ્યાયમાં, તપાવેલા લોઢાના ગોળા, મસાલ, વગેરેના પ્રકાશની ગણતરી બતાવી છે. ત્રેવીસમા અધ્યાયમાં, હીરા વગેરે સાતસો ને પંદર જાતના પત્થરો તેમ જ અબરખ, ગેરુ, દર્પણ, ધાતુ, રેતી, જીવડા સાપ, માટી વગેરેમાં રહેલા પ્રકાશનું માપ કાઢવાનું ગણિત આપ્યુ છે. ચોવીસમા અધ્યાયમાં, સૃષ્ટિમાં રહેલા ભૂતોદક અને અવ્યક્તોદક નામના બે પ્રકારના પાણીના વિભાગ અને તેઓના પ્રમાણનું ગણિત દર્શાવ્યું છે. પચ્ચીસમા અધ્યાયમાં, પાણીમાં રહેલી વિદ્યુત્ વાયુ, દ્રવ (hydrogen?), અને પ્રાણન (oxygen?) તેમજ પાણીના પ્રવાહ, આવર્ત, તરંગ, પરપોટા, ફીણ, વેગ વગેરેના માપ કાઢવાના ઉપાયો આપ્યા છે.

છવ્વીસમા અધ્યાયમાં, પહેલા ભાગમાં ટેકરી, પર્વત વગેરેની તળેટી, વચલો ભાગ, ટોચ આદિની માપણી અને તેઓના આયુષ્યના નિર્ણયની રીત જણાવવામાં આવી છે; બીજા ભાગમાં એ ટેકરી, પર્વતો વગેરેના પેટાળમાં રહેલી ખાણો અને ખનિજોને શોધી કાઢવાની ગણિતિક રીતો આપી છે. સત્તાવીસમા અધ્યાયમાં, પાણીના ધોધના વેગ, ધુમ્મસ, વાદળ, વરાળ, ટીપાં અને આયુઓ તેમજ તે રૂપની પાછળ રહેલી તેની કારણાત્મક શક્તિનું ગણિત દર્શાવવામાં આવ્યું છે. અઠ્ઠાવીસમા અધ્યાયમાં, એંસી લાખ પાંચ હજાર અને સત્તર પ્રકારનાં જળનાં સ્વરૂપોનું અને તેઓમાં રહેલી રુચિ-ગુણ-લઘુ-ગુરુ-સૂક્ષ્મ-અતિસૂક્ષ્મ-પ્રમાણ વગેરે ગુણોના ને ઓગણીસ પ્રકારની શક્તિઓનું ગણિત બતાવ્યું છે. અને પછી તેઓમાં થતા ફેરફાર તેમજ કાળનો નિર્ણય કરવામાં આવ્યો છે. ઓગણત્રીસમા અધ્યાયમાં, સૃષ્ટિની અંદર રહેલા પરમાણુથી માંડીને મેરુ પર્વત સુધીના બધા નાના, મોટા, સ્થૂલ, સૂક્ષ્મ પદાર્થોમાં બહાર તેમ જ

અંદર રહેલા વાડવ–જઠર વગેરે નામના નેવ્યાસી લાખ પ્રકારના અગ્નિઓનાં પ્રમાણનો ગણિતથી નિર્ણય કરવામાં આવ્યો છે. ત્રીસમા અધ્યાયમાં, ધુમાડો, ગરમી, જ્વાળા, પ્રકાશ વગેરેનાં માપનો નિર્ણય બતાવ્યો છે.

એકત્રીસમા અધ્યાયમાં, પહેલા ભાગમાં, ઘર્ષણા–દ્રાવણી–પાકજન્યા–જલપાત વગેરે બત્રીસ પ્રકારની વિદ્યુત્‌નાં સ્વરૂપ, વ્યાપકતા અને વેગ તેમજ ગરમીનાં માપનું ગણિત છે; અને બીજા ભાગમાં, સ્થાવરજંગમ પદાર્થોનાં બાહ્ય સ્થૂલ સ્વરૂપની, બિમ્બની, છાયાની, ભાષાની અને ક્રિયાની છબી ખેંચવા માટે જોઇતી શક્તિનું તેમજ એ પદાર્થોની અંદર રહેલા મનની, તેના વિકારોની, લોહી–માંસ–શિરા–મજ્જા–હાડકાં વગેરે સાત ધાતુઓની અને અન્નમય-પ્રાણમય વગેરે પાંચ કોશોના છબી ખેંચવા માટે જોઇતી વિદ્યુત્-શક્તિનું પ્રમાણ ગણિત વડે બતાવ્યું છે બત્રીસમા અધ્યાયમાં, સૂર્ય વગેરે ગ્રહો, નક્ષત્રો આદિ સ્થૂલ ગોળાઓનાં રૂપમાં ચક્કરચક્કર ફરતી મહાવારુણ નામની શક્તિના અંશરૂપ અનેક જાતની વિદ્યુત્-શક્તિઓનું સમષ્ટ્યાત્મક માપ કાઢવાનું ગણિત આપવામાં આવ્યું છે. તેત્રીસમા અધ્યાયમાં જગતના તમામ સ્થાવરજંગમ પદાર્થોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કારણરૂપ એવી સૂર્યમંડળના ઈષાદંડના શક્તિકેન્દ્રમાંથી (તિથિ–વાર–નક્ષત્ર–પક્ષ–માસ–ઋતુ–અયન–વર્ષ–મન્વન્તર–પ્રલય વગેરે સમયમાં) બહાર પસરતી વિદ્યુત્-શક્તિનું વ્યષ્ટ્યાત્મક માપ કાઢવાનું ગણિત બતાવ્યું છે. ચોત્રીસમા અધ્યાયમાં [illegible]ળીસ જાતનાં ક્ષેત્રગણિત (Trigonometry) છે. પાંત્રીસમા અધ્યાયમાં બત્રીસ જાતનાં રેખાગણિત (Geometry) છે.

છત્રીસમા અધ્યાયમાં, પચ્ચીસ જાતનાં બીજગણિત (Algebra) છે. સાડત્રીસમા અધ્યાયમાં સોળ પ્રકારની આંખની દૃષ્ટિના વેગ, વ્યાપકત્વ (optometry) વગેરેનું માપ બતાવ્યું છે. આડત્રીસમા અધ્યાયમાં સાતસો ચૌદ જાતના કાચ કાચ, આકાશ–વાયુ–તેજ–જળ–પૃથ્વી વગેરેનાં તેમજ સૂર્ય આદિ ગ્રહો અને નક્ષત્રોનાં સ્વરૂપ–ગતિ–વેગ ચલન–પ્રકાશ–યુદ્ધ (યુતિ) વગેરે બત્રીસ ક્રિયાઓને પ્રત્યક્ષ જોવા માટેના ઉપાયો દર્શાવતું ગણિત આપ્યું છે. ઓગણચાળીસમા અધ્યાયના પહેલા ભાગમાં, પર્વતોનાં માપ કાઢવાનું ગણિત બતાવીને પછી બીજા ભાગમાં પર્વતોના પેટાળમાં રહેલા માર્ગોનાં માપ કાઢવાનું ગણિત આપ્યું છે. ચાળીસમા અધ્યાયમાં, પહેલા ભાગમાં ખનિજ પદાર્થોનું પ્રમાણ ગણિતથી બતાવીને પછી બીજા ભાગમાં તેમાં રહેલાં દ્રવ્યોના પ્રમાણનું ગણિત આપ્યું છે.

એકતાળીસમા અધ્યાયમાં, દેવશિલ્પ, માનુષશિલ્પ તેમજ ગન્ધર્વ–યક્ષ–રાક્ષસ વગેરેનાં શિલ્પો દર્શાવનારાં ૩૬૦૦ પ્રકારનાં ગણિત આપેલાં છે. બેતાળીસમા અધ્યાયમાં, પ્રાણીઓમાં રહેલી બત્રીસ પ્રકારની પ્રાણની ગતિનું ગણિત દર્શાવ્યું છે. તેંતાળીસમા અધ્યાયમાં પાર્થિવ વગેરે આડત્રીસ કરોડ પ્રકારના પરમાણુઓનાં પ્રમાણના નિર્ણય અને ગણિત આપ્યાં છે. ચુમ્માળીસમા અધ્યાયમાં દરેક ઋતુમાં અને દરેક સ્થળમાં રહેલી ઘાસ–ઝાડ–વેલ વગેરે દરેક પ્રકારની વનસ્પતિઓ, બીજ અને અંકુરથી માંડીને પાંદડાંના ટોચના ભાગ સુધી પોતપોતાની ઉંમર અનુસાર અને પોતપોતાની જાતિ અનુસાર કેટલુંકેટલું પાણી ખેંચે છે તેના પ્રમાણોનું ગણિત બતાવ્યું છે. પિસ્તાળીસમા અધ્યાયમાં, જૂ અને મચ્છરથી માંડીને બધા જંતુઓની ચામડી–માંસ–લોહી વગેરે સાત ધાતુઓનાં માપનું ગણિત આપવામાં આવ્યું છે.

છેંતાળીસમા અધ્યાયમાં ઝાકળ, ઠંડી, ગરમી, વરસાદ, તડકા વગેરેનાં માપનું ગણિત છે. સુડતાળીસમા અધ્યાયમાં વૈદ્યકશાસ્ત્રમાં બતાવેલા બધા રોગોની, દરેકના મૂળરૂપ વિષથી આરંભીને તેઓના વિકાર અને છેવટના પરિણામ સુધીની, જુદેજુદે સમયે થતી વધઘટનું ગણિત આપ્યું છે. ઉડતાળીસમા અધ્યાયમાં, જવ વગેરે અનાજમાં, આંબા–આમળાં–ફણસ વગેરે ફળમાં અને કન્દમૂળમાં રહેલાં વિષ, અમૃત અને સત્ત્વના માપ આપવામાં આવ્યાં છે. ઓગણપચાસમા અધ્યાયમાં યન્ત્રો વડે છોડાતા લોખંડના ગોળા વગેરેના વેગની ગણત્રી બતાવી છે. પચાસમા અધ્યાયમાં, બીજા લોકો અને દ્વીપોનાં માપો આપ્યાં છે.

અહીં આપેલી વિષયસૂચિ ઉપરથી આપણને કાંઇક ખ્યાલ આવે છે કે આપણું પ્રાચીન ગણિતશાસ્ત્ર કેટલું વિશાળ અને સર્વસ્પર્શી હતું. વળી મહર્ષિ વાલ્મીકિએ પોતે જ પોતાના ગણિતશાસ્ત્રના બીજા અધ્યાયમાં જે કશ્યપ, ગણપતિ વગેરે અન્ય ગણિતાચાર્યોનાં નામો આપેલાં છે તે ઉપરથી એમ નિશ્ચય થાય છે કે વાલ્મીકિ મુનિ ઉપરાંત પણ બીજા અનેક ગણિતવેત્તાઓ થઈ ગયા છે કે જેની કૃતિઓનું અત્યારે તો નામનિશાન પણ રહ્યું નથી.

રજનીકાન્ત મોદી

શ્રીમધુસૂદનસરસ્વતીના '**પ્રસ્થાનત્રયમ્**' નામનાસંસ્કૃતપુસ્તકનેઆધારે

ફોટોગ્રાફી

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

પહેલું ઇનામ: મોકૂફ; બીજું ઈનામ: 'ગરનાળામાંથી' એચ. લાલ, સુરત; ત્રીજું ઇનામ: 'હું કોણ ?' શુકદેવ ભચેચ–અમદાવાદ. નોંધપાત્ર. 'અપેક્ષા', ચીમન મેવાડા–કલોલ.

બીજું ઈનામ જીતનાર ભાઈ એચ. લાલના, 'ગરનાળામાંથી' પ્રકાશ સામે લેવાએલા ચિત્રમાં મુખ્ય વસ્તુ ગાડું અને માણસ છાયા–પ્રકાશના સુંદર સંયોજનથી ગરનાળાની કમાનમાં મઢાઈ રહે છે. પ્રમાણસર એક્સ્પોઝરને લીધે દૃશ્ય-વાતાવરણની જમાવટ સારી થઇ છે, પણ સંયોજનમાં ગાડું અને માણસ એવી રીતે ગોઠવાયાં છે કે ચિત્ર મારું જાય છે. માણસની આકૃતિ પ્રમાણમાં મોટી હોઇ, ગાડું, ઝાડ, મકાન વગેરેની સુંદર જમાવટને બગાડી મૂકે છે. આવા વખતે સ્થળને ઉચિત પાત્ર પકડવામાં ધીરજ અને દૃષ્ટિની કસોટી થાય છે. નીચલા ભાગમાં જમીન તદ્દન કાળી જણાય છે તે એનલાર્જિંગમાં 'કૉન્ટ્રોલ' કરી લઇને તેને બીજા છાયાના ભાગની માફક સરખો ટોન આપ્યો હોત તો વધારે આકર્ષક બનત. ડાબી બાજુમાં આવેલાં સફેદ ધાબાં પણ મેળવી લેવાની જરૂર છે, એકંદરે ગુણદૃષ્ટિએ ચિત્ર સારું છે.

ત્રીજું ઇનામ જીતનાર ભાઈ શુકદેવ ભચેચના 'હું કોણ ?' માં સૂર્યના પ્રકાશમાં રમતી બાલિકાઓના મુખભાવ સારા આવ્યા છે; પ્રિન્ટની ટેકનીક અને સંયોજના માફકસર છે.

નોંધપાત્ર ઠરેલાં ચિત્રોમાં ભાઇ ચીમન મેવાડાનું 'અપેક્ષા' નામનું કૂતરાનું પોર્ટ્રેટ હજી વધારે સારીરીતે લાવી શકાત. નીચેના ભાગમાં પગ આગળનો ધોળો પટો આંખને ખૂંચે છે. ભાઈ ચંદ્રકાન્ત પટેલના 'વાર્તાલાપ' ચિત્રમાં ફોકસિંગની ખામી અને કૅમેરા શેઈક છે (તેને ઢાંકવા કેટલીક રેખા હાથે દોરેલી જણાય છે); નહિતર તેનો વિષય સારો છે.

બી. બી. કુનીબંકા

Our Friends Abroad

—આ પત્ર મેળવનાર: શ્રી ચન્દ્રકાન્ત છ. સંઘવી, મણિનિવાસ, માહીમ—

ઈથાકા (મિશિગન) નવેમ્બર ૨૪,૧૯૩૯

પ્રિય ચન્દ્રકાન્ત,

પત્રની શરૂઆતમાં મારે કહેવું જોઇએ કે મારી ઉંમર સોળ વર્ષની છે. મારી જન્મ તારીખ ૧ લી મે ૧૯૨૩. તમારા મિત્રો મારી ઉંમર કરતાં મને વધુ મોટી ધારે છે તેમાં નવાઇ નથી, કારણકે અહીં પણ મારા મિત્રો મને તેમજ કહે છે. હાલમાં મારી પાસે મારો એક પણ ફોટોગ્રાફ રહ્યો નથી, એટલે કદાચ બીજી ટપાલમાં, મારી પાસે આવશે તો, મોકલીશ. જોકે મેં તો લડાઇ શરૂ થવાને લીધે હિંદના કાગળોની આશા છોડી દીધી હતી. એટલે તમારો કાગળ એક આનંદદાયક આશ્ચર્ય ઉપજાવતો જ મને મળ્યો.

યુનાઇટેડ સ્ટેટ્સનો ઇતિહાસ જોકે ઘણો જ ટૂંકો છે, પણ દિલચસ્પ છે. ૧૪૯૨માં કોલંબસે અમેરિકા શોધ્યો ને પહેલાં પણ આ દેશ શોધાયો અને ખેડાયો તો હતો જ; પણ ૧૭ મી સદી સુધી અહીં વસાહતો સ્થાપવાનો કોઈપણ વ્યવસ્થિત પ્રયત્ન થએલો નહિ. અમેરિકામાં પહેલવહેલી વ્યવસ્થિત કાયમી વસાહત સ્પૅનિશ લોકોએ આજના ફ્લૉરિડા પ્રાંતમાં સેન્ટ ઑગસ્ટાઈન મુકામે કરેલી; અને પહેલું અંગ્રેજી થાણું વર્જિનિયા પરગણામાં જેમ્સટાઉન મુકામે ઇ.સ. ૧૬૦૭ માં નંખાયું ત્યારપછી બાકીનાં ૧૨ થાણાં તાબડતોબ સ્થપાયાં, અને આ રીતે અમારાં જાણીતાં 'મૂળ ૧૩ સંસ્થાનો'ની શરૂઆત થઈ.

આ જ ૧૩ સંસ્થાનોએ ઈ. ૧૭૬૫માં ઇંગ્લંડ સામે યુદ્ધ કરીને અમારૂં સ્વાતંત્ર્ય મેળવ્યું, અને ફ્લૉરિડા પ્રાંત સિવાયના મિસિસિપી નદી સુધીના તમામ પ્રદેશનો કબજો મેળવ્યો. ત્યાર પછી અમે પાંચ યુદ્ધો ખેડયાં. અમારી સરકાર સ્થપાયા પછીનાં શરૂઆતનાં વર્ષોમાં અમે નેપોલિયન પાસેથી લૂઈસાના પ્રાંત ખરીદી લીધો ને અમારા પ્રદેશનો વિસ્તાર એથી બમણો થઈ ગયો. તે પછીનાં વર્ષોમાં ધીમે ધીમે અમે અમારો વિસ્તાર વધારતા ગયા અને છેવટે આજે અમારાં જાણીતાં ૪૯ સંસ્થાનો અને કોલંબિયા પરગણાના અમારા આજના નિર્માણને પહોંચ્યાં. આજે અમે 'ઓગણપચાસ યુનાઇટેડ ડેમોક્રૅટિક સ્ટેઈટ્સ'ને નામે ઓળખાઇએ છીએ. અલબત્ત, આ બધાંની ઝીણી રસભરી વિગતો તો ઘણી છે; પણ બીજી રસમય વાત કરવાની હોય ત્યાં પછી લાંબી ઇતિહાસની જ વાતો કંટાળાભરેલી થઇ પડે.

અમેરિકામાં ઘણાં મોટાં શહેરો છે,—કેટલાંક તો દુનિયાભરમાં મોટામાં મોટાં છે. એમાંનાં દસ આ છેઃ ન્યૂયૉર્ક(વસતિ૫૯,૨૦,૦૪૮) શિકાગો (૩૩,૭૧,૭૦૫); ફિલાડેલ્ફિયા (૧૯,૩૩,૭૭૯); ડેટ્રૉઈટ (૯,૯૩,૬૭૮); ક્લીવલૅન્ડ (૯,૦૦,૪૨૯); અને સેન્ટ લૂઈ, બૉસ્ટન, બાલ્ટીમોર, પિટ્સબર્ગ તથા લૉસ ઍન્જેલિસ, દરેક ૬થી ૮ લાખનું.

પાંચેક વર્ષ પર હું અમારા દક્ષિણ પ્રાંતોની સફરે ગએલી ત્યારે, મેં આગળ કહ્યું તે સેન્ટ ઑગસ્ટાઇન ગામ જોવા ગઈ હતી. અમેરિકામાં સૌપહેલું વસેલું એ ગામ ફ્લૉરિડા ઈસ્ટ કોસ્ટ રેલવે'ઝ પર, આટલાન્ટિકના અખાત પર આવેલું હોઇ ત્યાંની સમશીતોષ્ણ આબોહવામાં ફાલતી લીલોતરીથી ભરપૂર સુંદર દશ્યો માટે મશહૂર છે. ગબલખ પ્રમાણમાં અહીં પાકતાં ફળફળાદિ અને શાકભાજી ઉત્તર પ્રાંતોમાં નિકાસ થાય છે. અમેરિકાના સૌથી પુરાતન ઇતિહાસના અવશેષો ધરાવતા આ નગરમાં મેક્સિકન અને ઇન્ડિયન કેદીઓને હાથે બંધાએલો ફૉર્ટ મૅરિયન નામનો કિલ્લો (જે બંધાતાં ૧૦૦ વરસ લાગેલાં) તથા ઇન્ડિયનોના હુમલા સામે શરૂઆતના પહેલા વસાહતીઓએ ઊભી કરેલી દીવાલો ખાસ અગત્યની વસ્તુઓ છે. પુરાણા સમયનાં ઘણાં મકાનો પણ અહીં છે, અને એ કાળનું ખાસ રસદાયક પ્રતીક તે અહીંની સાંકડી શેરીઓ છે. આ ઉપરાંત બીજી પણ ઘણી રસભરી જગ્યાઓ અહીં જોવા જેવી છે. અહીંનું હવામાન સામાન્યતઃ ૭૦ ડિગ્રી રહેતું હોવાથી શિયાળાને માટે આ સારૂં આરોગ્યધામ ગણાય છે. આ શહેર સ્પૅનિશ વસાહતીઓએ પેડ્રો મેન્ડેલેઝની સરદારી નીચે વસાવેલું, જે અહીં ઈ. ૧૫૬૫ના ઑગસ્ટની ૨૮મીએ (સંત ઑગસ્ટાઈનના દિવસે) પહોંચેલો, અને તે પરથી આનું નામ સેન્ટ ઑગસ્ટાઇન પડ્યું. ત્યાર પછી તો તેના પર અનેક આક્રમણો થયાં ને એક વાર તે લૂંટાયું તથા બળાયું, જેમાં એક વખત તો ૧૬૬૫માં, 'દરિયાઈ કૂતરા'ના નામથી પ્રખ્યાત સર ફ્રાન્સિસ ડ્રેઇકે એને જમીનદોસ્ત કરેલું.

મારો પ્રાંત મિશિગન ઉનાળાના હવા ખાવાના સ્થળ તરીકે પ્રખ્યાત છે ને દર ઉનાળે સંખ્યાબંધ માણસો અહીં આવે છે. અમારૂં મુખ્ય શહેર ડેટ્રૉઇટ મોટરો બનાવનારા શહેર તરીકે જગવિખ્યાત છે અને યુનાઇટેડ સ્ટેટ્સમાં ચોથા નંબરે આવે છે. સેન્ટ ક્લેર અને એરી સરોવરોને જોડતી ડેટ્રૉઈટ નદી પર તે આવેલું છે ને દુનિયાનાં સુંદરતમ લેખાતાં કુદરતી બંદરોમાં તેની ગણના થાય છે. એના મનોહર બગીચા, સંખ્યાબંધ ભવ્ય મકાનો તથા એની ઉત્તમ શાળાપદ્ધતિ માટે આ શહેર મગરૂર છે. તમે હેનરી ફૉર્ડનું નામ તો વાંચ્યું જ હશે, અને નહિતર ફૉર્ડ મોટરગાડી તો જોઈ જ હશે. ડેટ્રૉઈટ એ ફૉર્ડ મોટરોનું ઉત્પાદક ધામ છે. હું ઘણી યે વાર ડેટ્રૉઈટ ગઇ છું, ને વરસ પહેલાંને ઉનાળે ઘણા દિવસ મેં ત્યાં ગાળેલા. ભરચક વસ્તી અને વાહનોથી રહેલું એ શહેર મને તો બહુ મોહક લાગ્યું.

તમારો કાગળ મળવાની વાત મેં જ્યારે સ્ટુઅર્ટને કહી ત્યારે તેને પણ બહુ નવાઇ લાગી. અત્યારની યુરોપની પરિસ્થિતિને કારણે અમેરિકાની ટપાલ તમને મળવા વિષે એ સાશંક હતો. પણ હું ધારૂં છું કે એ હવે તમને લખશે ખરો.

આ સાથે હું તમને વૉશિંગટન-સ્મારકનો ફોટોગ્રાફ મોકલું છું. હું ટચુકડી છોકરી હતી ત્યારે અમે પૂર્વના પ્રાંતોમાં ગએલાં તે વેળા મારા પિતાએ એ પાડેલો. તમને ગમશે તો હવેના પત્રમાં હું એનું વર્ણન લખીશ તમે તમારા આવતા પત્રમાં તાજમહાલ અને આગ્રાના કિલ્લા વિષે લખી જણાવશો તો મને બહુ ગમશે. હિંદુ લગ્ન વિષે પણ લખજો. તમે મને 'પેઇન્ટિંગ્સ' વિષે લખ્યું તેમાં હું કાંઈ સમજી નહિ. મને સમજાવજો, ને જો બને એવું હશે તો હું થોડાં મોકલીશ આ સાથે હું એક વિશિષ્ટ પ્રકારે છાપેલા ચિત્રવાળું નાતાલનું કાર્ડ મોકલું છું.

તમે મોકલેલાં સરનામાંમાંથી પત્રમિત્રો શોધવાનો હું પ્રયત્ન કરીશ; જોકે મને તે અશક્ય લાગે છે, કેમકે આજે પણ મારા હાથ પર સંખ્યાબંધ હિંદી પત્ર મિત્રો છે.

તમે જે બધી ચીજો મોકલી તેને માટે આભાર માનીને અને તમારા આગામી લગ્ન વિષે અભિનંદન આપીને હું હવે બંધ કરૂં. તમારાં સગાં સંબંધીઓ અને મિત્રોને મારાં અભિવાદન. અને તમારાં પત્નીનો ફોટો મને ન મોકલો ? ઉપરાંત, મને પુરાણાં હિંદી મકાનોના ફોટોગ્રાફ મોકલો તો તે પણ ગમે, કેમકે અહીં અમેરિકામાં તે [illegible] પ્રાપ્ય છે. આ પત્રમાં ભૂલો બહુ ભારે નહિ થઈ હોય અને તમે [illegible] ટાળ્યા નહિ હો એવી આશા સાથે—

Jean

કરકસર અને બચાવની રીતો

'કુમાર'ના ગયા અંકમાં કરકસર સંબંધે ઘણી ઉપયોગી સૂચનાઓ આવેલી. એ બધી સૂચનાઓ ઉપરથી જોઇએ તો કરકસર સંબંધે સામાન્ય ખ્યાલ આવો છે: (૧) સાધારણ રીતે નકામી જતી હોય એવી વસ્તુઓના પણ ઉપયોગ શોધી કાઢી તેને કામમાં લેવી; (૨) જે સ્થળે આપણે ઘણુંખરૂં મોંઘી વસ્તુ વાપરતા હોઇએ ત્યાં એવા જ ગુણ ધરાવતી સોંઘી પડતી વસ્તુ વાપરવી.

પણ આ ઉપરાંત કરકસરનો એક ત્રીજો પણ પ્રકાર છે, અને તે એ કે વસ્તુઓની પસંદગી અને વપરાશમાં એવી કાળજી રાખવી કે તેમાં કાંઈ નુકસાન ન થાય, અને તે લાંબો સમય કામ લાગે. આ પ્રકાર આપણને ઢોળફોડ કે તૂટફાટની બલોથી બચવાનું શીખવે છે.

કરકસરના આ પ્રકારને દૃષ્ટિ સામે રાખીને આ નીચે કેટલીક સાદી સૂચનાઓ માત્ર દૃષ્ટાંત રૂપ આપી છે. પછી વાંચનારને ખુદ એ પ્રકારનો જો ખ્યાલ આવી ગયો હશે તો તે પોતાના જીવનમાં અનેક સ્થળે ઉતારી શકશે.

જે સૂચનાઓ આ મુખ્ય પ્રકારની નહિ પણ અગાઉ ગણાવેલા બે પ્રકારની છે, તેને બધી સૂચનાઓને અંતે ક, ખ, ગ, સંકેતોથી બતાવી છે.

(૧) શરીરની તંદુરસ્તી જાળવવા માટે સતત કાળજી રાખવી અને બીજી દરેક રીતે જીવનશક્તિનો દુર્વ્યય થતો અટકાવવો એ મોટામાં મોટી કરકસર છે. આની સરખામણીમાં નાણાંની કરકસરને ગૌણ ગણવી.

(૨) કોઈ વસ્તુ ખરીદતી વખતે તે કેટલી સોંઘી છે તે તરફ નહિ, પણ કેટલી ટકાઉ છે તે તરફ લક્ષ આપવું; પછી ભલે તે મોંઘી હોય; તોપણ લાંબે ગાળે તે જ સોંઘી પડશે.

(૩) આપણા દૈનિક વપરાશમાં આવતી દરેક વસ્તુને પોતપોતાની મજબૂતીની મર્યાદા હોય છે ને એ વસ્તુનો વપરાશ કરતી વખતે એ મર્યાદા પારખી એના નાજુક ભાગો ઉપર હિસાબ કરતાં વધુ દબાણ ન આવે તેની કાળજી રાખતાં શીખવી. કેરોસીન પંપનો સળીઓ મરડાઈ જવો, ચપ્પુની ધારમાં ખાડા પડી જવા, સૂડીનાં પાનાં ઠરડાઈ જવાં કે તેની નીચે મોટી પોલ થઈ જવી, કાચનાં વાસણ તૂટી જવાં, વસ્તુઓ ઢોળાઈ જવી આ બધાં નુકસાનો આ મૂલભૂત સિદ્ધાંતની અવગણનાથી જ થાય છે.

૪ અત્યારે ફાનસની ચીમનીઓ બહુ તકલાદી આવે છે. તે સાચવવા માટે (ક) ફાનસની વાટ સરખી કાતરવી (ખ) ફાનસને કદી ત્રાંસું ન થવા દેવું (ગ) જ્યોત બહુ મોટી ન કરવી (ઘ) ફાનસ પર પાણીનો છાંટો ન પડવા દેવો (ઙ) ફાનસમાં દીવાસળીની પેટી ખોસવાની ટેવ કાઢી નાખવી. મોટે ભાગે આ પાંચ કારણોથી જ ચીમનીઓ તૂટે છે.

(૫) પ્રાયમસ વાપરવો જ હોય તો તેમાં પિન મારતી વખતે પિનને સીધી જ ઊંચીનીચી લેવી, જરા પણ ત્રાંસી કરવી નહિ; આથી પિનની આવરદા વધશે.

(૬) કપડાંમાં બધાં બટનો ધોતી વખતે છૂટાં પાડી શકાય એવાં વાપરવાં.

(૭) કોઇ ગોળ પીપમાંથી ઢાંકણાંવાળા ડબા કરાવતી વખતે તેમાં એક જ મજાગરૂં આવી શકે છે, જે ઢાંકણાના તોછડા પડતા વજનને લીધે વહેલું તૂટી જાય છે. તેને બદલે ઢાંકણાને બે (નાના મોટા) ભાગમાં કાતરી એક ભાગ પીપ સાથે જોડાએલો રહે, અને તેની સાથે ઢાંકણાને બે મજાગરાં આવે એવા આકારનું તે બનાવવું. તે વધારે ટકશે.

(૮) ગાદલામાં દોરા પાસેપાસે ભરવાથી તે લાંબા વખત સુધી સારૂં રહી શકે છે.

(૯) થર્મોમીટર ખાખામાં મૂકતી વખતે (તેમજ કોઇને તે માગ્યું આપતી વખતે) પારા વાળો છેડો અંદર રાખીને તેનું ખોખું બંધ કરવું (અને લેવા આવનારને એ ખાસ સમજાવવું). નહિતર એનો નાજુક ભાગ બહાર રાખવાથી ખોલતી વખતે સહેજ ઠોકર વાગતાં તે નકામું થશે.

(૧૦) ચાલુ વપરાશનાં ન હોય એવાં કપડાં સંકેલીને પોતપોતાની પેટીમાં મૂકવાની ઘરનાં બધાં બાળકોમાં ટેવ પાડવી.

(૧૧) સાબુદાણા, ખસખસ, કાંગચાં, ઇદ્રજવ, આંબાહળદર,-આવી કોઇ આકસ્મિક કારણે આવેલી વસ્તુઓ વપરાશ પછી વધી હોય તેને પડીકાંમાં કે કપડાંને છેડે ગાંઠ વાળીને બાંધી મૂકવાને બદલે ખાસ નામવાળા ડબા કે શીશી કે છેવટે કાગળનાં ખાલી ખોખાંમાં તુરત હાથ આવે એવી રીતે મૂકવાની ટેવ પાડવી. વખત આવ્યે તે ઠીક કામ લાગી જાય છે.

(૧૨) રાત્રે સૂતી વખતે અનાજથી માંડી મસાલા સુધીની વસ્તુ રાખવાનાં વાસણો બરાબર ઢંકાયાં છે કે નહિ તેની કાળજી સ્ત્રીઓએ રાખવી, અને જ્યાં એવી કાળજી ન હોય ત્યાં ઘરધણીઓએ યાદ કરતાં રહેવું.

(૧૩) સ્લેટપેનના નાના ટૂકડાને નકામા ગણીને ફેંકી દેવાને બદલે પતરાની ભૂંગળીઓ બનાવરાવી તેમાં નાખીને વાપરી શકાય. પેન્સિલોના ટૂકડાઓમાંથી લેડ કાઢી પ્રોપેલિંગ પેનોમાં ભરી શકાય.

(૧૪) માંગેલી ફાઉન્ટનપેનથી લખવાનું બને તે વખતે આપણા હાથને તે કેવી રીતે પકડવી ફાવશે તે ભૂલી જવું, પણ ટાંકના ઘસારા ઉપરથી તે કાયમ વાપરનાર તેને કયે ખૂણે વાપરે છે તે સમજી લીધા બાદ, તે ખૂણે જ તે વાપરવી.

(૧૫) ફાઉન્ટનપેનથી લખતી વખતે શાહીનો પ્રવાહ બરાબર ન હોવાને કારણે અક્ષરો ઝાંખા આવે ત્યારે ભાર દઇને લખવાનું વલણ થઇ જાય છે; પણ તેમ ન કરતાં લખવાની ગતિ ધીમી પાડવી.

(૧૬) બૂટની વાધરી બાંધવી હોય ત્યારે છેડાને સીધા જ ખેંચવાથી તેને બહુ ઘસારો લાગે છે. વસ્તુત: અંદરના એક પછી એક બંધ તંગ કરતા જવા જોઇએ.

(ક) જો ઘર આંગણે જગ્યા હોય તો ઘરમાંથી નીકળતા નકામા પાણીથી કેળ, પપૈયાં કે એવાં પાણીભર્યા ફળઝાડ ઉછેરી શકાય.

(ખ) તદ્દન ફાટેલાં, કોઇ પણ જાતનાં ગરમ કાપડને સરખાં ગોઠવી, બે સુતરાઉ કાપડ વચ્ચે રાખી, ઉપર દોરા ભરી લેવાથી શિયાળામાં કામ આવે એવી બંડીઓ એ ત્રેવડા કાપડમાંથી બની શકે.

(ગ) કોટ કાણીએથી બહુ ફાટે છે; એટલે હવે અર્ધી બાંયના કોટની ફૅશન સર્વવ્યાપી થવાની બહુ જરૂર છે. **હરિકૃષ્ણ વ્યાસ**

(૧) ચોખાને અભાવે: બાજરીને પલાળી છડવાથી તેનાં ફોતરાં ઊતરી જાય છે અને કણકી જેવા સફેદ ગોળ દાણા નીકળે છે તેને મગની દાળ સાથે ભેળવીને ખીચડી કરી શકાય છે. (૨) એકલા મગ અને છાશ પણ સ્વાદિષ્ટ ખોરાક બને છે. (૩) ચાને બદલે તુલસીનાં પાનનો દૂધ નાખેલો ઉકાળો સસ્તો હોવા ઉપરાંત ફાયદાકારક છે; (૪) કાણીએથી ફાટેલા હાફકોટની અરધી બાંય કાપીને આજની મિલિ-ટ્રેસની ફૅશનની રીતે પહેરી શકાય; આવી બાંયો ફાટેલા કોટનું જાકીટ કરી શકાય; નવા કોટ શીવડાવવામાં બાંયો પર ચોડાતાં શોભાનાં બટન કમી કરી શકાય; (૫) નીચેથી ફાટેલા લેંઘા કે પાટલૂનની ચડી, અને તેના ફાટેલા પાયચાના સારા ભાગમાંથી હાથ-થેલી કે ગોશીકાની ખોળ યા નાના છોકરાંની ટોપી વગેરે બનાવી શકાય. (૬) પહેરેવાવાળાં કપડાં વધુ મેલાં

થવા દીધા વિના પોચે હાથે રોજરોજ ધોતા રહેવાથી એ.છાં ફાટશે ને સાબુ બચશે.

ભગવતપ્રસાદ જાની

(૧) ઈલાયચીના દાણા કાઢી લીધા બાદ વધેલાં છોડાં ફેંકી ન દેતાં દરરોજ થોડાથોડા ચા અથવા દૂધની સાથે ઊકાળવામાં આવે તો લહેજત આપે છે. (૨) ડાંગરનાં છોડાં (ફોતરાં) કાપડ સૂતરની ગાંસડીઓ અથવા કાગળ અને પૂંઠાની ગાંસડીઓનાં ગોડાઉનોમાં પાથરવામાં આવે છે તેથી માલને ઉધાઇ લાગતી નથી. (૩) નારીએળનાં છોડાં દેવતા સળગાવવામાં અથવા વાસણ માંજવાના કામમાં આવી શકે છે.

મોદી માણેકલાલ મફતલાલ

(૧) સ્વાદ અનુકૂળ આવી શકે તો ચહા બનાવવામાં ખાંડ અને દૂધ મિશ્રિત પેંડાનો વપરાશ શરૂ કરવો. ખર્ચમાં સરવાળે ૨૦ ટકા જેટલો ફાયદો થશે (૨) ઇસ્ત્રીનો મોહ છોડી દઇ સહેજસાજ ચોળાયેલાં કપડાં સંકેલી યોગ્ય ઘડી વાળી રાત્રે પથારી નીચે કે દિવસે વજનદાર વસ્તુ નીચે દબાવવાથી ઇસ્તરીની ગરજ સરશે અને ગરમીની માઠી અસરમાંથી કપડું બચી જશે. તેમજ મહેનત સાથે સમય બચશે. (૩) જીર્ણ થએલાં ધોતિયાં, સાડી તેમજ બંનેની કોરો, ફાટેલાં, ફ્રૉક, ખમીસ, કોટ, પાટલૂન, પોલકાં વગેરેનાં બટનો નકામાં ન ગણી કાઢી લઇ તેનો ફરીથી ઉપયોગ કરવો. (૪) ચૂલા માંહેની રાખ નકામી ગણી ફેંકી ન દેતાં તેને વસ્ત્રગાળ કરી તેમાં મીઠું ભેળવી દંતમંજન બનાવવું. (૫) દાડમનાં છોડીઆં નકામાં ગણી ફેંકી ન દેતાં તેને સૂકવી કકડા કરી ઉધરસ વખતે રાત્રે મોઢામાં મૂકી સૂઈ જવું

મહીપતરામ જોષી

કસોટી


બુદ્ધિને કસતા આ નીચેના પ્રશ્નોના ઉત્તરો પૃ. ૨૪૮ પર જોવા તો મળશેજ. પણ માત્ર કુતૂહલથી તે જોવાની ઉતાવળ કર્યા વિના તમારી મેળે તમે કેટલાના ઉત્તર શોધી કાઢી શકો છો તે જુઓ, ને આ પરીક્ષામાંથી તમે કેટલા ટકાએ પાસ થાઓ છો તે તપાસો:

(૧) એક ગામનો પ્રાણીબાગ જોવા અમે ગએલા, ત્યારે ત્યાંના રક્ષકને પૂછ્યું કે અહીં કેટલાં પશુ અને કેટલાં પંખીઓ છે? તેણે જવાબ આપ્યો કે અમારે ત્યાં જે જનાવરો છે તેનાં કુલ માથાં ૩૬ થાય છે અને કુલ પગ ૧૦૦ થાય છે. હવે પશુ કેટલાં ને પંખી કેટલાં તે તો તમારે શોધી કાઢવાનું! તમે કહેશો એ કેટલાં હતાં?

(૨) આ પણા કેટલાક ગુજરાતી લેખકોએ લખેલાં પુસ્તકોમાં તેમણે સંખ્યાના આંક વાપર્યા છે. જેમકે હરગોવિંદદાસ કાંટાવાળાની 'ટચુકડી ૧૦૦ વાતો.' આવી રીતનાં પુસ્તકોનાં કેટલાંક નામ, તેમાંના આંકડા વિના આ નીચે આપ્યાં છે, તમે તેના આંકડા પૂરી દેશો?

કેશવપ્રસાદ દેસાઈ કૃત મારી... વાર્તાઓ
રામનારાયણ ના. પાઠક કૃત ... પ્રવાસો
ગિજુભાઈ કૃત ... મૂર્ખાઓ
હંસાબહેન મહેતા કૃત ... નાટકો
રવિશંકર રાવળ કૃત ... સુંદરચિત્રો
ચંદ્રશંકર પંડ્યા કૃત ...પ્રેમકથાઓ
કનુ દેસાઈ કૃત ...છાયાચિત્રો
'સોપાન' કૃત ... પગલાં

તમારી જાણ ખાતર એટલું ઉમેરીએ કે એ બધા આંકડાઓનો સરવાળો કરશો તો ૭૪ થશે. હવે તમે મૂકેલા આંકડા સાચા છે કે નહિ તેનો તાળો મેળવી જોજો.



(૩) એવી ત્રણ સીધી લીટી દોરો કે જેથી ઉપલી આકૃતિમાંનું એકેએક મરઘું એકએક ખાનામાં પુરાઇ જાય.

(૪) એક માઇલ લાંબા તારથી ૪૦ એકર જમીનને ફરતી વાડ થઈ શકે, તો બે માઈલ લાંબા તારથી કેટલા એકર જમીન ફરતી વાડ થઇ શકે?

(૫) પિત્તળ કઈ રીતે મેળવી શકાય છે? સીધું ખાણમાંથી? કાંસા અને કલઇના મિશ્રણથી? ત્રાંબા અને જસતના મિશ્રણથી?

(૬) એક ચોપડીના મુખપૃષ્ઠ (પહેલા પાના) પર ૧૨ લીટીઓ છે; તેની પ્રસ્તાવનાના દરેક પાના પર ૩૧ લીટીઓ છે ને ચોપડીનાં બાકીનાં પાનાંઓની દરેકની ઉપર ૨૭ લીટીઓ છે. એ ચોપડીમાં કુલ છાપેલાં પાનાં ૨૫૨ છે અને ચોપડીમાંની કુલ લીટીઓનો સરવાળો ૬૮૦૫ થાય છે. તો પ્રસ્તાવનાનાં પાનાં કેટલાં હશે?

(૭) એક માણસ પોતાની વિધવાની બહેનને પરણે તે કાયદેસર ગણાય કે ગેરકાયદેસર?

સંભોત્રયી

•તરાણું•

૧

વ્હેલી વ્હેલી ચાલી જતી ઓ રાત,
સાંભળ મારી વાત:
પ્રશ્ન એક પૂછું તને, દે ઉત્તર તો એહ;
દીઠું સ્થાન કદી ય તેં જ્યાંય વસે છે સ્નેહ?
ખસતી સ્મૃતિ નહીં જેહની મનમાંથી ક્ષણવાર,
ના સ્વપ્નમાં પણ મને મળ્યો તેહનો પ્યાર.
ક્યાં છે એનું પારણું, રહ્યો ખેલી છે ક્યાંય?
ના પત્તો મુજને મળ્યો શોધ કરી મેં જ્યાંય.
નહીં ભીંત નહીં ગોખમાં, ટાંકામાં નહીં તેમ;
મટકીમાં પણ છે નહીં અરધો ફુંટડો પ્રેમ!
ખટકો મુજને છે ઘણો થયા પછીથી મ્હાત:
મુખનાં દર્શન ના થયાં ખાધી જેહની લાત!
સાંભળ મારી વાત
વ્હેલી વ્હેલી ચાલી જતી ઓ રાત.

૨

ઝીણું ઝીણું હસતા તારકવૃન્દ!
મુજને તમ શા છંદ:
તમે ઝુલો છો આભમાં, રહ્યો ઝુલી હું ઘેર;
કર્યો ખ્યાલ છે કોઇએ રહ્યો નભી શી પેર?
ભરી છાબમાં છે પડ્યા, હટકા મારા લાખ;
થયો ઝબે હું જેટલો નહીં તેટલી શાખ!
વાળી પડીકું જાનનું રહ્યો ખેલી હું ખેલ,
પ્હોંચે હાથ ન કોઇનો ચહું જેમની ભેલ.
હતા કોડ મુજને ઘણા હૃદયે વસવા જેહ,
પગ કેરા કાંટા સમો હાય! ગણે છે તેહ.
જોયા ખેલ બજારના, જાણ્યા જગના ફંદ;
યોગ મદારો આવતાં વાત બધાંની બંદ!
મુજને તમ શા છંદ,
ઝીણું ઝીણું હસતા તારકવૃન્દ!

૩

ધીમે પગલે આવતી નિદ્રા, આવ;
મને તવ અંક વસાવ.
થાકી ગએલા ચિત્તને છે તુજ વિણ નહીં ચેન,
માતા જેની લાગતી અથવા મોટી બેન!
પડી પાલવે શોકના, જાણી પતનની પ્રીત,
કોને તારાં નહિ ગમે મધુરાં મધુરાં ગીત?
માખણ કેરું પારણું તુજ અનુપમ લેખાય;
થઇ નષ્ટ જે સ્હેજમાં ફરી ફરી વિરચાય!
જતા ક્ષોભ મનના શમી, મટે હૃદયવિક્ષેપ,
લાગ્યો જેના તન પરે તારો મંગળ લેપ.
લઈ તાઝગી અવનવી, બની વત્સલા આવ;
થાય નહિ જૂનાં કદી એવાં ગીત સુણાવ
મને તવ અંક વસાવ,
ધીમે ધીમે આવતી નિદ્રા, આવ.

'પતીલ'

ટિકિટો સંઘરવાનો શૉખ

આ વિષયમાં મેં અગાઉ 'કુમાર'માં મારા થોડા વિચારો જણાવ્યા છે. પણ એ ક્ષેત્રમાં આપણા દેશને તો હજુ ઘણું જાણવાનું રહે છે અને તે થોડા લેખોથી જાણી શકાય તેવું નથી. દુનિયાના બીજા દેશોમાં તો આ શૉખ ત્યાંના આબાલવૃદ્ધ સર્વેમાં ખૂબ જ હોય છે તેમજ તેને લગતાં આંદોલનો પણ ત્યાં પુષ્કળ ચાલતાં હોય છે; જેવાં કે ત્યાંના નાનામોટા લગભગ દરેક ગામે એને લગતાં મંડળો કે ક્લબો હોય છે, ખાસ આ જ વિષયનાં અઠવાડિક પાક્ષિક કે માસિક પત્રો નીકળે છે, અને એ ઉપરાંત દૈનિક છાપાંઓમાં પણ દરરોજ એને લગતી કંઇ ને કંઇ ઉપયોગી હકીકત, ક્લબોને લગતી માહીતી અહેવાલો વગેરે આવે છે. જ્યારે આ દેશમાં, મારા ધારવા મુજબ, માત્ર બે કે ત્રણ જ પત્રો બહાર પડે છે, એકબે ક્લબો છે, બાકી તદ્દન અજ્ઞાન જેવું છે. મોટાં શહેરોમાં રડ્યાખડ્યા કોઈ ટિકિટોના સંગ્રાહક છે; પણ તેઓમાંના કોઇ ફક્ત હિંદુસ્તાનની શરૂની ટિકિટનો જ સંગ્રહ કરતા હોય છે; અગર તો કોઈ માત્ર બ્રિટિશ કૉલૉનીની જ સંઘરવાનો શૉખ ધરાવતા હોય છે. તો કોઈ માત્ર ધંધો કરવા પૂરતું જ કામ કરતા જોવામાં આવ્યા છે. બીજા દેશોમાં આ વિષયનું જેટલું વિશાળ ને વિવિધ જ્ઞાન સામાન્ય બાળકો પણ ધરાવતાં હોય છે અને લોકો એ શૉખનો જેટલા અંશે લાભ ઉઠાવતા તો હોય છે તેટલું જ આપણે ત્યાં અજ્ઞાન છે. આ શૉખ ધરાવનારાઓને વિનતિ છે કે તેમણે એ વિકસાવવા બનતું કરવું જોઇએ. પોતાના ગામમાં ટિકિટ સંગ્રાહક હોય તેને શોધી સંપર્ક સાધવો, ઓછામાં ઓછું મહીનામાં એક વખત એક સ્થળે મળી એ વિષયની ચર્ચા કરવી, એકબીજાના સંગ્રહો જોઇ પરસ્પરની નવીન ટિકિટો જોતા રહી તે જાતનું પોતાનું જ્ઞાન વધારવું અને તેવી ટિકિટો મેળવવા પ્રયાસ કરવો અગર તો સામા પાસે એકથી વધુ નક્લ હોય તો બદલામાં તેને જોઇતી પોતા પાસેની ટિકિટો જોડે બદલો કરવો વગેરે ઘણું કરી શકાય. ઘણા દેશમાં ટિકિટો કોઈ પ્રસંગ પૂરતી જ બહાર પડે છે અને એ વિષયનાં માસિકો દ્વારા જાણ્યા સિવાય ઘણા વખત સુધી તે બાબત જાણવામાં જ આવતી નથી. પરંતુ પરસ્પરનો સંપર્ક રહેતો હોય અને સૌ પરગામ તથા પરદેશના શૉખીનો સાથે પણ સંપર્કમાં રહ્યા કરતા હોય તો તેની માહિતી તરત મળે છે અને તેવી નવીન ટિકિટ બદલાથી કે ખરીદીને સહેલાઈથી મેળવી શકાય છે.


મારા ઉપર આ શોખ ધરાવવા ઇચ્છતા ભાઈઓના કાગળો આવે છે અને પોતાને એમાં પરિચિત કરવાનું લખે છે, પણ તેવા વ્યક્તિગત પત્રો લખીને એ જ્ઞાન પૂરતું આપી કે મેળવી શકાય નહિ. તેવા ભાઈઓએ પ્રથમ તો પોતાના ગામમાં કે તાલુકામાં અગર જિલ્લામાં આવા જે શૉખીનો હોય તેની તજવીજ કર્યા કરવી જોઇએ અને ઉપર કહ્યું તેમ પરસ્પર મળી એકબીજાના સંપર્કનો લાભ લેવો. જોઇએ એ રીતે સાધારણ જ્ઞાન મેળવી શકાશે. ઉપરાંત કઈ ટિકિટમાં ખાસ વિશેષતા છે કે આકર્ષકતા છે ને કયા કારણે અમુક ટિકિટો લાખોની કિંમતની બની જાય છે એવું ઘણું જાણવાનું મળી રહેશે તથા પોતાનો સંગ્રહ વગર ખર્ચે અને સરળતાથી વધારી શકાશે.

એટલું ચોક્કસ માનવું કે અત્યારે સંગ્રહ કરેલી સામગ્રીમાંની કોઈક તો ૨૫–૩૦ વરસે ઘણી કીમતી થઈ પડે છે જોકે બધી કંઈ ખાસ કીમતી બની જતી નથી, પરંતુ તેમાંની થોડીક તો જરૂર અપ્રાપ્ય (rare) જેવી નીકળી આવે. જેમકે કેટલીકવાર અમુક ટૂંક મુદત માટે અમુક કીમતની ટિકિટોને બીજી કીમતમાં ફેરવી નાખવામાં આવે છે. હમણાં જ આપણે ત્યાંની પચીસ રૂપિયાવાળી ટિકિટની ઉપર એક રૂપિયો એમ છાપી તેને સરકારી કામ માટેની 'Service' ટિકિટ તરીકે વાપરવા કાઢેલી. તેવી ટિકિટો લોકોને બહુ જૂજ હાથ લાગેલી. પણ એના પર છાપેલા One Rupee અક્ષરોમાં કોઈ ટાઇપમાં E નું એકાદ પાંખડું તૂટી ગએલું નીકળે તો E ને બદલે F થતાં એવી ટિકિટ અપ્રાપ્ય ગણાય છે, અને એવીની કીમત ઘણી મોટી થઇ જાય છે! કોઈમાં Rs. હોય તેના બદલે ફક્ત Rs હોય ને પૂર્ણવિરામ કદાચ કોઈ કારણથી ઊડી ગયું તો તેની કીમત ૨૫–૫૦ ઘણી થઇ જાય! એવી એવી ઘણા દેશોની ભૂલવાળી ટિકિટો ઘણીવાર સાધારણ સંગ્રહ ધરાવનારના સંગ્રહમાંથી પણ મળી આવે છે અને તે એ વડે ન્યાલ થઇ જાય છે. એટલે આ શોખમાં એવું ઘણું જ્ઞાન મેળવવા સતત પ્રયાસ કરતા જ રહેવું જોઇએ. એમ કરતાં ધીમેધીમે કોઇ મોટા સંગ્રાહકના સંપર્કમાં આવી જવાય તો અવનવું જ્ઞાન મેળવવા ઉપરાંત તેની સાથેના બદલાથી પોતાને ઘણીઘણી નવીન જાતની ટિકિટો મળી શકે. ગુજરાત કાઠિયાવાડના તો ઘણા ભાઇઓ દુનિયાના વિધવિધ ભાગોમાં જઈ વસેલા છે અને એમની ટપાલ એમનાં સગાંસ્નેહીઓ ઉપર આપણા દેશમાં પુષ્કળ આવે છે દરેક ગામમાં એવા શૉખધરાવનાર ભાઇઓ હોય; અને પોતાના ગામમાં એવી ટિકિટો જો તેઓ મેળવવા મથે તથા સંગ્રહ કરે તેમજ બીજા ગામવાળા સાથે સંપર્ક રાખે તોપણ ઘણું કામ થઈ શકે. પોતાનો સંગ્રહ એ રીતે સમૃદ્ધ કરવા ઉપરાંત તે કોઇ મોટા સંગ્રાહકને પણ પોતા પાસેની વધારાની ટિકિટમાંથી પૂરી પાડી પોતે ઘણો ફાયદો ઉઠાવી શકે. ઘણી જગ્યાએ તો હાલ એવી ટિકિટોવાળાં કેટલાંયે કવરો અજ્ઞાનમાં ફેંકી દેવાય છે તેનો વ્યય થતો બચાવી તે પોતે મેળવી શકે તથા તેની ઉપયોગિતા સામાને સમજાવી શકે. ભવિષ્યમાં ૨૫-૫૦ વરસે તો એ સંગ્રહ બહુ જ કિંમતી થઇ પડે અને માણસ તેનો લાભ ઉઠાવી શકે અગર પોતાના વારસો માટે ફાયદો ઉઠાવવા જેવી મિલ્કત મૂકી જાય. પરદેશોમાં તો એવી મોટી કંપનીઓ છે જે આ ધંધામાંથી લાખો રૂપિયા કમાય છે.

આપણા ઘણા ભાઈઓ આફ્રિકામાં ઍબીસીનિયા, ઝંગબાર, બ્રિટિશ સોમાલીલૅન્ડ, એડન, કેન્યા વગેરે સ્થળે છે. વળી હાલ લડાઇને લીધે દરિયાઈ રસ્તે ટપાલનું જોખમ હોઇ ઘણીખરી ટપાલ એર-મેઈલથી આવે છે, અને એર-મેઇલનો ચાર્જ વધારે હોઈ તેના ઉપર એક શિલિંગ ઉપરની ટિકિટ ચોડવી જ જોઈએ છે. આ એક તક છે. આ શૉખ ધરાવનાર ભાઇઓને મારી સલાહ છે કે તેમણે એવી શિલિંગવાળી તથા તે ઉપરની કીમતની ટિકિટો જરૂર સાચવી રાખવી; તેમજ હિંદુસ્તાનની પણ બે રૂપિયાની ઉપરની કીમતની પણ સાચવી રાખવી. ટૂંકમાં હિંદુસ્તાન બહારની બધી કીમતની અને હિંદુસ્તાનની અગાઉની બધી કીમતની તથા ચાલુ બે રૂપિયા ઉપરની તો જરૂર ભેગી કરી રાખવી.

આવી પ્રાસંગિક તકો વિષે, તેમાંની વિશિષ્ટતાઓ વિષે તથા બીજાં વિવિધ વિશેષ જ્ઞાન વિષે વધુ હવે પછી. **હરિલાલ બૅંકર**

કસોટીના જવાબ



(૧) ૧૪ પશુ ૨૨ પંખી; (૨) ૨૦, ૪, ૬, ૭, ૧૭, ૫, ૧૬, ૩, (૩) ડાબી બાજુ બતાવેલી આકૃતિ મુજબ; (૪) ૧૬૦ એકર જમીન; (૫) ત્રાંબા અને જસતના મિશ્રણથી; (૬) ૪ પાનાં. (૭) એ બને જ નહિ; વિધવા તો મરેલા માણસની જ થાય ને?

ચન્દ્રલોકનાં માનવી (અનુસંધાન પાછળના પૃ. ૨૨૬થી)

ભાગી છૂટી જતાં પ્રોફેસરે બોલ્યે જ રાખ્યું: 'રૉસ, મને ખાતરી થઇ છે કે એ લોકો વિજ્ઞાનના ક્ષેત્રમાં આપણા કરતાં ખૂબ જ આગળ વધેલા છે. એમની પૃથ્વી પરની ઉપસ્થિતિ જ એ સાબિત કરે છે. ગુરુત્વાકર્ષણ પર તેમણે કાબૂ મેળવ્યો લાગે છે.'

'આ લોકોએ?' રૉસે ચીડમાં ને ચીડમાં ઉત્તર આપ્યો: 'આ મગતરાં જેવાં માનવીઓએ?'

'એ જ હું કહું છું ને! ચન્દ્ર તો આપણી પૃથ્વીના ચોથા ભાગ જેવડો છે. એને લઇને, પૃથ્વી પરની એમની હીલચાલ ચન્દ્ર પરની હીલચાલ કરતાં મુશ્કેલ બને છે; કારણ અહીં એમને ખુદ પોતાનું વજન ચારગણું લાગે છે. વળી ચન્દ્ર પરનું વાતાવરણ ખૂબ પાંખું છે. એના પ્રમાણમાં પૃથ્વી પરના ગીચ વાતાવરણનું દબાણ પણ એમની એક મુશ્કેલી જ બની રહે તેમ છે. તેમની દુઃસહ ગંધ, પોષણ માટે માનવરક્તનો તેમનો ઉપયોગ, આ બધી બાબતો મને તો પૃથ્વી પર તેમની વિરુદ્ધ જતી લાગે છે.'

'જુઓ પ્રોફેસર, એ બધું જ્ઞાન મારી પાસે પ્રદર્શિત કરવાની જરૂર નથી. મને તો બેરીલ—'

પોતાનો મુકામ નજીક આવતાં રૉસની વાત પૂરી સાંભળ્યા વિના જ પ્રોફેસરે તેને સાથે લઇને દોટ મૂકી. એકાએક ઊભરેલી તેમની આ ચપળતાનું કારણ રૉસ ન સમજી શક્યો. પરંતુ એક વાત તો એ સમજી શક્યો કે આજુબાજુની સઘળી વસતિ ઘરબાર ઉઘાડાં જ મૂકીને ક્યાંક અદૃશ્ય થઇ ગએલી. સામે નજર કરી તો એક ચાન્દ્ર માનવીનું શબ પડેલું જણાયું!

રૉસ એવા આશ્ચર્યપ્રેરક અનુભવોમાંથી પસાર થઈ રહ્યો હતો કે એમાંથી શો માર્ગ કાઢવો તે એને સૂઝતું નહોતું. ચાન્દ્ર માનવીઓના પ્રથમ દર્શન પછી તે ઉપરાઉપરી એવા તો ઝડપી પ્રસંગોમાંથી પસાર થતો રહ્યાં હતો કે સ્વસ્થ ચિત્તે કશો વિચાર કરવાની તેને ફુરસદ મળી નહોતી. બીજી બાજુ પ્રોફેસર પોતાની રીતે આ ઘટનાનું રહસ્ય પામવા મથી રહ્યા હતા. જ્ઞાત અને અજ્ઞાત વચ્ચે એમનું જ્ઞાન જાણે ઝોલાં ખાતું હતું.

પ્રયોગશાળાના બારણાં નજીક બંને પહોંચ્યા ત્યાં તો પ્રભાતના સૂર્યોદયને બદલે આકાશમાં એકાએક શ્યામતા છવાઇ ગઈ. પૃથ્વી આખીને બહેરી બનાવી દે એવા ગડગડાટો સંભળાવા લાગ્યા. અચાનક કોઈ અકલ્પ્ય આંધી ચડી હોય તેમ રૉસ જાણે જમીનથી અધ્ધર ઊંચકાયો. તેના હોશકોશ હજુ કાયમ હતા, પણ એકાએક એના માથામાં કશુંક ભટકાતાં એને તમ્મર આવી ગયાં અને બેભાન થઇ ગયો!

પોતાની આ મૂર્છામાંથી રૉસ જાગ્યો ત્યારે સભાનાવસ્થાનું પહેલું જ્ઞાન તેને ડાબા લમણામાં થતા કંઇક દર્દથી થયું. એનું આખું શરીર જાણે બહેરું બની ગયું હોય તેમ તેનું એકે અંગ ચાલી શકતું નહોતું. ભાનમાં આવતાં પહેલો જ વિચાર તેને બેરીલનો આવ્યો. અને એ સાથે જ ચાન્દ્ર માનવીઓ અને આગલી રાતના બધા અનુભવો તેની સ્મૃતિમાં તાજા થયા. અને પ્રોફેસર પ્રોથેરો હાર્ડી? રૉસે તેમને પોતાની માફક જ ઊંધે માથે અધ્ધર ઊડી નીકળેલા જોએલા એ તેને હવે યાદ આવ્યું.

પણ એ શાથી બન્યું? એ એક અકસ્માત હતો કે કોઇનું યોજનાપુરઃસરનું કૃત્ય હતું? ચાન્દ્ર માનવીઓનું એ કૃત્ય હશે? ખચિત એમ જ હોવું જોઇએ. પણ હવે પ્રોફેસરને ક્યાં શોધવા?

પરંતુ પ્રોફેસરને શોધવા પહેલાં તો પોતાના હોશ સંભાળવાના હતા. એણે પોતાનો હાથ ગોવડો વાળી જોયો. બહુ મુશ્કેલીએ પણ આખરે એ વળી શક્યો ખરો. 'ખેર, પેરૅલિસિસ (પક્ષાઘાત) જેવું તો નથી.' તેણે સંતોષનો એક દમ લીધો.

ધીમે રહીને તેણે એનું કારણ શોધી કાઢ્યું. તેનું આખું શરીર કોઈ પદાર્થથી જકડી લેવામાં આવ્યું હતું. આ વિચિત્ર બંધનથી તે ક્રોધ અનુભવવા લાગ્યો. પોતે કોઈ સ્થિતિસ્થાપક પદાર્થ હોય તેમ બહુ મુશ્કેલીએ તે પોતાનાં અંગ વાળી શકતો.

ચાન્દ્ર માનવીઓનાં જ્ઞાન અને શક્તિ હવે તેને ચકિત બનાવી રહ્યાં. ભૌતિક નજરે માત્ર અળસિયાં જેવાં એ પ્રાણીઓમાં આ કરામત ક્યાંથી આવી એ તે વિચારવા લાગ્યો.

એવામાં અચાનક કંઈક આસમાની વર્ણનો ચકચકિત પ્રકાશ દેખાયો. રૉસ પેલા ચાન્દ્ર માનવીઓની તોતીંગ ઈમારત નજીકમાં જ પડેલો હોઈને એ આખી રચના પ્રકાશથી ઝળહળાટ બની ગએલી તેણે જોઈ. તેની સાથે એ રચનાની અંદરથી કશો ખટખટાટ ધ્વનિ પણ સંભળાવા લાગ્યો.

રૉસ થોડી જ વારમાં તેનું કારણ સમજી ગયો. ચાન્દ્ર માનવીઓ ચન્દ્રલોક સાથે સંદેશો ચલાવી રહ્યા હતા. તેનાથી થોડા જ અંતર પર રહેલા ત્રણ ચાન્દ્ર માનવીઓ કશીક ઉત્તેજનાપૂર્ણ વાતચીત કરી રહ્યા હતા. એકનો આકાર દુબળા શરીર પર મોટી ખોપરીવાળા એકાદ વાનર જેવો હતો, અને એના હાથનાં આંગળાં ચામાચીડિયાંની પાંખની માફક જોડાએલાં હતાં. બીજાનો એકાદ બખ્તરધારી વંદા જેવો આકાર હતો, જ્યારે ત્રીજાનો આકાર પૃથ્વી પરના કોઇ પણ પ્રાણી કરતાં વિલક્ષણ હતો.

રૉસ ઝીણી આંખે એ ત્રણેને તાકી રહ્યો. દેખીતી રીતે જ એ ત્રણે ઉશ્કેરાએલા હતા. તેઓ એકાદ સંદેશ અથવા સંદેશવાહકની રાહ જોઇ રહ્યા હતા. ત્યાં પેલી રચનાને સામે કાંઠે કંઈક ઉતાવળમાં ચાન્દ્ર માનવીઓનો મોટો સમૂહ ફરતો દેખાયો. તેમનામાં સીસોટી જેવા ઘાંટાઘાટ સંભળાઈ રહી હતી. પેલા ત્રણે પણ સત્વર ત્યાં ચાલતા થયા. રૉસે નિરાંતનો એક દમ લીધો.

ત્યાં તો 'અરે રૉસ, તું ભાનમાં આવી ગયો કે?' એવો પ્રશ્નાર્થી અવાજ સંભળાયો. એ અવાજ પ્રોફેસર હાર્ડીનો જ હતો, એ કળતાં રૉસને વખત ન લાગ્યો. આ વખતે તો એ ચીડાઇ ઊઠ્યો ને બોલ્યો, 'જુઓ પ્રોફેસર, તમારે માટે મને ખૂબ માન છે, પણ આ તો અસહ્ય છે. આ બધું શું બની રહ્યું છે અને હજુ શું બનવાનું છે તેનો ખુલાસો મને જોઇએ છે.'

'કેદ!' પ્રોફેસર બોલ્યા, 'જે બન્યું છે તે એ. અને હવે જે બનવાનું છે તે....' તે જે રીતે અટકી ગયા તે એમના જવાબની અચોક્કસતા સૂચવતી હતી.

દરમિયાન રૉસ પોતા પરના બંધનના ગલેફમાંથી છૂટવાનો પ્રયાસ કરી રહ્યાં હતો. પ્રોફેસર પોતે પણ એ જ સ્થિતિમાં હતા એ જોઈને તેને કંઈક આશ્વાસન મળ્યું. પરંતુ એ આશ્વાસન થોડી જ વારમાં ભયજનક નીવડ્યું. જો બંને આ જ સ્થિતિમાં રહે તો એકબીજાને શી સહાય કરી શકે?

એવામાં પ્રોફેસરના આ શબ્દોએ રૉસના હૅટ વગરના માથા પરના વાળ ઊભા કરી દીધા કેઃ 'હું માનું માનું છું ત્યાં સુધી તો, રૉસ, આ લોકો આપણને તેમની સાથે ચન્દ્રલોકમાં લઈ જવાના હોય એમ લાગે છે.'

'શું? શું?' ભયથી બેબાકળા બનેલા રૉસે પ્રશ્ન કર્યો.

ચાન્દ્ર માનવીઓના અવાજ હવે ચોગરદમથી સંભળાઈ રહ્યા

હતા ધીમેધીમે એ અવાજોનું બળ વધતું જતું હતું. કશીક સંજ્ઞા થતાં આજુબાજુથી સઘળા એકઠા થઈ રહ્યા હોય તેમ લાગતું હતું. પેલી ખીણમાંના ધાતુના ચણતરનો ઘણઘણાટ પાછો ચાલુ થયો હતો.

'રૉસ, આપણો અનુભવ જેવોતેવો ન હતો. મને તો મારો પગ ઊતરી ગએલો લાગે છે.' ઘસડાઈને રૉસની વધુ નજીક આવવાનો પ્રયત્ન કરતાં પ્રોફેસર બોલ્યા.

'આહ ! એ શાથી ?' રૉસે પ્રશ્ન કર્યો.

'સોલિયમને લઈને.'

રૉસને તરત યાદ આવ્યું કે પોતાની શકવર્તી શોધને અંગે પ્રોફેસરે આપેલી મુલાકાતમાં વારંવાર 'સોલિયમ' શબ્દનો તેમણે ઉપયોગ કર્યો હતો. શક્તિના ઉત્પાદન અને ઉપયોગની ક્રાન્તિકર શોધ એના વડે શક્ય બને તેમ હતી. પ્રોફેસરની પ્રયોગશાળામાં કાચના એક ગોળાની અંદર નારંગી રંગની અદ્ધર લટકતી જ્વાળા રૂપે તેમણે એ પદાર્થ જોયો હતો. એ વખતે તેને એનું મહત્ત્વ નહોતું સમજાયું, પણ હવે તેનો કંઈક ખ્યાલ આવતો હતો.

'તમારી શોધ ?–' રૉસ વધુ સ્પષ્ટતા માગતો હતો. પ્રોફેસરે તેને ઉત્તર આપ્યો:

'તેઓ પ્રયોગશાળામાં ઘૂસેલા. ત્યાંના સઘળા યંત્રકામને એ કદાચ નહિ સમજ્યા હોય—જોકે હું ધારું છું ત્યાં સુધી તો મારા કરતાં તેઓ વધુ સમજણ ધરાવે છે. આપણે પ્રયોગશાળા પર પહોંચ્યા ત્યારે એમનામાંનો એક જણ સોલિયમની સીલ કરેલી બરણી પાસેજ ઊભો હતો. એનું પરિણામ શું આવશે તે હું જાણતો હતો. પ્રથમ ગરમ કર્યા સિવાય હવા સાથેનો એનો સહેજ પણ સંપર્ક ખતરનાક નીવડે છે. એનું બળ અકલ્પ્ય હોય છે. મારો વિચાર એ હતો કે આપણે પહેલાં એ બરણી કબજે કરીએ—'

એ સાથે જ ચાન્દ્ર માનવીઓનો ચોંચાટ વધી પડતાં રૉસ એ પછીના કેટલાક શબ્દો ન સાંભળી શક્યો, પણ એના અનુસંધાનમાં એ પછીના પ્રોફેસરના આ શબ્દો તેનાથી બરાબર સંભળાતા હતા:

'હું કશો પ્રતિકાર કરી શકું તે પહેલાં તો એ લોકોએ મને જકડી લીધો. હું મારા ભાંગેલા પગે કશું વિરોધ કરી શકું એમ પણ ન હતું. અને સોલિયમ હાથથી ગયા પછી કશું કરવાનો અર્થ પણ ન હતો. તારા માટે પણ તેઓ ખાંખાખોળ ચલાવતા હોવા પરથી મને લાગ્યું કે તેઓ આપણને બંનેને મહત્ત્વના માણસો માને છે. હું જે જોઇ શક્યો છું તે પરથી લાગે છે કે તેઓ પૃથ્વી પર કશીક શોધસફરે આવ્યા છે. અહીંની વનસ્પતિ ને માનવ પ્રાણીઓના નમૂના તેઓ એકઠા કરે છે, અને કદાચ આપણને બંનેને પણ નમૂના તરીકે લઈ જાય.'

'પણ—' પ્રોફેસરે આગળ ચલાવ્યું એમના ચહેરા પર ખાસ ચિંતા જણાતી નહોતી. 'પૃથ્વીનું વાતાવરણ તેમનાં ચાન્દ્ર શરીરોને પ્રતિકૂળ નીવડ્યું હોય તેમ લાગે છે. તું જરાક ડાબે પડખે થઇને પાછું જો તો—'

રૉસે તેમ કરીને જોયું તો બે ચાન્દ્ર માનવીઓ મહામુશીબતે એક ટેકરી પર ચડી શકતાં હોય તેમ લાગ્યું. તેમનો શ્વાસ ઘૂંટાતો હોય તેમ લાગ્યો. તેમનાં અંગ ખેંચાતાં હતાં. એવામાં ત્રીજો એક ચાન્દ્ર માનવી ત્યાં આવી પહોંચ્યો. એનો ચહેરો અપાર્થિવ હતો. એના ચોરસ મસ્તક પર ફાફડા જેવા જબરા કાન હતા અને એના ભાવશૂન્ય ચહેરા પર બે દંતૂશળ આગળ તરી આવતા હતા. એણે આવીને પેલા બેને માત્ર હાથ જ અડકાડ્યો અને એમનાં શરીર ભડકે બળવા માંડીને ભસ્મ થઈ ગયાં !

'ટૉમસ મૅકડૂગલનું પણ આમ જ આવી બન્યું હશે.' પ્રોફેસર બબડ્યા.

રૉસ એ વખતે પોતાના બંધનમાંથી છૂટવાનાં તરફડિયાંમાં પ્રોફેસર તરફ પીઠ કરી પડ્યો હતો. થોડેક દૂર એણે કશો ચકચકાટ જોયો. લંબાઇને હાથમાં લેતાં તેને એ ચપ્પુ લાગ્યું. કોઇક ગામડિયાનું પડી ગએલું એ ચપ્પુ અત્યારે તેને આશીર્વાદરૂપ થઈ પડ્યું. એણે એ સેરવી લીધું. ત્યાં તો કોઇક આવતું હોવાનો આભાસ થતાં તે ઊંધો થઇ શાંત પડ્યો રહ્યો.

આવનાર ચાન્દ્ર માનવીએ તેને તપાસવા માંડ્યો. તેનો જાળીદાર પંજો રૉસના શરીર પર ફરવા લાગ્યો. રૉસ ચપ્પુને પેટ નીચે સંતાડીને આંખો મીંચી બેભાન જેમ પડ્યો રહ્યો હતો.

ચાન્દ્ર માનવી સંતોષ પામીને ગયો તેવી જ પ્રોફેસરની જીભ ઊપડી: 'રૉસ આપણને પૃથ્વી પરના કોઈ પણ મનુષ્ય કરતાં મહાન તક મળી છે. મફતમાં ચન્દ્રલોકની મુસાફરી થશે !'

'અરે જહન્નમમાં ગઇ એવી મુસાફરી ! હું તો આમાંથી છૂટવા માગું છું. મેં ચપ્પુ શોધી કાઢ્યું છે.'

ધીમે ધીમે એ ચપ્પુ વડે પોતાના શરીર પરનું સ્થિતિસ્થાપક બંધન એણે ચીરવા માંડ્યું. બહુ મુશ્કેલીએ પણ આખરે એ તેમાં સફળ થયો. પણ છુટકારાનો દમ ખેંચે તે પહેલાં તો કેટલાક ચાન્દ્ર માનવીઓ આવી પહોંચ્યા. એમાંના કેટલાક પ્રોફેસરને લઇને નાઠા, અને બીજા રૉસને ઉઠાવી જવાનો પ્રયત્ન કરવા લાગ્યા. પણ રૉસ હવે બંધનમુક્ત હોવા ઉપરાંત શસ્ત્રસજ્જ પણ હતો. એણે તો ભચ્ચાભચ્ચ ચપ્પુ ચલાવવા માંડ્યું. કેટલાક ઘાયલ થઈ ત્યાં જ ઢળી પડ્યા અને બાકીના નાઠા. રૉસે તેમની પીઠ પકડી.

ચાન્દ્ર માનવીઓ પેલા ધાતુના ચણતર પ્રતિ નાસ્યે જતા હતા. એ ચણતર હવે બીડાતું જતું હોય એમ લાગતું હતું. ધાતુનાં પાંસળાંના બનેલા એના ઉતરાણ સ્થાન પર ટોળે વળેલાં ચાન્દ્ર માનવીઓ એ ચણતરમાં ગરક થવાની તૈયારીમાં હતા. એમના હાથમાં પ્રોફેસર હાર્ડી હતા !

'હાર્ડી–હાર્ડી–હું આવું છું.' રૉસે દૂરથી બૂમ પાડી.

પરંતુ એ પહોંચે ત્યાર પહેલાં તો પ્રોફેસર હાર્ડીને ઉપાડીને ત્યાં જઇ પહોંચેલા ચાન્દ્ર માનવીઓ અને ત્યાં ઊભેલાઓ એક સાથે અંદર ગરક થઇ ગયા ! એક જણ ત્યાં ઊભો રહ્યો અને પોતાનો જાળીદાર હાથ એણે નજીક આવ્યે જતા રૉસ તરફ લંબાવ્યો. એમાંથી ભુરાશપડતા સફેદ રંગનો પ્રકાશ છૂટ્યો અને આસપાસનાં ઝાડવાં સળગી ઊઠ્યાં. રૉસ એ ભયને લઈને પાછાં પગલાં ભરતો ત્યાંથી આંખે હાથ દઇને નાઠો. આજુબાજુનાં બધાં ઝાડવાંમાં આગ ફેલાતી હતી !

રૉસે જોયું કે એના પાછા નાસવા સાથે પવન પણ ખૂબ જોરમાં ફાટી નીકળ્યો હતો. ઝાડનાં ડાંખળાંમાં અને પત્થરોનાં પોલાણમાં તેના સિસકારા બોલી રહ્યા હતા. હવે તો રૉસના પગ પણ સ્થિર રહી શકતા નહોતા. તે ઊછળીને ઝાડના એક થડ સાથે અફળાયો અને તેને બાઝી પડ્યો.

'ઝંઝાવાત–ઝંઝાવાત !' એ બોલી ઊઠ્યો.

થોડીવારે એ ઝંઝાવાત શમતાં એણે પાછી પેલી જ દિશામાં દોટ મૂકી. એને લાગ્યું કે પ્રોફેસરને તેના નસીબ પર છોડી દઈને પોતે કાયર નીવડ્યો હતો. એના ચિત્તમાં ભયને બદલે હવે એ જ ચિંતા રહી કે ચાન્દ્ર માનવીઓ પ્રોફેસરનું અપહરણ કરી જાય છે, એટલું જ નહિ પણ પૃથ્વી પર શોધાએલું એક અભૂતપૂર્વ રહસ્ય પણ એ સાથે ગુમ થાય છે.

આગ અને ધુમાડાથી આગળનો માર્ગ રૂંધાઈ ગયો. પણ પવ-

નના એક ઝપાટાએ વચ્ચે કેડી પાડી આપતાં રૉસે જોયું કે પેલું ધાતુનું ચણતર તો અદૃશ્ય થઈ ગયું હતું !

રૉસ ત્યાંથી નાઠો,—એકાદ પાગલ માફક.

ધુમાડાથી કાળા પડી ગએલા, કયાંક દાઝેલા અને ઉઝરડાએલા દેહ સાથે રૉસને દોડી રહેલો જોઈ ત્યાંથી પસાર થતી એક મૉટર ઊભી રહી. મૉટરમાંની વ્યક્તિએ તેને સવાલ કર્યો, 'મિલમાંથી નાસી આવે છે કે શું ?'

'મિલમાંથી ? અરે હું તો ચન્દ્ર પરથી ઊતરી આવેલા આદમીઓનો શિકાર કરું છું.' હીસ્ટીરિયામાં પડેલી વ્યક્તિ માફક રૉસે તીણે સાદે જવાબ આપ્યો.

'ચન્દ્રનું શું ?'

'અરે, ચન્દ્રલોકનાં માનવી ! એ ફરી પણ ન ઊતરી પડે તે માટે આપણે સાવધ રહેવું જોઇશે.' આટલું બોલતાં રૉસ થાક અને શ્રમથી ત્યાં ફસડાઈ પડયો. પેલી વ્યક્તિએ તેને મૉટરમાં નાખી લીધો.

રૉસે આંખ ઉઘાડી ત્યારે પોતાને એક વિશાળ ખંડમાં પથારીમાં પડેલો જોયો. નર્સના યુનિફૉર્મમાં એક સ્ત્રી તેની સુશ્રૂષા કરી રહી હતી. એ ઉપરાંત એક દાઢીવાળો આદમી ત્યાં બેઠો હતો. રૉસ બેઠો થઈ કંઇક બોલવા જતો હતો ત્યાં તો એ દાઢીવાળા આદમીએ એને પાછો પથારીમાં ધકેલી દીધો.

'તમે દાક્તર છો ?' રૉસે પથારીમાં પડ્યેપડ્યે જ સવાલ કર્યો.

'હા.' તેને ટૂંકો જવાબ મળ્યો.

'મને શા માટે અહીં લાવવામાં આવ્યો છે ?'

'મગજના તાવને કારણે. પરંતુ હવે મારા હાથ નીચે ચિંતાનું કંઈ કારણ નથી. નિરર્થક ઉસ્કેરાટ ન કરશો.'

રૉસે સીલિંગ પર પોતાની નજર ઠેરવી. તે પોતે ખૂબ અશક્ત બની ગયો હોય એમ લાગતું હતું, પરંતુ એના ચિત્તમાં તો સીનેમેટોગ્રાફની માફક ચાન્દ્ર માનવીઓની દૃશ્યપરંપરા જ રમી રહી હતી.

'જુઓ, હું એક વાત જાણવા માગું છું. અહીં કોઇ ચાન્દ્ર માનવી કોઇની નજરે પડયાં છે ?'

દાક્તરે પોતાનો હાથ રૉસના કપાળે મૂકયો. નર્સ પણ એટલી વારમાં હાથમાં એક પ્યાલા સાથે આવી લાગી હતી. 'આ પી જાઓ, એટલે કંઈક સ્વસ્થતા આવશે.'

'દાક્તરે તેને એ પ્યાલો પાઈ દીધો ને રૉસની આંખો ઘેરાવા લાગી.

એ જાગ્યો ત્યારે રાત પડી ગઇ હતી. બારી પર પડેલા પડદા અને સળગેલા દીવા તેની ખાતરી કરાવતા હતા. બારી બહાર ટ્રેનનો ધણધણાટ સંભળાતો હતો. એના એન્જિનની સીટીએ જ કદાચ રૉસને જાગૃતિમાં આણ્યો હતો.

તદ્દન શાંતરીતે પડ્યા રહી સીલિંગ સામે તાક્યા કરતા રૉસના ચિત્તમાં ચાન્દ્ર માનવીઓની ઘટના પ્રસંગવાર સ્પષ્ટ બન્યે જતી હતી. એક વાત તો સ્પષ્ટ જ હતી. તેઓ પૃથ્વી પર આવીને પાછા ઊપડી ગયા હતા અને સાથે પ્રોફેસર હાર્ટીને લેતા ગયા હતા.

દાક્તરે જણાવ્યું કે સામુદાયિક હડતાલનો ત્રણ અઠવાડિયાં પર અંત આવ્યો હતો. એણે ગણતરી કરવા માંડી, કે 'તો પછી પ્રોફેસરને ચન્દ્રલોકમાં પહોંચ્યે પખવાડિયું થયું હશે. પણ ધારો કે તેઓ ચન્દ્રલોકમાં ન પહોંચી શકયા અને એમનું અંતરીક્ષયાન અવકાશમાં જ કયાંક આડમાર્ગે ફંટાઇ ગયું તો?' ત્યાં પાછો તેને બીજો વિચાર આવ્યો: 'પ્રોફેસરની ફિકર મારે શા માટે કરવી જોઇએ? એ પોતે પોતાની સંભાળ લઇ શકે તેમ છે. એનું રહસ્ય એની સાથે જ ગયું છે. એ રહસ્યપ્રાપ્તિ વિના અત્યાર સુધી દુનિયાએ કશું ગુમાવ્યું નહોતું, તો હવે એને કઈ મોટી ખોટ જવાની છે ?'

'પણ–પણ મારી બેરીલ !' ઓચિંતી એને બેરીલની યાદ આવી. અને—બેરીલ થોડી વારમાં એની સમક્ષ આવી પણ પહોંચી !

'હું—હું ખરેખર દીવાનો બની ગયો છું.' આ અકલ્પિત દૃશ્ય જોઇ તે બોલી ઊઠયો.

'અરે નહિ નહિ; હું તો તારી સુશ્રૂષામાં જ છું. પણ બકેલ. હવે ચન્દ્રલોકની ને ત્યાંના માનવીઓની ગાંડીગાંડી વાતો ના કરીશ, નહિતર વળી બીમારી વધી જશે.'

'ના બેરીલ, એ ગાંડી વાતો નથી. તું જ કહેને, તું શા માટે ચાલી ગએલી ?'

'એકલાં મને ભય લાગ્યો. બધા એવી ગાંડીગાંડી વાતો કરતા હતા. પણ એ લોકો તો ઘણાખરા દારૂડિયા હતા. એ બધી આપત્તિ ધરતીકંપને આભારી હતી. ઓ મા ! કેવો સખ્ત ધરતીકંપ ! મારે તને એકલો મૂકવો જોઇતો નહોતો—એ પ્રોફેસરને ભરોસે. પણ તને પ્રાણઘાતક અકસ્માત થયો હોવાનું સાંભળીને હું જેમ ત્યારે અહીં આવી પહોંચી.'

'તો પછી પ્રોફેસરનું શું ?'

'છાપાં તો કહે છે કે એ પોતાની શોધ પર અખતરા કરતાં જ પ્રયોગમાં કશીક ભૂલને લઇને ઊડી ગયા !'

'એમની શોધ ? લોકોને એની કયાંથી ખબર ?'

'કેમ ? તેં તારા પત્ર પર તાર મોકલેલો ને ? હડતાલ બંધ થતાં વેંત તેણે એ સમાચારો ફેલાવી દીધેલા, અને પછી પ્રોફેસરની તપાસ કરતાં ઉપરનું પરિણામ જણાયું.'

પ્રોફેસર પ્રોથેરો હાર્ટીના અવસાન વિષે જગત જાણે છે તે માત્ર આટલું જ, કે આજ સુધી અજ્ઞાત રહેલા કોઈ પદાર્થ પાછળની શોધે પ્રોફેસરનો અંત આણ્યો હતો.

રૉસને લાગ્યું કે જગતને માત્ર એટલું જ જાણવા દેવામાં ડહાપણ હતું; કારણ અશ્રદ્ધાળુ જગતમાં પોતાની વાતમાં શ્રદ્ધા ધરાવનાર કોઇ મળી આવે એ રૉસને અશકય લાગતું હતું. **અશોક હર્ષ**

પંચતંત્રની વાર્તાઓ

(અનુસંધાન આગળ પાન ૨૫૨થી) તે ફરતું હતું ત્યાં તેને અમૃત જેવું ફળ તરંગ ભેળું કાંઠે આવેલું મળ્યું. તે ખાતાં ખાતાં એણે કહ્યું: 'સાગરકલ્લોલે આણેલાં મધુરાં ફળ મેં બહુ ખાધાં, પણ આનો સ્વાદ અપૂર્વ છે. તે પારિજાતનું ફળ હશે કે હરિચન્દનનું કે કોણ જાણે.' તે સાંભળીને બીજું મુખ બોલ્યું, 'એમ છે તો મને ય થોડુંક દે;' એટલે હસીને પહેલું મુખ કહે, 'આપણે પેટ તો એક જ છે. તૃપ્તિ પણ એક જ થાય છે, એટલે નોખું નોખું શું કામ ખાવું પડે ? એના કરતાં વધ્યું છે તે પ્રિયાને આપું.' એમ કરીને એણે ભારંડીને શેષ આપી. તે દિવસથી ગાંડીને બીજું મુખ ઉદાસ થઈ ગયું, ને એક દિવસ એને વિષફળ મળ્યું, તે જોઈ એણે કહ્યું, 'હે પુરુષાધમ, મને વિષફળ મળ્યું છે તે તેં મારું અપમાન કર્યું છે એટલે હું ખાઉં છું.' પહેલું મુખ કહે; 'મૂર્ખ, એમ કર મા. કરીશ તો બેયનો નાશ છે.' તો પણ અપમાનના કારણથી [illegible] ફળ ખાધું, અને બેય મરી ગયાં. એટલે કહું છું 'અહંકાર પુરુષનાશક' ઇતિ.

દેસાઈ વાલજી ગોવિંદજી

[પંચતંત્ર સમાપ્ત]

પંચતંત્રની વાર્તાઓ

કથા ૧૧

'પૂછતો તું રહે નિત્ય પૂછતા નર પંડિત ।
રાક્ષસેન્દ્રે હતો ઝાલ્યો પ્રશ્નથી દ્વિજ છૂટિયો'॥

એક વનમાં ચંડકર્મા નામે રાક્ષસ રહેતો હતો. એકદાણ અટવીમાં ભમતાં એક બ્રાહ્મણ એને મળ્યો, તેની ખાંધે ચડીને રાક્ષસ કહે, 'ચાલ આગળ.' બ્રાહ્મણ ડરનો માર્યો એને ઊપાડીને ચાલ્યો, તથા એના કમલોદરકોમલ પગ જોઈને પૂછ્યું, 'તારા પગ આવા કોમળ કેમ છે?' રાક્ષસ કહે, 'હું વ્રતચારી છું. ભીને પગે ભોંયનો સ્પર્શ કરતો નથી.' થોડેક ગયા ત્યાં તળાવ આવ્યું, એટલે રાક્ષસ કહે, 'હું સ્નાન ને દેવસેવા કરીને આવું ત્યાં લગી તારે અહિંથી ખસવું નહિ.' બ્રાહ્મણે વિચાર કર્યો: 'દેવસેવા પછી આ મને ખાશે, એટલે ઝટ ભાગું, જેથી ભીને પગે એ મારી પાછળ નહિ આવે.' એમ કરીને એ ભાગ્યો, પણ વ્રતભંગની બીકે રાક્ષસ એની વાંસે ન લાગ્યો. એટલે કહું છું 'પૂછતો તું રહે નિત્ય' ઇતિ.

કથા ૧૨

રાંકકેરો ભલે માર્ગે સાથ છે ક્ષેમકારક ।
હતો કરચલો ભેળો જીવ એણે બચાવિયો ॥

એક સ્થાને બ્રહ્મદત્ત નામે બ્રાહ્મણ રહેતો હતો. પ્રયોજનવશાત્ એને પરગામ જવાનું થયું, ત્યાં મા કહે 'દીકરા, એકલો કેમ જાય છે ? એટલે સથવારો ગોત.' તે બોલ્યો, 'મા, તું ચિન્તા કરવી રહેવા દે. મારગમાં ઉપદ્રવ કોઈ જાતનો નથી, એટલે એકલો જ જાઉં.' પુત્રનો એવો નિશ્ચય જાણીને મા પાસેની વાવ આગળથી કરચલો લઇ આવી ને કહ્યું, 'વત્સ, અવશ્ય જવું જ છે તો આ કરચલાને ભેળો લઈ જા.' માતાના વચનથી કરચલાને કપૂરની ડાબલીમાં લઈને એ નીકળ્યો. વચ્ચે તાપ બહુ હતો એટલે ઝાડ નીચે સૂતો, ત્યાં ઝાડની બખોલમાંથી નીકળીને સર્પ એની પાસે આવ્યો. સર્પને કપૂરની સુગન્ધ પ્રિય હોય છે, એટલે બ્રાહ્મણને મૂકી, વસ્ત્ર ફાડી તેમાં રહેલી કપૂરની ડાબલી એ ખાવા મંડ્યો, ત્યાં ડાબલીમાં રહેલા કરચલાએ એને મારી નાખ્યો. બ્રાહ્મણ જાગીને જુએ છે તો કાળો નાગ પોતાને પડખે પડ્યો હતો. કરચલાએ એને માર્યો જાણીને તે બોલ્યો, 'મારી માએ સાચું કહ્યું કે સથવારો કરવા કોકને લેવો, એકલા જવું નહિ. શ્રદ્ધાપૂર્વક મેં એનું કહ્યું કર્યું તો કરચલાએ સર્પથી મારી રક્ષા કરી.' એટલે કહું છું 'રાંકકેરો ભલે માર્ગે' ઇતિ.

કથા ૧૩

એકોદર પૃથગ્ગ્રીવ અન્યોન્યફલભક્ષક ।
કુસંપીલા મરે છે જો જેમ ભારંડ પક્ષીઓ ॥

એક સરોવરમાં ભારંડ નામે પક્ષી રહેતું હતું, તેને પેટ એક હતું, પણ ડોકાં બે હતાં. સમુદ્રતીરે (અનુસંધાન પાછળ પાન ૨૫ મે)



એ વિષફળ ખાવાને બીજું મુખ તૈયાર થએલું જોઈ પહેલું મુખ કહે, 'ભાઈ એમ કરીશ મા; નહિ તો આપણ બેયનો નાશ છે.'

મહાન વૈજ્ઞાનિક અને રસાયણશાસ્ત્રી, શરીરશાસ્ત્રી અને માનસશાસ્ત્રી, આરોગ્યશાસ્ત્રી અને સમાજસ્વસ્થ્ય-શાસ્ત્રી, ભાષાશાસ્ત્રી અને સાહિત્યસેવક, ચિકિત્સક અને ચિંતક

ડૉ. સૅમ્યુઅલ હાનેમાન

(અનુસંધાન પૃ. ૨૩૨થી ચાલુ) પેદા કરે, તે જ પ્રકારનાં રોગ-લક્ષણોના સમૂહને, તે જ દવાની નાની માત્રા માંદા માણસના શરીરમાંથી મટાડી માંદાને સાજો કરી શકે.'

સફરજનને પડતું તો સૌકોઇ જુએ છે, પણ એમાંથી ગુરુત્વાકર્ષણનો નિયમ તો ન્યૂટનને જ જડ્યો. ક્વિનાઇન સૌકોઇ ખાય છે, પણ એમાંથી હોમીઓપથી સામ્યોપચારનો આ નિયમ તો હાનેમાનની જ પ્રતિભા શોધી શકી.

પણ આ નિયમ એકલા હાનેમાને જ શોધી કાઢ્યો છે એમ કહેવું એ એની અગાઉના ચિકિત્સકોને અન્યાય કરવા જેવું થાય. વિજ્ઞાનનાં બીજાં ક્ષેત્રો પેઠે વૈદકમાં પણ દરેક પ્રતિભાશાળી ચિકિત્સકનું જીવનકાર્ય પોતાના પૂર્વાચાર્યોએ રચેલી ભૂમિકા ઉપર જ થયું છે.

'समः समं प्रशमयति' એ આર્ય વૈદકનું સૂત્ર હોમિયોપૅથિક નિયમનું દ્યોતક છે. 'Likes are cured by like' એ સિદ્ધાંત હાનેમાનની પહેલાં હીપોક્રેટીસ અને પારાસેલ્સે પણ રજૂ કર્યો હતો; તેમજ ઔષધના ગુણદોષ શોધી કાઢવાની સાચી રીત, એ ઔષધ નીરોગી માણસને ખવડાવવું તે છે, એ સિદ્ધાંત હાનેમાનની પહેલાં સ્વિટ્ઝર્લૅન્ડના ડૉ. ફૉન હેલરે પણ રજૂ કર્યો હતો.

આમ હોવા છતાં યે એ નિયમની પાછળ પોતાનું આખું જીવન હોમી દઇ, એના બીજમાંથી નૂતન ચિકિત્સાશાસ્ત્રનું આખું યે વટવૃક્ષ ઉછેરવાનો યશ તો હાનેમાનને જ ફાળે જાય છે. એટલા માટે જ હાનેમાન સામ્યોપચારના નિયમનો શોધક મનાય છે.

ક્વિનાઇનના અનુભવથી ઉત્સાહિત થઇને હાનેમાને પોતાના તેમજ મિત્રો અને સ્નેહીસંબંધીઓનાં શરીર ઉપર એક પછી એક એ રીતે ૬૦ ઔષધોના પ્રયોગો કર્યા, અને દરેક ઔષધથી ઉત્પન્ન થતાં લક્ષણોની ઝીણવટભરી, ચોક્કસ તથા વિગતવાર નોંધો લઈ લીધી. આ ઉપરાંત પ્રાચીન વૈદકીય ગ્રંથોમાં શોધખોળ કરીને આપઘાત માટે કરાએલા, તેમજ અકસ્માત કે ઇરાદાપૂર્વક થએલા વિષપ્રયોગોને પરિણામે ઉત્પન્ન થએલાં લક્ષણોની નોંધો તેણે ભેગી કરી અને એને પોતાના અનુભવો સાથે સરખાવી.

આ પછી એણે ફરી પાછી પોતાની વૈદકીય પ્રૅક્ટિસ શરૂ કરી. હવે પોતાની પાસે જે જે દર્દીઓ આવે તેમના રોગનાં લક્ષણોની નોંધ લઇ તેમને એ લક્ષણોને અનુરૂપ દવાઓ તેણે આપવા માંડી, અને આ પ્રકારની પ્રૅક્ટિસથી લોકોએ નહિ ધારેલાં અને નહિ કલ્પેલાં એવાં અદ્ભુત પરિણામો મળવા માંડ્યાં. શરૂઆતમાં તો તે એના જમાનામાં દવાઓની જે સ્વાભાવિક ચાલુ માત્રા મનાતી તે પ્રમાણે પોતાના દર્દીઓને દવા આપતો. પણ એનાથી દર્દીઓ પુષ્કળ પીડાતા. એટલે એણે માત્રાનું પ્રમાણ ઘટાડવા માંડ્યું. એણે જોયું કે ૪૦ ગ્રેન દવાથી જે કાર્ય સિદ્ધ થાય છે તેનું તે જ કાર્ય ૧ ગ્રેન દવાથી ઘણા ઓછા નુકસાન સાથે સિદ્ધ થઈ શકે છે. અને જેમજેમ સમય જવા માંડ્યો તેમતેમ અનુભવથી એને આ માત્રા પણ ઘણી મોટી લાગી. એટલે ઔષધોના વિભાગીકરણ માટે એણે શતાંશ પદ્ધતિ યોજી. આ પદ્ધતિ મુજબ પ્રવાહી ઔષધનું એક ટીપું લઇ તેને ૯૯ ટીપાં પાણી કે આલ્કૉહૉલ સાથે મેળવવામાં આવતું, એટલે એ ૧ શક્તિમત્તાનું ઔષધ થયું. આ દવાને ખૂબ હલાવી નાખી, એમાંથી પાછું એક જ ટીપું લઈ, બીજાં ૯૯ ટીપાં આલ્કૉહૉલ સાથે મેળવવાથી ૨ શક્તિમત્તાનું ઔષધ તૈયાર થતું. આ ઔષધમાં મૂળ ઔષધનો ૧૦૦૦૦મો ભાગ રહેતો. આ રીતે આગળ ને આગળ વિભાગીકરણ ચાલતું.

હાનેમાને પોતાના અનુભવમાં અજાયબી સાથે જોયું કે આવી રીતે વિભાગીકરણ કરવાથી ઔષધની રોગનિવારક શક્તિ ઘટતી નથી, પણ ઉલટી વધતી જાય છે! એટલે આ પ્રક્રિયાથી પરિણમતી સૂક્ષ્મ માત્રાને એણે 'પોટેન્સી' (શક્તિમત્તા) એવું ગૌરવયુક્ત નામ આપ્યું. કોલસો, ચાક અને રેતી જેવા જડ ખનીજ પદાર્થોના વિભાગીકરણ માટે મૂળ પદાર્થનો એક અંશ લઈ એને ખૂબ વાટીઘૂંટીને એકાકાર કર્યા પછી, એમાંથી પાછો ૧ ભાગ લઇ ૯૯ ભાગ ખાંડ સાથે મેળવવામાં આવતો. એને પરિણામે આ નવીન ચિકિત્સાપદ્ધતિની સઘળી દવાઓ મીઠી, સફેદ અને દુર્ગંધરહિત બની.

જૂની વૈદકીય પદ્ધતિ જીવનશક્તિની વિરુદ્ધ દિશામાં કાર્ય કરતી હોવાથી હાનેમાને એને ઍલોપથી એવા નામથી ઓળખાવી; જ્યારે પોતાની પદ્ધતિ રોગલક્ષણોને અનુરૂપ ઔષધ આપી જીવનશક્તિના મટાડકાર્યમાં મદદ કરતી હોવાથી એને એણે હોમિયોપથી અથવા સામ્યોપચાર એવું નામ આપ્યું.

આ રીતના છ વર્ષના સતત અભ્યાસ, અનુભવ, પ્રયોગો અને ચિંતન બાદ એણે પોતાને જડેલું નવીન વૈદકશાસ્ત્ર જગતના કલ્યાણ અર્થે જાહેરમાં મૂકવાનું નક્કી કર્યું. એણે એ જમાનાના સુવિખ્યાત જર્મન વૈદકીય પત્ર 'હુફલૅન્ડસ જર્નલ'માં ઇ.સ. ૧૭૯૬માં 'દવાઓની રોગનિવારક શક્તિઓ નક્કી કરનાર એક નવીન સિદ્ધાંત' એ નામનો નિબંધ પ્રગટ કર્યો.

આ નિબંધ એટલે હોમિયોપથીનો જન્મ.

હોમિયોપથીની પ્રગતિ

શરૂઆતમાં તો હાનેમાનના સિદ્ધાંતને એના જમાનાની દાક્તરી દુનિયાએ હસી કાઢ્યો. એમણે એને એક વાહિયાત વૈદકીય પરપોટા તરીકે વર્ણવ્યો અને ટૂંક વખતમાં એ પરપોટો ફૂટી જશે એવી આગાહીઓ હિંમતપૂર્વક કરવા માંડી. પણ જેમજેમ સમય જતો ગયો તેમતેમ એ સિદ્ધ થતું ગયું કે જેને તે પરપોટો માનતા હતા, તે તો પારસમણિ હતો. દર્દીઓનાં જે દર્દો ભલભલા દાક્તરોએ અસાધ્ય જાહેર કર્યાં હતાં, તે દર્દો હાનેમાનની પદ્ધતિની સરળતાથી સુખપૂર્વક અને અણધારી ઝડપથી સારાં થવા લાગ્યાં. હાનેમાનની આ પ્રકારની અભૂતપૂર્વ સફળતા જોઇ દાક્તરો અને કેમિસ્ટો ક્રોધ, ઇર્ષ્યા અને વેરઝેરથી સળગી ઊઠ્યા, અને એમણે એને જેટલી રીતે પજવી શકાય તેટલી રીતે પજવવા માંડ્યો.

હાનેમાનની પ્રૅક્ટિસ હવે ઝડપથી વધતી જતી હતી. પોતાના જમાનાની જંગલી, ઘાતકી ને રાક્ષસી સારવારની પદ્ધતિઓ ઉપર એ પોતાનાં લખાણોમાં નિર્દય પ્રહારો કર્યે જતો હતો. એને સીધીરીતે જવાબ આપવાને અશક્ત એવા દ્વેષીલા દાક્તરો એને કનડવામાં કાંઇ બાકી રાખતા ન હતા. એના એ નવા સિદ્ધાંત મુજબની દવાઓ તૈયાર કરી આપવા કોઈ કેમિસ્ટ તૈયાર થતો નહોતો, કેમકે આવી સાદી ને સરળ દવાઓમાંથી એમને અઢળક નફો મળે એ અશક્ય હતું.

દાક્તરો એમ શીખેલા કે પ્રિસ્ક્રિપ્શનમાં જેમ વધુ દવાઓ

પંચતંત્રની વાર્તાઓ

પાંચમું તન્ત્ર · અપરીક્ષિતકારિતા

કથા ૧૧

'પૂછતો તું રહે નિત્ય પૂછતા નર પંડિત ।
રાક્ષસેન્દ્રે હતો ઝાલ્યો પ્રશ્નથી દ્વિજ છૂટિયો'॥

એક વનમાં ચંડકર્મા નામે રાક્ષસ રહેતો હતો. એકદાણ અટવીમાં ભમતાં એક બ્રાહ્મણ એને મળ્યો, તેની ખાંધે ચડીને રાક્ષસ કહે, 'ચાલ આગળ.' બ્રાહ્મણ ડરનો માર્યો એને ઊપાડીને ચાલ્યો, તથા એના કમલોદરકોમળ પગ જોઈને પૂછ્યું, 'તારા પગ આવા કોમળ કેમ છે?' રાક્ષસ કહે, 'હું વ્રતચારી છું. ભીને પગે ભોંયનો સ્પર્શ કરતો નથી.' થોડેક ગયા ત્યાં તળાવ આવ્યું, એટલે રાક્ષસ કહે, 'હું સ્નાન ને દેવસેવા કરીને આવું ત્યાં લગી તારે અહિંથી ખસવું નહિ.' બ્રાહ્મણે વિચાર કર્યો: 'દેવસેવા પછી આ મને ખાશે, એટલે ઝટ ભાગું, જેથી ભીને પગે એ મારી પાછળ નહિ આવે.' એમ કરીને એ ભાગ્યો, પણ વ્રતભંગની બીકે રાક્ષસ એની વાંસે ન લાગ્યો. એટલે કહું છું 'પૂછતો તું રહે નિત્ય' ઇતિ.

કથા ૧૨

રાંકકેરો ભલે માર્ગે સાથ છે ક્ષેમકારક ।
હતો કરચલો ભેળો જીવ એણે બચાવિયો ॥

એક સ્થાને બ્રહ્મદત્ત નામે બ્રાહ્મણ રહેતો હતો. પ્રયોજનવશાત્ એને પરગામ જવાનું થયું, ત્યાં મા કહે 'દીકરા, એકલો કેમ જાય છે ? એટલે સથવારો ગોત.' તે બોલ્યો, 'મા, તું ચિન્તા કરવી રહેવા દે. મારગમાં ઉપદ્રવ કોઈ જાતનો નથી, એટલે એકલો જ જાઉં.' પુત્રનો એવો નિશ્ચય જાણીને મા પાસેની વાવ આગળથી કરચલો લઇ આવી ને કહ્યું, 'વત્સ, અવશ્ય જવું જ છે તો આ કરચલાને ભેળો લઈ જા.' માતાના વચનથી કરચલાને કપૂરની ડાબલીમાં લઈને એ નીકળ્યો. વચ્ચે તાપ બહુ હતો એટલે ઝાડ નીચે સૂતો, ત્યાં ઝાડની બખોલમાંથી નીકળીને સર્પ એની પાસે આવ્યો. સર્પને કપૂરની સુગન્ધ પ્રિય હોય છે, એટલે બ્રાહ્મણને મૂકી, વસ્ત્ર ફાડી તેમાં રહેલી કપૂરની ડાબલી એ ખાવા મંડ્યો, ત્યાં ડાબલીમાં રહેલા કરચલાએ એને મારી નાખ્યો. બ્રાહ્મણ જાગીને જુએ છે તો કાળો નાગ પોતાને પડખે પડ્યો હતો. કરચલાએ એને માર્યો જાણીને તે બોલ્યો, 'મારી માએ સાચું કહ્યું કે સથવારો કરવા કોકને લેવો, એકલા જવું નહિ. શ્રદ્ધાપૂર્વક મેં એનું કહ્યું કર્યું તો કરચલાએ સર્પથી મારી રક્ષા કરી.' એટલે કહું છું 'રાંકકેરો ભલે માર્ગે' ઇતિ.

કથા ૧૩

એકોદર પૃથગ્ગ્રીવ અન્યોન્યફલભક્ષક ।
કુસંપીલા મરે છે જો જેમ ભારંડ પક્ષીઓ ॥

એક સરોવરમાં ભારંડ નામે પક્ષી રહેતું હતું, તેને પેટ એક હતું, પણ ડોકાં બે હતાં. સમુદ્રતીરે (અનુસંધાન પાછળ પાન ૨૫૧મે)



વિષફળ ખાવાને બીજા મુખને તૈયાર થએલું જોઇ પહેલું મુખ કહે, 'મૂર્ખ એમ કરીશ મા; નહિ તો આપણ બેયનો નાશ છે.'

મહાન વૈજ્ઞાનિક અને રસાયણશાસ્ત્રી, શરીરશાસ્ત્રી અને માનસશાસ્ત્રી, આરોગ્યશાસ્ત્રી અને સમાજસ્વસ્થ્ય-શાસ્ત્રી, ભાષાશાસ્ત્રી અને સાહિત્યસેવક, ચિકિત્સક અને ચિંતક

ડૉ. સૅમ્યુઅલ હાનેમાન

(અનુસંધાન પૃ. ૨૩૨થી ચાલુ) પેદા કરે, તે જ પ્રકારનાં રોગ-લક્ષણોના સમૂહને, તે જ દવાની નાની માત્રા માંદા માણસના શરીરમાંથી મટાડી માંદાને સાજો કરી શકે.'

સફરજનને પડતું તો સૌકોઇ જુએ છે, પણ એમાંથી ગુરુત્વાકર્ષણનો નિયમ તો ન્યૂટનને જ જડ્યો. કિવનાઇન સૌકોઇ ખાય છે, પણ એમાંથી હોમીઓપથી સામ્યોપચારનો આ નિયમ તો હાનેમાનની જ પ્રતિભા શોધી શકી.

પણ આ નિયમ એકલા હાનેમાને જ શોધી કાઢ્યો છે એમ કહેવું એ એની અગાઉના ચિકિત્સકોને અન્યાય કરવા જેવું થાય. વિજ્ઞાનનાં બીજાં ક્ષેત્રો પેઠે વૈદકમાં પણ દરેક પ્રતિભાશાળી ચિકિત્સકનું જીવનકાર્ય પોતાના પૂર્વાચાર્યોએ રચેલી ભૂમિકા ઉપર જ થયું છે.

'समः समं प्रशमयति' એ આર્ય વૈદકનું સૂત્ર હોમિયોપૅથિક નિયમનું દ્યોતક છે. 'Likes are cured by like' એ સિદ્ધાંત હાનેમાનની પહેલાં હીપોક્રેટીસ અને પારાસેલ્સે પણ રજૂ કર્યો હતો; તેમજ ઔષધના ગુણદોષ શોધી કાઢવાની સાચી રીત, એ ઔષધ નીરોગી માણસને ખવડાવવું તે છે, એ સિદ્ધાંત હાનેમાનની પહેલાં સ્વિટ્ઝર્લૅન્ડના ડૉ. ફૉન હેલરે પણ રજૂ કર્યો હતો.

આમ હોવા છતાં યે એ નિયમની પાછળ પોતાનું આખું જીવન હોમી દઇ, એના બીજમાંથી નૂતન ચિકિત્સાશાસ્ત્રનું આખું યે વટવૃક્ષ ઉછેરવાનો યશ તો હાનેમાનને જ ફાળે જાય છે. એટલા માટે જ હાનેમાન સામ્યોપચારના નિયમનો શોધક મનાય છે.

કિવનાઇનના અનુભવથી ઉત્સાહિત થઇને હાનેમાને પોતાના તેમજ મિત્રો અને સ્નેહીસંબંધીઓનાં શરીર ઉપર એક પછી એક એ રીતે ૯૦ ઔષધોના પ્રયોગો કર્યા, અને દરેક ઔષધથી ઉત્પન્ન થતાં લક્ષણોની ઝીણવટભરી, ચોક્કસ તથા વિગતવાર નોંધો લઈ લીધી. આ ઉપરાંત પ્રાચીન વૈદકીય ગ્રંથોમાં શોધખોળ કરીને આપઘાત માટે કરાએલા, તેમજ અકસ્માતે કે ઇરાદાપૂર્વક થએલા વિષપ્રયોગોને પરિણામે ઉત્પન્ન થએલાં લક્ષણોની નોંધો તેણે ભેગી કરી અને એને પોતાના અનુભવો સાથે સરખાવી.

આ પછી એણે ફરી પાછી પોતાની વૈદકીય પ્રૅક્ટિસ શરૂ કરી. હવે પોતાની પાસે જે જે દર્દીઓ આવે તેમના રોગનાં લક્ષણોની નોંધ લઇ તેમને એ લક્ષણોને અનુરૂપ દવાઓ તેણે આપવા માંડી, અને આ પ્રકારની પ્રૅક્ટિસથી લોકોએ નહિ ધારેલાં અને નહિ કલ્પેલાં એવાં અદ્‌ભુત પરિણામો મળવા માંડ્યાં. શરૂઆતમાં તો તે એના જમાનામાં દવાઓની જે સ્વાભાવિક ચાલુ માત્રા મનાતી તે પ્રમાણે પોતાના દર્દીઓને દવા આપતો. પણ એનાથી દર્દીઓ પુષ્કળ પીડાતા. એટલે એણે માત્રાનું પ્રમાણ ઘટાડવા માંડ્યું. એણે જોયું કે ૪૦ ગ્રેન દવાથી જે કાર્ય સિદ્ધ થાય છે તેનું તે જ કાર્ય ૧ ગ્રેન દવાથી ઘણા ઓછા નુકસાન સાથે સિદ્ધ થઈ શકે છે. અને જેમજેમ સમય જવા માંડ્યો તેમતેમ અનુભવથી એને આ માત્રા પણ ઘણી મોટી લાગી. એટલે ઔષધોના વિભાગીકરણ માટે એણે શતાંશ પદ્ધતિ યોજી. આ પદ્ધતિ મુજબ પ્રવાહી ઔષધનું એક ટીપું લઇ તેને ૯૯ ટીપાં પાણી કે આલ્કૉહૉલ સાથે મેળવવામાં આવતું, એટલે એ ૧ શક્તિમત્તાનું ઔષધ થયું. આ દવાને ખૂબ હલાવી નાખી, એમાંથી પાછું એક જ ટીપું લઈ, બીજાં ૯૯ ટીપાં આલ્કૉહૉલ સાથે મેળવવાથી ૨ શક્તિમત્તાનું ઔષધ તૈયાર થતું. આ ઔષધમાં મૂળ ઔષધનો ૧૦૦૦૦મો ભાગ રહેતો. આ રીતે આગળ ને આગળ વિભાગીકરણ ચાલતું.

હાનેમાને પોતાના અનુભવમાં અજાયબી સાથે જોયું કે આવી રીતે વિભાગીકરણ કરવાથી ઔષધની રોગનિવારક શક્તિ ઘટતી નથી, પણ ઊલટી વધતી જાય છે! એટલે આ પ્રક્રિયાથી પરિણમતી સૂક્ષ્મ માત્રાને એણે 'પોટેન્સી' (શક્તિમત્તા) એવું ગૌરવયુક્ત નામ આપ્યું. કોલસો, ચાક અને રેતી જેવા જડ ખનીજ પદાર્થોના વિભાગીકરણ માટે મૂળ પદાર્થનો એક અંશ લઈ અને ખૂબ વાટીઘૂંટીને એકાકાર કર્યા પછી, એમાંથી પાછો ૧ ભાગ લઇ ૯૯ ભાગ ખાંડ સાથે ભેળવવામાં આવતો. એને પરિણામે આ નવીન ચિકિત્સાપદ્ધતિની સઘળી દવાઓ મીઠી, સફેદ અને દુર્ગંધરહિત બની.

જૂની વૈદકીય પદ્ધતિ જીવનશક્તિની વિરુદ્ધ દિશામાં કાર્ય કરતી હોવાથી હાનેમાને એને ઍલોપથી એવા નામથી ઓળખાવી; જ્યારે પોતાની પદ્ધતિ રોગલક્ષણોને અનુરૂપ ઔષધ આપી જીવનશક્તિના મટાડકાર્યમાં મદદ કરતી હોવાથી એને એણે હોમિયોપથી અથવા સામ્યોપચાર એવું નામ આપ્યું.

આ રીતના છ વર્ષના સતત અભ્યાસ, અનુભવ, પ્રયોગો અને ચિંતન બાદ એણે પોતાને જડેલું નવીન વૈદકશાસ્ત્ર જગતના કલ્યાણ અર્થે જાહેરમાં મૂકવાનું નક્કી કર્યું. એણે એ જમાનાના સુવિખ્યાત જર્મન વૈદકીય પત્ર 'હુફલૅન્ડસ જર્નલ'માં ઇ.સ. ૧૭૯૬માં 'દવાઓની રોગનિવારક શક્તિઓ નક્કી કરનાર એક નવીન સિદ્ધાંત' એ નામનો નિબંધ પ્રગટ કર્યો.

આ નિબંધ એટલે હોમિયોપથીનો જન્મ.

હોમિયોપથીની પ્રગતિ

શરૂઆતમાં તો હાનેમાનના સિદ્ધાંતને એના જમાનાની દાક્તરી દુનિયાએ હસી કાઢ્યો. એમણે એને એક વાહિયાત વૈદકીય પરપોટા તરીકે વર્ણવ્યો અને ટૂંક વખતમાં એ પરપોટો ફૂટી જશે એવી આગાહીઓ હિંમતપૂર્વક કરવા માંડી. પણ જેમજેમ સમય જતો ગયો તેમતેમ એ સિદ્ધ થતું ગયું કે જેને તે પરપોટો માનતા હતા તે તો પારસમણિ હતો. દર્દીઓનાં જે દર્દો ભલભલા દાક્તરોએ અસાધ્ય જાહેર કર્યાં હતાં, તે દર્દો હાનેમાનની પદ્ધતિની સરળતાથી સુખપૂર્વક અને અણધારી ઝડપથી સારાં થવા લાગ્યાં. હાનેમાનની આ પ્રકારની અભૂતપૂર્વ સફળતા જોઇ દાક્તરો અને કેમિસ્ટો ક્રોધ, ઇર્ષ્યા અને તેજોદ્વેષથી સળગી ઊઠ્યા, અને એમણે એને જેટલી રીતે પજવી શકાય તેટલી રીતે પજવવા માંડ્યો.

હાનેમાનની પ્રૅક્ટિસ હવે ઝડપથી વધતી જતી હતી. પોતાના જમાનાની જંગલી, ઘાતકી ને રાક્ષસી સારવારની પદ્ધતિઓ ઉપર એ પોતાનાં લખાણોમાં નિર્દય પ્રહારો કર્યે જતો હતો. એને સીધીરીતે જવાબ આપવાને અશક્ત એવા દ્વેષીલા દાક્તરો એને કનડવામાં કાંઇ બાકી રાખતા ન હતા. એના એ નવા સિદ્ધાંત મુજબની દવાઓ તૈયાર કરી આપવા કોઈ કેમિસ્ટ તૈયાર થતો નહોતો, કેમકે એવી સાદી ને સરળ દવાઓમાંથી એમને અઢળક નફો મળે એ અશક્ય હતું.

દાક્તરો એમ શીખેલા કે પ્રિસ્ક્રિપ્શનમાં જેમ વધુ દવાઓનો

ખીચડો કરવામાં આવે તેમ તે પ્રિસ્ક્રિપ્શન વધુ ગુણકારી બને. હાનેમાનનો સિદ્ધાંત એ હતો કે એકીવખતે એક જ દવા આપવી. દાક્તરો દરેક દવાનો ૫૦-૫૦ ગ્રેન જેટલો ડોઝ એક દિવસમાં આપતાં સ્હેજે ખચકાતા ન હતા, જ્યારે હાનેમાન પોતાના ઔષધનો એક પરાર્ધાંશથી પણ ઓછો ભાગ આપી એની અસરનું એક મહિના સુધી અવલોકન કરતો, અને એ અસર ચાલુ હોય ત્યાં સુધી બીજી કોઈપણ દવા આપી દર્દીની જીવનશક્તિ સાથે અડપલાં કરતો નહોતો. એટલે મિયાં-મહાદેવનો મેળ ક્યાંથી ખાય?

કેમિસ્ટોએ દવા આપવાની ના પાડી. એટલે હાનેમાને પોતાની દવા પોતાની મેળે બનાવી લેવા માંડી. એ જમાનામાં યુરોપભરમાં દવા બનાવવાનો અને વેચવાનો હક્ક કાયદાથી કેવળ કેમિસ્ટોને જ હતો. એટલે કેમિસ્ટોએ તરત જ હાનેમાન સામે ફરિયાદ કરી. હાનેમાને કોર્ટને અપીલ કરી, પણ કાયદો એની વિરુદ્ધ ગયો. અંતે હાનેમાને પોતાનું નિવાસસ્થાન છોડી નવી જગ્યાએ જઇને પ્રૅક્ટિસ શરૂ કરી. ત્યાંના પણ ઇર્ષ્યાળુ દાક્તરો અને કેમિસ્ટોએ એક થઇને એની વિરુદ્ધ ફરિયાદ નોંધાવી. આ રીતે એક જગ્યાએથી બીજી જગ્યાએ હિજરત કરતાંકરતાં હાનેમાન ફરી પાછો લાઇપઝિકમાં આવ્યો. અહીં એના પ્રશંસકોએ ભારે પ્રયાસો કરીને એને લાઇપઝિક યુનિવર્સિટીમાં વૈદક શીખવવાની પરવાનગી અપાવી. ઇ.સ. ૧૮૧૨થી ૧૮૨૦ સુધીનાં આઠ વર્ષ હાનેમાને લાઇપઝિકમાં ગાળ્યાં. એ દરમ્યાન એણે પોતાની આજુબાજુ અનેક ઉત્સાહી વિદ્યાર્થીઓ ભેગા કર્યાં અને એ બધાને આ નવી વિદ્યા ખંત અને પ્રેમપૂર્વક શીખવી.

એનાં વિદ્યાર્થીઓની પણ બીજા દાક્તરો તરફથી ભારે કનડગત થતી. તેમની અતિશય હાંસી પણ થતી, અને યુનિવર્સિટીનાં સૂત્રધારો તરફથી તેમના તરફ હરિજનો જેવો વર્તાવ રાખવામાં આવતો. પરંતુ આમાંની કોઈ પણ મુશ્કેલી હાનેમાનના અડગ આત્માને ડગાવી ન શકી. એની કીર્તિ હવે જર્મનીની ભૌગોલિક સીમાઓ ઓળંગી ગઈ હતી. આખા યુરોપમાં એ પ્રથમ પંક્તિના ચિકિત્સક તરીકે પ્રખ્યાત થયો હતો. એ વખતે નેપોલિયનની સામે લડી રહેલાં યુરોપનાં લશ્કરોના સરસેનાપતિ પ્રિન્સ શ્વૉર્ટઝેનબર્ગે હાનેમાનની સારવાર શરૂ કરી. છ માસ સારવાર ચાલી. પણ એ દરમ્યાન પ્રિન્સે પોતાના દાક્તરોની સલાહથી રક્તપાત કરાવ્યો. રક્તપાત કરાવવાથી એની હાલત અતિશય ગંભીર બની ગઈ. તુર્ત જ હાનેમાનને બોલાવવામાં આવ્યો. હાનેમાન ખીજાઈ ગયો અને એણે સારવાર કરવાની સાફ ના પાડી દીધી. ટૂંક સમય બાદ પ્રિન્સનું મરણ નીપજ્યું.

આ પ્રખ્યાત સેનાપતિના મરણથી હાનેમાનની પ્રતિષ્ઠાને ભારે ફટકો લાગ્યો. આજ સુધી દબાઈચંપાઇ રહેલાં પ્રત્યાઘાતી બળો હવે બમણા વેગથી ઊછળ્યાં. જડસુઓ, રૂઢિચુસ્તો ને શાસ્ત્રીઓ પોતાના તમામ બળથી હાનેમાનને ફૂંકી નાખવા તત્પર થયા. લાઇપઝિક યુનિવર્સિટીમાંથી એને હાંકી મૂકવામાં આવ્યો. દાક્તર અને કેમિસ્ટ તરીકે એને આપવામાં આવેલા પરવાના ખૂંચવી લેવામાં આવ્યા ને એને ફરમાવવામાં આવ્યું કે હવેથી એ જો કોઇ દર્દીને દવા આપશે તો દવાના દરેક ડોઝ દીઠ એણે પંદર થેલર્સ દંડ આપવો પડશે.

ફરી પાછી રઝળપાટ શરૂ થઈ. એક રજવાડામાંથી બીજા રજવાડામાં એને દોડાદોડ કરવી પડતી. આખરે ઍનહોલ્ટના ઠાકોરે એને પોતાનો રાજવૈદ કરી આશ્રય આપ્યો. આ સમય દરમ્યાન જ કૉલેરામાં ઍલોપથી કરતાં હોમિયોપૅથિક સારવારનું ચડિયાતાપણું આખા યુરોપમાં સિદ્ધ થયું. અહીં આગળ એ ચૌદ વર્ષ રહ્યો, પરંતુ એ વર્ષો પણ સુખનાં નહોતાં. એની સામે જર્મનીમાં એટલો બધો જબરદસ્ત પૂર્વગ્રહ હતો અને એ પૂર્વગ્રહમાં દાક્તરો અને કેમિસ્ટો સતત પ્રચારકાર્ય કરીને એટલો બધો ઉમેરો કર્યે જતા હતા, કે જર્મનીનું કોઇ સ્થળ એને માટે સુખદાયક કે સલામત નહોતું.

કોએથેનના રસ્તામાં એ જ્યારે ફરવા નીકળતો ત્યારે એની ઉપર તિરસ્કારનો વરસાદ વરસતો. દાક્તરોની શીખવણીથી ખીજાએલાં લોકોનાં ટોળાં એના નિવાસસ્થાન ઉપર હુમલો કરી પત્થરોના મારાથી એના ઘરની બારીઓ તોડીફોડી નાખતાં.

આ કનડગતથી અંતે એ એટલો કંટાળ્યો કે ઘરની બહાર પણ ભાગ્યે જ નીકળતો. એક વાર એનો એક પ્રશંસક એને મળવા ગયો ત્યારે હાનેમાન પોતાના ઘરની પાછળના બગીચામાં આંટા મારતો હતો. એ જોઇને એણે કહ્યું, 'અહો! આટલી જ તમારી ફરવાની જગ્યા! આ તો બહુ સાંકડી છે!' એ સાંભળીને એ વૃદ્ધ સંતે જવાબ આપ્યો, 'હા! સાંકડી તો છે, પણ સાથેસાથે એ અનંતગણી ઊંચી છે!'

ઍનહોલ્ટના ઠાકોરે આશ્રય આપ્યા પછી, દાક્તરો એના પર સીધા હુમલા કરતા બંધ થયા. કાયદાના બળથી હવે એને કનડી ન શકવાથી એમણે એની વિરુદ્ધ સાહિત્ય પ્રગટ કરવા માંડ્યું. એના સિદ્ધાંતોના ખંડન માટે, એને ઉતારી પાડવા માટે અને એને ઊંટવૈદ ઠરાવવા માટે જે સાહિત્ય આજદિન સુધીમાં પુસ્તકો, પુસ્તિકાઓ અને હસ્તપત્રોના રૂપમાં બહાર પડ્યું છે એ સઘળું જો એકઠું કરવામાં આવે તો એક મોટું પુસ્તકાલય થાય! આમાનાં મોટા ભાગના લખાણનો મુખ્ય ધ્વનિ એ છે કે હાનેમાન ઊંટવૈદ છે, કારણકે એ રક્તપાતના મહાન ગુણો સમજી શકતો નથી અને એ પ્રતિષ્ઠિત પ્રથાનો વિરોધ કરે છે!

હાનેમાનની સાહિત્યસેવા

ગરીબી, ભૂખમરો, હાડમારી, ચિંતા, રઝળપાટ અને અત્યાચારોની ઝડીની વચ્ચે પણ હાનેમાને જે સાહિત્યસેવા કરી છે, એનો તો વૈદકના ઇતિહાસમાં જોટો નથી. એણે પોતાના દેહ પર જે ૯૯ ઔષધો સિદ્ધ કર્યાં, તેનાં વર્ણનથી ભરેલા ૧૦ ગ્રંથો એણે પ્રગટ કર્યાં. રસાયણશાસ્ત્ર તથા વૈદક વિષે ૭૦ મૌલિક ગ્રંથો એણે લખ્યા છે, ને ફ્રેન્ચ, અંગ્રેજી તથા લૅટીનમાંથી ૨૪ લેખકોનાં પુસ્તકોનાં ભાષાંતર કર્યાં છે.

ઇ. ૧૮૧૦થી ૧૮૩૦ સુધીનાં ૨૦ વરસ તો હાનેમાનની સાહિત્યસેવાનો સુવર્ણકાળ છે. ઇ. ૧૮૧૦માં-એટલે હોમિયોપથી માટે એણે પ્રયોગો કરવા માંડ્યા પછી ૨૦ વર્ષે એણે 'ઑર્ગેનાન' પ્રગટ કર્યું. એ 'ઑર્ગેનાન' એટલે પ્રેરિત, મૌલિક, સચોટ અને સંગીન મહાગ્રંથ.

ગીતા, બાઈબલ અને ધમ્મપદ જેવા અમર ધાર્મિક ગ્રંથો તથા વિજ્ઞાનજગતમાં ન્યૂટનની 'પ્રીન્સિપિયા', ડાર્વિનનું 'ઓરિજિન ઑવ સ્પીસિઝ', કાર્લ માર્ક્સનું 'કૅપિટલ', આઇનસ્ટાઈનનું 'રીલેટિવિટી' અને લીટલહારના 'નેચર ક્યૉર' જેવા મહાન વૈજ્ઞાનિક ગ્રંથો સાથે મૂકી શકાય એવો એ ગ્રંથમણિ છે.

એ ગ્રંથમાં સૂત્રશૈલીમાં નૂતન ચિકિત્સાશાસ્ત્રના આદેશો છે. પાંચપાંચ પેઢી સુધી હાનેમાનના હજારો ઉત્સાહી અનુયાયીઓએ એ ગ્રંથમાંથી પ્રેરણાનું અમૃત પીધું છે અને પોતાની ઉપર થતા અત્યાચારોની સામે ઝઝૂમવા માટે અખૂટ પ્રોત્સાહન મેળવ્યું છે.

એ ગ્રંથની મહત્તાનો ખ્યાલ આપવા માટે એક જ સાદી હકીકત બસ છે, કે એ જમાનાનું અન્ય સમગ્ર વૈદકીય સાહિત્ય નામશેષ થઈ ગયું છે, રડ્યાખડ્યા પુરાતત્ત્વ-અન્વેષકો સિવાય એને કોઈ સ્પર્શ સરખો યે કરતું નથી, જ્યારે 'ઑર્ગેનાન' આજે પણ અખૂટ ઉત્સાહથી વંચાય છે. હાનેમાનના જમાનામાં જે આદરથી એ પુસ્તક વંચાતું તે કરતાં યે વિશેષ આદરથી એ આજે વંચાય છે. આજ પણ એમાં કરીને

સુધારાવધારા કરવા કોઈ આગળ આવતું નથી. ૧૯મી ને ૨૦મી સદીના જગતના અનેક પ્રથમ પંક્તિના ચિકિત્સકોએ પોતાના જીવનનાં સર્વોત્તમ વર્ષો આ મહાગ્રંથનાં ભાષ્યો રચવા પાછળ ગાળ્યાં છે. હાનેમાનના જીવનકાળ દરમ્યાન જ એની પાંચ આવૃત્તિઓ થઇ હતી.

ઈ. ૧૭૯૦માં હાનેમાને દરેક દવાના ગુણદોષ પોતાની નવીન પદ્ધતિથી નક્કી કરવાનું માથે લીધું અને વીસ વર્ષ સુધી એકલે હાથે એ કામ કર્યા પછી પોતે એકઠો કરેલો પુરાવો એણે પ્રસિદ્ધ કરવા માંડ્યો. વૈદકના ઇતિહાસમાં કોઈ માણસે આવું મહાભારત કામ પાર પાડવાની હિંમત કરી નથી. ઈ.સ. ૧૮૧૧માં એણે 'મૅટીરિયા મેડિકા પ્યૉરા'(શુદ્ધ ઔષધીશાસ્ત્ર)નો પ્રથમ ભાગ પ્રગટ કર્યો ને ત્યાર પછી કટકે કટકે ઈ. ૧૮૨૭ સુધીમાં એણે એ આખું પુસ્તક પ્રગટ કર્યું. હાનેમાનનો એ ઔષધકોષ આજે પણ હોમિયોપથીના વિજ્ઞાનનો અગ્રેસર ગ્રંથ ગણાય છે અને એ જ ગ્રંથના મધ્યબિંદુની આજુબાજુ ઍલન, હેરિંગ, કેન્ટ અને ક્લાર્કના મહાગ્રંથો વિસ્તર્યા છે.

પોતાની નવીન ચિકિત્સાપદ્ધતિનો દર્દીઓ ઉપર કેટલોક કાળ અનુભવ લીધા પછી હાનેમાનને એની એક ખામી એ સમજાઈ કે એ પદ્ધતિ તાત્કાલિક ઉગ્ર રોગોમાં અજબ કામ આપતી, પણ જૂના હઠીલા (ક્રૉનિક) રોગોમાં એને જોઈતી સફળતા મળતી નહિ. આનું કારણ શોધવા એણે બાર વર્ષ સુધી સતત અભ્યાસ, ચિંતન અને પ્રયોગો ચાલુ રાખ્યાં. હજારો કેસોના લક્ષણ-સમૂહોનો ને દર્દીઓના ઇતિહાસોનો અતિશય ઝીણવટ, ખંત, ધીરજ અને ઉત્સાહથી અભ્યાસ પછી એણે જાહેર કર્યું કે સોરા, સાઇકોસિસ, અને સિફિલિસ એ ત્રણ અનાદિ રોગતત્ત્વો છે. સઘળા હઠીલા રોગોનું મૂળ ખસ, પરમિયા અને ચાંદીનાં રોગવિષોમાં છે. આ રોગવિષોના નાશ વિના હઠીલો રોગ મટાડવાનું કામ અશક્ય છે. આ રોગવિષોના નાશ માટે એણે સોરાવિરોધી, સાઇકોસિસવિરોધી અને સિફિલિસવિરોધી ઔષધો યોજ્યાં. આ સિદ્ધાંતનું વિગતવાર પ્રતિપાદન એણે પોતાના ત્રીજા પુસ્તક 'ક્રૉનિક ડિઝીઝિસ' (જીર્ણ રોગો)માં કર્યું છે.

આ ત્રણ શકપ્રવર્તક પુસ્તકોએ યુરોપ અમેરિકાની વૈદકીય દુનિયામાં ભારે ખળભળાટ મચાવી મૂક્યો. એમાંના મૌલિક સિદ્ધાંતો સામે જબ્બર વિરોધનો વંટોળ જાગ્યો, જે હજી પણ સર્વાંશે શમ્યો નથી.

બીજી બાજુ હોમિયોપથીના વિજ્ઞાન વિષે જે સેંકડો કીંમતી પુસ્તકો લખાયાં છે તેના લેખકોએ આ સિદ્ધાંતોને સાચા સિદ્ધાંતો તરીકે સ્વીકારીને જ એની ઉપર પોતાના વિચારમહાલયો રચ્યા છે.

હાનેમાન કેવળ દવા-દાક્તર નહોતો. એણે ઈ. ૧૭૮૪માં હઠીલા રોગોની સારવાર માટે એક પુસ્તક પ્રગટ કર્યું છે જેમાં આ રોગોની જલોપચાર ને માલિશથી શી રીતે સારવાર કરવી તેની સમજ આપી છે. 'આરોગ્યનો મિત્ર' એ નામનું પુસ્તક ખોરાક, સ્વાસ્થ્ય અને સૅનિટેશનને લગતું છે. ખોરાક, કસરત, સ્નાન, આનંદપ્રમોદ અને વિશુદ્ધ હવાને લગતા હાનેમાનના વિચારો વાંચતાં આપણે કોઈ વીસમી સદીનો લેખક વાંચતા હોઇએ એવો ભ્રમ ઉત્પન્ન થાય છે.

આટલા અગાધ જ્ઞાનનો સ્વામી હોવા છતાં હાનેમાનમાં લેશ માત્ર વિદ્યાચોરી નહોતી. ઇ. સ. ૧૮૧૩માં આખા મધ્ય યુરોપમાં ટાઈફસનો રોગચાળો ફાટી નીકળ્યો અને ઍલૉપૅથિક સારવાર હેઠળ હજારો દર્દીઓ કમોતે મુઆ. હાનેમાન તે વખતે લાઈપઝિકમાં પ્રૅક્ટિસ કરતો હતો. એણે આ રોગના ૧૮૩ દર્દીઓની સારવાર કરી. અને પરિણામ? ૧૮૩ દર્દીઓમાંથી ૧૮૨ દર્દીઓ પોતાનો અનુભવ કહેવા સાજા થયા અને માત્ર ૧ ઘરડો દુર્બળ દર્દી મરી ગયો! પોતે આ સિદ્ધિ શી રીતે મેળવી એ એણે બીલકુલ છૂપું રાખ્યું નહિ, પરંતુ વર્તમાનપત્રોમાં એણે સારવારની એકેએક વિગત ખુલ્લી કરી અને દરેક ઔષધી શા માટે વાપરી એનો તર્કશુદ્ધ ખુલાસો બહાર પાડ્યો.

ઈ.સ. ૧૮૩૦માં યુરોપમાં કૉલેરા ફાટી નીકળ્યો. આ ભયંકર રોગ અને એનું ભારે મરણપ્રમાણ જોઈ યુરોપના મહાન અને ધુરંધર દાક્તરો પણ મુંઝાઈ ગયા અને એની સારવાર શી રીતે કરવી તે સબંધી, પરસ્પર વિરોધી સિદ્ધાંતો રજૂ કરી અંદરઅંદર લડવા લાગ્યા.

હાનેમાને આ રોગનો એક પણ કેસ નજરે જોયા સિવાય કેવળ એનું વર્ણન વાંચીને તેની શી રીતે સારવાર કરવી તેને લગતી વિગતવાર સૂચનાઓ પોતાના અનુયાયીઓના માર્ગદર્શન માટે એણે વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ કરી, અને તાજૂબીની વાત તો એ છે કે અનુભવની કસોટીએ કસી જોતાં આ સારવાર સર્વશ્રેષ્ઠ માલૂમ પડી।

ઈ.સ. ૧૮૩૦માં એની પ્રથમ પત્નીનું અવસાન થયું. એ અરસામાં એક યુવાન અને સંસ્કારી ફ્રેન્ચ સ્ત્રી પોતાનો અસાધ્ય વ્યાધિ મટાડવા માટે હાનેમાન પાસે આવી. ફ્રાન્સના સર્વશ્રેષ્ઠ દાક્તરોએ એને માટે હાથ ધોઈ નાખ્યા હતા. હાનેમાને એનો રોગ સફળતાપૂર્વક મૂળમાંથી મટાડી દીધો. સ્વાભાવિકરીતે જ એ સ્ત્રીને આ મહાન વૈજ્ઞાનિક તરફ આદરભાવ અને આકર્ષણ થયાં અને ઇ.સ. ૧૮૩૫માં હાનેમાને એની સાથે બીજું લગ્ન કર્યું.

લગ્ન પછી એ દંપતીએ પારીસમાં જઈ વસવાનું નક્કી કર્યું. હાનેમાને કોએથેન છોડ્યું ત્યારે ત્યાંના પ્રજાજનોમાંથી અનેક લોકો જેઓ હાનેમાનની સારવારથી સાજા થયા હતા (એ ગરીબોની મફત સારવાર કરતો) તેઓ એને વિદાયમાન આપવા આવ્યા, એના પરદેશગમન સામે પોતાની દિલગીરી દર્શાવી, અને એની ઉપર ગુજારેલા ત્રાસ માટે પશ્ચાત્તાપ પ્રગટ કર્યો.

હાનેમાનનો મહાન આત્મા કોઇપણ જાતના જોરજુલમથી દબાઈ જાય એ અશક્ય હતું. ઇ. ૧૮૩૮માં પોતાની જીવનસંધ્યાએ એ લખે છે કે: 'મેં આરંભેલી કંટાળાભરેલી મહાયાત્રા દરમ્યાન મને કૃતઘ્નતા અને અત્યાચારોનો જે અનુભવ થયો છે, તેની હું લેશમાત્ર પરવાહ કરતો નથી. જે મહાન આદર્શોની મેં સાધના આરંભી છે, એ સાધના જ મારા જીવનને આનંદશૂન્ય થતું અટકાવે છે.'

પારીસમાં એનો વસવાટ થતાં જ ત્યાંનાં વર્તમાનપત્રોએ એનો પક્ષ લઈ એની તરફેણમાં એક જબરદસ્ત ઝુંબેશ ઉઠાવી. છેવટે એને રાજ્ય તરફથી પ્રૅક્ટિસ કરવાનો અને પોતાનાં ઔષધો જાતે જ તૈયાર કરી લેવાનો ખાસ પરવાનો મળ્યો.

ફ્રાન્સમાં ત્યાંના અમીરઉમરાવો, શ્રીમંતો અને અગ્રેસરોમાં એની સફળતાથી એને ખૂબ માન મળ્યું. એની ખ્યાતિ સાંભળી હવે જગતભરમાંથી દરદીઓ ફ્રાન્સ આવતા અને સાજા થઇને પાછા જતા. આ રીતે ધન, વૈભવ, માન, કીર્તિ અને પોતે પ્રેરેલાં વૈદકીય સત્યોનો પ્રચાર જોતાંજોતાં જ એણે જીવનનાં છેવટનાં સુખી વર્ષો પસાર કર્યાં. જીવનભર એ સશક્ત, બળવાન અને બાળક જેટલો જ ઉત્સાહી રહ્યો હતો. લેશમાત્ર આરામ વિના એ અહોરાત્ર પોતાનું કાર્ય આગળ ને આગળ ધપાવ્યે જતો હતો. પણ છેવટે, સોમલના ગુણદોષ સિદ્ધ કરવા માટે એણે એ જાતે ખાવા માંડ્યું. આ જીવલેણ ઝેરથી એની જીવનશક્તિ લથડી ગઇ, અને જુલાઈ ૨, ૧૮૪૩ની સવારે ૮૯ વરસની પાકટ વયે એનું અવસાન થયું. જગતે એ જમાનાનો સર્વશ્રેષ્ઠ ચિકિત્સક ગુમાવ્યો. જનહિતાર્થે જ એનું જીવન વ્યતીત થયું અને જનહિત માટેની શોધ પાછળ જ એનું મરણ થયું.

હાનેમાનની સિદ્ધિઓ

હાનેમાને વૈદકમાં કયા કયા સિદ્ધાંતો સ્થાપ્યા?

સૌથી પહેલાં તો એણે વિવિસેક્શનની નિરર્થકતા સિદ્ધ કરી. દવાઓના ગુણદોષ જાણવાનો એકમાત્ર સાચો માર્ગ એ છે કે ઝેરી અસર નીપજે એટલી હદ સુધી એ દવા સાજા માણસે ખાવી. આ રીતથી શરીર અને મન ઉપર દવા શી અસર કરે છે એનો આપણને સ્પષ્ટ ખ્યાલ આવે છે. જનાવરો પર અખતરા કરવાથી કશું જાણી નથી શકાતું. પશુઓને વાચા નથી હોતી; તેઓ પોતાનાં સુખદુઃખ વર્ણવી શકતાં નથી. હાનેમાન પછી એના અનુયાયીઓએ અનેક ઝેરી દવાઓ ખાઇ, અપાર યાતનાઓ વેઠી પોતાના અનુભવો ભવિષ્યની પ્રજાના માર્ગદર્શન માટે પુસ્તકો દ્વારા પ્રગટ કર્યા છે. અનેક આદર્શ-વાદી માણસો આ પ્રકારના પ્રયોગોથી મરણ પામ્યા છે, કે રોગનો ભોગ થઈ પડ્યા છે. દરેક દવાને સાબિત કર્યા પછી જ એના ગુણદોષો સ્વીકારવાની હાનેમાનની આ પદ્ધતિ વૈદક માટે અતિશય ઉપકારક નીવડી છે. હાનેમાનના જમાના સુધીનું યુરોપ, અમેરિકા, હિંદ, ચીન અને અરબસ્તાનનું વૈદકીય સાહિત્ય જોઇએ તો એમાં દવા-ઓનાં વર્ણનોમાં કોઈપણ જાતની વૈજ્ઞાનિક ચોકસાઇ જણાતી નથી. દરેક દવાની ફલશ્રુતિ આલંકારિક વર્ણનો, અતિશયોક્તિયુત ગુણગાન અને વાહિયાત ગપાટાથી ભરેલી છે.

એણે સામ્યોપચાર (હોમિયોપથી)નો નિયમ સ્થાપ્યો અને ઔષધ તથા ઔષધની સૂક્ષ્મ માત્રાના સિદ્ધાંતો રજૂ કર્યા.

ઔષધોના વિભાગીકરણથી એણે મીઠું, ચાક, કોલસા, રેતી અને ગ્રેફાઈટ્સ જેવા જડ નિરૂપયોગી પદાર્થોમાંથી નવીન, રોગનિવારક અને ચૈતન્યયુક્ત દ્રવ્યો સર્જ્યાં.

એણે નવો નિયમ સ્થાપ્યો, નવી સારવાર યોજી, અને નવાં ઔષધો તૈયાર કર્યાં. વૈદકના ક્ષેત્રમાં એણે નવું વિશ્વ સરજ્યું.

સારવાર માત્ર જીવનશક્તિની દૃષ્ટિએ યોજવી જોઇએ એ એણે શીખવ્યું. આડેધડે અપાતી દવાઓ, દવાઓનાં મિશ્રણો, મોટી માત્રાઓ, રક્તપાત, જળો, ડામ, મારઝૂડ, ગંદકી અને બીજાં અનેક પ્રતિષ્ઠિત જંગલીપણાંનો એણે પ્રખર વિરોધ કર્યો, ને એ વિરોધને જ પરિણામે, ધીમેધીમે છતાં ચોક્કસરીતે ઍલોપથીમાં અનેક સુધારા થયા.

એણે સોરા, સાઇકોસિસ ને સિફિલિસ એ ત્રિદોષ ઉપર પોતાની હઠીલા રોગોની સઘળી સારવાર રચી, અસાધારણ સફળતા મેળવી. એ મહાન માનસશાસ્ત્રી પણ હતો. એણે ગાંડાઓની સારવારમાં ક્રાન્તિકારી ફેરફારો કર્યા. ફ્રૉઇડથી એક સદી પહેલાં એણે સ્વપ્નોનો વૈજ્ઞાનિક ચિકિત્સાશાસ્ત્રમાં શી રીતે ઉપયોગ કરવો તે શીખવ્યું.

આ સઘળી હાનેમાનની અમર સિદ્ધિઓ છે.

સ્વાભાવિકરીતે જ ઘણા વાચકોને પ્રશ્ન થશે કે છેલ્લી દોઢ સદીમાં વૈદકની અનેક શાખાઓએ અતિશય ઝડપી પ્રગતિ કરી છે. આ પ્રગતિથી હાનેમાનના સિદ્ધાંતો નિરૂપયોગી નથી ઠરતા?

હાનેમાન પછી, ક્લૉરોફૉર્મ અને ઈથર શોધાયાં છે. સર્જરી અતિશય સુધરી ગઈ છે. જંતુશાસ્ત્ર સ્થપાયું છે. કહેવતરૂપ થઈ પડેલી દાક્તરી ગંદકીનું સ્થાન પાસ્ચર અને લીસ્ટરના પ્રયાસોથી દાક્તરી સ્વચ્છતાએ લીધું છે. એક્સ-રે અને માઇક્રોસ્કોપે માનવીની દૃષ્ટિ વધુ ઝીણી અને ચોક્કસ કરી છે. ફ્રૉઇડે મનના અંધારા પ્રદેશો ઉપર મનોવિશ્લેષણશાસ્ત્રનો પ્રકાશ નાખ્યો છે. રોગશાસ્ત્રે અને નિદાનશાસ્ત્રે અજબ પ્રગતિ કરી છે. દિનપ્રતિદિન નવી દવાઓ જડતી જ જાય છે.

આ સ્થિતિમાં હાનેમાનનું ચિકિત્સાશાસ્ત્ર નકામું નથી જણાતું?

એનો જવાબ એ છે કે ના! હાનેમાનની પદ્ધતિ એક સનાતન વિશ્વનિયમ ઉપર સ્થપાએલી છે. નિયમ કદી જૂનો થતો નથી. સત્ય કદી ઘરડું બનતું નથી. ઉલટપક્ષે વિજ્ઞાનની ઝડપી પ્રગતિથી હાનેમાન-ની મહત્તા આપણે સાચા સ્વરૂપે જોઈ શકીએ છીએ. વિજ્ઞાનની પ્રગતિથી એની મહત્તા ઝાંખી નથી પડતી, પણ વધુ તેજસ્વી બને છે.

દોઢસો વર્ષ સુધી એના નિયમનો આકરો અને આંધળો વિરોધ કર્યા પછી આજે આગેવાન ઍલૉપૅથોને કબૂલ કરવું પડે છે કે એનો નિયમ સાચો છે. રૂઢિચુસ્ત ઍલૉપૅથીના અગ્રેસર પત્ર 'લૅન્સેટે' આજથી દસ વર્ષ ઉપર જાહેર કર્યું હતું કે હોમિયોપથીના પાયામાં રહેલા મહાનિયમનો કોઈથી ઈન્કાર થઈ શકે તેમ નથી.

ઇંગ્લેંડ, અમેરિકા, જર્મની, ફ્રાન્સ, ઈટલી અને બીજા સુધરેલા દેશોમાં આગેવાન ઍલૉપૅથો હોમિયોપથિક ચિકિત્સાપદ્ધતિ માટે આદરપૂર્વક ચર્ચા કરે છે. ઈંગ્લંડમાં બ્રિટિશ મેડિકલ એસોસીએશન અને રૉયલ સોસાએટી ઑવ મેડિસીન જેવી રૂઢિચુસ્ત સંસ્થાઓ, જેમણે આજસુધી હોમિયોપૅથો તરફ હરિજનો જેવો વર્તાવ રાખ્યો હતો તેઓ, હવે છડેચોક હોમિયોપથીના પંડિતોને પોતાને ત્યાં ભાષણો આપવા આમંત્રણ આપે છે!

હાનેમાનના જમાનામાં માઇક્રોસ્કોપ નહોવા છતાં એણે પોતાની તીવ્ર કલ્પના અને આર્ષદૃષ્ટિથી જંતુશાસ્ત્રની આગાહી કરેલી. જંતુશાસ્ત્રના અભ્યાસને પરિણામે તૈયાર કરવામાં આવતાં 'વૅક્સિન્સ' અને 'સીરમ્સ' એ તો હજી હોમિયોપથીના 'નોઝોડ્સ'ની બેડોળ અને કઢંગી નકલો છે. એ 'નોઝોડ્સ'ની સફળતા મેળવવા માટે અર્વાચીન જંતુજન્ય દ્રવ્યોને હજી તો ઘણી પ્રગતિ કરવી પડશે.

નવા શોધાએલા નેત્રનિદાનના વિજ્ઞાને હાનેમાનનો 'સોરા'નો સિદ્ધાંત સાચો છે, એમ નિર્વિવાદ રીતે સાબિત કર્યું છે.

આજસુધી હોમિયોપથીની સૂક્ષ્મ માત્રાની ખૂબ હાંસી કરવામાં આવી છે. હવે રેડિયમ, વિટામિન્સ અને હોરમૉન્સના જમાનામાં એવી રીતે હાંસી કરવાનો પ્રયાસ કરવો એ પોતાની બેવકૂફી અને અજ્ઞાનનું પ્રદર્શન કર્યા બરાબર લેખાય!

ફ્રૉઈડની પદ્ધતિએ માનસિક ક્ષેત્રમાં રોગદમનનાં ભૂરાં પરિણામો બતાવ્યાં છે. હાનેમાને આની આ વિચારસરણી શારીરિક બાબતોને લાગુ પાડી હતી.

એટલે સમગ્રરીતે તપાસતાં હાનેમાનની પદ્ધતિ અદ્યતન જણાય છે. બીજી બાજુ એમ કહી શકાય કે હજી હાનેમાનની પૂરેપૂરી કદર કરવા માટે વિજ્ઞાનને ઘણી પ્રગતિ કરવી પડશે!

આ મહાન વૈજ્ઞાનિક, તત્ત્વચિંતક, શરીરશાસ્ત્રી, માનસશાસ્ત્રી, રસાયનશાસ્ત્રી, ભાષાશાસ્ત્રી, સાહિત્યસ્વામી, આરોગ્યશાસ્ત્રી, સમાજ-સ્વાસ્થ્યશાસ્ત્રી અને ચિકિત્સકના મરણને ગયા જુલાઈ માસમાં સો વર્ષ પૂરાં થયાં છે, એવે સમયે એણે માનવજાત ઉપર કરેલા મહાન ઉપકારો જ્યારે આપણે યાદ કરીએ છીએ ત્યારે આપણું મસ્તક એની મહત્તા આગળ પ્રણિપાત કરે છે.

એણે વિષ ખાઈને જગતને અમૃત આપ્યાં; એણે તિરસ્કાર સહીને ચોમેર કરુણા રેલાવી; એણે ભૂખમરો વેઠીને સત્યની સાધના કરી.

લંડનના મહાન ચિકિત્સક ડૉ. જૉન એચ. ક્લાર્ક પોતાના સુ-વિખ્યાત પુસ્તક Prescribyમાં લખે છે કે: 'સામાન્ય વૈદકની દુનિયા હજી હાનેમાનને ઓળખતી નથી એમાં નવાઈ નથી. એમની દૃષ્ટિમર્યાદા ને શક્તિમર્યાદાથી એ હજી ઘણો દૂર છે. માઉન્ટ એવરેસ્ટ હજી અજીત છે'. અને ખરેખર આ પ્રશંસામાં લેશ અતિશયોક્તિ નથી.

એના જમાનામાં તો એનો કોઈ જોડીદાર નહોતો. વૈદકના ઇતિહાસમાં એનો સમોવડીયો શોધવા માટે પ્રાચીનોમાં પારાસેલ્સ અને અર્વાચીનોમાં લીંડલ્હાર જેવી વૈદકીય વિભૂતિઓ સુધી આપણે જવું પડે. એના આત્માને ચિર શાંતી હો!



માધુકરી

તારો ખર્યો . . . . . .
એવા ખર્યા માનવ કૈંક પૃથ્વીમાં!
પરંતુ તેજોમય કો લીસોટો
તેની સમો, ઉજ્જવલ કીર્તિકેરો
મૂકી જઈ પાછળ કેટલા શક્યા
અનંતમાં લીન થતાં પહેલાં?
ને એ સમું મૃત્યુ સુભગ્ય, કેટલા
નિર્માયલું માનવના નસીબમાં?

—મુકુન્દરાય પંડ્યા

૨૭. રામાનન્દ ચટ્ટોપાધ્યાય

ભારતની સંસ્કારિતા અને તેની સ્વાતંત્ર્ય-ઝંખનાને વાચા આપીને, તેના સાચા પ્રાણનું દર્શન તથા તેના પુનરુજ્જીવનનો સંદેશ કેવળ હિંદવાસીઓને જ નહિ પણ જગતભરના દેશોને પહોંચાડનાર ભારતીય પત્રકારોના ભીષ્મપિતામહ સમા બાબુ રામાનંદ ચટ્ટોપાધ્યાય (ચૅટરજી)નું, ગઇ તા. ૩૦મી સપ્ટેમ્બરે સાંજે ૭-૪૦ વાગ્યે ૭૯ વર્ષની વયે કલકત્તામાં અવસાન થયું. એમના અદ્વિતીય અંગ્રેજી માસિક 'મૉડર્ન રિવ્યૂ' અને એવા જ બંગાળી માસિક 'પ્રવાસી' દ્વારા આજ ચાર દશકાથી એમણે આ દેશની લગભગ બે પેઢીનું જે સંસ્કારઘડતર કર્યું છે તેનો આંક ભારતના સાંસ્કારિક ઇતિહાસમાં ઘણો ઊંચો અંકાશે. રાજકીય, સામાજિક, સાંસ્કારિક કે શિક્ષણ વિષયક, આ દેશના એક પણ ક્ષેત્રનો એક પણ અગ્રણી કાર્યકર કે વિચારક, બલ્કે એક પણ સંસ્કારી હિંદી ભાગ્યે જ નીકળશે જેના વિચારઘડતરમાં 'મૉડર્ન રિવ્યૂ'નો ફાળો નહિ હોય. એ માસિક દ્વારા નીડર, નિશ્ચયી ને ઉત્કટ છતાં સ્વસ્થ તટસ્થ અને વિદ્વતાપૂર્ણ વિચારોની ધારા અવિરતપણે ચાર દાયકા સુધી વહાવીને એકલા હિંદમાં જ નહિ પણ સમગ્ર જગતના દેશોમાં સંમાનિત પ્રતિષ્ઠા પામેલ એ રામાનન્દ બાબુને ગુમાવીને ભારતે એક પ્રતિભાવાન પત્રકાર જ નહિ પણ મહાન હિંદી ગુમાવ્યો છે.

એ પત્રકારપ્રવરનો પરિચય આજથી બાર વર્ષ પહેલાં અષાઢ ૧૯૮૭ના અંકમાં આપનાર 'કુમાર' પહેલું હતું. એને માટેની પોતાના જીવનની માહિતીની મિતાક્ષરી નોંધ ખાસ 'કુમાર' માટે એમણે સ્વહસ્તે લખી મોકલેલી તે, એ અદૃષ્ટ શિક્ષાગુરુના મોંઘા સ્મરણ રૂપે આ લખનારે સાચવી રાખી છે. તેમાંનો શરૂનો ભાગ તેમના હસ્તાક્ષર દર્શાવવા માટે આ સાથે છાપ્યો છે. 'કુમાર'ના ૯૧મા અંકમાં આવેલી એમના જીવનની માહિતીના મુખ્ય મુદ્દા; તથા તે ઉપરાંતની અન્યત્ર આવેલી વિશેષ માહિતી સંકલિત કરીને આ નીચે આપી છે.—બ.

ઈ. ૧૮૬૫માં બંગાળના બાંકુરા ગામમાં એક ગરીબ પણ વિદ્વાન બ્રાહ્મણ કુટુંબમાં એમનો જન્મ થયો. કુટુંબના ઘણાખરા પુરુષો સંસ્કૃતના પારંગત પંડિતો, વિદ્વાન અધ્યાપકો અને ધર્માચાર્યો તરીકે વિખ્યાત થયા હતા. એ પરંપરાગત પ્રતિભા એમનામાં પણ ઊતરી હતી, અને અભ્યાસકાળથી જ એ તેજસ્વિતા દેખાવા લાગી. કલકત્તા યુનિવર્સિટીની એન્ટ્રન્સ (મૅટ્રિક)ની પરીક્ષા પહેલા વર્ગમાં અને આખી યુનિવર્સિટીમાં ચોથે નંબરે આવીને એમણે પસાર કરી. બીજે વર્ષે ફર્સ્ટ ઈઅર આર્ટ્સમાં પણ એ જ રીતે પહેલા વર્ગમાં ચોથે નંબરે આવ્યા, અને અંતે બી. એ. માં તો ઇંગ્લિશ ઑનર્સ સાથે આખી યુનિવર્સિટીમાં પહેલા વર્ગમાં પહેલે નંબરે ઉત્તીર્ણ થયા. આ ઊજળી કારકિર્દીથી એમને તરત સિટી કૉલેજમાં અંગ્રેજીના લેક્ચરરની જગ્યા મળી, અને થોડા વખત પછી પહેલા વર્ગમાં ચોથે નંબરે આવી એમ. એ. થયા ત્યારે કૉલેજે એમને અંગ્રેજીના પ્રોફેસર બનાવ્યા.

બંગાળનાં સામાજિક, ધાર્મિક તેમજ રાજકીય જીવનમાં નવા વિચારનાં બીજ વાવીને પહેલો જબ્બર પલટો આણનાર રાજા રામમોહનરાયની એમના પર ખૂબ અસર પડેલી અને પાછળથી એમણે જે અનેક ગ્રંથ લખ્યા જે તેમાંનું એક રામમોહનરાયનું ચરિત્ર છે. કેશવ ચન્દ્ર સેનના સંપર્કમાં આવવાથી તેઓ 'સાધારણ બ્રાહ્મો સમાજ'ના મૂળથી જ સભ્ય થયા હતા અને સિટી કૉલેજમાં આવ્યા પછી તેની કાર્યવાહક સમિતિના સભ્ય બન્યા અને પાછળથી ઉત્તરોત્તર તેના સેક્રેટરી અને પ્રમુખ તરીકે નીમાયા. આ જ કાળમાં આનંદ મોહન બોઝ, કૃષ્ણકુમાર મિત્ર હેરંબચંદ્ર મૈત્ર, અને બીજા પ્રસિદ્ધ પત્રકારો તથા વિદ્વાનો અને સમાજસુધારકોની પ્રેરણાએ એમને પત્રકાર જીવનનો નાદ લગાડેલો.

એ સમયે કલકત્તામાં દાસાશ્રમ નામની એક સેવાસંસ્થા ચાલતી. એનો ઉદ્દેશ નિરાશ્રિતો, અનાથો તથા અપંગને આશ્રય આપી પાળવાનો ને સેવા કરવાનો હતો. એ દયાધર્મી સંસ્થાના પ્રમુખપદે રહી એમણે પુષ્કળ મૂંગું સેવાકાર્ય કર્યું ને તેને માટે 'દાસી' નામનું એક માસિક સ્થાપીને ઘણો વખત ચલાવ્યું. આ ઉપરાંત 'ધર્મબન્ધુ', 'પ્રદીપ' અને 'ઇન્ડિયન મેસેન્જર' નામનાં પત્રો પણ એમણે થોડો સમય ચલાવેલાં. પત્રકાર જીવનમાં એ એમનો પહેલો પ્રવેશ.

૧૮૯૫માં ૩૦ વર્ષની વયે એ અલ્લાહાબાદની કાયસ્થ પાઠશાળા કૉલેજના પ્રિન્સિપાલ નીમાયા અને અગિયાર વરસની ત્યાંની કાર-

કીર્દિમાં એમણે માત્ર શિક્ષણના જ નહિ, પણ સામાજિક ધાર્મિક તેમજ રાજકીય ક્ષેત્રમાં પુષ્કળ કામ કર્યું. અલ્લાહાબાદના બ્રાહ્મ સમાજના આચાર્ય હોવા ઉપરાંત તેઓ યુક્ત પ્રાંતની મદ્યનિષેધ સંસ્થાના પ્રમુખ અને અલ્લાહાબાદ અનાથાલયના અગ્રણી કાર્યકર હતા. કૉંગ્રેસની બેઠકોમાં અને એ પ્રાંતના પ્રતિનિધિ તરીકે ભાગ લઇને દેશની રાજકીય આકાંક્ષાઓ ને પ્રયત્નોના એ સાક્ષી ને સહાયક બન્યા હતા.

કાયસ્થ પાઠશાળામાંથી એ વખતે 'કાયસ્થ સમાચાર' નામનું એક માસિક ચોપાનિયું ઉર્દુમાં નીકળતું. રામાનંદ બાબુ કૉલેજના આચાર્યપદે આવ્યા બાદ એમના હાથમાં એનું તંત્રીપદ આવ્યું અને એમણે એ એક જ વર્ષ (૧૮૯૯-૧૯૦૦) ચલાવીને એની કાયાપલટ કરી નાખી. કાયસ્થ જાતિના સંકુચિત ક્ષેત્રના મામૂલી ઉર્દુ ફરફરિયા-માંથી એમણે એને સાર્વજનિક હિતનું અંગ્રેજીભાષાનું તેજસ્વી માસિક બનાવ્યું. એ વખતે આખા યુક્ત પ્રાંતમાંથી માત્ર બેજ પત્રો નીકળતાં: લખનૌથી ગંગાપ્રસાદ વર્માનું અર્ધસાપ્તાહિક 'ઍડવોકેટ' અને અલ્લાહાબાદનું આ 'કાયસ્થ સમાચાર'.

ઓગણીસમી સદીના અંત સુધીનું એમનું જીવનકાર્ય આમ અદૃશ્યરીતે ચાલ્યા કર્યું; પણ ૧૯૦૧ના વીસમી સદીના ઉદયની સાથે જાણે એમની કીર્તિની ઉષા ઊગતી હોય તેમ, એમણે 'પ્રવાસી' નામનું બંગાળી માસિક સ્થાપ્યું. બંગાળ બહાર (અલ્લાહાબાદ)થી પ્રગટ થતું હોવાથી એમણે એનું નામ 'પ્રવાસી' રાખ્યું. પણ નવા યુગનું દર્શન કરેલા સંસ્કારી પ્રજાવર્ગની વિચારસરણી એ માસિક દ્વારા રજૂ કરીને બંગાળનાં સાહિત્ય, કલા, સમાજજીવન, ધર્મ, અર્થકારણ, રાજકારણ એમ એકેએક અંગમાં પુનરુજ્જીવન આણવાનો એવો તો સમર્થ પ્રયત્ન કર્યો કે નૂતન બંગાળના નિર્માણમાં એ એક દીપસ્તંભ બની રહ્યું. બંગાળના વિખ્યાત વિદ્વાનો, પ્રકાંડ પંડિતો, લબ્ધપ્રતિષ્ઠ કલાકારો, તપોનિષ્ઠ સાહિત્યસેવીઓ અને ક્રાંતિકારી કવિઓ સૌ 'પ્રવાસી'માં લખવામાં ગૌરવ માનતા. ત્યાં એ પત્રને સુંદર મુદ્રિત રૂપમાં પ્રકટ કરવામાં અલ્લાહાબાદના અગ્રણી મુદ્રાલય 'ઇંડિયન પ્રેસ'ના સ્થાપક અને માલિક એમના પરમ મિત્ર, અને આપબળે જીવનઘડતર કરી એ ક્ષેત્રમાં હિંદવ્યાપી નામ કાઢનાર, બાબુ ચિંતામણિ ઘોષની એમને ખૂબ સહાય હતી. (એ પુરુષાર્થ-મૂર્તિનું પ્રેરક જીવન 'કુમાર'ના ૬૧મા અંકમાં આવી ગયું છે.)


થોડા વખત પછી કૉલેજની કાર્યવાહક સમિતિ સાથે એમને મતભેદ થયો અને ત્યાંથી છૂટા થઇ એ કલકત્તે આવ્યા. આ વખતે એમની સ્થિતિ તંગ બની ગઇ હતી. એક બાજુ પત્ની અને પાંચ બાળકોના ભરણપોષણની ચિંતા હતી; બીજી બાજુ 'પ્રવાસી'નું ખર્ચાળ પ્રકાશન ચાલુ રાખવાનું હતું. ટૂંક જ સમયમાં એણે એટલી પ્રતિષ્ઠા જમાવી દીધી હતી કે પોતાના એ પ્રિય સંતાનને બંધ કરવા તો એ ઈચ્છતા જ ન હતા આ સંકટ વખતે એમની સામે બે પ્રસંગ ઉપસ્થિત થયા. કલકત્તા સિટી કૉલેજનું આચાર્યપદ એમને આપવામાં આવ્યું; પરંતુ પોતાના શિક્ષણકાળના એક અધ્યાપકે એ પદે જવાની ઈચ્છા દર્શાવી એટલે 'ગુરુદક્ષિણા' તરીકે એમના લાભમાં પોતે એ મોંઘું પદ જતું કર્યું. બીજી તક હતી એક દેશી રાજ્યમાં ત્યાંના યુવરાજના શિક્ષાગુરુ અને ત્યાંની શિક્ષણસંસ્થાના અધ્યક્ષ તરીકે જવાની. પગાર ઘણો સારો મળવાનો હતો. અને ઉપરાંત 'પ્રવાસી' ચલાવવાનો બધો ખર્ચ પણ મળવાનો હતો. પણ શરત એ હતી કે તેમાં રાજકારણ સિવાયના માત્ર શુદ્ધ સાહિત્યિક લેખો જ લેવા. પરંતુ એમણે પોતાનો જીવનમાર્ગ એટલી સ્પષ્ટ અને નિશ્ચયાત્મક રીતે આંકી લીધો હતો કે આ પ્રલોભન એમને પથ-ભ્રષ્ટ ન કરી શક્યું. તરુણ વયમાં પોતે બી. એ. માં પહેલા આવ્યા ત્યારે આવી જ એક શરતે મળતી સરકારી સ્કૉલરશિપને એમણે જેટલી દૃઢતાથી જતી કરી હતી તેટલી જ નિશ્ચયાત્મકતાથી એમણે આ આમંત્રણનો અસ્વીકાર કર્યો, અને કુટુંબ તથા 'પ્રવાસી'નો બોજ ખભે લઈને એમણે ધીરતાથી જીવનપ્રવાહમાં વહેતું મૂક્યું.

પણ એ કામ લેશ માત્ર સરળ ન હતું. વળી આ જ સમયે ભારત-ની રાજનીતિ નવા પલટા લઈ રહી હતી. લૉર્ડ કર્ઝનનો સામ્રાજ્યવાદી સિંહ કેશવાળી હલાવી હુંકારી રહ્યો હતો. બંગભંગની નવી યોજનાએ જનતામાં અસંતોષનું પ્રબળ મોજું ફેલાવી દીધું હતું અને સામ્રાજ્ય-વાદી હકુમત સર્વ રીતે લોકમતને કચડી રહી હતી. દેશની આ સ્થિતિ જોઇને રામાનંદ બાબુના હૃદયમાં જબરો વિક્ષોભ થયો, અને પોતાને માથે ચિંતાજનક બોજો હોવા છતાં મ્રિયમાણ રાષ્ટ્રીયતાના પુનરુજ્જીવનને માટે એમણે કમર કસી.

દિલ અને દિમાગની સાથે એમના હાથમાં, તલવારને પણ જેર કરે એવી જોરદાર કલમ હતી. પણ પોતે સાધવા ધારેલા કાર્ય માટે 'પ્રવાસી'નું ક્ષેત્ર એમને હવે સાંકડું પડવા લાગ્યું. પ્રાંતિક પુનર્જીવનના સંકુલ ક્ષેત્રમાં જ પોતાની શક્તિ રોકાઈ રહેવાથી એમને સંતોષ ન વળ્યો. એમની દૃષ્ટિ તો સમસ્ત હિંદના વિશાળ જનસમૂહ પર હતી. અને ઉપરાંત, એ પોતાનો અવાજ વિદેશો સુધી પહોંચાડવા માગતા હતા. જે ભાષા હિંદના બધા પ્રાંતો સમજી શકે અને જે ભાષા દ્વારા સમસ્ત સંસારમાં પણ હિંદનો અવાજ પહોંચાડી શકાય એ અંગ્રેજી ભાષામાં જ એવું એક સર્વક્ષેત્રવ્યાપી અને બલવાન મુખ-પત્ર સ્થાપવાની એમની મનીષા હતી કે જે હિંદની શક્તિ અને સંસ્કા-રિતાનું જ્યોતિર્ધર બની શકે. આ ખોટ પૂરવા ફરી પાછા એ પોતાના મિત્ર ચિંતામણિ ઘોષ પાસે અલ્લાહાબાદ ગયા, અને ત્યાંથી, એમણે ઈ. ૧૯૦૭ના જાન્યુઆરીથી 'મૉડર્ન રિવ્યૂ' માસિક શરૂ કર્યું.

પણ 'મૉડર્ન રિવ્યૂ'ના થોડા જ અંક નીકળ્યા ત્યાં તો યુક્ત પ્રાંતની નોકરશાહી ખળભળી ઊઠી. એણે રામાનંદ બાબુને એ પ્રાંત છોડવાનું ફરમાન કર્યું. એનો અનાદર એટલે વિના તપાસે અનિશ્ચિત મુદ્દત સુધીનો બંદીવાસ, અને પરિણામે 'પ્રવાસી' તથા 'મૉડર્ન રિવ્યૂ'-નો અંત. આ પરિસ્થિતિમાં તેમણે પ્રબળ રાષ્ટ્રીય અસ્ત્ર સમાં બનેલાં પોતાનાં બંને પત્રો જીવતાં રાખવાનું જ ઉચિત ગણ્યું, અને માથા પર આર્થિક અને પારિવારિક ચિંતાઓનો બોજ લઇને એ કલકત્તે પાછા ગયા. ત્યાં જઈ એમણે અનેક મુશ્કેલીઓ અને તંગીનો સામનો કરીને ધીર પુરુષાર્થથી એ બંને પત્રોના પ્રકાશનની નવી વ્યવસ્થા કરી.

આ પછીનું એમનું જીવન એ આદર્શ અને સિદ્ધાન્તના પૂજારી, સાહિત્ય સંસ્કૃતિ અને સ્વાતંત્ર્યના આરાધક, તથા ન્યાયનીતિ, ચારિત્ર્યબલ અને સાધુતાના એક સાધકની લાંબી સંઘર્ષ-કથા છે. એ દરમ્યાન મુશ્કેલીઓ અને આફતો પણ આવી, તેમ માન અને આદર પણ એમને મળ્યાં. પોતાની નિર્ભય સત્યવાદિતા અને ન્યાયપરાયણતાને કારણે અદાલતે પણ ઘસડાવું પડ્યું. અને જે. ટી. સન્ડરલૅન્ડનું 'ઇન્ડિયા ઈન બૉન્ડેજ'–(બંદી હિંદ)–પુસ્તક છાપીને દુનિયા આગળ ભારતની આઝાદીનો અવાજ પોકારવા માટે દંડિત પણ થવું પડ્યું. પદો અને પૈસાનાં પ્રલોભનો ય એમની સામે અનેકવાર આવ્યાં, તેમ જનતાનાં શુદ્ધ હૃદયનાં સન્માન પણ ખૂબ મળ્યાં. હિંદના બહુ થોડા માણસોને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મળી છે. એ કીર્તિ પણ એમને વરી. એ એક જ એવા પત્રકાર હતા કે જેમને જીનીવામાં મળનારા રાષ્ટ્રસંઘની બેઠકમાં હાજર રહેવાનું સરકારી



1

Ramananda Chatterjee


Born in 1865 in Bankura (Bengal) in a poor Brahman family, many of whose members had been professors of Sanskrit and priests.

Passed Entrance Examination of Calcutta University in the First Division, standing 4th in order of merit in the whole university.

Passed First Examination in Arts in the First Division, standing 4th in order of merit in the whole university.

Passed B.A. in First Division with Honours in English, standing first in order of merit.

M.A. in English in First Division



ઉપર : સ્વ. રામાનંદ બાબુએ સ્વહસ્તે 'કુમાર' માટે પોતાની જીવનનોંધ લખી મોકલેલી તેનો શરૂનો ભાગ; જમણી બાજુ : રામાનંદ બાબુ ઇ. ૧૯૩૬માં

આમંત્રણ મળ્યું હતું. ૧૯૨૬માં એ ત્યાં ગયા. પણ પોતાના અંગત ખર્ચે; કે જેથી પોતાનું મન આભારના ભારથી મુક્ત રહી સ્વતંત્ર અભિપ્રાય ઉચ્ચારી શકે. ને એમણે પોતાની સત્યપરાયણતાને વળગી રહીને એની સાચી, નિર્ભય અને કડક આલોચના કરી. જીનિવાથી પાછા ફરતાં એમણે ફ્રાન્સ, ઈંગ્લંડ, સ્વિટ્ઝર્લૅંડ, જર્મની, ઑસ્ટ્રિયા અને ચેકોસ્લોવાકિયામાં સફર કરીને તે તે દેશોનાં સંસ્કાર અને જીવનનો અભ્યાસ કર્યો.

'મૉડર્ન રિવ્યૂ'ને એમણે સર્વતોમુખી પત્ર બનાવ્યું. એના પહેલા જ અંકથી સાહિત્ય, કલા, રાજકારણ, સમાજપ્રશ્ન, ધર્મવિચાર, અર્થ-કારણ વગેરે સર્વક્ષેત્રસ્પર્શી વિષયોનું વૈવિધ્ય એમણે આપ્યા કર્યું છે, અને તે લેશમાત્ર સંગીનતા ગુમાવ્યા વિના. કલાની બાબતમાં તો એમણે ઘણીબધી રીતે પહેલ કરી. મૂળ કૃતિનું હૂબહૂ પ્રતિબિંબ આપનારાં ત્રિરંગી ચિત્રો ઊંચી કોટિના કારીગરો પાસે તૈયાર કરાવી આપનાર એ જેમ પહેલા હતા, તેમ ભારતીય કલાને પ્રાકટ્ય ને પ્રોત્સાહન આપનાર પણ એ જ પ્રથમ હતા. દરિયાપારના હિંદી-ઓનો પ્રશ્ન હાથ ધરી તેમને માટે જબ્બર ઝુંબેશ ઉઠાવનાર પણ એ જ હતા. ઊગતી પ્રતિભાઓને ઓળખવાની એમની દીર્ઘદૃષ્ટિ અજોડ હતી. ભારતની પ્રગતિકૂચનાં વિવિધ ક્ષેત્રોમાં ઘૂમી રહેલી આજની ઘણી પ્રતિભાઓનું પહેલું સ્વાગત 'મૉડર્ન રિવ્યૂ'ને આંગણે થયું છે. આફ્રિકામાં હિંદીઓની લડત લડીને હિંદ આવનાર મોહનદાસ ગાંધીનો પરિચય પણ એમણે આપેલો. રવીન્દ્રનાથ ઠાકુરની પ્રતિ-ભાનો પ્રકાશ જગત સમક્ષ મૂકનાર 'મૉડર્ન રિવ્યૂ' જ; એટલું જ નહિ પણ ખરું જોઈએ તો રામાનંદબાબુ અને એમનાં પત્રો જ એ કવિવરની કીર્તિદા બન્યાં છે. સ્વાભાવિકરીતે જ એ પત્રોમાં બંગાળનું વ્યક્તિત્વ વધારે આગળ પડતું જણાતું, પરંતુ પરપ્રાંતોની પ્રતિભાને ઓળખવામાં તથા તેની પ્રવૃત્તિઓનો પરિચય આપવામાં એ કદિ પાછા પડ્યા નથી. બલ્કે એમણે જ પહેલ કરી છે. હિંદની બધી મુખ્ય પ્રાંતભાષાઓનાં પ્રકાશનોની નિયમિત નોંધ અખંડપણે એમણે આપી છે. ગુજરાતી પુસ્તકોની નોંધો K. M. J.ની સહીથી દર મહીને દી. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી એમાં આજ વર્ષોથી લખે છે એ સુવિદિત છે.

પણ આ બધા સંપાદનકાર્ય ઉપરાંત એમનું સવિશેષ વ્યક્તિત્વ તો 'મૉડર્ન રિવ્યૂ'ની નોંધોમાં પ્રકાશી ઊઠ્યું છે. મૉડર્ન રિવ્યૂની "નોંધ" એ પત્રકારની નિષ્પક્ષ તટસ્થવૃત્તિ, સર્વ પક્ષને ન્યાય આપ-વાનો યત્ન, ધીરગંભીર વિચારણા, શાન્ત અને અક્ષુબ્ધ મનથી કરેલી આલોચના, અને સંપૂર્ણ તથા સબળ દાખલા દલીલોના સમર્થનથી રજૂ કરેલા લખાણનો અનુકરણીય આદર્શ ગણાય એવી હતી. દેશની વિકટ પરિસ્થિતિને પરિણામે પત્રકારના સ્વાતંત્ર્યને રૂંધતાં ધારા-ધોરણોનો સામનો કરવાના એમને અનેક પ્રસંગો આવ્યા હતા; પણ સ્વમાન ખોયા વિના અને સત્ય હકીકતને વળગી રહીને, પરંતુ કાયદાની સીમા ઓળંગ્યા વિના, માત્ર દેશહિતની શુદ્ધ નિઃસ્વાર્થ દૃષ્ટિ રાખવાને લીધે, તેમજ મગજનું સમતોલપણું કદિ પણ ન ગુમાવવાને પરિણામે તેમણે અનેક વિકટ પરિસ્થિતિમાંથી પોતાનો માર્ગ કુશળતાથી અને સફળતાથી કાઢ્યો હતો. બંગાળના બૉમ્બ-યુગના કાળમાં ખુદીરામ બોઝ પકડાયા ત્યારે તેની છબિ ક્રાંતિકારી લોકો તે કેવા હોતા હશે તે અમારા વાચકોની જિજ્ઞાસા સંતોષાય તથા મુખાકૃતિઓના અભ્યાસીઓને અભ્યાસની તક મળે એટલા ખાતર ખુદીરામ બોઝની છબિ અમે પ્રકટ કરીએ છીએ" એવી નોંધ સાથે એમણે છાપી હતી. હિંદની પ્રજામાં સ્વમાન, સ્વાતંત્ર્ય-ભાવના ને સંસ્કારિતા પ્રકટાવવાની, પ્રાચીન કલા અને સાહિત્યના યોગ્ય અભ્યાસ તથા કદરનું માર્ગદર્શન કરાવવાની તથા દેશના સામાજિક અને રાજકીય પ્રશ્નોને આધ્યાત્મિક દૃષ્ટિએ નિહાળવાની પદ્ધતિનો અને એ બધાં ઉપરાંત કોઇ પણ પક્ષભેદથી નિર્લિપ્ત રહેવાની અતિ મહત્ત્વની પદ્ધતિનો આદર્શ એમના 'પ્રવાસી' અને 'મૉડર્ન રિવ્યૂ' એ જેવો આ ચાળીસ વર્ષ સુધી રજૂ કર્યો છે તેવો હિંદના કોઈ પણ પત્રે ભાગ્યે જ રજૂ કર્યો હશે. એ દરમ્યાન આપણા દેશના અસંખ્ય યુવાનોની રાષ્ટ્રીય દૃષ્ટિનું ઘડતર એમની નોંધોએ કરેલું છે;–એવું કે આપણા અરધ ઉપરાંત દેશભક્તોના 'માનસિક પિતા' એમને કહીએ તો એમાં અતિશયોક્તિ નહિ ગણાય.

૧૯૨૮ના જાન્યુઆરીથી એમણે હિંદીમાં 'વિશાલભારત' માસિક શરૂ કર્યું અને એના સંપાદનકાર્ય માટે પં. બનારસીદાસ ચતુર્વેદીને રોકયા. પોતે એના માલિક અને સંસ્થાપક હોવા છતાં એમણે બના-રસીદાસને એના સંપાદનનું સંપૂર્ણ સ્વાતંત્ર્ય આપ્યું, તે એટલી હદ

સુધી કે ખુદ રામાનંદ બાબુના પોતાના વિચારોની પણ પંડિતજી એમાં આકરી ટીકા કરી શકતા. આ એમના સ્વાતંત્ર્યપ્રેમ, વિલક્ષણ સહિષ્ણુતા અને ઉદારતાનો પુરાવો છે.

એમના અંગત મિત્રોમાં, અલ્લાહાબાદના વાસ દરમ્યાન થએલા પંડિત મહાવીરપ્રસાદ દ્વિવેદી ('સરસ્વતી'ના સંપાદક), વર્તમાન હિન્દીના જન્મદાતાઓમાંના એક અને 'પ્રદીપ'ના સંપાદક પંડિત બાલકૃષ્ણ ભટ્ટ, બી. ડી. બસુના નામથી ખ્યાત વિદ્વાન મેજર વામનદાસ વસુ (જેમને ત્યાં જ એ અલ્લાહાબાદમાં ઊતરતા), પં. સુંદરલાલજી, દીનબંધુ ઍન્ડ્રૂયુઝ અને રવીન્દ્રનાથ ટાગોર મુખ્ય હતા. તેમાં ઍન્ડ્રયુઝ, ટાગોર અને તેઓ, એ ત્રણેની તો ત્રિમૂર્તિ કહેવાતી. પોતે શાંતિનિકેતન વિદ્યાભવનના આચાર્ય તરીકે પણ થોડો સમય રહેલા. પણ આ સર્વે સાથે ગાઢ અંગત મિત્રતા હોવા છતાં એમના ગ્રંથો કે કાર્યોની આલોચના કરતી વખતે 'તંત્રી રામાનન્દ' તો પોતાના અંતરાત્માને લાગે તે ગમે તેવું કડવું હોય તો પણ નીડરપણે કહેતા. કલકત્તા કૉંગ્રેસ વખતે ઍની બેસંટને પ્રમુખપદે લાવવાને જ્યારે રવીન્દ્રનાથ હોમરૂલ લીગ તરફ ઢળ્યા ત્યારે ખુદ એ કવિવર સામે પણ એમણે પોતાનો ઉગ્ર અવાજ ઉઠાવ્યો હતો.

પત્રકારત્વમાં કરેલી એમની આ શાન્ત સંગીન સેવાઓ પરથી પ્રજાએ એમને દેશહિતના પ્રશ્નોના ખરા ચિંતક અને માર્ગદર્શક તરીકે ઓળખીને ભારતની અનેકવિધ પ્રવૃત્તિઓના કર્ણધાર પણ બનાવ્યા. મુંબાઇમાં મળેલી રાજસ્થાન પ્રજા પરિષદના, સુરતમાંની અખિલ ભારત હિંદુ મહાસભાના, લાહોરની અખિલ હિંદ જાત-પાત તોડક પરિષદના અને ઈશ્વરવાદીઓની પરિચયના, પત્રકાર પરિષદના, એમ સર્વક્ષેત્રવ્યાપી પ્રવૃત્તિઓના પ્રમુખ તરીકે થએલી એમની ચૂંટણીઓ, એમની શક્તિઓમાંનાં પ્રજાનાં શ્રદ્ધા અને આદરની દર્શક છે. જોકે અંગતરીતે એમને મોટાઇ કે પદલોભ ગમતાં ન હતાં. સ્વભાવે તે એકાન્તપ્રેમી ને શરમાળ હતા.

ઇશ્વરે એમના શરીરને સુંદર ઢાળામાં ઢાળ્યું હતું. એમનું આછા ઘઉંવર્ણા રંગનું, જરા બેઠા બાંધાનું તંદુરસ્ત શરીર, ભવ્ય મુખાકૃતિ, દીર્ઘદર્શી દૃષ્ટિ, મોટી સફેદ દાઢી અને સાદાં વસ્ત્ર જોઇને કોઇ ઋષિ જેવા એ આપણને લાગે. એમની વાતચિત એટલી મધુર હતી અને એમની રીતભાત એટલી શિષ્ટતાપૂર્ણ હતી કે એમનું સહાનુભૂતિભર્યું ભાવુક હૃદય જોઇને મુગ્ધ થઈ એમના પ્રત્યેના શ્રદ્ધાભાવથી મસ્તક નમી જતું.

છેલ્લાં આઠ વર્ષથી તેઓ એક એવા વ્યાધિથી પીડાતા હતા, જેનું નિદાન ખરેખર તો થઈ જ શક્યું ન હતું. આખા શરીરમાં એક એવી આકરી ખજવાળ આવતી અને દાહ ઊઠતો કે ક્ષણભર પણ ચેન ન પડતું. ૫૫ વર્ષથી તો એ વિશુદ્ધ નિરામિષ આહારી હતા, અને છેલ્લે શરીર એટલું નબળું પડી ગએલું કે રોગ સામે ટકી શક્યું નહિ. ૧૯૪૦માં તો એમની સ્થિતિ ચિંતાજનક થઇ ગએલી. ચામડીના રોગના એક ખાસ નિષ્ણાતની સલાહ પણ લીધી. એણે ખજવાળ દૂર કરવાની દવા તો આપી, પણ કાયમી આરામ તો થયો જ નહિ. પછી જણાયું કે આ કોઈ ત્વચારોગ નથી, પણ પોષણના અભાવથી ચામડી કોઈ રીતે દુર્બળ થઈ ગઈ છે. અનેક કુશળ ચિકિત્સકોના વિવિધ ઉપચાર કર્યા, પરંતુ આંશિક અને અસ્થાયી આરામ સિવાય ખાસ લાભ કંઈ થયો નહિ. આ અવસ્થામાં પણ, શરીર અત્યંત દુર્બલ થયું હોવા છતાં, અને પૂરતો આરામ કે પોષણ ન મળતાં હોવા છતાં પણ તેઓ એ જ લગની, એ જ શ્રમ અને એ જ તત્પરતાથી 'પ્રવાસી' અને 'મૉડર્ન રિવ્યૂ'નું કામ કરતા રહ્યા, તે ઠેઠ ૧૯૪૨ના નવેમ્બરમાં એમના રોગે એમને કેવળ પથારીવશ કરી મૂક્યા ત્યાં સુધી. ગયા (૧૯૪૩ના) ફેબ્રુઆરીમાં કોઈના ટેકા વિના ઊઠવાનો પ્રયત્ન કરવા જતાં એ ગબડી પડ્યા અને સાથળના થાપાનું હાડકું તૂટી ગયું. આ પછી એમના સાજા થવાની આશા કંમી થઇ ગઈ. આ અકસ્માત અને વધતી જતી નબળાઈને કારણે, બીજા પણ નવા રોગો પેદા થતા ગયા અને શરીરમાં વિજાતીય દ્રવ્ય ઊભું થવાથી લોહીમાં એક પ્રકારનું વિષ ફેલાઈ ગયું, જેને લીધે એમનો અંત પ્રત્યક્ષ આવી ગયો, અને ૩૦ મી સપ્ટેમ્બરની સાંજે એમણે દેહ છોડ્યો.

પણ એ છેલ્લી ક્ષણ સુધી એમની બુદ્ધિ અને શક્તિ એવી ને એવી તેજ રહેલી. મરતાં પહેલાં થોડી જ પળ ઉપર તો એ પોતાની મોટી પુત્રી સીતાદેવી સાથે સારીરીતે વાતો કરતા હતા. પથારીવશ હતા છતાં 'પ્રવાસી' અને 'મૉડર્ન રિવ્યૂ' નાં સંપાદન તથા સંચાલન વિષે ઝીણીમાં ઝીણી વિગતો સાથે સંપૂર્ણ સલાહ સૂચના આપતા, એટલું જ નહિ પણ અનેક મિત્રો, પરિજનો અને મુલાકાતીઓની સાથે પણ અગાઉના જેટલી જ પ્રસન્નતા, સ્પષ્ટતા અને જૂનાં સ્મરણોથી ભર્યોભર્યો વાર્તાલાપ કરતા. એમના છેલ્લા જન્મદિવસે એમને ૭૯ મું વર્ષ બેઠું તે વખતે અનેક સંસ્થાઓએ એમના આરોગ્ય માટે પ્રાર્થના કરીને એમના બિછાના નજીક એમને સન્માનપત્રો આપ્યાં, તે સઘળાંનો એમણે અગાઉના જેટલો જ સમર્થક ઉત્તર પણ આપેલો. લાગટ ૬૦ વર્ષ સુધી કઠોર અને અખંડ પરિશ્રમ કરવા છતાં પણ એમની મેધા, સ્મરણશક્તિ અને મગજ અંત સુધી સશક્ત અને સંચલનશીલ રહ્યાં હતાં.

કલકત્તામાં આવ્યા બાદ એક સામાન્ય ઘરમાં સાદી રીતે એ રહેતા; અને એમને ઘેર પહોંચવાની આઠ ફૂટ પહોળી એ સાંકડી ગલીમાં થઇને દેશના રવીન્દ્રનાથ ઠાકુરથી માંડીને પરદેશના મોટા મોટા વિચારકો ને રાજનીતિજ્ઞો સુધીના અનેક મહાન અગ્રણી પુરુષો એમના એ સાદા ઘરની સીડીએ ચડ્યા હતા. સવારે વહેલા ઊઠી પરવારી એ ફરવા જતા અને નવ વાગ્યે આવ્યા બાદ છાપાંઓનું વાચન, અને કાપલીઓનું તારણ, તે પર નોંધોનું લેખન, પ્રુફ સંશોધનવગેરે સંપાદનકાર્ય ચાલતું, તે બપોરે જમવા ઊઠતા ત્યાંસુધી. એ નાનકડા ઓરડાની જોડે કે બાહાર સાંકડી ઓશરીમાં પોતાનાં ને પડોશનાં છોકરાં કોલાહલ કરતાં રમતાં હોય; પણ એમને લેશમાત્ર ધમકાવ્યા વિના એ તો એમનું કાર્ય અક્ષુબ્ધપણે ચાલુ જ રાખતા. ત્યાં જમ્યા પછી કલાકેક આરામ લીધા બાદ ફરી પાછું એ કાર્ય શરૂ થતું તે છેક સાંજે ફરવા જવા ઊઠે ત્યાં લગી. ફરવા નીકળતી વખતે પણ સાથે કલકત્તાના અંગત મિત્રોમાંના કોઈ ને કોઈ હોય જ અને અનેક ગંભીર વિષયોની ચર્ચા છણાવટ વગેરે એમની એજ તીવ્ર આલોચના તથા શુદ્ધ વિચારસરણીથી ચાલતી હોય. રાત્રે વાળુ પતી ગયા બાદ મોડી રાત સુધી બળતો એમના ઘરનો દીવો એમનું વાંચન ચાલુ રહેતું હોવાની શાખ પૂરતો.

એમનાં ચાર સંતાનોમાં જ્યેષ્ઠ પુત્ર કેદારનાથ ચૅટરજી એમનાં બંને પત્રોનું સંપાદન અને સંચાલન છેલ્લા થોડા વખતથી સંભાળી રહ્યા છે. જેમાંના એમનાં મોટાં પુત્રી સીતાદેવી સારાં નવલ-લેખક છે. નાની પુત્રી શાન્તા દેવી ચિત્રાલેખન જાણે છે અને તે જાણીતા વિદ્વાન ડૉ. કાલિદાસ નાગનાં પત્ની થાય છે. નાના પુત્ર અશોક ચૅટરજી પણ વિદ્વાન અને રસજ્ઞ છે, અને ઇંગ્લાંડથી આવીને એમણે થોડો વખત 'વેલફેર' (કલ્યાણ) નામનું એક અંગ્રેજી સાપ્તાહિક ચલાવેલું. એમનો પરિચય અગાઉ 'કુમાર'માં ૬૩માં અંકમાં 'પરિભ્રમણ' નામના લેખમાં પૃ. ૧૦૯ ઉપર આવી ગયો છે. પાંચમું સંતાન અને સૌથી નાનો પુત્ર

પ્રસાદ થોડાં વરસો પર ગુજરી ગયો એનો આઘાત રામાનંદ બાબુને બહુ ઊંડો લાગેલો. એ ધણો તેજસ્વી અને એમને અતિશય પ્રિય હતો. એના અવસાન પછી રામાનંદ બાબુનાં પત્ની મનોરમાદેવી તો ઉગ્ર વિહ્વલતા અને શોકમાં ગાન પરનો કાબૂ ગુમાવી બેઠેલાં અને એ આઘાતમાં જ થોડાં વરસપર એ ગુજરી ગયાં. એ જીવનસહચરીનું અત્યંત ભાવપૂર્ણ તર્પણ એમણે 'મૉડર્ન રિવ્યૂ'માં કર્યું હતું.

આઠ દાયકાનું એમનું જીવન એક અખંડ તપશ્ચર્યા જેવું હતું. એ તપશ્ચર્યા વડે એ ઋષિએ પોતાનું ઘર ન ભર્યું, પણ માતૃભાષાનો ભંડાર ભર્યો; પોતાની કીર્તિ નહિ પણ પોતાના દેશનું નામ યશોજ્જવલ કર્યું. ઇચ્છત તો પોતે એક સંપન્ન સુખી ગૃહસ્થ તરીકે રહી શકત.પણ સામે આવેલી એવી અનેક તકોને ઠોકરે મારીને એમણે અંતરના અવાજના દોર્યા કર્તવ્ય અનેવિવેકની પ્રેરણાથી સ્વેચ્છાએજ આ સેવા, કષ્ટ અને નિઃસ્વનો માર્ગ લીધો. પત્રકારના જીવનને એમણે ઋષિજીવન તરીકે સ્વીકાર્યું અને એ વ્યવસાયમાં આર્ષ દૃષ્ટિ કેળવી; અને તદ્દન શાન્ત રીતે જીવનના ધાંધલ કે કોલાહલથી દૂર રહી, પોતાની પ્રતિભાવાન કલમથી દેશની બે પેઢીના અંતરમાં પ્રેરણાનું એવું અમી સીંચ્યું કે જે કામ સક્રિય કાર્ય કરનાર અને સભાઓ ગજવનાર મોટા દેશ નેતાઓથી થઇ શક્યું નથી.

સઘળા પક્ષભેદોથી નિર્લિપ્ત રહીને,જ્ઞાન તથા તજ્જન્ય સૌજન્ય અને સંસ્કારના પ્રણેતા બની રહેનાર, રાષ્ટ્રહિતની સતત ચિંતા રાખનાર અને જીવનભરની જાગૃત અને અખંડ તપશ્ચર્યા વડે અરધી સદી સુધી આપણને માર્ગદર્શન આપનાર એ મહર્ષિનું પારદર્શક જીવન આપણા સૌના પ્રેમ ને પ્રેરણાનું સ્થાન બની રહેશે.

(મૉડર્નરિવ્યૂ ,વિશાલભારત, વિશ્વવાણી, જ્યોતિર્ધર, પ્રનબન્ધુ વગેરેમાંથી તારવી સંકલિત કરીને.)

પરપોટાનાં ઘરો

યુદ્ધ દરમિયાન પણ વિજ્ઞાનની પ્રવૃત્તિ ચાલુ જ રહેલી છે.યુદ્ધના અંત પછી એ અનેકગણી ઝડપી બનવાની. એ પ્રવૃત્તિમાં સૌથી ક્રાન્તિકર તો કદાચ ગૃહનિર્માણની નવી શોધ હશે. અત્યારે આપણે હજુ વજનના યુગમાં જીવતા હોઈએ તેમ સઘળી વસ્તુઓમાં વજનદારપણું પ્રધાન રહ્યું છે, અને એમાં આજનાં ઘરો તો કદાચ વજનમાં સૌને ટપી જાય.

ઘન વસ્તુ કરતાં એટલા જ કદની પોલી વસ્તુ એટલી જ મજબૂત શોધે બાંધકામમાં જબરી ક્રાન્તિ આણી છે. હવે એ પણ શોધી કાઢવામાં આવ્યું છે કે લોખંડના જબરા ગર્ડર કરતાં એટલા જ કદનો પોલાદ કે ટંગસ્ટનના પાતળા તારોનો ગઠ્ઠો દસ ગણો મજબૂત હોય છે, ઘરોના ચણતરમાં હવે પછી એ શોધનો પણ ઉપયોગ થવાનો ને એને લઇને વજનની હળવાશ સાથે ઘરોને અત્યાર કરતાં વિશેષ મજબૂતી પ્રાપ્ત થવાની.


આજ યુગો થી મથવા છતાં હજુ શુદ્ધ સફેદ કે તદ્દન કાળો રંગ મેળવવાની શોધ, સંપૂર્ણ 'ચક્રયુગ' કે ઘર્ષણ રહિત ગતિ પ્રાપ્ત કરવાની શોધ, સોએ સો ટકા શુદ્ધ પદાર્થ મેળવવાની શોધ કે સતત ગતિ (પર્પેચ્યુઅલ મોશન)ની પ્રાપ્તિ માટેની વિજ્ઞાનીઓની શોધ હજુ સફળ નથી થઈ; પરંતુ ગૃહનિર્માણની બાબતમાં તો એની સિદ્ધિ આશ્ચર્યકારકતાએ પહોંચી છે. ધાતુઓની નબળાઈ નિવારીને તેમને વજનમાં હલકી બનાવવાની જે પ્રવૃત્તિ વિજ્ઞાન હમણાં કરી રહ્યું છે તેને લઇને ભવિષ્યમાં આજની દોઢ ટનના વજનની મોટરોને બદલે માત્ર ૩૦૦ રતલ વજનની મોટરો આપણને મળશે. ઍલ્યુમીનિયમ, મૅગ્નેશ્યમ, તથા અન્ય હલકી ધાતુઓ પર પ્રયોગો કરીને તેમને લોખંડ કરતાં પણ સસ્તી બનાવવાના પ્રયોગો ચાલુ છે. પરંતુ એ પ્રયોગોમાં અભૂતપૂર્વ તો ઍરોજેલ પરના પ્રયોગો છે.


આ ઍરોજેલ (aerogel)નાં સંયુક્ત દ્રવ્યો હાલ જુદાજુદા ગૅસ કે બિનાશને શોષી લેવાના કામમાં વપરાય છે. ફીણ જેવા અસંખ્ય બારીક પરપોટાના તે બનેલા હોય છે અને પરસ્પર ચોંટી રહીને તેનો ગઠ્ઠો ઘન પદાર્થ જેવો બની રહે છે. આ ઍરોજેલનાં સંયુક્ત દ્રવ્યોમાંનાં કેટલાંક દ્રવ્યો તો પાણીના પણ ૨૦મા ભાગના અને બૂચના ૧૯મા ભાગના હલકા હોય છે! વિજ્ઞાનીઓની હાલની મહેનત તેમનું વજન વધાર્યા વિના તેમને વિશેષ મજબૂતી આપવાની અને એમને જોડવા માટેનું સીમેન્ટ શોધી કાઢવાની છે.

ભારે ઇંટો, લાકડાં, સીમેન્ટ, કાચ ને પ્લાસ્ટરનાં બનેલાં આજનાં ઘરોને બદલે આ ઍરોજેલનાં બનેલાં ઘરો તમે કલ્પી શકો છો? અને એ ઊભાં કરવાની કીમત તો તમારી કલ્પનામાં પણ ન આવે એટલી મામૂલી રહેવાની. જમીનમાં ઊંડા પાયા નાખવાની એ ઘરો માટે જરૂર નહિ રહે. પવન સામે એમને સ્થિર રાખવા માટે માત્ર લંગર (wind anchors) ની જરૂર રહેશે સ્પ્રે-ગનથી જ એની દિવાલો અને એ દિવાલોના જ ભાગ સમી છત બનાવી રહેશે. અને આવું પરપોટાનું ઘર જોઇએ એટલું મજબૂત, જંતુમુક્ત તથા પલટાતા હવામાનથી અભેદ્ય રહેશે. વજનમાં તદ્દન હલકાં હોઇને આવાં ઘરોને ધરતીકંપો સામે કશો ભય નહિ રહે. એમની ભીંતોનો અમુક જોઈતો ભાગ અથવા તો આખી યે ભીંતો પારદર્શક બનાવી શકાશે. લાકડાંનો ઉપયોગ આ રીતે નિવારી શકવાથી જંગલોનો નાશ અટકશે અને એ સમૃદ્ધિનો લાભ પ્રજાને બીજી અનેક રીતે મળશે. તેમને વિશાળ 'પાર્ક'માં ફેરવી શકાશે. —'પ્રકર્ષ'

આફ્રિકા

આફ્રિકા સાથેનો ભારતવર્ષનો સંબંધ સદીઓ જૂનો હોવા છતાં અને વસાહતની દૃષ્ટિએ ખાસ કરીને પૂર્વ આફ્રિકા આપણું સંસ્થાન હોવા છતાં, એ દેશને લગતું પ્રગટ થએલું આપણું સાહિત્ય પ્રમાણમાં ન જેવું છે, અને જે છે તેમાં પણ ઘણુંખરૂં રાજકીય હેતુ પાર





ઉપર: (૧) પોલી વસ્તુ ઘન વસ્તુ જેટલી જ મજબૂત હોય છે; (૨) પરપોટા જેવું ઍરોજેલ; (૩) લોખંડના ગડર કરતાં એટલા જ કદનો પોલાદ કે ટંગસ્ટનના તારનો ગઠ્ઠો દસગણો મજબૂત હોય છે. જમણી બાજુ: ઍરોજેલમાંથી બનાવેલું ઘર કેવું હશે તેનો ખ્યાલ આપતું આલેખન. બાર માણસો તેને સહેલાઇથી ઊંચકીને ફેરવી શકે

પાડવા માટેના પ્રચાર રૂપે અને બાકીનું થોડું વર્ણન રૂપે છે.

જે દેશને ભારતનાં લાખો સંતાનો માતૃભૂમિ બનાવીને પેઢીઓથી ત્યાં વસી રહ્યાં છે તે દેશ વિષે, તેના મૂળ વતનીઓ વિષે, તેઓની રહેણીકરણી, આચારવિચાર તથા સંસ્કૃતિ વિષે હિંદે જાણવું જ જોઈએ. પરંતુ આપણી પાસે તેવું સાહિત્ય, આપણી જ્ઞાનપિપાસાને સંતોષે તેટલું, નથી. ત્યાં જઇ આવેલા લોકોમાંથી મોટે ભાગે ઉપરટપકેનું જ્ઞાન ધરાવતા લોકો મીઠુંમરચું મેળવીને જે વર્ણનો કરે છે તે તો જ્ઞાનને બદલે અજ્ઞાનમાં વધારો કરે છે.

શહેરો, રેલવે અથવા મોટર લાઇનની આજુબાજુ વસતા લોકો, સગવડો સહિત પ્રવાસ કરતા મુસાફરો, કિનારાનાં સ્થળોએ થોડો સમય ફરી આવેલા સહેલાણીઓ, કે રસાલા સહિત શિકારે નીકળેલા શિકારીઓનાં વર્ણનોમાંથી આફ્રિકાનો આત્મા જડી આવે તેમ નથી.

પરંતુ જેઓ ઘેરા જંગલોને ચીરીને રેલવે યા વાહનવ્યવહારથી દૂર દૂર જંગલના ગાઢ અંધકારમાં ઊતરી જઇ ત્યાંના ઝનૂની અને જંગલી ગણાતા વનવાસીઓ વચ્ચે વેપારાર્થે વસી રહ્યા છે તેઓના અનુભવમાંથી જ આપણે આફ્રિકા વિષે સાચું જાણી શકીએ છીએ.

જે સ્થળે આધુનિક સાધનોથી સજ્જ એવો યુરોપિયન પણ રહેતાં અચકાય, ત્યાં કંઇ પણ સાધન વિના, ફક્ત વનવાસીની સજ્જનતા પર ઈતબાર રાખતો એકાદ હિંદી નજરે પડે છે એ શું ઓછા આશ્ચર્યની વાત છે ! ખરી રીતે, જેમને સુધરેલી દુનિયા ઝનૂની અને જંગલી ગણીને ડરે છે તેઓ સ્વભાવે બાળક જેવા અને વાદવિવાદમાં સાવ સરળ છે. તેઓની સજ્જનતા કેટલીકવાર સુધરેલાને પણ શરમાવે એવી હોય છે. એવાં અનેક ભયંકર સ્થળોએ, જંગલોની ભીતરમાં ઊંડેઊંડે હિંદીઓ વસી રહ્યા છે. તેમનો અનુભવ જો પ્રગટ કરવામાં આવે તો આપણું સાહિત્ય નક્કર અને દળદાર બની જાય.

આફ્રિકા ખંડનો વિસ્તાર હિંદ, ચીન, યુરોપ કે અમેરિકા એ કોઈ કરતાં વધારે છે. એની ચાર મહાનદીઓ નીલ, કૉંગો, નાઈજર અને ઝામ્બેઝી અનુક્રમે ૩૦૦૦, ૨૬૦૦, ૨૦૦૦ અને ૧૬૦૦ માઈલ જેટલી લાંબી છે, જે સુકાયા વગર સદા ભરપૂર રહીને ઍટલાંટિક, ભૂમધ્ય કે હિંદી મહાસાગરમાં અહોનિશ વહ્યા કરે છે.વિવિધ પ્રકારના ત્યાંના લોકો વચ્ચે જુદીજુદી ૯૦૦ જાતની તો બોલીઓ બોલાય છે.

સુધારાનાં આધુનિક સાધનો—તાર, ટપાલ, રેલવે, મોટર, એરોપ્લેન, રેડિયો વગેરે ત્યાં દાખલ થઇ ચૂક્યાં હોવા છતાં આફ્રિકા સદીઓ પહેલાં હતું તેવું જ દેખાય છે.

વનવાસીઓનું જીવન એટલે જીવવા માટેનું યુદ્ધ. વાવેતરોને મેદાનમેદાન કરતા હાથીઓનાં ઝુંડ અને હીપોપૉટેમસો, કમનસીબોનો શિકાર કરવા કેડીઓમાં છુપાએલા વનરાજો, નદીનાળાં સરોવર અને તળાવોમાં સપાટે ચડનારને સ્વાહા કરવા આતુર મગરો, હિંસક પ્રાણીઓ, તરેહતરેહની બીમારીઓ અને માનવ-બલિમાં શ્રદ્ધા ધરાવતા સંપ્રદાયોના ત્રાસ વચ્ચે વનવાસીને સદા યુદ્ધતત્પર રહેવું પડે છે.

ઘણી સંસ્કૃતિઓ અહીં આવી અને કાળની ગર્તામાં સમાઇ ગઈ; અનેક વિજેતાઓ આવ્યા ને પાછા ચાલ્યા ગયા અથવા તેની માટીમાં મળી ગયા ભારતનો આફ્રિકા સાથેનો સંબંધ સૂચવતાં તો અનેક ચિત્રો જડી આવ્યાં છે. ઈસ્લામી સંસ્કૃતિ અહીં ઠેરઠેર વ્યાપક છે, અને આજે વિજ્ઞાનનાં સાધનોની સહાય વડે ઇસાઈયત આફ્રિકાને બદલી નાખવા પોતાના બાહુ પસારી રહી છે; પરંતુ આફ્રિકાનો ભેદભરેલો અંધકાર હજી દૂર થયો નથી. જનાવરોમાં પૂર્વજોના આત્મા હોવાની શ્રદ્ધા, જાદુ, ભય, ત્રાસ, વેરઝેર માનવ-બલિદાન વગેરે વચ્ચે અહીંના વનવાસીઓ જીવી રહ્યા છે અને એ માન્યતાઓને પોષતા જ રહ્યા છે. ખુદ એમનાં ટોળાંના સરદાર કરતાંયે જાદુગરોની સત્તા લોકોની ઈચ્છા પર અજબ કાબૂ ધરાવે છે. સારાં નઠારાં બંને કાર્યોમાં જાદુનો ઉપયોગ થાય છે. નઠારાં કાર્ય કરનારથી લોકો દૂર રહે છે. સારાં કાર્યો કરનાર લોકોના રોગોને દૂર કરે છે, જાદુથી બચાવે છે ને બલાઓમાંથી બચવા માદળિયાં બનાવી આપે છે.

કુદરતે આ ખંડને રસ અને કસથી ભરપૂર રાખ્યો છે. શહેરમાં સસ્તી ગણાતી વસ્તુઓ જંગલોની ભીતરમાં અમૂલ્ય હોય છે, જેથી વેપારને માટે તે સારું ક્ષેત્ર છે. ધનવાનો માટે હુન્નર ઉદ્યોગનું ક્ષેત્ર બહોળું છે. હિંદમાં છે તેના કરતાં ત્યાંના હિંદીઓનું જીવનધોરણ ઊંચું છે, પણ અત્રે સામાન્ય ખ્યાલ છે તેમ દરેક વ્યક્તિ તવંગર નથી.

કુદરત એના સાચા સ્વરૂપમાં અહીં નજરે પડે છે. સાહસિકોને જવાંમર્દીનાં સ્વપ્ન સમો એ ખંડ હજીયે અંધકારથી ભરેલો છે. એ દેશ ને એના વતનીઓ વિષે, તેઓના આચારવિચાર, જીવન ને સંસ્કૃતિ વિષે, તેઓની વચ્ચે વસી રહેલા આપણા ભાઇઓ વિષે અને એ દેશ સાથેના આપણા સંબંધવિષે આપણે જાણીતા થવું જોઇએ.

—'આફ્રિકા' (વર્ષ ૧ અંક ૧)

તરતા રાખનારો કોટ

હવાઇ-જહાજના વિનાશ પછી વિમાની, ઘણુંખરું પૅરાશૂટ દ્વારા ધરતી પર ઊતરી પોતાનો જીવ બચાવી લે છે. પણ જો હવાઈ-જહાજ કોઇ વિશાળ દરિયાપર ઉડ્ડયન કરતું હોય અને કોઈ બીજા હવાઇ-જહાજથી અથડાઇને, અથવા દરિયાઇ-જહાજની મશિનગન કે દરિયા-કાંઠા પર ગોઠવેલી તોપોના પરીઘમાં સપડાઈ તબાહ થઇ જાય તો વિમાનીના બચવાનો સંજોગ રહેતો ન હતો.

વર્તમાન યુદ્ધમાં મોટામોટા વૈજ્ઞાનિકોએ આ અંગમાં લાંબી વિચારણા અને સંશોધન કર્યાં, કે કોઈ એવી ચીજ વિમાનીઓને ઉપલબ્ધ કરી આપવામાં આવે, જેથી તેઓ સમુદ્રની સપાટી પર ઊતરી પડવાના સંજોગોમાં ગર્ક થવાથી બચી જાય. જગ્યાની તંગીના કારણે હવાઇ-જહાજમાં કોઇ એવી ચીજ રાખી શકાતી ન હતી. આ માટે કેટલાયે ભિન્નભિન્ન પદાર્થોનાં 'પ્લાસ્ટર' અને કોટ શોધવામાં આવ્યાં, જેના ઉપયોગ બાદ મનુષ્ય પૂરતા સમય સુધી સમુદ્રમાં રહી શકતો હતો, અને એવી રીતે ડૂબવાથી બચી શકતો હતો. પરંતુ એમાં ઘણી ખામીઓ અને અપૂર્ણતાઓ હતી.

હવે બેલ્જિયમની એક કંપનીએ જાવા દ્વિપના કપાસના છોડમાંથી ખાસ પ્રકારના લાંબા રેષા કાઢ્યા છે ને તેમાંથી વિચિત્ર પ્રકારના કોટ તૈયાર કરાવ્યા છે, જે મનુષ્યને ડૂબવાથી બચાવે છે.

આ કોટ વિમાનીને ઘૂંટીથી ગરદન સુધી ઢાંકે છે, અને તે દરિયામાં પડી જાય ત્યારે તેને તરતો રાખે છે! દરમ્યાન તેના સાથી તેને દરિયાઇ-જહાજ મોકલી બચાવી લે છે.આ કોટમાં ત્રણ ખૂબીઓ છે: (૧) કડકતી ઠંડીથી તે સલામત રાખે છે; (૨) ચામડાંથી વિશેષ મુલાયમ અને રબરથી વિશેષ ટકાઉ છે; (૩) વજનમાં 'કૉર્ક' (બૂચ)થી બનેલા કોટનો છઠ્ઠો ભાગ છે.

વિશાળ દરિયામાં અને ઊંચાં ઊંચાં મોજાંઓ પર આવી રીતે ઊતરી પડેલા મનુષ્યનું દૃષ્ટિગોચર થવું વિકટ છે. એ કારણે વિમાનીઓને એક ચમકતી ટોપી પહેરવી પડતી હતી. બેલ્જિયમવાસીઓએ એના બદલે એક રસિક પદ્ધતિ અપનાવી છે. તેઓ રાજકૂર કોટના ખિસ્સામાં એક પ્રકારનો રંગ નાખી રાખે છે, જેથી વિમાની જ્યાં તરી રહ્યા હોય, તેની ચોમેરનું સ્થાન ખાસ ઢબથી રંગાઈ જાય છે, અને વિમાનીનો પત્તો ત્વરાથી લાગી જાય છે. —ઇ. સ. ઙ.

આ માસ ઈતિહાસમાં

ઑક્ટોબર

જૂની રોમન વર્ષગણના સુધારીને શરૂમાં બે માસ ઉમેર્યા તે પહેલાં આ માસ આઠમો આવતો તેથી તેનું નામ એ સંખ્યાના દર્શક રોમન શબ્દ પરથી ઑક્ટોબર રહેલું, તે હજી ચાલુ છે આ માસમાં પાનખર પાન પીળાં પડવા લાગતાં હોઈ સ્લાવ લોકો તેને પીળો માસ કહે છે ને શિયાળાની શરૂઆત આ માસની પૂર્ણિમાએ થતી હોઈ ઍંગ્લો સૅક્સનો તેને 'વિન્ટર ફિલેથ' (ફિલેથ=પૂર્ણિમા) કહેતા.

તા. ૧ બનારસ હિંદુ યુનિવર્સિટીની સ્થાપના, ઈ. ૧૯૧૭.

તા. ૩ શ્રી હરવિલાસ સારડાનું બાળલગ્ન નિષેધક બિલ પસાર થયું, ઈ. ૧૯૨૯.

તા. ૧૦ અદ્‌ભુત હિમાલયન ચિત્રો આલેખનાર રશિયન કલાકાર મહર્ષિ રોરીકનો જન્મ, ૧૯૭૪.

તા. ૧૬ લંડનનાં પાર્લમેન્ટનાં મકાનોને ભસ્મીભૂત કરતી આગ લાગી, ૧૮૩૪.

તા. ૨૧ અમદાવાદના સૂબા શેખ સૂફી સાથે અંગ્રેજ કૅપ્ટન બેસ્ટે ગુજરાતમાં અંગ્રેજોના વેપારને લગતા કોલકરાર કર્યા, ૧૬૧૨.

તા. ૨૩ મહાન બૌદ્ધ ચીની યાત્રી હ્યુએનત્સંગનું અવસાન, ૬૬૪.

તા. ૨૬ નૉર્વે સ્વીડનથી છુટો પડીને સ્વતંત્ર દેશ બન્યો, ૧૯૦૫.

તા. ૩૧ હિંદના અજોડ ક્રિકેટર મેજર કોટરી કનૈયુ નાયડુનો જન્મ, ૧૮૯૫



આ બંને માસની વ્યક્તિવિશેષ

Marie Antoinette

મારી આન્ત્વાનેત

જન્મ : ૨ જી નવેમ્બર ૧૭૫૫

શિરચ્છેદ : ૧૬મી ઑક્ટોબર ૧૭૯૩

ફ્રાન્સની આ રૂપવતી પણ કમનસીબ રાણીનું નામ ફ્રાન્સના ઇતિહાસમાં ક્રાન્તિવાદીઓએ દેશદ્રોહી ઠરાવીને શિરછેદ દીધેલી તરીકે અંકાયું છે; જગતની મહત્તાના ઇતિહાસમાં તેનું સ્થાન નથી. જેના સમયમાં ફ્રાન્સનો રાજદરબાર ચાણક્યપ્રપંચ વિલાસી ઉડાઉગીરી ને જહાંગીરીની ટોચે પહોંચીને ક્રાન્તિનો જન્મદાતા બન્યો એ નબળા ને ભોળા રાજા સોળમા લુઈની સાથે ક્રાન્તિની ન્યાયવેદી પર વધેરાઈ જનારી એની એ હતભાગી રાણીનું નામ પાછળથી જોકે સહાનુભતિને પાત્ર બન્યું છે; અને એના વિલાસના દિવસોમાં એની રસિકતાએ ઉત્તેજેલી અમૂલ્ય કલાત્મક ચીજો, ફર્નિચરો, અલંકારો આદિને નિમિત્તે ફ્રાન્સની એક કાળની સંસ્કારભરી રસસંપત્તિની પ્રેરક તરીકે ઇતિહાસકારો એને કોઇ કોઈવાર સ્મરે છે.

નવેમ્બર

માર્ચથી શરૂ થતી જૂની રોમન વર્ષગણત્રીમાં આ માસ નવમો આવતો એ તેનું નામ જ દર્શાવી રહે છેઃ (નૉવેમ=નવ). જૂના વખતમાં નવેમ્બરની ૧૧મી શિયાળો બેસવાની તારીખ તરીકે ઊજવાતી (આજે તે ગયા મહાયુદ્ધના વિરામની તારીખ તરીકે પળાય છે), અને આ માસથી શિયાળુ પવન ફૂંકાતો શરૂ થવાને લીધે ઍંગ્લો સૅક્સનો તેને 'વિન્ડ મૉનાથ' (વિન્ડ મન્થ=પવન માસ) કહેતા.

તા. ૨ હિન્દના સમર્થ વિજ્ઞાની મહેન્દ્રલાલ સરકારનો જન્મ, ૧૮૩૩

તા. ૭ ઇતિહાસ સંશોધનમાં અપૂર્વ પ્રતિભા દાખવી જગવિખ્યાત થનાર ગુજરાતી ભગવાનલાલ ઇંદ્રજીનો જન્મ, ૧૮૩૯

તા. ૧૦ શિવાજીએ અફઝલખાનનો વધ કર્યો, ૧૬૫૯.

તા. ૧૫ ગુજરાત વિદ્યાપીઠ સ્થપાઇ, ૧૯૨૦

તા. ૧૭ સુએઝની નહેરમાંથી પહેલવહેલું જહાજ પસાર થયું, ૧૮૬૯

તા. ૨૨ હિંદમાં અંગ્રેજોનો પગદંડો સ્થાપનાર લૉર્ડ ક્લાઇવે આપઘાત કર્યો, ૧૭૭૪.

તા. ૨૪ ફ્રાન્સની વિચારક્રાન્તિના જનક વૉલ્તેરનો જન્મ, ૧૬૯૪.

તા. ૨૬ મધ્ય એશિયાના વિખ્યાત શોધસફરી સર ઑરેલ સ્ટાઇનનો જન્મ ૧૮૬૨.

તા. ૩૦ અંગ્રેજોને ફ્રેન્ચ સરકારે મૉરિશ્યસ ટાપુનો કબજો સોંપ્યો, ૧૮૧૦.

ઑસ્ટ્રિયાના શહેનશાહ ફ્રાન્સિસ પહેલા અને જાણીની રાણી મેરીઆ થેરેસાનું એ નવમું સંતાન. એનો જન્મ બીજી નવેમ્બર ૧૭૫૫ના વીએનામાં થએલો. ભવિષ્યમાં તેને ફ્રાન્સની રાણી બનાવવાની રાજદ્વારી નેમથી જ તેની માતાએ તેનો શિક્ષણક્રમ યોજેલો, કે જેથી એ બે દેશોના સંયોજનથી ફ્રાન્સમાં ઑસ્ટ્રિયાનો પગદંડો મજબૂત થાય. ૧૭૭૦માં તેનું લગ્ન ફ્રાન્સના પાટવી સાથે કરવામાં આવ્યું. પણ ફ્રાન્સમાંનાં ઑસ્ટ્રિયા વિરોધી તત્ત્વો આથી ધૂંધવાયાં, અને તેની અધૂરી કેળવણી, ફ્રેન્ચ રાજદરબારના એટીકેટની તેણે કરેલી અવગણના, તેના પતિનો તેના પ્રત્યેનો અણગમો, આ બધાંથી તેની સામે ખટપટનું જબરૂં ષડયંત્ર ખડું થયું. એ ખટપટો સામે તેણે દુરાગ્રહી ટક્કરો ઝીલી; મુત્સદ્દીથી ઑસ્ટ્રિયન પક્ષ સબળ થાય તેવાં પગલાં ભરાવ્યાં; પોતાના જુવાન પ્રશંસકો સાથે વિલાસી મોજશોખોમાં એટલી છૂટથી વર્તવા માંડ્યું કે તેને માટે અનેક અફવાઓ વહેતી થઈ. એના પતિ ગાદીએ આવ્યા બાદ જોકે એ દંપતી વચ્ચે સારો બનાવ જામી ગયો, પણ વર્ષોથી ફ્રાન્સના રાજવીઓની જુલ્મજહાંગીરી ને ફનાગીરીથી કચડાતી આવેલી જનતાનો જ્વાળામુખી એ નબળા રાજાના અમલમાં ભભૂકી ઊઠ્યો અને ક્રાન્તિ ફાટી નીકળી. ક્રાન્તિવાદી ટોળાંઓએ રાજારાણીને કેદ કર્યાં, અને રાજાને ભંભેરનાર તરીકે તથા દેશની આ બધી દુર્દશાના કારણરૂપ તેને જ એકલીને લેખવીને તેની સામે એવા તો આક્ષેપો મૂકયા કે એક રાતમાં તેના વાળ ધોળા થઈ ગયા. રાજા લુઇની સામે કેસ ચલાવી તેનો શિરચ્છેદ કરવામાં આવ્યો ને રાણી આન્ત્વાનેતને, તેના પુત્રથી વિખુટી પાડી કડક કેદમાં લઇ જવામાં આવી. પોતાની સામેના ક્રૂર આક્ષેપો અને કડક વલણ સામે પણ તેણે બતાવેલી ઉદાત્ત ખાનદાની જોઇ તેના દુશ્મનો યે તેની પ્રશંસા કરતા. તેના મિત્રોએ તેને છોડાવવાને આકાશપાતાળ એક કર્યાં પણ નિષ્ફળ. ક્રાન્તિવાદીઓના ન્યાયાસન આગળ તેનો કેસ ચલાવવામાં આવ્યો. તેમાં તેણે બહુ જ ખબરદારી, ગૌરવ ને જુસ્સાથી પોતાનો બચાવ કર્યો. ક્રાન્તિ શરૂ કર્યા પછી યે તેણે ઑસ્ટ્રિયા સાથેની મસલતો ચાલુ રાખેલી. જોકે પોતાના પતિના, પોતાના તથા રાજપદના બચાવ માટે એ અનિવાર્ય જ હતું; પરંતુ એ કારણે એ દેશદ્રોહી ઠરી તેને દેહાંતદંડની સજા ફરમાવવામાં આવી, ને ૧૭૯૩ના ઑક્ટોબરની ૧૬મી ગિલોટીન ઉપર તેનો શિરચ્છેદ કરવામાં આવ્યો.

વણ સાથી સથવાર કે, વણ ખાંડે વણ ભલ્લ,
આપબળે જે ઝૂઝતા, ઈ નર એકલમલ્લ.


—તનસુખ ભટ્ટ

ઇંગ્લંડનો વિખ્યાત નટ સર હેત્રી ઇર્વિંગ કમાણી અને કીર્તિને શિખરે પહોંચ્યા બાદ એક મિત્રે તેને લખ્યું કે 'કપરી ગરીબી અને જહેમતના તમારા શરૂઆતના જીવનકાળમાં તમે તમારી ઘર-માલિકણને એક પત્ર લખીને એક શિલિંગ ઉછીનો માગ્યો હશે, એ પત્ર મેં મહાપુરુષોના હસ્તાક્ષરો વેચનારાને ત્યાંથી ખરીદી લીધો છે. તમે કહો તો તેનો નાશ કરી નાખું.' ઇર્વિંગે ઉત્તરમાં લખ્યું કે 'એ સાચવી રાખજો; હું તો એને માટે મગરૂર છું.'

અનેકાર્થી શબ્દ: **રામ**=દશરથના પુત્ર, વિષ્ણુના અવતાર; રુમ, હોરા; આનો(વ્યાજ); પરશુરામ તેમજ બલરામ બંનેને માટે પર્યાય તરીકે વપરાતો શબ્દ; 'અમુક ક્રિયા કરવાની ટેવવાળો મસ્ત માણસ' એવો અર્થ દર્શાવવા માટે વર્તમાનકૃદંતને છેડે લાગતો શબ્દ; દાખલા તરીકે 'ભમતારામ'.

કહેવતો કેમ પડી: 'પાઘડી ભેંશ ચાવી ગઈ.' અનીતિ આચરનાર માણસ, તે બાબતની ટકોર કરતાં ઉપરથી પાછો નફ્ફટ જવાબ આપે તે દર્શાવતી આ કહેવત વિષે વાત છે કે એક લાંચિયા ન્યાયાધીશની કોર્ટમાં એક વાણિયાનો કેસ આવ્યો, જેમાં એક ખવાસ સ્ત્રી પાસેના લેણાનો તેનો દાવો હતો. વાણિયો સાહેબનાં લક્ષણ જાણતો હોવાથી કેસ પોતાના લાભમાં કરવાનું કહીને તેને એક પાઘડી ભેટ આપી આવ્યો. પ્રતિવાદી બાઇને આની જાણ થતાં તેણે સાહેબને ભેંશ ભેટ આપી. કેસ ચાલતાં સાહેબે સ્વાભાવિક રીતે જ ફેંસલો પ્રતિવાદીના લાભમાં સંભળાવવા માંડ્યો. તેનાં શરૂનાં વેણ સાંભળતાં જ વાણિયાના પેટમાં ફાળ પડી અને પોતે આપેલી લાંચ તરફ સાહેબનું લક્ષ ખેંચવા માટે મર્મમાં કહ્યું, 'સાહેબ, પાઘડી તરફ તો નજર રાખો !' (જેનો અર્થ એવો પણ થાય કે પ્રતિવાદી હલકી કોમની સ્ત્રી છે, અને અમે તો પાઘડી બાંધનારા આબરૂદાર પુરુષ ને વેપારી માણસ, એ હકીકત ઉપર તો ધ્યાન આપો !) પણ પાઘડીનું નામ સાંભળતાં જ સાહેબ મિજાજ ખોઇ બેઠા અને તેમનાથી બોલી જવાયું 'પાઘડી ભેંશ ચાવી ગઈ!' એને મળતી બીજી કહેવત: 'નાગાને કહે બાવળ ઊગ્યો, તો કહે મને છાંયો થયો.'

માણસની શ્રવણમર્યાદાની નીચેના અને ઉપરના અવાજો કૂતરાં સાંભળી શકે છે.




દૃષ્ટિભ્રમનો અચ્છો નમૂનો: એકીનજરે જોવાથી ચણતરની એવી એક બેઠકનો ખ્યાલ આપશે કે જેનો આગલો સફેદ ભાગ આપણી બાજુએ જમણી તરફ આગળ લંબાએલો છે અને જેનો પાછલો સફેદ ભાગ પીઠ બને છે. બીજી નજરે જોવાથી એ જ બેઠક જાણે ઊંધી બની ગઇ હોય તેમ જણાશે કે જેમાં સફેદ પીઠ અને બાજુનું અઢેલણ નીચે છે અને બેઠકનો ભાગ ઊંચે ચડી ડાબી તરફ તેનો સફેદ ચોરસ લંબાએલો છે. આ ચિત્રને ઉલટાવીને જોવાથી એ જ રીતનો એકસરખો દૃષ્ટિભ્રમ થશે.

ગણિતગમ્મત: ૨૧, ૪૨, ૬૩, ૮૪, ૧૦૫, ૧૨૬, ૧૪૭, ૧૬૮, ૧૮૯;—૨૧ના ઘડિયાની આ નવે રકમો અજબ છે. એમાંની કોઇપણ રકમનો એકમનો આંક બાકી વધતી રકમમાં ઉમેરો અને જે જવાબ આવે, તે જ જવાબ, એ રકમને સાત વડે ભાગવાથી પણ આવશે. દાખલા તરીકે, ૨૧: ૨+૧=૩; અને ૨૧÷૭=૩ અથવા તો ૧૬૮: ૧૬+૮=૨૪; ને ૧૬૮÷૭=૨૪. આવી બીજી સંખ્યાઓ શોધી શકશો ?

—કા. મ. જોષી

બે વિદ્યાર્થીઓને વાતો કરતા જોઇને શિક્ષકે ગુસ્સામાં ત્યાં જઇને બંનેને એક એક લપડાક લગાવી દીધી અને કહ્યું, 'મેં વારંવાર કહ્યું છે કે વાતો ન કરો, છતાં કોઈ માનતા નથી ! તમે શી વાતો કરતા હતા ?'

એક વિદ્યાર્થી: સાહેબ, અમે પાસ થયા તે માટે તમને કંઇક ભેટ આપવી એની. (કિશન)




ઘરમાં કાચનાં બારીબારણાં પવનથી દીવાલ સાથે અથડાતાં હોય, તો તેનાં બારણાંની બાજુએ એક એક બૂચને સ્ક્રૂથી જડી દો. તેથી તેના કાચ ભાંગતા અટકશે.



ત્રણેક ફીટ લાંબી, વચ્ચે દબાતાં અંદરનું પાણી અટકે નહિ એવી, જાડી રબ્બરની નળીને માટીના ઘડામાં નીચે કાણું પાડીને તેમાં સજ્જડ બેસાડી દો, એટલે તે પાણીના નળ જેવું ઉત્તમ કામ આપશે. નળી ઘડાને ગળે વીંટી દેવાથી નળ બંધ રહેશે. ઘડો મૂકવા માટે અલમારી જેવી સગવડ ન હોય તો છીંકાની પેઠે ટાંગી પણ શકાશે.

મધ્ય હિંદમાં વીજળીનાં કુદરતી ઝાડ થાય છે. તમે જો તેનાં પાંદડાંને હાથ અડકાડો તો આંચકો લાગે ! લોહચુંબકની સોય ઉપર તેની અસર ૭૫ ફૂટ દૂરથી થાય છે. દિવસના મધ્ય ભાગમાં તે વધારેમાં વધારે શક્તિશાળી હોય છે, જ્યારે રાત્રિના મધ્ય ભાગમાં તેનામાં ઓછામાંઓછી શક્તિ હોય છે. વર્ષાઋતુમાં તેની શક્તિ નાબૂદ થઈ જાય છે. પશુપંખી, જીવજંતુ વગેરે કોઈ તેની નજીક જતાં નથી. (વીજળીની દુનિયા)

આપણા શરીરમાં ૨૨૦૦ દીવાસળી બની શકે એટલું ફૉસ્ફરસ હોય છે.



દેશદેશના ચિત્રવિચિત્ર વસ્તુઓના પોષાક: ડાબી બાજુથી: (૧) હોલાંડના ડચ લોકો, એ દેશ ઠંડો હોવાને કારણે મોટે ભાગે શણ અને ઊનનાં કપડાં પહેરે છે; (૨) ઑસ્ટ્રેલિયા પાસેના ન્યૂ ગીનીના પાપુઅન લોકો ઘાસનાં ચણિયા જેવાં વસ્ત્રો વાપરે છે; (૩) પાસિફિક મહાસાગરમાં ન્યૂઝીલાંડ પાસેના સામોઆ ટાપુમાં વળી ઘાસની છાલ (ટાપા)નાં કપડાં પહેરાય છે; અને (૪) આફ્રિકામાં ઘાસ કે ચામડાનાં લંગોટી જેવાં ટૂંકાં વસ્ત્ર લોકો પહેરે છે.

વિક્રમાદિત્યનાં નવ રત્નો

આલેખક: રવિશંકર રાવળ

સમ્રાટ વિક્રમાદિત્ય જેવો પરાક્રમી નરપુંગવ હતો તેવો જ વિદ્વત્તા અને સંસ્કારનો પુરસ્કર્તા હતો અને તેના સમયમાં ઉજ્જયિની સરસ્વતીનું લીલામંદિર બન્યું હતું એ હકીકત પરંપરાગત જાણીતી છે. ગયા અંકમાં ગણાવેલાં તેના દરબારનાં નવ રત્નોમાંનાં બાકીના પાંચનાં આલેખન આ સાથે આપ્યાં છે. (પાછળ)



વરરુચિ–બ્રહ્મર્ષિ નૈયાયિક



ક્ષપણક–બૌદ્ધ સાધુ



અમરસિંહ–જૈન પંડિત



ધન્વન્તરી–વૈદ્યપ્રવર



ધરખર્પર–વૈયાકરણી






ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

'હું કોણ ?': શકદેવ ભગત-અમદાવાદ, ત્રીજું ઈનામ; 'ગરનાળામાંથી': એચ. લાલ-સુરત, બીજું ઈનામ.

પૃથ્વીવલ્લભનો પ્રાણ:



એ સુખી દિવસો

ગુજરાતી સાહિત્યમાં એક 'સરસ્વતીચંદ્ર'ને નામે ત્યારે દીવા બળતા. ગોવર્ધનરામની આ નવલકથાએ વાચકોને સુંદર વાચનથી ભીંજવ્યા હતા. એમાં જે દુનિયા પાથરવામાં આવી હતી એ દુનિયા સુંવાળી હતી, આકર્ષક હતી. આજના વસમા કાળ પહેલાંનો એ સુખી સમય હતો.

કુસુમ અને કુમુદનાં નામ નવલકથાનાં પાનાં પરથી નીચે ઊતરી દીવાનખાનામાં, ખંડોની અંદરની ચર્ચામાં પહોંચી ગયાં હતાં. કુસુમનું નામ આંખ સામે આવતું ને અંતરમાંથી નિશ્વાસ નીકળતો. કુમુદ આખરના ભાગમાં સ્નેહની માળા પહેરી શકી હતી. ગુજરાતી જનતાને સરસ્વતીચંદ્રના સંસારમાં ભારે રસ પડવા લાગ્યો હતો.

પણ હજુ નવલકથાનો ઘાટ પૂરેપૂરો ઘડાયો નહોતો. ગુજરાતની પહેલી ઐતિહાસિક નવલકથા 'કરણઘેલા'એ થોડો અવાજ કર્યો હતો. પણ નંદશંકરભાઇ, કરણઘેલાના લેખક જૂની શૈલીના સાહિત્યકાર હતા, એટલે આ નવલકથા પણ ચમકારો કરવા માટે નક્કી થઈ નહોતી.

ત્યારે વર્ણનોથી પાનાં ભરાતાં. માનવીનાં મનનું પૃથક્કરણ વર્ણન ત્યારે માગતું નહિ. ત્યારે તો ઝાડપાન, સરોવર, ઐતિહાસિક સ્થળો આસપાસ શબ્દોના મહેલ ઊભા કરવામાં આવતા.

જમીન પર પગ રાખી પાત્રો ભાષા બોલતાં નહિ. પુસ્તકનું પાનું અને ધરતીની ધૂળ—આ બંને અલગ રહેતા.



એવા સમયમાં ગુજરાતી સાહિત્ય કોઇ નવી, ચેતનવાળી, ચમકારભરેલી, સમૃદ્ધ કલમને સાદ દઇ રહ્યું હતું. જનતા કોઇ નવા સાહિત્યકારનું સામૈયું કરવા માટે અધીરી બની ગઈ હતી.

આજુબાજુની દુનિયા સુખી હતી, જીવનમાં ખાસ ઉશ્કેરાટ નહોતો. જીવનને બદલે સાહિત્યમાંથી મોહક ધ્રુજારી ઉછીની લેવાની વૃત્તિ જાગી હતી. વાચક જનતા નવી નવલકથાની બંસીના નાદમાં ઘેરાવા માગતી હતી.

કનૈયાની બંસી

અને કનૈયાની આ બંસી જાગી ગઇ. શ્રી. કનૈયાલાલ મુનશી નવી શૈલી, નવો ઘાટ, નવાં પાત્રો અને નવી દૃષ્ટિ લઇ આવ્યા. સાહિત્યના દરબારમાં શ્રી કનૈયાલાલ મુનશી આવ્યા. એમના આવવાની સાથે જ એમના નામની સ્થાપના થઇ ગઈ.

'ઘનશ્યામ' તરીકે એ ગુજરાતી વાચકોની આંખને જઇ મળ્યા. એમણે સામાજિક નવલકથા 'વેરની વસુલાત'થી સૌનું ધ્યાન ખેંચ્યું, અને પછી તો એક પછી એક નવલકથા એમની કલમમાંથી રચાતી ગઇ.

શ્રી કનૈયાલાલ મુનશીએ માત્ર કલમથી નહિ પણ નવી દ્રષ્ટિથી ઇતિહાસને પાસે બોલાવ્યો. ઇતિહાસને ઊભો રાખી, પ્રસંગોની પોઠો એમણે ઉતારવા માંડી.

ઇતિહાસને એમણે એમનો સ્પર્શ આપ્યો, રોમાંચનો ભ્રમર પ્રસંગોની પાંદડીમાં બીડાયો, અને શબ્દોનો પરાગ લઈ આ ભ્રમર પ્રકરણે પ્રકરણે ગૂંજવા લાગ્યો.

ઇતિહાસનાં પાત્રોને એમની પોતાની શૈલીનાં સિંહાસન પર એમણે બેસાડયા. જેમાં વ્યક્તિત્વનું બળ હતું એવાં પાત્રોએ શ્રી મુનશીની વ્યક્તિપૂજાને સંતોષી.

'પાટણની પ્રભુતા' સ્વચ્છ ચમત્કારિક શૈલીથી બહાર આવી. મુનશીનું પાત્રાલેખન, સંવાદો, રસવૃત્તિથી નવો જ શોખ જાગી ગયો. ઇતિહાસને મુનશી દોરે જતા હતા પણ એમની કલમ ઉપર એક આદમી આવવા માગતો હતો.

દિવસ રાત મુનશીને એ આદમીનાં સ્વપ્નાં આવવા લાગ્યાં. એ પાત્ર ઇતિહાસમાંથી ઊઠવા માગતું હતું. એ પાત્ર માત્ર એક રાજાનું નહોતું, એ પાત્ર તો રસના રાજાનું હતું. સરસ્વતીનો એ લાડીલો હતો. પરાક્રમનો એ પાટવી કુંવર હતો. એનું નામ હતું **મુંજ.**

દિવસરાત મુનશીને એ આદમીનાં સ્વપ્નાં આવવા લાગ્યાં. એ પાત્ર ઇતિહાસમાંથી જાગવા માગતું હતું. એ પાત્ર માત્ર એક રાજાનુ નહોતું. એ પાત્ર રસના રાજા તરીકે મુનશીની રસવૃત્તિને પાસે બોલાવી રહ્યું હતું. એ પાત્ર સરસ્વતીનું લાડીલું હતું પરાક્રમનો એ પાટવી કુંવર હતો. એનું નામ હતું મુંજ.

સાહિત્યની ઝાલર

શ્રી કનૈયાલાલ મુનશીએ "પૃથ્વીવલ્લભ"ની નવલકથા ગુજરાત સમક્ષ મૂકી અને સાહિત્યનાં મંદિરમાં ઝાલરો વાગી રહી. મુનશીની તમામ નવલકથાઓ કરતાં એ શ્રેષ્ઠ હતી. 'પૃથ્વીવલ્લભ' નવલકથા આવી અને સાહિત્યમાં ક્રાંતિ આવી ગઈ.

વાંચતાંની સાથે જ 'પૃથ્વીવલ્લભે' વાચકને મિત્ર બનાવી દીધો. આ નવલકથાએ શા માટે આટલું જબ્બર આકર્ષક જમાવ્યું ?

સૌથી પહેલાં તો મુંજનું પાત્ર ન ભૂલાય તેવું હતું. કેવો હતો એ મુંજ ? એ હતો વલ્લભ. મસ્તક જેનું આકાશમાં હતું અને પગ જેના પાતાળ પર રહેતા.

મુંજની કમરે તલવાર ઝુલતી. એના હૃદયમાં સંસ્કારીઓની સ્મૃતિ ઝૂલતી. ગુલાબનાં ફૂલની જેમ એ નવીનોખી સ્મૃતિઓને કચડતો અને આ ગુલાબજળને એ એનાં જીવન પર છાંટતો.

મુંજના જીવનમાં ઘણી સ્ત્રીઓનાં સ્મરણો ભરતીની જેમ ઉછળ્યાં હતાં પરંતુ એણે એક નામ સાંભળ્યું હતું મૃણાલનું. આ મૃણાલ સંયમની મૂર્તિ તરીકે ઓળખાતી. રસજીવન સામે મૃણાલે રીતસરનાં ફરમાનો કાઢયાં હતાં. એના ભાઇ ઉપર કાબૂ રાખી એ લગભગ રાજ ચલાવતી.

આવી મૃણાલની નગરીમાં મુંજ કેદી બનીને આવ્યો ત્યારે એના હાથ જ કેદ હતા. એનું હૈયું કેદ થયું નહોતું.

હાથી ઉપર બેઠેલો તૈલપ નાનો લાગતો હતો. જમીન ઉપર ચાલતો મુંજ મોટો લાગતો હતો. મુંજની સાથેના સૈન્યમાં કોણ હતા ? મુંજના માનીતા કવિરાજો.

પહેલી દૃષ્ટિ

મુંજ કવિતાનો સ્વામી હતો. મુંજ સમરાંગણમાં પણ કવિતાને સાથે લઇ જતો. રણમેદાન મુંજને મન જીવનના રસસાહિત્યનું એક પુસ્તક જેવું જ લાગતું.

મુંજ કેદી બનીને આવ્યો અને મુંજની નજર ઝરૂખામાં બેઠેલી મૃણાલ પર પડી. સંયમની આ મહારાણી કેદી મુંજની નજરમાં, પહેલી નજરમાં કેદ બની ગઈ. જેમ જેમ એ મુંજની દ્રષ્ટિ દબાવતી ગઈ એમ એમ એ કમાન છટકી એની આસપાસ ફરી વળી.

આ રીતે મુંજ દુશ્મનની નગરીમાં દાખલ થયો. એ જીતેલો હતો, પણ એના દુશ્મનો કહેતા હતા કે એ હારેલો હતો.

મુંજને કારાવાસમાં પૂરવામાં આવ્યો પણ મુંજના જુસ્સાને, એની લાપરવાઇને, એની મસ્તીને, એની કવિતાને એની રસવૃત્તિને કોઈ કારાવાસ કબૂલ નહોતો.

એટલે તો મૃણાલ મુંજની સાનને ઠેકાણે લાવવા કારાવાસમાં આવી. મુંજ હસ્યો, મુંજે પ્રણયની વાત કરી, મુંજે સ્પર્શ કર્યો અને મૃણાલ છંછેડાઈ. મુંજનો હાથ બાળવા એ તૈયાર થઈ પણ મુંજને તો સ્નેહની સજા પણ ખૂબ ગમતી.

જેણે રણસુંદરીને જીતી હતી. જેણે કંઇકનું ગર્વખંડન કર્યું હતું, એ મુંજને મૃણાલના કહેવાતા શુષ્ક હૃદયમાંથી રસ-સરિતા વહાવવી હતી.

અને મૃણાલની કારાવાસની મુલાકાતો વધી અને આખરે એ જ કેદ થઈ ગઈ. કારાવાસના સળિયા પાછળ નહિ પણ વિશાળ હૃદયના ધબકારા પાછળ.

અને પછી મૃણાલ અને મુંજના જીવન જે રીતે ઝુલ્યાં, જે રીતે તેઓએ રસ માણ્યો, જે રીતે મુંજનું મસ્તક નમ્યું જ નહિ, અને આખરની ઘડી સુધી જે પૃથ્વીવલ્લભ તરીકે જીવ્યો એ મુંજને શ્રી મુનશીએ એમની નવલકથામાં બરાબર જીવતો કર્યો છે.

ભણકારા

મુનશીને જે મુંજના ભણકારા વાગતા હતા ત્યારે એ પાત્ર આકાર પામતું હતું. એ જ રીતે મુંજની ભૂમિકા સમજ્યા પછી શ્રી સોહરાબ મોદીને આ ભૂમિકાના ભણકારા વાગવા માંડ્યા.

દિવસરાત સોહરાબ મોદીની કલાના કાનમાં મુંજના પાત્રના ભણકારા સંભળાતા હતા. સોહરાબ મોદીને ઇતિહાસના ધબકારા પ્રિય લાગતા કારણ કે એમાં કોઈ બનાવટ નહોતી. જે માણસો જીવન જીવી ગયા એનો એમાં પડઘો હતો. મુંજે મોદીને પાસે બોલાવ્યા અને પ્રેરણા આપી અને 'પૃથ્વીવલ્લભ'નું સર્જન થયું.

ઇતિહાસ સાથે શ્રી સોહરાબ મોદીની કલાને ખૂબ બનતું. સોહરાબજીને ઇતિહાસના ધબકારા વધુ પ્રિય લાગતા કારણ કે ઇતિહાસ એ કોઈ બનાવટ નહોતી, જે પાત્રો જીવન જીવી ગયાં હતાં, જે પાત્રો એમની પાછળ સ્મરણો મૂકી ગયાં હતાં, સંસ્કારો મૂકી ગયાં હતાં, એ પાત્રોને ફરી જગત સમક્ષ ફરતાં કરવાની મહેચ્છા શ્રી મોદીની રહેતી.

એટલે તો 'પુકાર'ના મોગલ જમાનાએ એમને સાદ દીધો હતો. 'પુકાર' ચિત્ર રૂપેરી પરદા પર આવ્યું અને હિંદી ફિલ્મઉદ્યોગ ઊજળો થયો. મોગલયુગના ઇન્સાફની નોબત વાગી. હિંદુસ્તાનમાં પ્રજાઓ એકબીજાના ભલા માટે જીવન જીવતી એ દર્શાવનની શરણાઈ બજી.

અને સોહરાબજીની કલ્પનામાં જઈ બેઠો સિકંદર. સિકંદર, એટલે એક ભવ્ય વ્યક્તિ પોરસ એટલે ભારતની એક અતિ ભવ્ય વ્યક્તિ. 'સિકંદર' રૂપેરી પરદાએ ચડી અવાજ કરી ગયો.

અને મુંજે મોદીની કલ્પના ઘેરી લીધી. મોદી, મુંજ અને મુનશી—આ ત્રિપુટીએ 'પૃથ્વીવલ્લભ'નો ઘાટ ઘડ્યો.

મુનશીની સર્વશ્રેષ્ઠ કથા એટલે 'પૃથ્વીવલ્લભ' ગુજરાતી સાહિત્યની સૌથી ઉત્તમ ઐતિહાસિક કથા એટલે 'પૃથ્વીવલ્લભ.' અને હવે શ્રી મોદીની સૌથી ઉત્તમ ભૂમિકા એટલે 'પૃથ્વીવલ્લભ.'

જ્યારે રંગભૂમિ ઉપર 'માલવપતિ'નું નાટક ભજવાયું ત્યારે જનતાએ આ નાટકને પૂરા પ્રેમથી વધાવી લીધું હતું. આ નાટકની કલ્પના શ્રી મુનશીની નવલકથાનેજ આભારી હતી.

રંગભૂમિ ઉપર મુંજ આવ્યો. એણે જોયું અને એ જીતી ગયો. આવો આ પાત્રનો ઇતિહાસ છે. હવે રૂપેરી પરદા પર મુંજ આવી રહ્યો છે. મુંજના જીવનના પ્રસંગો કાન પર ઝીલવામાં આવે તો જરૂર એમ લાગે કે એના જીવનની પળેપળ એક મોહક સૂરાવલી હતી.

મુંજ જે દેશમાં કેદી બની ગયો હતો એની પ્રજા મુંજની ભક્ત બની ગઈ હતી. કારણકે મુંજ જીવનના મુક્ત હાસ્યમાં માનતો. અને ફૂલો ગમતાં, સાહિત્ય ગમતું, આફત ગમતી, જીવનનો સંગ્રામ ગમતો, પ્રણયની હારજીત ગમતી.

ઊંચું મસ્તક

મુંજની ઉપર હાથીઓએ પવન ઢોળ્યા હતા. મુંજની અનેક સ્ત્રીઓનાં હૃદયોએ આરતી ઉતારી હતી. વલ્લભ તરીકે જ એ જીવવા સર્જાયો હતો.

એટલે તો એની મૃત્યુની પળે પણ એ વલ્લભ જ રહ્યો હતો. એનું મસ્તક ઊંચું જ રહ્યું હતું. એનો મિજાજ એક મહાનમાં મહાન શાસકના જેવો જ રહ્યો હતો.

મૃત્યુના પળ પહેલાં મુંજ જરાક વિચારમાં પડ્યો ત્યારે એના દુશ્મને એમ માની લીધું કે મુંજનું મસ્તક નીચું પડી રહ્યું છે. મુંજ મૃત્યુથી ડરી રહ્યો છે. એના આ વિચારને મુંજે બરાબર ડામી દીધો.

'મૂર્ખ, મને હું મરું એનું લેશમાત્ર દુઃખ નથી. પણ મારા ગયા પછી સરસ્વતીનું શું થશે એ વિચાર મને મૂંઝવી રહ્યો છે.'

મુંજની સાહિત્ય માટેની આ વેદના સમજીને એનો દુશ્મન ઝંખવાણો પડી ગયો. મુંજનુ મસ્તક ઊંચું જ રહ્યું. મૃત્યુના મુખને એણે એના સ્મિતભર્યા મુખે જ આવકાર્યું.

મુંજ ન ગયો, એનું મૃત્યુ મરી ગયું, એ જીવતો રહ્યો. એના સાહિત્યથી, એના પરાક્રમથી, એના પરાક્રમના પરિણામથી.

શ્રી. સોહરાબ મોદીએ મુંજને જીવાડ્યો છે, અને શ્રી.

સોહરાબ મોદીએ રૂપેરી પરદા પર સાહિત્યનું એક અતિ ઉજ્જવળ પાત્ર સ્થાપિત કરી દીધું છે.

'પુકાર' સિકંદર' અને હવે 'પૃથ્વીવલ્લભ' મોદી, મુંજ અને મુનશી. 'પૃથ્વીવલ્લભ'ની દુનિયા ઊભી કરવા માટે શ્રી. સોહરાબ મોદીને મોટું સાહસ કરવું પડયું હતું. એમને ખાસ હાથીઓ મંગાવવા પડયા હતા; માપબંધીના જમાનામાં આ હાથીઓને પોષવાનું કામ જરા યે સહેલું નહોતું

અને શ્રી સોહરાબ મોદીને એ યુગ જીવતો કરવા માટે ભવ્ય મહેલાતો ઊભી કરવી પડી હતી.

પણ આવાં સાહસો તો એમનો ખાસ શોખ છે. ઇતિહાસના પાત્રોને આકાર આપતા સોહરાબ મોદી આજે પોતે એક ઇતિહાસ રચી રહ્યા છે. આ ઇતિહાસ એટલે ફિલ્મ ઉદ્યોગનો ઇતિહાસ.

આવો ઇતિહાસ રચવાનું કામ આજે તો અતિ કઠીન છે. સંગ્રામકાળનો ઘેરો પડછાયો હિંદના ફિલ્મઉદ્યોગ ઉપર પડતો રહ્યો છે. એટલે ઐતિહાસિક ફિલ્મ માટેનું સામગ્રી પાથરવાનું કામ અતિઘણું મુશ્કેલ થઇ ગયું છે.

પણ જેઓને 'કાંઈક' કરી બતાવવું છે. જેઓને કલાનો તાર બજાવવો છે એમને તો આવી મુશ્કેલીઓ જ વધુ ને વધુ પ્રેરણા આપે છે.

'પૃથ્વીવલ્લભ'માં શ્રી કનૈયાલાલ મુનશીએ બીજાં પાત્રોને પણ વહેતાં મૂકયાં છે. રસનિધિનું પાત્ર, વિલાસનું પાત્ર, લક્ષ્મીદેવીનું પાત્ર—આ પાત્રો પણ જે રેખાઓ દોરી જાય છે એ આકર્ષક છે.

'પૃથ્વીવલ્લભ' માત્ર ગુજરાતી સાહિત્યમાં જ નહિ સમગ્ર સાહિત્યમાં એનું સ્થાન મોખરે છે એટલે તો બીજી ભાષાઓમાં પણ મુનશીની આ નવલકથા બોલતી થઇ છે.



મીનરવાના 'પૃથ્વીવલ્લભ'નું દશ્ય

સોહરાબ મોદી

ઇતિહાસ અને સાહિત્યના આ સંગમને શ્રી સોહરાબ મોદીએ કચકડા પર મિલાવ્યો છે. એનાથી સાહિત્યના શોખીનો ખુશ થયા છે, ઇતિહાસના અભ્યાસીઓ ખુશ થયા છે.

શ્રી મોદીના હાથમાં ઇતિહાસ સદા સલામત છે, એવો સહુ કોઇનો અનુભવ છે.

માળવાનો મુંજ મોદીના હૃદયમાં ઉતરી નવો જ અભિનય કલાનો નકશો દોરી જશે એમાં શંકા નથી.

ગુજરાતની મહાનમાં મહાન નવલકથાને આ રીતે રૂપ આપવાનો યશ મિનરવાને ફાળે જાય છે.

મૃણાલ અને દુર્ગાબાઇ

મુંજની ભૂમિકા સોહરાબજીએ ભજવી છે ત્યારે મૃણાલની ભૂમિકા ભજવનાર છે રૂપેરી પરદાનાં અનોખાં કલાકાર દુર્ગાબાઇ ખોટે.

જેણે વિલાસી જીવનનું ફૂલ સુંઘ્યું હતું અને વૈરાગ્યનો ચંપો સુંઘતાં આવડયું હતું, જેણે કવિતા ગાઇ જાણી જ નહોતી પણ જીવનમાં કવિતા ઉતારી જાણી હતી, જેણે શૃંગારરસની પ્યાલી પી જાણી હતી અને વીરરસની સમશેર ખેંચી જાણી હતી, ઉલ્લાસ અને વિષાદના રંગોમાં જે ન્હાયો હતો, એવો મુંજ મુનશીની કલમ માગી લ્યે અને એવો મુંજ મોદીની કારીગીરી માગી લ્યે એમાં નવાઈ શી? 'પૃથ્વીવલ્લભ'નો પ્રાણ—મોદી મુંજ અને મુનશી સનસનાટીમાં ફેરવાઇ ચૂકયા છે.

ઘણું જીવો માલવપતિ મુંજ
ઘણું જીવો મોદીની કલા
ઘણું જીવો મુનશીની કલમ